૧૦૮ પાર્શ્વનાથ પ્રભુનો ઇતિહાસ

અને ત્યાં કઈ રીતે પહોંચવું

==========

Jainam Jayati Shasanam

WhatsApp-8898336677

==========

પાર્શ્વનાથ પ્રભુનાં ૧૦૮ નામ અને અનુક્રમણિકા

ક્રમ	પાર્શ્વનાથ	સ્થળ	પાના નં.
૧	શ્રી અજાહરા પાર્શ્વનાથ	અજહરા	૦૭૯
૨	શ્રી અમીઝરા પાર્શ્વનાથ	ગંધાર	૦૧૭
૩	શ્રી અમૃતઝરા પાર્શ્વનાથ	ભાણવડ	૦૮૫
૪	શ્રી અલૌકિક પાર્શ્વનાથ	હાસામપુરા	૧૩૭
૫	શ્રી અવંતી પાર્શ્વનાથ	ઉજ્જૈન	૧૩૬
૬	શ્રી અંતરિક્ષ પાર્શ્વનાથ	સીરપુર	૧૫૩
૭	શ્રી આનંદા પાર્શ્વનાથ	ઉંબરી	૦૫૨
૮	શ્રી આશાપુરણ પાર્શ્વનાથ	નૂનગામ	૧૦૦
૯	શ્રી બરેજા પાર્શ્વનાથ	બરેજ બંદર	૦૮૪
૧૦	શ્રી ભટેવા પાર્શ્વનાથ	ચાણસ્મા	૦૬૭
૧૧	શ્રી ભદ્રેશ્વર પાર્શ્વનાથ	ભદ્રેશ્વર	૦૮૯
૧૨	શ્રી ભયભંજન પાર્શ્વનાથ	ભિનમાલ	૧૦૧
૧૩	શ્રી ભાભા પાર્શ્વનાથ	જામનગર	૦૮૭
૧૪	શ્રી ભીડભંજન પાર્શ્વનાથ	ખેડા	૦૩૦
૧૫	શ્રી ભિલડીયા પાર્શ્વનાથ	ભિલડીયાજી	૦૫૧
૧૬	શ્રી ભુવન પાર્શ્વનાથ	ખંભાત	૦૨૮
૧૭	શ્રી ચંદા પાર્શ્વનાથ	ઉદયપુર	૧૨૬
૧૮	શ્રી ચંપા પાર્શ્વનાથ	પાટણ	૦૬૧
૧૯	શ્રી ચારૂપ પાર્શ્વનાથ	ચારૂપ	૦૫૩

૨૦	શ્રી ચિંતામણિ પાર્શ્વનાથ	નાસિક	૧૫૦
૨૧	શ્રી ચોરવાડી પાર્શ્વનાથ	ચોરવાડ	૦૮૨
૨૨	શ્રી ડોસલા પાર્શ્વનાથ	ધોતા-સકલાણા	૦૪૮
૨૩	શ્રી દાદા પાર્શ્વનાથ	બેડા	૧૧૧
૨૪	શ્રી દુઃખભંજન પાર્શ્વનાથ	સુરત	૦૧૨
૨૫	શ્રી દોકડિયા પાર્શ્વનાથ	પ્રભાસપાટણ	૦૮૧
૨૬	શ્રી ધિંગડમલ્લ પાર્શ્વનાથ	પાટણ	૦૬૩
૨૭	શ્રી ઘૃતકલ્લોલ પાર્શ્વનાથ	સુથરી	૦૯૧
૨૮	શ્રી ફ્લવૃદ્ધિ પાર્શ્વનાથ	મેડતારોડ	૧૨૧
૨૯	શ્રી ગંભીરા પાર્શ્વનાથ	ગાંભુ	૦૬૬
૩૦	શ્રી ગાડલીયા પાર્શ્વનાથ	માંડલ	૦૭૪
૩૧	શ્રી ગિરૂઆ પાર્શ્વનાથ	અમલનેર	૧૫૨
૩૨	શ્રી ગોડીજી પાર્શ્વનાથ	મુંબઈ-વાવ	૧૪૮
૩૩	શ્રી હમિરપુરા પાર્શ્વનાથ	મીરપુર	૧૦૭
૩૪	શ્રી હ્રીંકાર પાર્શ્વનાથ	અમદાવાદ	૦૩૫
૩૫	શ્રી જગવલ્લભ પાર્શ્વનાથ	કુંભોજગિરિ	૧૪૬
૩૬	શ્રી જીરાવલા પાર્શ્વનાથ	જીરાવલાજી	૧૦૩
૩૭	શ્રી જોટીંગડા પાર્શ્વનાથ	મુંજપુર	૦૬૯
૩૮	શ્રી કચ્છુલીકા પાર્શ્વનાથ	કાછોલી	૧૧૦
૩૯	શ્રી કરેડા પાર્શ્વનાથ	ભોપાલસાગર	૧૨૭
૪૦	શ્રી કલિકુંડ પાર્શ્વનાથ	ધોળકા	૦૩૧
૪૧	શ્રી કલ્પદ્રુમ પાર્શ્વનાથ	મથુરા	૧૨૯
૪૨	શ્રી કલ્યાણ પાર્શ્વનાથ	વિસનગર	૦૪૫
૪૩	શ્રી કલ્હારા પાર્શ્વનાથ	ભરૂચ	૦૧૬
૪૪	શ્રી કંકણ પાર્શ્વનાથ	પાટણ	૦૫૭
૪૫	શ્રી કંબોઈયા (ધિયા) પાર્શ્વનાથ	પાટણ	૦૬૪
૪૬	શ્રી કંસારી પાર્શ્વનાથ	ખંભાત	૦૨૫
૪૭	શ્રી કામિતપૂરણ પાર્શ્વનાથ	ઉન્હેલ	૧૩૫
૪૮	શ્રી કૂકડેશ્વર પાર્શ્વનાથ	કૂકડેશ્વર	૧૩૨
૪૯	શ્રી કુંકુમરોલ પાર્શ્વનાથ	જાલોર	૦૯૯
૫૦	શ્રી કેસરિયા પાર્શ્વનાથ	ભાંડકજી	૧૪૪
૫૧	શ્રી કોકા પાર્શ્વનાથ	પાટણ	૦૫૬

૫૨	શ્રી લોઢણ પાર્શ્વનાથ	ડભોઇ	૦૨૦
૫૩	શ્રી લોદ્રવા પાર્શ્વનાથ	લોદ્રવાજી	૦૯૬
૫૪	શ્રી મક્ષી પાર્શ્વનાથ	મક્ષીજી	૧૩૮
૫૫	શ્રી મનમોહન પાર્શ્વનાથ	કંભોઈ	૦૬૮
૫૬	શ્રી મનોરંજન પાર્શ્વનાથ	મહેસાણા	૦૪૬
૫૭	શ્રી મનોવાંછિત પાર્શ્વનાથ	નેર	૧૫૧
૫૮	શ્રી મહાદેવા પાર્શ્વનાથ	પાટણ	૦૬૨
૫૯	શ્રી મંડોવરા પાર્શ્વનાથ	મુંડાવા	૧૧૯
૬૦	શ્રી મુલેવા પાર્શ્વનાથ	અમદાવાદ	૦૩૪
૬૧	શ્રી મુહરી પાર્શ્વનાથ	ટીંટોઈ	૦૨૪
૬૨	શ્રી નવખંડા પાર્શ્વનાથ	ઘોઘા	૦૭૭
૬૩	શ્રી નવપલ્લવ પાર્શ્વનાથ	માંગરોળ	૦૮૩
૬૪	શ્રી નવલખા પાર્શ્વનાથ	પાલી	૧૧૮
૬૫	શ્રી નવસારી પાર્શ્વનાથ	નવસારી	૦૦૮
૬૬	શ્રી નાકોડા પાર્શ્વનાથ	નાકોડાજી	૦૯૮
૬૭	શ્રી નાગફણા પાર્શ્વનાથ	વિહાર	૦૪૪
૬૮	શ્રી નાગેશ્વર પાર્શ્વનાથ	નાગેશ્વરજી	૧૩૪
૬૯	શ્રી નારંગા પાર્શ્વનાથ	પાટણ	૦૬૦
૭૦	શ્રી પદ્માવતી પાર્શ્વનાથ	નરેડા	૦૨૩
૭૧	શ્રી પલ્લવીયા પાર્શ્વનાથ	પાલનપુર	૦૪૯
૭૨	શ્રી પંચાસરા પાર્શ્વનાથ	પાટણ	૦૫૫
૭૩	શ્રી પોસલી પાર્શ્વનાથ	પોસલીયા	૧૦૯
૭૪	શ્રી પોસીના પાર્શ્વનાથ	નાના પોસીના	૦૨૫
૭૫	શ્રી પ્રગટ પ્રભાવી પાર્શ્વનાથ	ડભોઇ	૦૧૯
૭૬	શ્રી રત્નચિંતામણી પાર્શ્વનાથ	ખંભાત	૦૨૬
૭૭	શ્રી રાણકપુર પાર્શ્વનાથ	રાણકપુરજી	૧૧૩
૭૮	શ્રી રાવણ પાર્શ્વનાથ	અલવર	૧૨૮
૭૯	શ્રી શંખલા પાર્શ્વનાથ	શંખલપુર	૦૭૩
૮૦	શ્રી શંખેશ્વર પાર્શ્વનાથ	શંખેશ્વર	૦૭૦
૮૧	શ્રી શામળા પાર્શ્વનાથ	અમદાવાદ	૦૩૩
૮૨	શ્રી શેરીસા પાર્શ્વનાથ	શેરીસા	૦૭૫
૮૩	શ્રી સપ્તફણા પાર્શ્વનાથ	ભણસાલ	૦૮૬

૮૪	શ્રી સમીના પાર્શ્વનાથ	સમીનાખેડા	૧૨૫
૮૫	શ્રી સમેતશિખર પાર્શ્વનાથ	સમેતશિખર	૧૪૧
૮૬	શ્રી સહસ્ત્રફણા પાર્શ્વનાથ	સુરત	૦૧૦
૮૭	શ્રી સંકટહરણ પાર્શ્વનાથ	જેસલમેર	૦૯૫
૮૮	શ્રી સિરોડીયા પાર્શ્વનાથ	સિરોડી	૧૦૬
૮૯	શ્રી સુખસાગર પાર્શ્વનાથ	અમદાવાદ	૦૩૬
૯૦	શ્રી સુલતાન પાર્શ્વનાથ	સિદ્ધપુર	૦૪૭
૯૧	શ્રી સૂરજમંડન પાર્શ્વનાથ	સુરત	૦૧૩
૯૨	શ્રી સેસલી પાર્શ્વનાથ	સેસલી	૧૧૨
૯૩	શ્રી સોગઠીયા પાર્શ્વનાથ	નાડલાઈ	૧૧૬
૯૪	શ્રી સોમચિંતામણી પાર્શ્વનાથ	ખંભાત	૦૨૭
૯૫	શ્રી સ્તંભન પાર્શ્વનાથ	ખંભાત	૦૨૪
૯૬	શ્રી સ્ફુલિંગ પાર્શ્વનાથ	વિજાપુર	૦૪૨
૯૭	શ્રી સ્વયંભૂ પાર્શ્વનાથ	કાપરડાજી	૧૨૦
૯૮	શ્રી ટાંકલા પાર્શ્વનાથ	પાટણ	૦૫૮
૯૯	શ્રી ઉમરવાડી પાર્શ્વનાથ	સુરત	૦૦૯
૧૦૦	શ્રી ઉવસગ્ગહરં પાર્શ્વનાથ	નાગપુરા	૧૪૩
૧૦૧	શ્રી વરકાણા પાર્શ્વનાથ	વરકાણા	૧૧૭
૧૦૨	શ્રી વહી પાર્શ્વનાથ	વહી	૧૩૩
૧૦૩	શ્રી વાડી પાર્શ્વનાથ	પાટણ	૦૫૯
૧૦૪	શ્રી વારાણસી પાર્શ્વનાથ	બનારસ	૧૩૯
૧૦૫	શ્રી વિઘ્નહરા પાર્શ્વનાથ	રાંદેર (સુરત)	૦૧૪
૧૦૬	શ્રી વિઘ્નાપહાર પાર્શ્વનાથ	મોટા પોસીના	૦૪૧
૧૦૭	શ્રી વિજય ચિંતામણિ પાર્શ્વનાથ	મેડતારોડ	૧૨૨
૧૦૮	શ્રી વિમલ પાર્શ્વનાથ	છાણી	૦૨૧

૧૦૯	શ્રી ધરણેન્દ્ર પાર્શ્વનાથ	ધમાસાની નેળ	૧૫૭
૧૧૦	શ્રી સાંવરા પાર્શ્વનાથ	બોરસદ	૧૫૯
૧૧૧	શ્રી વણછરા પાર્શ્વનાથ	વણછરા	૧૬૧
૧૧૨	શ્રી દૂધાધારી પાર્શ્વનાથ	ડીસા	૧૬૩

પ્રણામ / જયજિનેન્દ્ર

આજ રોજ અક્ષયતૃતીયા તા ૨૫-૦૪-૨૦૨૦ શનિવારના દિવસે આ ૧૦૮ પાર્શ્વનાથનો ઇતિહાસ અને ત્યાં કઈ રીતે પહોંચવું **ભાગ-૧ આવૃત્તિ-૧** PDF બુક આપણી સમક્ષ મુકતા આનંદ અનુભવીએ છીએ. આ PDF બુક અમે બનાવીશુ એવો અમને બિલકુલ ખ્યાલજ ન હતો. પણ અમે જયારે વોટ્સએપ પર મેમ્બરો ને એક-બે પાર્શ્વનાથની માહિતી આપવાની શરુ કરી જ હતી ત્યારે વોટ્સએપ પર **ભાવિનભાઈ બી. જવેરી (કાંદિવલી-વેસ્ટ)** નો મેસેજ આવ્યો આપ માહિતી મૂકી રહ્યા છો આપનો સુંદર પ્રયાશ છે. પણ આ સાથે આપ સ્તુતિ જાપ રૂટ અને ટેલિફોન નંબર વગેરે મુકશો તો વધુ લાભદાઇ રહેશે લોકો એનો જરૂર ઉપયોગ કરશે. હું અત્યારે ૧૦૮પાર્શ્વનાથની યાત્રા કરી રહ્યો છું લગભગ ૮૦ જેટલા થઇ ગયા છે. આપને જે માહિતી જોઈશે તે હું આપને આપીશ ત્યારથી આજ સુધી સતત સાથે રહી અમને ખુબજ મદદરૂપ રહ્યા અમે એમના ખુબ આભારી છીએ.

સાથે સાથે શરૂઆત કર્યા બાદ અમને ઘણા કલ્યાણ મિત્રોનો સાથ મળ્યો. જેમાં **ફાલ્ગુનીબેન મહેતા, નૂતનબેન લોડાયા, દિપકભાઈ ડાઘા, પ્રવીણભાઈ લોડાયા, ભુપેન્દ્રભાઈ ડાઘા, સંજયભાઈ નાગડા, આશિષભાઇ શાહ, કિરણભાઈ લાપસીયા** એમની પાસે જે પણ ૧૦૮ પાર્શ્વનાથ ઉપર લગતું જે કાંઈ સાહિત્ય હતું એ અમને પહોંચતું કર્યું. ખાસ **ચાર્વીકભાઈ મોમાયા અને કૃપાલીબેન શાહ** એમને નેટ ઉપર અપલોડ કરેલ ફોટો તથા વધારાની માહિતી આપી ખુબજ સહકાર આપ્યો. અમે જેમ જેમ આગળ વધતા ગયા તેમ તેમ જે જે સંઘના ટ્રસ્ટીઓ, મેનેજરો, પુજારીઓ,તથા ગામવાસીઓનો અમને સંપર્ક કરી માહિતી આપતા ગયા. ઇતિહાસ માટે સૌથી વધુ આધાર "પ્રગટ પ્રભુ પાર્શ્વજી" પુસ્તકનો લીધેલ એમના પણ અમે આભારી છીએ.

વોટ્સએપ પર લગભગ ૧૦૦ જેટલા તીર્થનો ઇતિહાસ મુક્યા બાદ કોરોના લોકડાઉનના સમયમાં PDF બુક બનાવવાનો વિચાર આવ્યો. જેથી જે લોકો યાત્રા નથી કરી શકતા એવા વડીલો તેમજ વિદેશ વસતા ભાવિકો પ્રભુજીના અને જિનાલયના ભાવદર્શન કરી શકે અને જે સભ્યો પાછળથી વોટ્સએપમાં જોડાયેલા છે તેમને પણ પુરી માહિતી મળી રહે એ હેતુ હતો. આ PDF બુક માટે માટે **નયનભાઈ નાગડા અને સુહાશભાઈ શાહ** માર્ગદર્શક રહ્યા હતા. એમના પણ અમે આભારી છીએ.

અમારા જૈનમ જયતી શાસનમ ગ્રૂપના **લેખકો વિપુલભાઈ શાહ, વિપુલાબેન મહેતા, સોનલબેન ભીમાણી, મનોજભાઈ ડેલીવાળા, જીગ્નેશભાઈ લોડાયા, ચેતનભાઈ નાગડા** સૌનો સુંદર સાથ મળ્યો છે.

આ PDF સંપૂર્ણ ફ્રી છે આપ વધુ લોકોને ફોરવર્ડ કરી ઉપયોગમાં લેવા ખાસ વિનંતી છે.

જયારે જયારે આપ તીર્થની યાત્રા કરો છો ત્યારે તીર્થની લેટેસ્ટ માહિતી અમને મોકલવા વિનંતી જેથી અમે અપડેટ કરી બીજી આવૃત્તિ બનાવી શકીએ. આ બુકમાં કોઈ પણ અજાણતા ભૂલ ચૂક થઇ ગઈ હોય તો અમે મન વચન કાયાથી મિચ્છામિ દુક્કડમ.....

કુ.કરિશ્મા ચેતન નાગડા

જૈનમ જયતિ શાસનમ-8898336677

આવો.....

પ્રાણ પ્યારા પાર્શ્વ પ્રભુને ઓળખીએ.....

પ્રભુ પાર્શ્વનાથ એટલે સંસારની સૌથી ઉચ્ચત્તમ શ્રધ્ધાનું ઇષ્ટ તત્વ,

પ્રભુ પાર્શ્વનાથ એટલે સંસારની તમામ આધિ,વ્યાધિ,ઉપાધિ ને દૂર કરી બોધિ અને સમાધિ આપવા દ્વારા યાવત મોક્ષ આપનારુ પરમ તત્વ.

પ્રભુ પાર્શ્વનાથ એટલે અનંત ગુણોના ભંડારસમા પ્રચંડ પુણ્યના પ્રકર્ષસમા કરૂણાના મહાસાગર સમા ઉચ્ચત્તમ નિર્મળ શાશ્વત પ્રેમની પરાકાષ્ઠા સમા ત્રૈલોક્યનું પૂર્ણ શક્તિશાળી તત્વ.

પ્રભુ પાર્શ્વનાથ એટલે સમગ્ર સંસારના દરેક પ્રાણીઓ-મનુષ્યો,દેવો-યક્ષો ગાંધર્વોની ભક્તિ સાધના આરાધના માટે સર્વાધિ પ્રભાવી તત્વ.

શ્રી પાર્શ્વનાથ પ્રભુના અત્યંત તીવ્ર આદેય નામકર્મના પ્રભાવે તેમના ભાવથી કરેલ દર્શન સ્મરણ માત્રથી ભક્તોના હૃદયમાં કરૂણા,પ્રેમ,ભક્તિ, એકાગ્રતા,સમાધિ વગેરે ભાવો તુરંત ઉત્પન્ન થતા હોય છે. અને સાધક થોડા સમયમાં જ આત્મિક સુખ પામે છે.

વર્તમાન કલિકાલમાં કલ્પવૃક્ષ સમાન શ્રી પાર્શ્વનાથદાદાના પરચાઓ-મૂર્તિઓ અને તીર્થધામો અપરંપાર છે એક સાથે ૧૦૮ શ્રી પાર્શ્વનાથદાદાના તેમજ તે તીર્થના દર્શન થઈ શકે અને વાંચક ભાવયાત્રામાં જોડાઈ જાય એ હેતુથી અહીં શ્રી પાર્શ્વનાથ દાદાના અને જિનાલયોના ફોટાઓ તથા માહિતી પોસ્ટ કરવાનું નમ્ર પ્રયાસ અને પ્રયત્ન કર્યું છે. જે આપને તે તીર્થ સ્થાને પહોંચવા ખુબજ ઉપયોગી થશે.

એક જ રૂટ માં આવતા દરેક તીર્થની માહિતી પોસ્ટ કરવામાં આવી છે.જેથી યાત્રા કરવામાં સુગમતા રહેશે.

સૌ પ્રથમ નવસારી અને સુરતના તીર્થોની માહિતી પ્રસારિત કરીશુ.

==========

જે દ્રષ્ટિ પ્રભુ દર્શન કરે, તે દ્રષ્ટિને પણ ધન્ય છે, જે જીભ જિનવરને સ્તવે, તે જીભને પણ ધન્ય છે, પીયે મુદા વાણી સુધા, તે કર્ણયુગને ધન્ય છે, તુજ નામ મંત્ર વિશદ ધરે, તે હૃદયને નિત ધન્ય છે.

૧૦૮ પાર્શ્વનાથ પ્રભુનો ઇતિહાસ અને ત્યાં કઈ રીતે પહોંચવું.... ભાગ-૧

નવસારી અને સુરત માં આવતા ૧૦૮ પાર્શ્વનાથમાંના તીર્થોની યાદી.....

મુંબઈ થી નવસારી ૨૫૦ કિ.મી.
મુંબઈ થી સુરત ૨૯૦ કિ.મી.
સુરત થી નવસારી ૪૦ કિ.મી.

નવસારી
૧-નવસારી પાર્શ્વનાથ

સુરત
૨-ઉમરવાડી પાર્શ્વનાથ
૩-સહસ્ત્રફણા પાર્શ્વનાથ
૪-દુઃખ ભંજન પાર્શ્વનાથ
૫-સુરજમંડન પાર્શ્વનાથ
૬-વિઘ્નહરા પાર્શ્વનાથ

સુરતમાં રહેવા તથા જમવામાં માટેની સગવડ ઉપલબ્ધ છે.

યાત્રિક ભવન
ગોપીપુરા, સુરત
ગુજરાત, પીન - ૩૯૫૦૦૩
ફોન નંબર-૦૨૬૧- ૨૫૯૮૨૮૭

હવે ક્રમસ ઉપરોક્ત દરેક જિનાલય ની માહિતી અને ઇતિહાસ પોસ્ટ થશે.

==========

પારસ નામે સુખ સર્વ થાયે ... પારસ નામે સહુ દુઃખ જાય...
પારસ નામે અતિ શુદ્ધ બુદ્ધિ ... પારસ નામે સહુ કાર્ય સિદ્ધ...
પારસ નામે સહુ પાપ નાશે ...પારસ નામે સહુ પુણ્ય પાસે...
પારસ નામે સહુ ભાગ્ય જાગે ...પારસ નામે ભવ ભીતિ ભાગે...

૧૦૮ પાર્શ્વનાથ માંથી ૧

નવસારી પાર્શ્વનાથ

Navsari Parshvnath Bhagvan (Navsari)

Jainam Jayati Shasanam WhatsApp-8898336677

નવસારી શહેરમાં આ જિનાલય આવેલું છે. વસ્તુપાળ-તેજપાળના સમયમાં અનેક જિનાલયોના નિર્માણ અને જીર્ણોદ્ધાર થયાં હતાં તેમાંનું આ એક પ્રાચીન જિનાલય છે. જે લગભગ ૮૦૦ વર્ષ પ્રાચીન હોવાનું મનાય છે.

ગુજરાતના મહામંત્રી વસ્તુપાળ-તેજપાળે આ નગરમાં બાવન જિનાલય વાળો મહાપ્રસાદ બંધાવ્યો હતો. આજે એ દેરાસર વિદ્યમાન નથી પરંતુ શ્રી પાર્શ્વનાથ ભગવાનની તે સમયની પ્રતિમાજી છે જે પદ્માસને બિરાજીત ભૂખરાવર્ણના ૧૩ ઇંચ ઊંચા ૧૦ ઇંચ પહોળા સંપ્રતિ કાલીન છે. મૂળનાયકને યથાસ્થાને રાખી જીર્ણોદ્ધાર અહીની પેઢી દ્વારા કરાયો હતો. પ્રતિમાજી ખૂબ જ પ્રભાવશાળી છે. બાકીના જિનાલયની પ્રતિષ્ઠા વિ.સં.૧૯૮૮ના મહા સુદ-૬ના રોજ કરેલ છે. આ જિનાલય બે માળ અને કુલ ૮ ગંભારા યુક્ત ત્રિશિખરીય જિનાલય દર્શનીય છે. મધુમતી જૈન દેરાસરજી અને શ્રી ચિંતામણી પાર્શ્વનાથ તરીકે પ્રચલીત છે.

નવસારીના એક શ્રાવકને સ્વપ્નમાં આવી અધિષ્ઠાયક દેવે કહ્યુ કે જમીન ખોદીને પરમાત્માને પ્રગટ કર પ્રભાતે સ્વપ્ન સૂચિત સ્થળે પહોંચી ભૂમિનું ખનન કરતા જ ભૂખરા વર્ણના તાજા ચંદન અને પુષ્પ સહિત અમૃત ઝરતા પ્રતિમા પ્રગટ થયેલા.

સ્તુતિ

જે સ્વપ્નસૂચિત જમીનમાંથી દેવપૂજિતા પ્રગટતા,જેના દર્શનથી સહુ ભક્તજનના ધર્મ નવનવા સિદ્ધતા,ચોવીસ જિનવર સહિત જે નવસારી નગરે રાજતા,નવસારી પ્રભુ પાશ્વને ભાવે કરું હું વંદના

જાપ મંત્ર

ॐ ह्रीं अर्हं श्री नवसारी पार्श्वनाथाय नमः

Navsari Tirth

Jainam Jayati Shasanam WhatsApp-8898336677

તીર્થનું સરનામું

શ્રી નવસારી શ્વે.મૂ.જૈન સંઘ

શ્રી ચિન્તામણી પાર્શ્વનાથ જિનાલય

મધુમતિ કોલોની, મોટા બાઝાર

નવસારી-૩૯૬૪૪૫., ફોન-૦૨૬૩૭-૨૫૮૮૮૨

મુંબઈથી ૨૫૫ કિ.મી. અને

સુરતથી ૪૦ કિ.મી. ના અંતરે છે.

૧૦૮ પાર્શ્વનાથ માંથી ૨
ઉમરવાડી પાર્શ્વનાથ

Shri Umarvadi Parshvnath Bhagvan (Surat)
Jainam Jayati Shasanam WhatsApp-8898336677

પદ્માસને બિરાજમાન ફણારહિત ૧૪ ઇંચ ઉચા અને ૧૨ ઇંચ પહોળા શ્રી ઉમરવાડી પાર્શ્વનાથ પ્રભુ સુરતના ગોપીપુરામાં ઓસવાલ મહોલ્લામાં બિરાજમાન છે.

ઉમરવાડીમાં બિરાજતાં હોવાથી આ પ્રભુજી ઉમરવાડીના નામથી પ્રસિદ્ધિ પામ્યા છે.

આ દેરાસર સત્તરમા સૈકામાં વિદ્યમાન હતું. સં. ૧૯૭૧માં આ જિનાલયનો પુનઃ જીર્ણોદ્ધાર થયો હતો. હાલ દેસાઈ પોળ જૈન પેઢી આ દેરાસરનો વહીવટ કરે છે.

સં. ૧૬૮૯માં મુનિશ્રી ગુણવિજયના શિષ્યે "૧૦૮ ના ગર્ભિત શ્રી પાર્શ્વનાથનું સ્તવન" માં 'ઉમરવાડી' પાર્શ્વનાથને પણ વંદના કરી છે.

સુરતના આ વિસ્તાર માં અનેક જિનાલયો , ઉપાશ્રય , પાઠશાળા , આયંબિલ ભુવન , ધર્મશાળા,ભોજનશાળા અને જ્ઞાનભંડારો આવેલા છે. આ વિસ્તાર સમૃદ્ધ છે.

સ્તુતિ

હે ઉમ્રવાડી પાર્શ્વ ! ખાસ પ્રભાતમાં પ્રાથું તને, શુભ સત્ય ઉમ્રજનક વિભો મુજ આત્મા જન્મ દિયો મને,વાતો કરી હરખાઉં તારી સાથ બસ એ યાચના,ઉમરવાડી પ્રભુ પાર્શ્વને ભાવે કરું હું વંદના

Jainam Jayati Shasanam WhatsApp-8898336677

જાપ મંત્ર

ૐ હ્રીં અર્હં શ્રી ઉમરવાડી પાર્શ્વનાથાય નમઃ

તીર્થનું સરનામું
શ્રી ઉમરવાડી પાર્શ્વનાથ જૈન શ્વેતાંબર તીર્થ,
ઉમરવાડી, ઓસવાળ મહોલ્લો, ગોપીપૂરા.
સુરત.૩૯૫૦૦૧,
ફોન નંબર-૦૨૬૧-૨૫૯૮૨૮૭

મુંબઈથી ૨૯૦ કિ.મી. અને
નવસારી ૪૦ કિ.મી. ના અંતરે છે.

૧૦૮ પાર્શ્વનાથ માંથી ૩

સહસ્ત્રફણા પાર્શ્વનાથ



Shri Sahstrafana Parshvnath-Surat

Jainam Jayati Shasanam WhatsApp-8898336677

સહસ્ત્રફણાથી શોભાયમાન ૫૭ ઈંચ ઊંચા,૧૭ ઈંચ પહોળા કાયોત્સર્ગ મુદ્રામાં બિરાજમાન ઉજ્વળ વર્ણના શ્રી સહસ્ત્રફણા પાર્શ્વનાથ પ્રભુ સુરતના ગોપીપુરા વિસ્તારમાં ભવ્ય જિનાલય માં બિરાજમાન છે.

સુરતના શેઠની ભાઈદાસ નેમીદાસ એક ભાવસંપન્ન શ્રેષ્ઠી હતા. "સુરતનું શ્રી સહસ્ત્રફણા પાર્શ્વનાથ જિનાલય" તેમની પ્રચંડ પ્રતિભા. અપાર ઔદાર્ય અને અજોડ ધર્મનિષ્ઠાની ફલશ્રુતિ છે.

શ્રી જિનલાભસૂરિની વૈરાગ્યવર્ધક વાણીએ આ શ્રેષ્ઠીના અંતરમાં ધર્મભાવનાનો આવિર્ભાવ કર્યો. સ્વપરના એકાન્ત કલ્યાણને કાજે તેમણે સં.૧૮૨૭ના વૈશાખ સુદ ૧૨ ગુરુવારે પૂ.સુરિદેવના હસ્તે ભવ્ય મહોત્સવપૂર્વક ૧૮૧ જિનબિંબોની અંજનશલાકા કરાવી અને શ્રી શીતલનાથ પ્રભુને મૂળનાયક પદે પ્રસ્થાપિત કર્યું.

આ જિનાલયના ભૂમિચૈત્યમાં (ભોયરામાં) શ્રી સહસ્ત્રફણા પાર્શ્વનાથ પ્રભુને ગાદીનશીન કર્યા. એક પથ્થરમાંથી કંડારેલી આ પ્રતિમામાં શિલ્પીએ અપાર કલાવૈભવ પાથર્યો છે.

પ્રભુજીની ચરણોપાસિકા પદ્માવતીની આકૃતિ દેવીના અનહદ ભક્તિભાવની સૂચક છે. અપરાધની ક્ષમા યાચના મેઘમાળીની આકૃતિ અનોખી ભાવસૃષ્ટિનું સર્જન કરે છે. પરિક્રમામાં દશ ગણોધરોની આકૃતિથી આ મૂર્તિ અજોડતા અને અવ્વલતાને ધારણ કરે છે.

સં.૧૬૫૫માં રચાયેલી શ્રી પ્રેમી વિજય કૃત "૩૬૫ શ્રી પાર્શ્વનાથ જિન નામમાલા"માં શ્રી પાર્શ્વનાથ પ્રભુના 'સહસ્ત્રફણા' નામનો ઉલ્લેખ છે.

સં. ૧૬૦૯ થી રચાયેલા અનેક સ્તવન , છંદ , લેખોમાં આ પ્રતિમા તીર્થની પ્રચીનતાના અનેક પુરાવા છે.

આ જિનાલયમાં અમીવૃષ્ટી અમી ઝરણા , કેસરવૃષ્ટી તથા નાગદેવતાના દર્શનની અવારનવાર બનતી ઘટનાઓ પ્રભુના પ્રભાવને દર્શાવે છે.

૧૦૦૦ ફણાયુકત છત્રધારી માફી માંગતા મેઘમાળી સહિતની આ પ્રતિમા વિશ્વમાં અદ્રિતીય છે. લગલગાટ ૭ માસ કોઈ આ પ્રભુજીના દર્શન કરી શકતું નથી એવી માન્યતા છે.

સ્તુતિ

ષટ્માસ સુધી તુજ દર્શ સ્વામી કોક પુણ્યાધિક કરે, હે નાથ તુજને ધ્યાવકતા સહુ કાજ ભક્તોના સરે, કેશરીયા અમીવૃષ્ટિ વરસે, માનું દયારસના ઝરા,શ્રી સહસ્ત્રફણા પ્રભુ પાર્શ્વ ને ભાવે કરું હું વંદના.

જાપ મંત્ર

ૐ હ્રીં અર્હં શ્રી સહસ્ત્રફણા પાર્શ્વનાથાય નમઃ

તીર્થનું સરનામું
શ્રી સહસ્ત્રફણા પાર્શ્વનાથ જૈન શ્વેતાંબર તીર્થ,
ગોપીપૂરા.
સુરત.૩૯૫૦૦૧
ફોન - ૯૩૭૫૨૭૭૮૭૩

મુંબઈથી ૨૯૦ કિ.મી. અને
નવસારી ૪૦ કિ.મી. ના અંતરે છે.

==========

શ્રી સહસ્ત્રફણા પાર્શ્વનાથની પ્રતિમાનું રહસ્ય

શ્રી પાર્શ્વનાથ ભગવાન જ્યારે કાઉસગ્ગ ધ્યાન માં ઉભા હોય છે. ત્યારે મેઘમાળી તેમના ઉપર અતિવૃષ્ટિ વગેરે ઉપસર્ગો કરે છે. ભગવાન ના નાક સુધી પાણી આવી જાય છે. ત્યારે જેમને નવકાર મંત્ર સંભળાવેલો તે નાગ-નાગણ નું જોડું ઉચ્ચ દેવલોકમાં ધરણેન્દ્ર-પદ્માવતી રૂપે થયેલું હોય છે. તેમને જ્ઞાન થાય છે કે આ તો પ્રભુ ઉપર ઉપસર્ગો થઈ રહ્યા છે. ત્યારે પદ્માવતી દેવી આવીને પ્રભુનો આસન ઊંચું કરે છે. જેથી પ્રભુ ડૂબતા નથી અને ધરણેન્દ્ર આવીને છત્ર કરે છે. જ્યારે ઉપસર્ગો કરવા છતાં પ્રભુ ચલાયમાન થતા નથી ત્યારે મેઘમાળીને જ્ઞાન થાય છે કે આ તો પ્રભુ છે. મેં મહા અપરાધ કર્યો છે. ત્યારે બહુ દુઃખી થાય છે અને આવીને પ્રભુની ક્ષમા માંગે છે.

આ પ્રતિમાજી માં પ્રભુ કાઉસગ્ગ ધ્યાન માં ઉભા છે. પદ્માવતી દેવી પ્રભુના ચરણમાં છે. જેમણે પ્રભુનું આસન ઊંચું કરેલ છે. ધરણેન્દ્ર સહસ્ત્રનાગ રૂપે પ્રભુને છત્ર કરે છે. મેઘમાળીને અપરાધની ક્ષમા માંગવા પ્રભુના ચરણમાં છે. નાક સુધી પાણી આવવા છતાં પ્રભુ દુબતા નથી અને કમળનું ફૂલ પાણીમાં તરે તેથી પ્રતિમાજી કમળના ફૂલ ઉપર બનેલા છે. જે બતાવે છે કે પ્રભુ પાણીમાં ઉપર ને ઉપર જ રહે છે. પ્રભુજી ની બન્ને બાજુ એ પાંચ પાંચ નાની પ્રતિમા જીઓ છે. જે પ્રભુજીના દસ ગણધરો ની છે.

૧૦૮ પાર્શ્વનાથ માંથી ૪

દુઃખભંજન પાર્શ્વનાથ



Shri Dukhbhanjan Parshvnath - Surat
Jainam Jayati Shasanam WhatsApp-8898336677

શ્રી દુઃખભંજન પાર્શ્વનાથ ભગવાન ભક્તજનોનાં દુઃખ અને દુરિતનું ભંજન કરનારા આ પરમાત્માનું 'શ્રી દુઃખભંજન' નામ સાર્થક છે.

સાત ફણાથી શોભિત,પદ્માસને બિરાજમાન ૧૦ ઇંચ ઊંચા ૯ ઇંચ પહોળા શ્રી દુઃખભંજન પાર્શ્વનાથજી સુરતના દેસાઈ પોળમાં ગૃહમંદિરમાં બિરાજમાન છે.

સૂર્યપુરમંડન શ્રી દુઃખભંજન પાર્શ્વનાથનું આ જિનાલય શેઠ તલકચંદ માણેકચંદ માસ્તરના દેરાસર તરીકે ઓળખાય છે. આ પાર્શ્વસ્વામી સં. ૧૯૪૨ના હોવાનું કહેવાય છે. સં.૧૯૫૦માં આ જિનાલયનું નિર્માણ થયું હતું.

સવંત ૧૮૮૧માં પૂજ્ય ઉત્તમવિજયે ગાયેલા શ્રી પાર્શ્વ પ્રભુનાં ૧૦૮ નામના છંદમાં દુઃખભંજન પાર્શ્વનાથ પ્રભુનો ઉલ્લેખ થયો છે.

નામથી જ પોતાના પ્રબળ પ્રભાવનો પરિચય કરાવતા આ પાર્શ્વસ્વામી અતિ પ્રાચીન નથી છતાં તે અતિ પ્રભાવક છે.

સ્તુતિ

હે પાર્શ્વ !દુઃખભંજન તમારું નામ સાર્થક જાણતો,તુજ ભક્તિથી સહુ દુઃખ રહિત પળને હું પુણ્યે માણતો,તેથી પ્રભાતે દોડી દોડી આવતો તુજ દર્શને,શ્રી દુઃખભંજન પ્રભુ પાર્શ્વ ને ભાવે કરુ હું વંદના.

જાપ મંત્ર

ૐ હ્રીં અર્હં શ્રી દુઃખભંજન પાર્શ્વનાથાય નમઃ

તીર્થનું સરનામું
શ્રી દુઃખભજંન પાર્શ્વનાથ જૈન શ્વેતાંબર તીર્થ,
દેસાઈ પોળ, બેસન્ટ હોલ સામે, ચંદનબાગ સુરત-૩૯૫૦૦૧,
ફોન-૯૩૭૬૮૪૦૩૨૪

મુંબઈથી ૨૯૦ કિ.મી. અને નવસારી ૪૦ કિ.મી. ના અંતરે છે...



૧૦૮ પાર્શ્વનાથ માંથી ૫

સૂરજમંડન પાર્શ્વનાથ

નવફણાયુક્ત ૬૧ ઇંચ ઉંચા અને ૪૫ ઇંચ પહોળા હાથીવાળા દેરાસર તરીકે ઓળખાતા મૂળનાયક શ્રી ધર્મનાથજીના દેરાસરના ભોંયરામાં શ્રી સૂરજમંડન પાર્શ્વનાથ બિરાજે છે.

સમ્રાટ અકબરના જીવન પરિવર્તનમાં મહત્વનો ભાવ ભજવતાં શ્રી શાન્તિચંદ્ર ઉપાધ્યાયના શિષ્ય શ્રી રત્નચંદ્ર ગણિના વરદ હસ્તે સં.૧૬૭૯ના કારતક વદ પાંચમને ગુરુવારે પુનર્વસુ નક્ષત્રમાં આ પરમાત્માની પ્રતિષ્ઠા થઈ હતી.

ગોપીદાસ નામના શ્રેષ્ઠી એ આ પ્રતિમાની પ્રતિષ્ઠા કરાવી હતી.શ્રેષ્ઠીના નામ પરથી સૂરત શહેરનો મહત્વનો વિસ્તાર "ગોપીપુરા" તરીકે ઓળખાય છે.

મૂળનાયક શ્રી ધર્મનાથ ભગવાનની પ્રતિષ્ઠા શ્રી હીરવિજય સૂરીશ્વરજીએ સં.૧૬૬૪ના જેઠ વદ પાંચમ સોમવારે કરી હતી. સુરત શહેરના આભૂષણ સમા આ પ્રભુજી સાચે જ સુરજમંડન છે. યતિશ્રીએ આ પ્રભુના પ્રભાવથી મંત્રસિદ્ધિ મેળવી હતી.

દેરાસરમાં ૫૫×૫૫ ચોરસ ફૂટનો મોટો રંગમંડપ બનાવાયો છે. આવું રંગમંડપ ભારતભરમાં કોઈ જૈન દેરાસરમાં નથી. ચાતુર્માસમાં દેરાસરમાં શ્રાવકો મોટી સંખ્યામાં ઉમટી પડે છે.

ત્યાના રંગમંડપમાં ૧૬ વિદ્યાદેવીઓ,બેનમૂન કલાત્મક ચાવી, કોલ કાચલા અશોકવૃક્ષની પાંખડીઓ, સેંકડો નાગફણી, એકબીજાની સુંઢની ગુંથણી સાથેના ૧૦૦થી વધુ હાથીઓ, ૨૪ તીર્થંકરો તથા તેમના યક્ષ-યક્ષીણી અષ્ટમંગળ,દેવતાઓના આયુધો, ઉત્કૃષ્ટો ૧૭૦તીર્થંકરો,વિવિધ દેવતોઓના આર્કષણ રથો સાથે ભારતમાં હોય તેવો વિશિષ્ટ ધુમ્મટ બનાવાયા છે. આ તીર્થ માં મીની પાલિતાણા ની પ્રતિકૃતિ પણ બનાવવામાં આવી છે.

સ્તુતિ

નમિઉણ મંત્રની સિદ્ધિદાતા સુરજમંડન છો તમે,ને સુરત નગરે રિદ્ધિદાતા દુઃખ વિહંડણ છો તમે,સુરનર મુનિવર ભક્તિથી જ્યાં વામાનંદનને નમે,શ્રી સુરજમંડળ પ્રભુ પાર્શ્વ ને ભાવે કરુ હું વંદના.

જાપ મંત્ર

ॐ ह्रीं अर्हं श्री सुरजमंडन पार्श्वनाथाय नमः

તીર્થનું સરનામું

શ્રી સુરજમંડન પાર્શ્વનાથ શ્વેતાંબર જૈન તીર્થ,
હાથીવાળુ દેહરૂ, ઠે.ગોપીપુરા સુરત-૩૯૫૦૦૧,
ફોન-૦૨૬૧-૨૫૯૧૩૩૩
મુંબઈથી ૨૯૦ કિ.મી. અને નવસારી ૪૦ કિ.મી. ના અંતરે છે.



Shri Vidhnhara Parshvnath - Rander
Jainam Jayati Shasanam-WhatsApp-898336677

૧૦૮ પાર્શ્વનાથ માંથી ૬
વિઘ્નહરા પાર્શ્વનાથ

સહસ્ત્રફણાથી યુક્ત અને પદ્માસને બિરાજેલ ૪૧ ઈંચ ઊંચા ૨૯ ઈંચ પહોળા શ્યામવર્ણના શ્રી વિઘ્નહરા પાર્શ્વનાથજી રાંદેરના એક ધાબબંધ જિનાલયમાં મૂળનાયક શ્રી આદેશ્વર દાદા ની જમણી બાજુ બિરાજમાન છે.

સુરતની પાડોશમાં આવેલું રાંદેર પ્રાચીન છે. પાંચ મનોહર જિનાલયો આ ગામના જૈનની ધર્મપ્રિયતાના સાક્ષી છે. અને પ્રાચીન તીર્થમાળા સ્તવનોમાં રાંદેરનો ઉલ્લેખ નોંધપાત્ર છે.

શ્રી વિઘ્નહરા પાર્શ્વનાથજી ૩૦૦ વર્ષ જેટલા પ્રાચીન ગણાય છે.વિઘ્નના વંટોળનું વિસર્જન કરી ભક્તને ભયરહિત બનાવતા આ પ્રભુજીનું 'વિઘ્નહરા' નામ યથાર્થ છે.

આદેશ્વર ભગવાન ઉપર ૧૬૮૩નો લેખ છે. શ્રીસંઘે આ જિનાલય સંવત ૧૮૦૦ આસપાસમાં બંધાયેલું છે. સં.૧૬૩૮માં રાંદેરમાં ચાતુર્માસ રહી શ્રી શ્રીપાળ મહારાજાના રાસની રચના કરતાં કરતાં પૂ. મહોપાધ્યાય શ્રી વિનય વિજયજી અહીં જ સ્વર્ગવાસ પામ્યા ને તેમના સંકેત પ્રમાણે પૂ. મહોપાધ્યાય શ્રી યશોવિજયજી મહારાજે બાકીનો રાસ અહીં જ પૂર્ણ કર્યો. સં.૧૬૮૯માં મહોપાધ્યાય શ્રી વિનય વિજયજી ગણીવરે રચેલી શ્રી સૂર્યપુર ચૈત્યપરિપાટીમાં તેમણે રાંદેરના જિનાલયોને પૂર્ણ જુહાર્યા છે.
રાંદેર સુરતની બાજુમાં નદી કિનારે આવેલું પ્રાચીન તીર્થ છે. ગામમાં પાંચ મનોહર જિનાલયો આવેલા છે. સવંત ૧૭૯૩માં રાંદેરમાં ૧૪ દેરાસર અને ૧૪૩ જિનપ્રતિમા હોવાની નોંધ છે. જૈનોનાં ૧૫૦ ઘર છે. રાંદેરમાં શ્રી શ્રીપાળ મયણા સુંદરીના રાસના રચયિતા મહોપાધ્યાય શ્રી વિનયવિજય મહારાજ સાહેબ નું ગુરુ મંદિર પણ છે.

સ્તુતિ

જે પ્રભુના દર્શથી સહુ આપદા દૂરે થતી,ને જે પ્રભુના સ્પર્શથી સહુ સંપદાઓ મળી જતી, વિઘ્નો હરી શિવમાર્ગના,જે મુક્તિ સુખને આપતા,વિઘ્નહરા પ્રભુ પાર્શ્વને ભાવે કરુ હું વંદના.

Jainam Jayati Shasanam WhatsApp-8898336677

જાપ મંત્ર

ૐ હ્રીં અર્હં શ્રી વિઘ્નહરા પાર્શ્વનાથાય નમઃ

તીર્થનું સરનામું

શ્રી વિઘ્નહરા પાર્શ્વનાથ જૈન શ્વતાંબર દેરાસર,
ડો.ઉત્તમરામ સ્ટ્રીટ નિશાળ ફળિયા, મુ.રાંદેર, સુરત.૩૯૫૦૦૫
ફોન-૯૯૨૫૧૯૮૧૧૮
મુંબઈથી ૨૯૬ કિ.મી. અને નવસારી ૪૭ કિ.મી. ના અંતરે છે.

૧૦૮ પાર્શ્વનાથ પ્રભુનો ઇતિહાસ અને ત્યાં કઈ રીતે પહોંચવું.... ભાગ-૨

નવસારી, સુરત અને રાંદેરના ૬ પાર્શ્વનાથ પ્રભુ ના તીર્થોના દર્શન કર્યા બાદ ભરૂચ અને ગંધાર માં આવેલ પ્રભુ પાર્શ્વનાથના તીર્થોની યાત્રા કરીશુ.

સુરતથી ભરૂચ ૮૩ કિ.મી.
ભરૂચથી ગંધાર ૭૫ કિ.મી.
(મુંબઈથી ભરૂચ ૩૪૦ કિ.મી. છે)
==========
ભરૂચ
૭-કલ્હારા પાર્શ્વનાથ

ગંધાર
૮-અમીઝરા પાર્શ્વનાથ
==========

શ્રી ઉવસગ્ગહરં સ્તોત્ર નો સર્જન કેવી રીતે થયો ?

શ્રી ઉવસગ્ગહરં સ્તોત્ર ૨,૧૦૦ વર્ષ પહેલાં શ્રી ભદ્રાબાહુ સ્વામી દ્વારા સર્જન થયુ હતુ.

શ્રી ભદ્રાબાહુ સ્વામી એક શક્તિશાળી અને વિદ્વાન જૈન સાધુ હતા. વારાહમિહિર શ્રી ભદ્રાબાહુ સ્વામી ના ભાઈ હતા અને એ પણ એક શક્તિશાળી અને વિદ્વાન જૈન સાધુ હતા. શ્રી ભદ્રાબાહુ સ્વામી આચાર્ય પદ મળે અને વધુ આદર મળે તે વારાહમિહિર સહન કરી સક્તા નહતા. આથી વારાહમિહિર જૈનો અને સમગ્ર જૈન ધર્મ સાથે ગુસ્સે થઈ ગયા હતા.
વારાહમિહિર માટે આવુ માનવામા આવે છે કે મૃત્યુ પછી "વ્યંતર દેવ" બની ગયા અને પૃથ્વી ઉપર પર જૈનોને પીડા આપવાનુ શરૂ કરી દીધુ. તેમના ભાઈ શ્રી ભદ્રાબાહુ સ્વામી તરફ તેમની ઈર્ષ્યા અને ક્રોધ, ઘણા જૈનો ને વિનાશ તરફ ધકેલી દીધા હતા.આવા મુશ્કેલ સમયે લોકોને મદદ માટે શ્રી ભદ્રાબાહુ સ્વામી સંપર્ક કર્યો.

શ્રી ભદ્રાબાહુ સ્વામીએ ૨૩ મા તીર્થંકર ભગવાન પાર્શ્વનાથ ને આદર આપવા અને ઉપસર્ગ દૂર કરવા તેમની મદદ લીધી અને ઉવસગ્ગહરં સ્તોત્ર સ્તોત્ર ની રચના કરી. જ્યારે પણ આ સ્તોત્ર સંપૂર્ણ એકાગ્રતા સાથે વાંચવામા આવે છે ત્યારે અર્ધ દેવતાઓ ને પૃથ્વી પર આવુ પડે છે. આ સ્તોત્ર તેના મૂળ સ્વરૂપમાં તે ખૂબ જ શક્તિશાળી હતો. ટૂંક સમયમાં લોકો આ સ્તોત્ર નો નાની વસ્તુઓ અને નાનો સામગ્રી ઈચ્છા માટે વધુ પડતો ઉપયોગ શરૂ કરી દીધો હતો. એ દુરૂપયોગના ડરથી સ્તોત્ર અમુક ગાથા નાબૂદ કરવામાં આવી હતી. આજે, એ સ્તોત્રની એક કડી ઓછી છે, તેમ છતાં તે હજુ પણ એટલુંજ શક્તિશાળી ગૌરવ નુ સ્થળ ધરાવે છે અને બીજી કોઇ પણ પ્રાર્થના કરતાં વધુ શક્તિશાળી માનવામાં આવે છે.
ઉવસગ્ગહરં સ્તોત્ર સંપૂર્ણ વિશ્વાસ સાથે પાઠ કરવામા આવે તો અવરોધો અને મુશ્કેલીઓ દૂર કરે છે.

આ સ્તોત્ર ૨૩ મા તીર્થંકર ભગવાન પાર્શ્વનાથ માટે પ્રાર્થના છે. ઉવસગ્ગહરં સ્તોત્ર જાપ માટે પૂર્વ કે ઉત્તર દિશામા સામે બેસી અને પદ્માઆસન બેઠક દરમિયાન આ સ્તોત્ર પાઠ કરવા જોઇએ.

૧૦૮ પાર્શ્વનાથ માંથી ૭

કલ્હારા પાર્શ્વનાથ

ફણારહિત , પદ્માસનારૂઢ ૩૫ ઈંચ ઊંચા અને ૨૯ ઈંચ પહોળા શ્વેતવર્ણના અતી પ્રાચીન અને મનોહર શ્રી કલ્હારા પાર્શ્વનાથ પ્રભુ ભરૂચના શ્રીમાળી પોળના જિનાલયમાં બિરાજમાન છે.

અંબડ મંત્રીએ કાષ્ટના આ જિનપ્રાસાદને ૩૨ લાખ સોનૈયાનો વ્યય કરી પાષાણમય બનાવ્યો. કલિકાળ સર્વજ્ઞ શ્રી હેમચંદ્રાચાર્યના વરદહસ્તે તેની પ્રાણપ્રતિષ્ઠા થઈ હતી મહારાજા કુમારપાળે અહીં ઉતારેલી આરતી અમર બની ગયી હતી. મહારાજા કુમારપાળના મંત્રીએ પ્રસાદની પચ્ચીસ દેવકુલિકાઓને સુવર્ણ-ધ્વજથી મંડિત કરી હતી.

તે ઉપરાંત બીજા પણ ભવ્ય જિનપ્રસાદોનાં અહીં નિર્માણ થયાના ઉલ્લેખો પ્રાપ્ત થયાં છે. "જૈનતીર્થોના ઈતિહાસમાં" શ્રી ન્યાયવિજયે ભરૂચના પાર્શ્વનાથને "શ્રી યશોધરા પાર્શ્વનાથ" નામથી ઓળખાવ્યા છે.

વીસમાં તીર્થંકર ભગવંત શ્રી મુનિસુવ્રત સ્વામીના સમયમાં બ્રાહ્મણોએ અશ્વમેધ યજ્ઞ માટે એક અશ્વ તૈયાર કર્યો. તે અશ્વ તીર્થંકર પ્રભુ ના ઉપદેશથી પ્રતિબોધ પામ્યો. તે અશ્વ શુભ ભાવમાં પોતાનું ચિત્ત સેવીને મૃત્યુ પામ્યો. અને દેવ બન્યો. તે દેવે પોતાના પરમ ઉપકારી પ્રભુનું જિનાલય બંધાવ્યુ. તે જિનાલય અશ્વવબોધ તીર્થ તરીકે ખ્યાતિ પામ્યુ. સિંહલદ્વીપમાં સિંહલ રાજાની કુંવરી સુદર્શનાએ જાતિસ્મરણ જ્ઞાનમાં પોતાનો પૂર્વ નો સમડી નો ભવ જોયો તેથી અશ્વવબોધ ચૈતન્યનો ઉદ્ધાર કરાવ્યો. તેને શકુનિકા વિહાર નામ આપ્યું. ત્યાર પછી તો આ તીર્થના અનેકવાર જીર્ણોદ્ધાર થતા રહ્યા છે સમડી વિહાર તરીકે પણ પ્રસિદ્ધ છે શાંતનુ મહેતાએ આ તીર્થ પર સુવર્ણનો કળશ પ્રસ્થાપિત કર્યો હતો.

સ્તુતિ

કલ્હારા પારસ મોહભંજી કાલહારા બની જજો, નિરંજનોના નગરમાં એકવાર મુજને લઇ જજો, જૈનાબાદને ભૃગુકચ્છ તારા તીર્થ જગમાં જાણીતા, કલ્હારા પ્રભુ પાર્શ્વને ભાવે કરું હું વંદના.

જાપ મંત્ર

ૐ હ્રીં અર્હં શ્રી કલ્હારા પાર્શ્વનાથાય નમઃ

તીર્થનું સરનામું

શ્રી કલ્હારા પાર્શ્વનાથ જૈન શ્વેતાંબર દેરાસર,
શ્રીમાળી પોળ,
ભરૂચ -૩૯૨૦૦૧
ફોન-૨૬૪૨-૨૬૨૫૮૬ / ૨૬૪૨-૨૬૨૫૮૭
મુંબઈથી ૩૪૦ કિ.મી. અને સુરતથી ૮૩ કિ.મી. ના અંતરે છે.



૧૦૮ પાર્શ્વનાથ માંથી ૮
અમીઝરા પાર્શ્વનાથ

Shri Amizara Parshvnath (Gandhar)
Jainam Jayati Shasanam WhatsApp-8898336677

ગંધાર તીર્થ ભરૂચ જિલ્લામાં દરિયા કિનારે આવેલું છે. આ પ્રાચીન તીર્થમાં પ્રભાવશાળી શ્રી અમીઝરા પાર્શ્વનાથ ભગવાન બિરાજમાન છે.

મધ્યકાલિન યુગથી સર્જન વિસર્જન ઘટમાળા ચાલતી રહી છે. મધ્યકાલિન યુગમાં આ સ્થળે પૂજ્ય.જગતગુરૂ આચાર્યદેવ શ્રી વિજય હીરસૂરીશ્વરજી મહારાજે અત્રે ત્રણસો સાધુ ઉપરાંત સાતસો સાધ્વીજી સાથે ત્રણ-ત્રણ ચોમાસા કર્યા હતા.

મોગલ સમ્રાટ અકબર બાદશાહને પ્રતિબોધ આપવા અત્રેથી માન સાથે ફતેહપુર સીક્રી ગયા હતા. કાળાંતરે છેલ્લો મોગલ બાદશાહ ઔરંગઝેબના સમયમાં આ બંદરનો નાશ થયો. કારણ કે આ બંદર મરાઠા શાસન હેઠળ હતું. તેથી અત્રેના શ્રાવકોએ ભગવાનના સુરક્ષા માટે વિચાર કરી શ્રી અમીઝરા પાર્શ્વનાથ ભગવાનની ૭૦ ઇંચની પ્રતિમાજીને સ્પેશ્યલ મસ્જીદ આકારનું જિનાલય બનાવી સદર પ્રતિમાને ભોંયરામાં ભંડારી દીધા. જે ભોંયરૂ આજે પણ ગંધાર તીર્થમાં છે. બાકીના પ્રતિમાજી શ્રી દહેજ રજપુત રાજ્ય હતું ત્યાં મોકલી આપ્યા.

ગંધારતીર્થમાં કુલ ૧૭ જિનાલય હતા હાલમાં ત્રણ જિનાલય ઉપલબ્ધ છે. પૂજ્ય આચાર્ય.શ્રીમદ્ વિજય રામચંદ્રસૂરીશ્વરજી મહારાજની દીક્ષા વિક્રમ.સંવત.૧૯૬૯ પોષ સુદ ૧૩ ના ગંધાર તીર્થમાં થઈ હતી. અને બે જિનાલયની પ્રતિષ્ઠા તેમના હસ્તક થઈ હતી.

આ મનોહર જિનબિંબમાંથી વારંવાર અમૃતશ્રોત ઝરતો હોવાથી પરમાત્મા અમીઝરા નામથી પ્રસિદ્ધ બન્યા. તે ગંધારીયા નામથી પણ ઓળખાય છે. ભરૂચ પંચતીર્થ નું આ એક તીર્થ છે.

મધ્યપ્રદેશના ધારના અજમેરામાં પણ શ્રી અમીઝરા પાર્શ્વનાથ પ્રભુની અલૌકિક પ્રતિમાજી બિરાજમાન છે. આ પ્રતિમામાં નાભીની નીચે ત્રણ સળ છે. આવી પ્રતિમા એકમાત્ર છે.

સ્તુતિ

ગંધાર નગરે બિરાજતા હે ગંધ હસ્તિ સમા વિભુ,અમૃત ઝરે તુજ નયણથી ને વયણથી પારસપ્રભુ,તુજ દર્શનથી સહુ ભવિકના સંતાપ તાપ શમી જતા, અમીઝરા પ્રભુ પાર્શ્વને ભાવે કરું હું વંદના

જાપ મંત્ર

ૐ હ્રીં અર્હં શ્રી અમીઝરા પાર્શ્વનાથાય નમઃ

તીર્થનું સરનામું
શ્રી અમીઝરા પાર્શ્વનાથ શ્વેતાંબર જૈન તીર્થ
પોસ્ટ બોક્ષ-ગંધાર, તાલુકા-વાગરા,
જિલ્લા-ભરૂચ ગુજરાત-૩૯૨૧૪૦
ફોન-૯૯૦૯૪૧૫૯૦૪

ગંધાર તીર્થ
ભરૂચથી ૪૮ કિ.મી..
વડોદરાથી ૯૫ કિ.મી..ના અંતરે છે

ભોજનશાળા તથા રહેવાની સગવડ ઉપલબ્ધ છે.

==========

૧૦૮ પાર્શ્વનાથ પ્રભુનો ઇતિહાસ અને ત્યાં કઈ રીતે પહોંચવું.... ભાગ-૩

નવસારી, સુરત,રાંદેરના ૬ અને ભરૂચ ગંધારના ૨ એમ કુલ ૮ પાર્શ્વનાથ પ્રભુ ના તીર્થોના દર્શન કર્યા બાદ હવે ડભોઈના ૨ અને છાણીના ૧ પ્રભુ પાર્શ્વનાથના તીર્થોની યાત્રા કરીશુ.

ગંધાર થી ડભોઇ ૧૦૫ કિ.મી.
ડભોઇ થી છાણી ૪૭ કિ.મી.

(વડોદરાથી ડભોઇ ૩૨ કિ.મી.)
(વડોદરાથી છાણી ૮ કિ.મી.)

==========

ડભોઇ
૦૯-પ્રગટ પ્રભાવી પાર્શ્વનાથ
૧૦-લોઢણ પાર્શ્વનાથ

છાણી
૧૧-વિમલ પાર્શ્વનાથ

નોંધ:-વડોદરાથી ઉપરોક્ત તીર્થો નજીક છે.



Shri Pragat Prabhavi Parshvnath - Dabhoi
Jainam Jayati Shasanam WhatsApp-8898336677

૧૦૮ પાર્શ્વનાથ માંથી ૯
પ્રગટ પ્રભાવી પાર્શ્વનાથ

અનેક મનોહર જિનાલયોથી શોભતું આ ડભોઈ પ્રગટ પ્રભાવી પાર્શ્વનાથનું તીર્થ છે.

અર્ધપદ્માસનને આરૂઢ ૩૩ ઈંચ ઉંચા ૨૬ ઈંચ પહોળા શ્રી પ્રગટપ્રભાવી પાર્શ્વનાથજી વડોદરા જિલ્લાનાં ડભોઇ ગામે શ્રીમાળી વાગામાં શ્રી આદિશ્વરજી જિનાલયમાં ભોંયરામાં બિરાજમાન છે.

પ્રાચીન કાળમાં દર્ભાવતી નામથી ઓળખાતી આ નગરી સિદ્ધરાજ જયસિંહના સમયમાં વસી હતી.

શ્રી ઋષભાદિ જયતિલક પ્રાસાદના ભોંયરામાં આ પરમાત્મા બિરાજે છે. પરમાત્માના દેહની કાન્તિ મોહક છે.
એક ધોબીએ સ્વપ્નમાં આ મનોહર જિનબિંબના દર્શન કર્યા હતા. સ્વપ્નના સંકેત સંશોધન કરતા તેણે ડભોઈ નજીકના સંખેડા બાદરપુર ગામો વચ્ચેની ઓરસંગ નદીના કાંઠેથી આ પ્રતિમાજી પ્રાપ્ત થયાં. આ પ્રતિમાજીને ડભોઈ લાવવામાં આવ્યા. પ્રતિમાજી ઘણાં પ્રાચીન જણાય છે. આદિનાથજીના નૂતન જિનાલયમાં ડભોઈમાં જ જન્મેલા આ દેવશ્રી જંબુસૂરીશ્વરજીના વરદ હસ્તે સં.૨૦૦૭ના વૈશાખ સુદ ૭ ના દિને પરમાત્માને ગાદીનશીન કરવામાં આવ્યા.

પ્રગટ પ્રભાવથી યુક્ત આ પરમાત્માનું પ્રકટ પ્રભાવી નામ સહેતુક છે. દર્ભાવતી મંડન આ પાર્શ્વનાથ “દર્ભાવતી પાર્શ્વનાથ” ના નામથી પણ ઓળખાય છે. ડભોઇ પ્રાચીન તીર્થ હોવાના અનેક પુરાવા છે. મહામંત્રી પેથડ શાહે અહીં શ્રી ચંદ્રપ્રભુસ્વામીનું જિનાલય બંધાવેલું છે.

સ્તુતિ

પ્રગટપ્રભાવી નામ તારું નાથ સાચું હોય જો,કલિકાલમાં મુજને પ્રભુજી મુક્તિ સુખ દેખાડ તો, તુજ નામ સત્ય ઠરે જ છે મુજ આત્મા આનંદતા,પ્રગટપ્રભાવી પ્રભુ પાર્શ્વને ભાવે કરું હું વંદના

જાપ મંત્ર

ૐ હ્રીં અર્હં શ્રી પ્રગટપ્રભાવી પાર્શ્વનાથાય નમઃ

તીર્થનું સરનામું
શ્રી પ્રગટપ્રભાવી પાર્શ્વનાથ જૈન શ્વેતાંબર દેરાસર,
શ્રીમાલી વાગા મુ.ડભોઈ,
જિલ્લો-વડોદરા (ગુજરાત) પીન-૩૯૧૧૧૦
ફોન - ૯૩૨૮૨૬૭૨૦૨

ભોજનશાળા તથા ધર્મશાળાની સગવડ ઉપલબ્ધ છે.

Jainam Jayati Shasanam WhatsApp-8898336677

૧૦૮ પાર્શ્વનાથ માંથી ૧૦

લોઢણ પાર્શ્વનાથ


Shri Lodhan Parshvnath - Dabhoi
Jainam Jayati Shasanam WhatsApp-8898336677

શ્યામવર્ણા,સાત ફણાથી શોભતા અર્ધ પદ્માસનારૂઢ ૪૧ ઇંચ ઊંચા અને ૩૩ ઇંચ પહોળા શ્રી લોઢણ પાર્શ્વનાથ પ્રભુ ડભોઇના શિતલનાથ જિનાલયમાં ભોયરામાં બિરાજમાન છે.

આ પ્રતિમાજી એક ધર્મનિષ્ઠ શ્રેષ્ઠીની વ્રત દ્રઢતાનું પ્રતિક છે. પોઠો ભરી ગામેગામ ફરતો સાગરદત્ત શ્રેષ્ઠી ચાતુર્માસનાના દિવસોમાં દર્ભાવતી નગરીમાં આવી સ્થિર થયો. પરમાત્માના પૂજન બાદ જ ભોજન લેવાની પ્રતિજ્ઞા. વ્રતપાલનની સરળતા માટે માતાના કહેવાનીથી તેણે વેળુના એક મનોહર બિંબને નિર્મિત કરી પોતાના ગૃહમંદિરમાં પધરાવ્યા. આ પ્રતિમાની તે નિત્ય પૂજા કરતો. ચાતુર્માસ પૂર્ણ થતાં આ વ્યવહારી સ્વદેશ જવા રવાના થયો ત્યારે આ પ્રતિમાજી શહેરની મધ્યમાં આવેલા એક કુવામાં પધરાવ્યા.

અમુક સમય પછી પુનઃદર્ભાવતી આવવાનું થયું ત્યારે મધ્યરાત્રીએ સ્વપ્નમાં અધિષ્ઠાયક દેવે કૂવામાંથી પ્રતિમાજી બહાર કાઢવા આદેશ કર્યો. પ્રભાતે સ્થાનિક સંઘને સહકાર આપવાની વાત કરતા સ્વપ્નની વાત વાયુવેગે પ્રસરી ગઈ. અન્યધર્મીઓએ પણ મૂર્તિ ઉપર પોતાન હક પ્રદર્શિત કર્યો. જે સંપ્રદાય પ્રતિમાજી કુવામાંથી બહાર કાઢે પ્રતિમાજી તેના એવું નક્કી થયું. અન્ય સંપ્રદાયના તમામ પ્રયત્નો નિષ્ફળ ગયા. જૈનોએ કુંવારી કન્યા પાસે કાચા સુતરના તાંતણે ચાળણી બાંધી કુવામાં ઉતરાવી. પ્રતિમાજી આપમેળે ચાળણીમાં બેઠાં અને કુવામાંથી બહાર આવ્યા. ત્યારબાદ સારથિ વગરના બળદગાડામાં પ્રભુજીને પધરાવ્યાં. ગાડું જ્યાં ઊભું રહ્યું ત્યાં ભવ્ય જિનાલય બંધાવી પ્રભુજીને સ્થાપિત કરવામાં આવ્યા.

કૂવાના પાણીમાં ઘણો કાણ રહેવા છતાં વેળુની આ પ્રતિમાજીનો એક કણ પર ખર્યો નહી અને વેળુ પિંડ લોઢા જેવો બની રહ્યો તેથી આ પ્રતિમાજી લોઢણના નામથી પ્રસિદ્ધ થયા. આ ઘટના લગભગ ૬૦૦થી પણ અધિક વર્ષો પૂર્વની છે એમ કહેવાય છે. સં.૧૯૯૦માં જિનાલયનો જિર્ણોદ્ધાર થયો.

પૂર્વકાળની પ્રાચીન સમૃદ્ધિમય દર્ભાવતી નગરી જેવા મૂળનાયક પ્રભુજીની પ્રતિમા રાજા વીરધવળના મંત્રી તેજપાળે એક ભવ્ય જિનાલયનું નિર્માણ કરીને પ્રતિષ્ઠિત કરી હતી.

મહોપાધ્યાય યશોવિજયજી મ.સા.ની આ સ્વર્ગવાસ ભૂમિ છે. જેમના નામનો વિશાળ જ્ઞાનભંડાર અતિ પ્રાચીન અહીં શોભી રહ્યો છે.

સ્તુતિ

કાચા સૂતરના તાંતણે જે કૂપમાંથી પ્રગટતા,વેળુતણા પ્રભુજી છતાં લોઢાસમા જે બની જતા,પદ્માસનાધેં શોભતા દર્ભાવતીમાં રાજતા,શ્રી લોઢણ પ્રભુ પાર્શ્વને ભાવે કરું હું વંદના



Jainam Jayati Shasanam WhatsApp-8898336677

જાપ મંત્ર

ૐ હ્રીં અર્હં શ્રી લોઢણ પાર્શ્વનાથાય નમઃ

તીર્થનું સરનામું
શેઠ દેવચંદ ધરમચંદની પેઢી
શ્રીમાળી વાગા, શામળાજીની શેરી,
જિલ્લો-વડોદરા,રાજ્ય-ગુજરાત.
ડભોઈ-૩૯૧૧૧૦.
ફોન-૦૨૬૬૩-૨૫૮૧૫૦, ૯૪૨૬૩૭૬૧૨૩

ભોજનશાળા તથા ધર્મશાળાની સગવડ ઉપલબ્ધ છે.

==========

૧૦૮ પાર્શ્વનાથ માંથી ૧૧
વિમલ પાર્શ્વનાથ

Shri Vimal Parshvnath - Chhani
Jainam Jayati Shasanam WhatsApp-8898336677

મનના માલિન્યનું મારણ કરતા શ્રી વિમલ પાર્શ્વનાથજી શ્વેત પાષાણના છે. સાતફણાથી અલંકૃત પદ્માસને બિરાજમાન આ પ્રતિમાની ૧૩ ઇંચ ઊંચા અને ૧૧ ઇંચ પહોળાં છે.

છાણીમાં તે કાળે પાંચ મનોહર ચૈત્યો શોભતાં હતાં. સંભવ છે કે આ જિનાલયનો જીર્ણ થતાં તેમનો જીર્ણોદ્ધાર કરી એક જ પ્રસાદમાં રૂપાંતરિત કરવામાં આવ્યાં હોય.

એક અનુશ્રુતિનગર એ પૂર્વે લશ્કરી છાવણીનું મથક હતું. "છાવણી" પરથી આ ગામ છાણી નામથી પ્રસિદ્ધ થયું.

અહીં શ્રાવકના મહોલ્લામાં શ્રી શાંતિનાથ સ્વામીનો ભવ્ય જિનપ્રસાદ છે. સં. ૧૯૫૧માં આ પ્રભુજીની પુનઃપ્રતિષ્ઠાકરવામાં આવી. અહીં જિનપ્રાસાદના પટાંગણમાં એક બાજુ શ્રી વિમલ પાર્શ્વનાથ નાનકડું જિનાલય છે. વિ.સં. ૧૮૯૩માં શ્રી વિમલ પાર્શ્વનાથ પ્રભુને પ્રતિષ્ઠિત કરવામાં આવ્યા હતાં.

અનાદિકાળથી આત્માનેઅથડાવતા કર્મમલને દૂર કરી આત્માને વિમલ કરી આપતા આ પ્રભુજીનું "વિમલ" નામ રહસ્ય યુક્ત છે.

સં.૧૬૫૫ આસો સુદ દસમીના દિને રચાયેલી શ્રી પ્રેમવિજય કૃત '૩૬૫ શ્રી પાર્શ્વજીન નામાવલી' માં 'છાયાપુર પાર્શ્વનાથ' નામનો ઉલ્લેખ છે.

અનુમાનથી કહી શકાય છે કે છાયાપુર પાર્શ્વનાથ એજ આ વિમલ પાર્શ્વનાથ હોવા જોઈએ. શ્રી વિમલ પાર્શ્વનાથનું એક માત્ર તીર્થ છાણી શ્રાવકના મહોલ્લામાં આવેલું છે.

વડોદરા ૮ કિ.મી. દૂર આવેલું તીર્થ છાયાપુરી રેલવે સ્ટેશનથી ૧ કિ.મી. દૂર છે.
અહીં પ્રાચીન જ્ઞાન ભંડાર તથા ઉપાશ્રયો આવેલા છે. કુલ ૪ જિનાલયો અહીં શોભે છે. અહીંના જિનાલયો યાત્રા કરવા લાયક છે. અને અહીંના જૈનોની ધાર્મિકતા નિહાળવા જેવી છે.

છાણી નગરની ધન્યતા

દિક્ષા દાતા શાંતિનાથ ભગવાનની નિશ્રામાં તેમજ જ્ઞાન ભંડાર પાસેના ચોગાન માં છાણી ગામના જ ૧૬૭ આરાધકોએ દીક્ષા અંગીકાર કરી છે. તેમજ છાણી નગરની બહારના ૫૮ મુમુક્ષુઓએ છાણીમાં દીક્ષાગ્રહણ કરી છે કુલ ૨૨૫ દિશાઓ આ નગરમાં થઈ છે છાણીનગરના ૨૦ આચાર્ય ભગવંતો જિનશાસનની પ્રભાવના કરનારા થયા. કલાકારી યુક્ત પ્રાચીન ચાંદીની નાણ ઉપર ૨૪૨ દિક્ષાર્થીઓ દીક્ષાની ક્રિયા કરી છે.

સ્તુતિ

હે વિમલ પારસ વિમલ કરો મુજ કર્મ મલ ઉચ્છેદીને,મુજ હૃદયકમલે વાસ કરજો,અવગુણો સહુ ભેદીને,તુજ નયન કમલો પેખીને મુજ મન ભ્રમર લલચાય છે,શ્રી વિમલ પ્રભુ પાર્શ્વને ભાવે કરું હું વંદના

જાપ મંત્ર

ૐ હ્રીં અર્હં શ્રી વિમલ પાર્શ્વનાથાય નમઃ

તીર્થનું સરનામું
શ્રી વિમલ પાર્શ્વનાથ શ્વેતાંબર જૈન તીર્થ,
વાણિયાવાડ, શ્રાવકનો મહોલ્લો છાણી,
જિ.વડોદરા (ગુજરાત)
ફોન-૦૨૬૫-૨૪૩૨૮૫૮

ભોજનશાળા તથા ધર્મશાળાની સગવડ વડોદરામાં ઉપલબ્ધ છે. ત્યાંથી આ તીર્થ બિલકુલ નજીક છે.

Jainam Jayati Shasanam-WhatsApp-8898336677

૧૦૮ પાર્શ્વનાથ પ્રભુનો ઇતિહાસ અને ત્યાં કઈ રીતે પહોંચવું.... ભાગ-૪

નવસારી, સુરત,રાંદેર, ભરૂચ, ગંધાર, ડભોઈ અને છાણીના કુલ ૧૧ પ્રભુ પાર્શ્વનાથના તીર્થોની યાત્રા કરી હવે આપણે ખંભાતમાં આવેલ ૫ શ્રી પાર્શ્વ નાથપ્રભુનાં તીર્થોની યાત્રા કરીશુ.

વડોદરાથી ખંભાત ૮૫ કિ.મી.ના અંતરે છે.

ખંભાત
૧૨-સ્થંભન પાર્શ્વનાથ
૧૩-કંસારી પાર્શ્વનાથ
૧૪-રત્ન ચિંતામણી પાર્શ્વનાથ
૧૫-સોમ ચિંતામણી પાર્શ્વનાથ
૧૬-ભુવન પાર્શ્વનાથ

ખંભાતમાં ભોજનશાળા તથા ધર્મશાળાની સગવડ ઉપલબ્ધ છે.

૧ શ્રી મોહનલાલ વખતચંદ જૈન ધર્મશાળા
દંતારવાડા, જિલ્લો-ખેડા-ખંભાત, પીન-૩૮૮૬૨૦
ફોન-૦૨૬૯૮-૨૨૦૪૭૭
મોબાઇલ-૯૦૩૩૫૬૫૮૫૨

૨-શ્રી બંસીલાલ અંબાલાલ શાહ
યાત્રિક ભવન
માણેકચોક, ત્રણ દરવાજા
જિલ્લો-ખેડા-ખંભાત, પીન-૩૮૮૬૨૦
ફોન-૦૨૬૯૮-૨૨૦૧૧૭

==========

- સમ્યક્ત્વ પામ્યા પછીના ભવ-દસ
- જન્મ અને દિક્ષા સ્થળ-વાણારસી નગરી.
- તીર્થંકર નામકર્મ-સુવર્ણબાહુ ના ભવમાં.
- દેવલોકનો અંતિમ ભવ-પ્રાણત વિમાન.
- ચ્યવન કલ્યાણક-ફાગણવદ-૪ વિશાખા નક્ષત્ર .

૧૦૮ પાર્શ્વનાથ માંથી ૧૨
સ્થંભન પાર્શ્વનાથ

પાંચ ફણાથી પરિવરેલા સપ્તફણા પરિકર યુક્ત ૮ ઈંચ ઊંચા અને ૬ ઈંચ પહોળા કૃષ્ણવર્ણના શ્રી સ્થંભન પાર્શ્વનાથ ભગવાન પ્રબળ પ્રભાવ અને ઉજ્જવળ ઇતિહાસ છે.

શ્રી સ્થંભન પાર્શ્વનાથ પ્રભુની પ્રતિમા નીલમરત્નના છે. આ પ્રતિમાજીનો પણ ભવ્ય ઇતિહાસ છે. ગઈ ચોવીસીમાં શ્રી અષાઢી શ્રાવકે આ મૂર્તિ ભરાવી હતી. અને ત્યારબાદ હજારો વર્ષો સુધી જુદી જુદી જગ્યાએ દેવતાઓ દ્વારા પૂજાતી રહી. છેલ્લે કૃષ્ણ મહારાજા દ્વારા પણ પૂજાઈ પણ દ્વારકાનો નાથ થતી વખતે એક શ્રાવકે આ પ્રતિમાજીને દરિયામાં પધરાવી દીધેલ. કાંતિપુરના શ્રેષ્ઠધનને સમુદ્રમાંથી દૈવી સંકેત અને સહાય દ્વારા આ મૂર્તિ મળી. આ સાથે બે અન્ય પણ મૂર્તિઓ પ્રાપ્ત થઇ તેમાં એક ચારૂપમાં શ્રી પાર્શ્વનાથ પ્રભુ અને શ્રી પતનમાં શ્રી નેમિનાથ પ્રભુની મૂર્તિ આજે પણ વિદ્યમાન છે.

ત્યારબાદ છેલ્લે આચાર્ય શ્રી અભયદેવસૂરી મહારાજાને આ પ્રતિમા દિવ્ય સંકેત દ્વારા પ્રાપ્ત થયા. તેના પ્રતાપે તેમનો રોગ દૂર થયો. આચાર્યશ્રીએ ૩૨ શ્લોક પ્રમાણ જયતિહણ સ્તોત્રની રચના કરી અને આ દિવ્ય પ્રતિમા પ્રગટ થયેલ. વિક્રમ સવંત ૧૩૬૮માં આ પ્રતિમાજી સ્થંભન તીર્થમાં લાવવામાં આવેલ.

વિક્રમ સંવત ૧૯૫૫માં આચાર્ય ભગવંત શ્રી વિજયનેમિસૂરીશ્વરજી મહારાજ દ્વારા પુન:પ્રતિષ્ઠિત કરવામાં આવી.
આજે પણ આ પ્રતિમાજી ખંભાતના ખારવાડમાં વિદ્યમાન છે.
ગત ચોવીસીના નેમિનાથ પ્રભુના શાસનમાં અષાઢી શ્રાવકે ભરાવેલ , શ્રી રામથી પૂજાયેલ ને નવાંગી ટીકાકાર અભયદેવ સૂ.મ.ના કોઢ રોગને દૂર કરનાર નીલમ રત્નના આ પ્રતિમાજી ખૂબ જ પ્રભાવિક છે અને બહુમૂલ્ય છે.

સ્તુતિ
અતીત ચોવીસી તણા નેમિ પ્રભુ ઉપદેશથી;અષાઢી શ્રાવક પૂજતા નીલમ તણા પ્રભુ પાર્શ્વજી, નાગાર્જુન ને આઠમા બલદેવજી પણ પૂજતા, શ્રી સ્થંભન પ્રભુ પાર્શ્વને ભાવે કરું હું વંદના

જાપ મંત્ર
ૐ હ્રીં અર્હં શ્રી સ્થંભન પાર્શ્વનાથાય નમઃ

તીર્થનું સરનામું
શ્રી સ્થંભન પાર્શ્વનાથ શ્વેતાંબર જૈન તીર્થ,
ખારવાડો, મુ.પો:ખંભાત, જિ.ખેડા,
વાયા આણંદ(ગુજરાત)૩૮૮૬૨૦
ફોન-૦૨૬૯૮-૨૨૦૨૨૧

૧૦૮ પાર્શ્વનાથ માંથી ૧૩
કંસારી પાર્શ્વનાથ


Shri Kansari Parshvnath - Khambhat
Jainam Jayati Shasanam - WhatsApp-8898336677

પદ્માસને બિરાજમાન ફણારહિત ૧૩ ઇંચ ઉંચા ૧૨ ઇંચ પહોળા શ્વેતવર્ણના પાષાણ શ્રી કંસારી પાર્શ્વપ્રભુ ખંભાતનાં ખારવાડામાં બિરાજમાન છે.
ખંભાતથી ૧.૫ કિ.મી ના અંતરે આવેલું કંસારી ગામ જૈનોનું મહાન ધર્મક્ષેત્ર હતું. અહીં શ્રી ભીડભંજન પાર્શ્વપ્રભુનું સુંદર જિનાલય ભક્તોની શ્રદ્ધાનું કેન્દ્ર હતું. સમય જતાં ગામમાં જૈનોની વસ્તી ઓછી થતાં શ્રી ભીડભંજન પાર્શ્વપ્રભુ ને કંસારીથી ખંભાત લાવી ખારવાડામાં નવનિર્મિત જિનાલયમાં બિરાજમાન કરવામાં આવેલ. કંસારીથી ખંભાત લાવવામાં આવેલા શ્રી ભીડભંજન પાર્શ્વપ્રભુ કંસારી પાર્શ્વનાથ નામે ઓળખાય છે.
શ્રી ખંભાત તીર્થ પ્રાચિનકાળથી જૈન તીર્થ તરીકે પ્રખ્યાત છે. કલિકાલ સર્વજ્ઞ શ્રી હેમચંદ્રાચાર્યની દીક્ષા અહીં થયેલ. જગદ્ ગુરૂ શ્રી હરીસૂરીશ્વરજી મ.સા એ ૭ ચાતુર્માસ અહીં કરેલ.
સવંત ૧૬૩૯માં સુધર્મેગચ્છનાં શ્રી વિજયદેવસૂરિએ કંસારીના શ્રી ભીડભંજન પાર્શ્વપ્રભુની ભક્તિપૂર્વક સ્તવના કરેલ હતી. આ સિવાય અનેક પુરાવા બતાવે છે કે ખંભાત તીર્થ અને શ્રી કંસારી પાર્શ્વપ્રભુ અતિ પ્રાચીન છે.

સ્તુતિ

કંસારી નગરના કંથ હે ભગવંત મુજ મન આવજો, મુજ કમેં કંસ હણી પ્રભુ કંસારી બિરૂદ નિભાવજો,સ્થંભન તીર્થે બિરાજીને થંભાવતા ભવિ ચિત્તડા, શ્રી કંસારી પ્રભુ પાર્શ્વને ભાવે કરું હું વંદના.



Jainam Jayati Shasanam WhatsApp-8898336677

જાપ મંત્ર

ૐ હ્રીં અર્હં શ્રી કંસારી પાર્શ્વનાથાય નમઃ

તીર્થનું સરનામું
શ્રી કંસારી પાર્શ્વનાથ શ્વેતાંબર જૈન તીર્થ,
ખારવાડો, મુ.પો:ખંભાત, જિ.ખેડા,
વાયા આણંદ(ગુજરાત)૩૮૮૬૨૦
ફોન-૯૩૨૭૭૮૨૩૪૭

૧૦૮ પાર્શ્વનાથ માંથી ૧૪
રત્ન ચિંતામણિ પાર્શ્વનાથ

Shri Ratna Chintamani Parshvnath - Khambhat
Jainam Jayati Shasanam WhatsApp-8898336677

સાત મનોહર ફણા યુક્ત પરિકરમાં સંલગ્ન રત્નસમા દૈદીપ્યમાન પંચધાતુમય ૬ ઇંચ ઊંચા અને ૫ ઇંચ પહોળા શ્રી રત્નચિંતામણી પાર્શ્વનાથ પ્રભુ ખંભાત તીર્થના માણેક ચોકમાં આવેલ જિનાલયમાં બિરાજમાન છે.

પ્રભુના પ્રતિમાજી નાનકડા પણ મનોહર અને પ્રભાવશાળી છે. પ્રતિમાજી ઉપર સંવત ૧૬૮૧ નો લેખ ઉત્કીર્ણ છે.

સવંત ૨૦૦૧ માગશર સુદ ૧૦ને શનિવારે પૂજય આચાર્યશ્રી નેમિસૂરીશ્વરજીનાં હસ્તે આ ગૃહમંદિરની પ્રતિષ્ઠા થઇ હતી.

ખંભાત તીર્થની પ્રાચીનતાનાં અનેક પુરાવા છે. આ જિનાલયની આજુબાજુ સાત ભવ્ય જિનાલયો આવેલ છે.



Jainam Jayati Shasanam WhatsApp-8898336677

સ્તુતિ

ખંભાત સ્વામી ત્રિરત્નદાતા રત્નચિંતામણિ,છે બિંબ અનુપમરૂપ હેતુ આત્મઘટ
ઉજાસનું,મુજ નયનતી નિરખી તને હું નિર્વિકારી દશા ચહું, શ્રી રત્ન ચિંતામણિ
પ્રભુ પાર્શ્વને ભાવે કરું હું વંદના

જાપ મંત્ર

ૐ હ્રીં અર્હં શ્રી રત્ન ચિંતામણિ પાર્શ્વનાથાય નમઃ

તીર્થનું સરનામું

શ્રી રત્ન ચિંતામણિ પાર્શ્વનાથ શ્વેતાંબર જૈન તીર્થ,
માણેકચોક, મુ.પો:ખંભાત, જિ.ખેડા,
વાયા આણંદ(ગુજરાત)-૩૮૮૬૨૦
ફોન-૯૯૧૩૯૬૫૭૯૭

૧૦૮ પાર્શ્વનાથ માંથી ૧૫
સોમ ચિંતામણિ પાર્શ્વનાથ

Shri Somchintamani Parshvnath - Khambhat
Jainam Jayati Shasanam WhatsApp-8898336677

સાત ફણાયુક્ત ૨૨ ઇંચ ઊંચા,અને ૧૬ ઇંચ પહોળા શુભ વર્ણનાં શ્રી સોમ ચિંતામણી પાર્શ્વનાથ ભગવાન સોમ અને ચિંતામણિ બંનેથી અધિક છે. ભક્તોને સદાય શીતલતા અર્પે છે.

અંતરના ઓરડામાં સૌમ્યતાનો શીતલ પ્રકાશ પાથરતાં શ્રી સોમ ચિંતામણિ પાર્શ્વનાથ પ્રભુનું જિનાલય ખંભાતની સંઘવી પોળમાં આવેલ છે. આ પ્રાચીન જિનાલયનો જીર્ણોદ્ધાર થતાં સં.૧૯૯૦ માં માગશર સુદ ૧૧ સોમવારના રોજ પુન:પ્રતિષ્ઠા થઈ છે.

આ તીર્થ પ્રાચીન હોવાના અનેક પુરાવા મળે છે.

આ જિનાલય માં શ્રી પદ્માવતી દેવીની ચમત્કારિક પ્રતિમાજી છે તેથી આ જિનાલય પદ્માવતી દેરા તરીકે પણ પ્રસિદ્ધિ પામેલ છે.

સંઘવી ની પોળ માં વિમલનાથ દાદા નું પ્રચીન જિનાલય આવેલ છે.

સ્તુતિ

ભૌતિક સુખને અપેંતું તે દિવ્ય ચિંતામણિ કહું,પણ મુક્તિ સુખને આપતા તે સોમચિંતામણિ ચહું,સંઘવીની પોળે બિરાજતાં પદ્માવતી આરાધતા, શ્રી સોમ ચિંતામણિ પ્રભુ પાર્શ્વને ભાવે કરું હું વંદના

Shri Somchintamani Parshvnath Tirth Khambhat
Jainam Jayati Shasanam WhatsApp-8898336677

જાપ મંત્ર

ૐ હ્રીં અર્હં શ્રી સોમ ચિંતામણિ પાર્શ્વનાથાય નમઃ

તીર્થનું સરનામું
શ્રી સોમ ચિંતામણિ પાર્શ્વનાથ શ્વેતાંબર જૈન તીર્થ,
સંઘવીની પોળ, મુ.પો: ખંભાત, જિ.ખેડા,
વાયા આણંદ(ગુજરાત)૩૮૮૬૨૦
ફોન-૦૯૮૭૯૦૫૪૨૪૧

૧૦૮ પાર્શ્વનાથ માંથી ૧૬

ભુવન પાર્શ્વનાથ

Shri Bhuvan Parshvnath - Khambhat
Jainam Jayati Shasanam WhatsApp-8898336677

સાત ફણાથી છત્રિત સપરિકર, પદ્માસને આરૂઢ પાષાણનાં ૨૭ ઈંચ ઊંચા અને ૨૨ ઇંચ પહોળા શ્રી ભુવન પાર્શ્વનાથ પ્રભુનાં કૃષ્ણવર્ણના પ્રતિમાજી નયનરમ્ય છે. શ્રી નવખંડા પાર્શ્વનાથનાં દ્વિતીય નામે પ્રસિદ્ધ શ્રી ભુવન પાર્શ્વનાથ પ્રભુની અર્ચના ભક્તિ ત્રણ ભુવનનું સામ્રાજ્ય અને અખંડ સુખ આપવા સમર્થ છે. પ્રતિષ્ઠા વૈશાખ સુદ ૫ ના રોજ થયેલ.

ખંભાતના ભોંયરા પાડામાં શ્રી ભુવન પાર્શ્વપ્રભુનું જિનાલય આવેલ છે. આ પાડામાં કુલ પાંચ જિનાલય વિદ્યમાન છે.ભોંયરા પાડાનાં આ જિનાલયે શ્રી હરીસૂરિશ્વરજી મ.સા.ના શુભ હસ્તે સં.૧૬૩૬માં શ્રી અજિતનાથ બિંબની પ્રતિષ્ઠા થયાની માહિતી આપતો શિલાલેખ આ જિનાલયની પ્રાચીનતા સિદ્ધ કરે છે.

મૂળનાયક પ્રભુને તે જ સ્થાને રાખીને સં.૨૦૨૭ માં આ જિનાલયનો જિર્ણોદ્ધાર કરવામાં આવ્યો હતો. પુનઃપ્રતિષ્ઠા વૈશાખ સુદ ૧૧ ને ગુરૂવારે કરવામાં આવી હતી.

સ્તુતિ

ગુણરત્નરોહણ ભુવન મોહન ભુવન પારસનાથજી,તુજ મૂરતિના મલકાટથી મોહી રહ્યા સુરનાથજી,મને મુક્તિ પગથારે ચઢાવો નાથ પકડી હાથજી,શ્રી ભુવન પ્રભુ પાર્શ્વને ભાવે કરું હું વંદના

જાપ મંત્ર

ૐ હ્રીં અર્હં શ્રી ભુવન પાર્શ્વનાથાય નમઃ

તીર્થનું સરનામું
શ્રી ભુવન પાર્શ્વનાથ શ્વેતાંબર જૈન તીર્થ,
ભોયરા પાડો, મુ.પો:ખંભાત, જિ.ખેડા,
વાયા આણંદ(ગુજરાત)-૩૮૮૬૨૦

ફોન-૦૨૬૯૮-૨૨૩૭૮૦



Jainam Jayati Shasanam WhatsApp-8898336677

૧૦૮ પાર્શ્વનાથ પ્રભુનો ઇતિહાસ અને ત્યાં કઈ રીતે પહોંચવું.... ભાગ-૫

નવસારી, સુરત,રાંદેર, ભરૂચ, ગંધાર, ડભોઈ, છાણી અને ખંભાત ના કુલ ૧૬ પ્રભુ પાર્શ્વનાથના તીર્થોની યાત્રા કરી આગળ ખેડા અને ધોળકામાં આવેલ ૨ પાર્શ્વનાથ પ્રભુના તીર્થોની યાત્રા કરીશુ.

ખંભાત થી ખેડા ૫૬
ખેડા થી ધોળકા ૩૦

==========
ખેડા
૧૭-ભીડ ભંજન પાર્શ્વનાથ

ધોળકા
૧૮-ક્લીકુંડ પાર્શ્વનાથ

ખેડા અને ધોળકામાં ભોજનશાળા તથા ધર્મશાળાની સગવડ ઉપલબ્ધ છે.

શ્રી ખેડા જૈન શ્વેતામંબર મુર્તિ પૂજક સંઘ,
પોસ્ટ ઓફીસ પાસે,
ખેડા-૩૮૭૪૧૧
ફોન-૦૨૬૯૪-૨૨૨૦૧૨
૯૯૨૪૮૩૮૮૬૨ (ટ્રસ્ટી શ્રી પ્રશાંત ભાઈ)
૯૮૭૯૩૪૫૬૯૦ (શ્રી પંકજભાઈ)

શ્રી તેજપાળ વસ્તુપાળ જૈન ચેરીટી ટ્રસ્ટ
ક્લીકુંડ તીર્થ, જિલ્લો-અમદાવાદ,
ધોળકા-૩૮૨૨૨૫
ફોન-૦૨૭૧૪-૨૨૫૭૩૮
ફોન-૯૪૨૭૦૩૦૯૮૨ (શ્રી પંકજભાઈ)
==========

શ્રી પાર્શ્વનાથ ભગવાન નું ચૈતયવંદન

ચિંતામણી પાર્શ્વનાથ, જય ત્રિભુવન સ્વામી; અષ્ટ કર્મ રિપુ જીતીને, પંચમી ગતિ પામી....૧
પ્રભુ નામે આનંદ કંદ, સુખ સંપત્તિ લહીએ; પ્રભુ નામે ભવ ભવતણાં, પાતક સબ દહીએ....૨
ઓં હ્રીં વર્ણ જોડી કરી, જપીએ પાર્શ્વનામ; વિષ અમૃત થઈ પરિણમે, લહીએ અવિચલ ઠામ....૩

૧૦૮ પાર્શ્વનાથ માંથી ૧૭
ભીડભંજન પાર્શ્વનાથ



Shri Bhid Bhanjan Parshvnath - Kheda
Jainam Jayati Shasanam WhatsApp-8898336677

શ્વેત પાષાણના ૨૫ ઈંચ ઉંચા ૨૧ ઈંચ પહોળાં સંપ્રતિકાલીન શ્રી ભીડભંજન પાર્શ્વનાથ પ્રભુ ખેડા (ખેટકપુર) નગરના જિનાલયમાં મૂળનાયક તરીકે બિરાજમાન છે.

પૂજ્ય આચાર્ય શ્રી ગામની બહાર આવ્યા છે. જાણી સઘળો ગ્રામ્યજનો વિનંતી કરતા આચાર્ય ગામમાં પધાર્યા. પૂજ્યશ્રીની કલ્યાણકર વાણીનું અમૃતપાન કરી બોધ પામેલા ગ્રામ્યજનોએ શ્રાવકધર્મનો સ્વીકાર કર્યો અને ગુરુજી સમક્ષ જિનપ્રતિમાની માંગણી કરી.

તેમની માંગણી સાંભળી પૂજ્ય આચાર્યશ્રીએ પોતાની બેઠક નીચેની જગ્યા ખોદવા જણાવ્યું. અને વટવૃક્ષ નીચે ખોદકામ કરતા એક પ્રતિમાજી પ્રાપ્ત થયા. સાથે બે કાઉસગ્ગીયા, પિત્તળની દીવી,ત્રાંબાની કુંડી વગેરે પણ પ્રાપ્ત થયા. જિનપ્રતિમાનું તેજ જોઇ શ્રાવકો આનંદઘેલા બન્યા. આજ પરમાત્મા એટલે શ્રી ભીડભંજન પાર્શ્વનાથ સં.૧૫૧૬ ની સાલમાં આ ઘટના બની. નદીના કિનારે ભગવાનને સ્થાપિત કરી જિનમંદિર નિર્માણ કર્યું.
આ પરમ આહલાદક જિનબિંબના દર્શન,પૂજન અને સ્તવન ભક્તની સર્વ પ્રકારની ભીડને ભાંગવા સમર્થ છે. સર્વ પ્રકારની ઉપાધિઓથી મુક્ત કરનાર આ પરમાત્માનું નામ ભીડભંજન સાર્થક છે. સં.૧૭૯૪માં આ તીર્થનો જિર્ણોદ્ધાર થયો અને જેઠ સુદ ૧૦ના દિવસે પરમાત્માને પુન:પ્રતિષ્ઠીત કરવામાં આવ્યા હતા.

સ્તુતિ

દુર્ગણોની ભીડ વચ્ચે હું ભીંસાયો ભવમહીં,હે ભીડભંજન! ભાંગજો ભીડ ભક્ત છું તારો સહી વટવૃક્ષ નીચેથી પ્રગટતા ખેડા તીર્થે રાજત,શ્રી ભીડભંજન પ્રભુ પાર્શ્વને ભાવે કરું હું વંદના

જાપ મંત્ર

ૐ હ્રીં અર્હં શ્રી ભીડભંજન પાર્શ્વનાથાય નમઃ

તીર્થનું સરનામું
શ્રી ભીડભંજન પાર્શ્વનાથ શ્વેતાંબર જૈન તીર્થ,
પટેલ વાડો,
મુ.પો:ખેડા(ગુજરાત)-૩૮૮૬૨૦
ફોન-૯૯૨૪૮૩૮૮૬૨

Jainam Jayati Shasanam WhatsApp-8898336677

૧૦૮ પાર્શ્વનાથ માંથી ૧૮
કલિકુંડ પાર્શ્વનાથ

Shri Kalikund Parshvnath - Dholka
Jainam Jayati Shasanam WhatsApp-8898336677

ધોળકા રેલ્વે સ્ટેશનથી એક કિ.મી. દૂર શ્રી કલિકુંડ પાર્શ્વનાથ તીર્થ આવેલું છે. અહીં પ્રાચીન મૂળનાયક શ્રી કલિકુંડ પાર્શ્વનાથ ભગવાનની શ્વેત વર્ણની લગભગ ૧૨૦ સે.મી. ઊંચી પદ્માસનસ્થ પ્રતિમાજી બિરાજમાન છે.

આ પ્રતિમાના અંગ-પ્રત્યંગના રેખાંકનમાં એક એવી અનોખી કલા છે કે જો થોડી વાર એકીટસે પ્રભુને નીરખીએ તો એમ લાગે કે ભગવાન મધુર સ્મિત સાથે ભક્તોને ઉપકૃત કરી રહ્યા છે.

ધોળકા ગામનું પ્રાચીન નામ ધવલકપુર હતું અને લોકવાયકા પ્રમાણે તો આ ધોળકાએ એ જ મહાભારત કાળનું વિરાટનગર હતું. આ પ્રાચીન નગરમાં આજે ત્રણ જિનાલય વિદ્યમાન છે.

એમા અંબાજીની પોળમાં મંત્રીશ્વર વસ્તુપાળ-તેજપાળે બંધાવેલું જિનમંદિર છે. આજે આ જિનમંદિરમાં મૂળનાયક શ્રી સુમતિનાથ ભગવાનની બદામી વર્ણની સવા ફૂટ ઊંચી સપરિકર પ્રતિમા બિરાજમાન છે.

પંચભાઈની પોળમાં આવેલું ઘુમ્મટબંધી શ્રી શાંતિનાથ ભગવાનનું નિરાળી બાંધણી ધરાવતું મંદિર છે તો ભાલા પોળમાં આવેલું શ્રી આદીશ્વર ભગવાનનું ઘર દેરાસર પ્રાચીન છે.

આ નગર એ યુગપ્રધાનાચાર્ય પ્રથમ દાદા શ્રીજિનદત્તસૂરિનું જન્મસ્થળ અને પ.પૂ.આ શ્રી ધર્મદેવ ઉપાધ્યાયજીનું દીક્ષાસ્થળ છે. વસ્તુપાળ-તેજપાળ,પેથડશા,જીવણશાહ તથા અન્ય શ્રેષ્ઠીઓએ ધોળકામાં જિનમંદિર બંધાવ્યાના ગ્રંથમાં ઉલ્લેખ છે. ૧૨મી સદીમાં અનેક સમર્થ આચાર્યોનું અહીં આગમન થયું હતું. અને અનેક જિનમંદિરોની રચનાના ઉલ્લેખ મળે છે. કલિકુંડ પાર્શ્વનાથ ભગવાનની પ્રતિમા અતિ પ્રાચીન છે.

સ્તુતિ

દીક્ષાગ્રહી કાદંબરી વનખંડમાહી પધારતા,ને કુંડ સરોવરને તીરે કાઉસગ્ગ ધ્યાનને દયાવતા,
હસ્તિ વડે જયાં કમળથી પ્રભુપાર્શ્વની થઈ પૂજના, શ્રી કલિકુંડ પ્રભુ પાર્શ્વને ભાવે કરું હું વંદના

જાપ મંત્ર

ૐ હ્રીં અર્હં શ્રી કલિકુંડ પાર્શ્વનાથાય નમઃ

તીર્થનું સરનામું

શ્રી તેજપાલ વસ્તુપાલ જૈન ચેરીટેબલ ટ્રસ્ટ,
બાવલા-ખેડા રોડ, મુ.પો.ધોળકા (ગુજરાત) - ૩૮૭૮૧૦
ફોન-૯૪૨૭૦૩૦૯૮૨

Jainam Jayati Shasanam WhatsApp-8898336677

૧૦૮ પાર્શ્વનાથ પ્રભુનો ઇતિહાસ અને ત્યાં કઈ રીતે પહોંચવું.... ભાગ-૬

નવસારી, સુરત,રાંદેર, ભરૂચ, ગંધાર, ડભોઈ, છાણી ખંભાત, ખેડા અને ધોળકા ના કુલ ૧૮ પ્રભુ પાર્શ્વનાથના તીર્થોની યાત્રા કરી અહીં યાત્રા પ્રવાસ ૧ પૂર્ણ થાય છે.

યાત્રા પ્રવાસ ૨ માં અમદાવાદ,પાટણ ભીલડીયાજી અને આબુની આસપાસના ૩૧ પાર્શ્વનાથ પ્રભુની યાત્રા કરીશુ.

યાત્રાની શરૂઆત આપણે અમદાવાદમાં આવેલ ૪ પાર્શ્વનાથપ્રભુનાં તીર્થોની યાત્રાથી કરીશુ.

મુંબઈ થી અમદાવાદ ૫૩૨ કિ.મી.

ધોળકા થી અમદાવાદ ૪૦ કિ.મી.

અમદાવાદ

૧૯-શામળા પાર્શ્વનાથ

૨૦-મુલેવા પાર્શ્વનાથ

૨૧-હિંકાર પાર્શ્વનાથ

૨૨-સુખ સાગર પાર્શ્વનાથ

અમદાવાદમાં જિનાજ્ઞા યુવા ગ્રુપ દ્વારા રીક્ષાથી અમદાવાદના તીર્થોની યાત્રામાટે ગોઠવણ કરી આપે છે એમના નંબર ૦૯૫૫૮૮૪૫૬૭૨ છે આપ એમને કોન્ટેક્ટ કરી શકો છો.... આ ગ્રૂપની અનુમોદના કરવા યોગ્ય એ છે કે ઓટો ચલાવતા જૈનભાઈઓને પ્રથમ પ્રેફરન્સ આપે છે...

અમદાવાદમાં ભોજનશાળા તથા ધર્મશાળાની સગવડ ઉપલબ્ધ છે.

૧)શેઠ દલપતભાઈ ભગુભાઈ મરચીપોળ જૈન ધર્મશાળા
ઠે. મરચીપોળ, રતનપોળ
અમદાવાદ
ફોન-૦૭૯-૨૫૩૫૯૬૨૪

૨)હઠીસિંગની ધર્મશાળા
શાહીબાગ, બરડોલપુર, દિલ્હી દરવાજા,
અમદાવાદ
ફોન-૦૭૯-૨૨૧૮૦૭૭૪

૧૦૮ પાર્શ્વનાથ માંથી ૧૯
શામળા પાર્શ્વનાથ

Shri Shamla Parshvnath - Ahmedabad
Jainam Jayati Shasanam WhatsApp-8898336677

સાતફણાથી શોભતા, પદ્માસને બિરાજતાં, કૃષ્ણવર્ણના પાષાણના ૧૪ ઈંચ ઊંચા અને ૧૨ ઈંચ પહોળા શ્રી શામળા પાર્શ્વનાથ પ્રભુ અમદાવાદ શામળાની પોળમાં શામળાના ખાંચાના જિનાલયમાં બિરાજમાન છે.

સવંત ૧૬૫૬માં મંત્રીશ્વર વસ્તુપાલના વંશજ સંઘવી સોમજી તથા તેમના ભાઈ શિવાએ આ જિનાલયનું નિર્માણ કરાવ્યું હતું. જિનાલયનું લાકડાનું કોતરકામ અવિસ્મરણીય છે. તીર્થંકર પરમાત્માના કલ્યાણક મહોત્સવના દ્રશ્યોને કલાત્મક રીતે લાકડામાં કોતરવામાં આવ્યા છે. આ જિનાલયના મેડા ઉપર આરસના પાર્શ્વનાથ કાઉસગ્ગ મુદ્રાએ છે. શ્રી શામળા પાર્શ્વપ્રભુનું આ બિંબ ઘણું પ્રાચીન,મનોહર અને પ્રભાવક છે.

સંવત ૧૬૫૫માં રચાયેલી શ્રી પ્રેમવિજય કૃત ૩૬૫ શ્રી પાર્શ્વનાથ નામમાલા માં શામળા પાર્શ્વનાથ ના નામનો ઉલ્લેખ જોવા મળે છે.

સં.૧૭૪૬માં રચાયેલી શ્રી શીલવિજય કૃત તીર્થમાલા માં અમદાવાદના શ્રી શામળા પાર્શ્વનાથને વંદના કરાઈ છે.

સ્તુતિ

જે રાજનગરે રાજ કરતા,રાજ દેતાં મુક્તિનું, શ્રી શામળા પ્રભુ પાર્શ્વજી ફળ માંગુ તારી ભક્તિનું, મુજ આત્માની શામળી સહુ કર્મ રજ દૂર કાઢતા,શ્રી શામળા પ્રભુ પાર્શ્વને ભાવે કરું હું વંદના



Jainam Jayati Shasanam WhatsApp-8898336677

જાપ મંત્ર

ૐ હ્રીં અર્હં શ્રી શામળા પાર્શ્વનાથાય નમઃ

તીર્થનું સરનામું
શ્રી શામળા પાર્શ્વનાથ શ્વેતાંબર જૈન તીર્થ,
શામળાજીની પોળ, શામળાજીનો ખાંચો,
મદનગોપાલની હવેલી પાસે,
અમદાવાદ(ગુજરાત)-૩૮૦૦૦૧
ફોન-૯૮૨૪૬૦૦૨૧૩

૧૦૮ પાર્શ્વનાથ માંથી ૨૦
મૂલેવા પાર્શ્વનાથ


Shri Muleva Parshvnath - Ahmedabad
Jainam Jayati Shasanam WhatsApp-8898336677

શ્વેતવર્ણના,પદ્માસનનારૂઢ પાષાણ ના ૨૮.૫ ઇંચ ઉંચા,૨૨ઇંચ પહોળા શ્રી મૂલેવા પાર્શ્વનાથ પ્રભુ અમદાવાદના રીલીફ રોડ પર આવેલા શ્રી આદિનાથ જિનાલયમાં બિરાજમાન છે.

જિનાલયમાં વહેલી પરોઢથી રાત્રે મોડે સુધી રહેતી સતત ભીડ આ પ્રભુજી પરની પરમ શ્રદ્ધા બતાવે છે. મૂળ નાયક શ્રી આદિનાથજીની જમણી બાજુએ શ્રી મૂલેવા પાર્શ્વનાથજી બિરાજમાન છે. કહેવાય છે કે સતત છ મહિના ધારણાપૂર્વક કોઈ આ પ્રભુજીના દર્શન કરાવી શકતું નથી.

અમદાવાદના ઇદલપુર નામના પરામાં અમદાવાદ નિવાસી વિશા શ્રીમાળી જ્ઞાતિના શેઠ કુટુંબે પ્રાય:૨૦૦-૩૦૦ વર્ષ પૂર્વે મૂલેવા પાર્શ્વનાથ ભગવાનનું મંદિર બંધાવ્યું હતું. તે જિનાલય વખત જતાં અદ્રશ્ય થતાં ત્યાંના મૂળનાયક પ્રભુજીની અહીં લાવી બિરાજમાન કર્યા હોય તેમ મનાય છે.

હાલમાં શેઠ હઠીસીંગ કેસરીસીંગ ટ્રસ્ટ આ જિનાલયનું વહીવટ કરે છે. સ્વ:શેઠ શ્રી કસ્તુરભાઈ લાલાભાઇના માર્ગદર્શન હેઠળ આ જિનાલયનો જિણોદ્ધાર તાજેતરમાં જ થયો હતો.

જિનાલયમાં મૂળનાયક શ્રી આદિનાથ ભગવાન છે છતાં ખડકી કે જિનાલય મોરેય (મૂલેવા) ના નામે ઓળખાય છે. તે જ આ પરમાત્માના પ્રભાવની સાક્ષી છે.

સ્તુતિ

જે સર્વ ઋદ્ધિ-સિદ્ધિના ને ઉન્ન તિના મૂળ છે,જે રાજનગર ની સંપદા ને શાંતિ સૂખના મૂળ છે, જેના પ્રભાવક દર્શને સહુ ભાવિકો નિત આવતા,શ્રી મૂલેવા પ્રભુ પાર્શ્વને ભાવે કરું હું વંદના



Jainam Jayati Shasanam-WhatsApp-8898336677

જાપ મંત્ર

ૐ હ્રીં અર્હં શ્રી મૂલેવા પાર્શ્વનાથાય નમઃ

તીર્થનું સરનામું
શ્રી મૂલેવા પાર્શ્વનાથ શ્વેતાંબર જૈન તીર્થ,
પાંજરા પોળ, રીલીફ રોડ,
અમદાવાદ(ગુજરાત)-૩૮૦૦૦૧
ફોન-૦૭૯-૨૨૧૨૩૭૦૪

૧૦૮ પાર્શ્વનાથ માંથી ૨૧

હ્રીંકાર પાર્શ્વનાથ



શ્રી હ્રીંકાર આકૃતિથી યુક્ત, ફણા સહિત પરિકરથી શોભતા પદ્માસને બિરાજતાં પાષાણના ૧૦ ઇંચ ઉંચા અને ૧૦ ઇંચ પહોળા અંજન વર્ણના શ્રી હ્રીંકાર પાર્શ્વનાથ પ્રભુ અમદાવાદના કાળુશીની પોળમાં ધુંમટ બંધ જિનાલયમાં બિરાજમાન છે. હ્રીં એક મંત્રબીજ છે. તેમાં ચતુવિંશિત જિનેશ્વરની સ્થાપના છે. મંત્રશાસ્ત્રમાં ધ્યાન કરવા માટે હ્રીંકારની મધ્ય ભાગેથી પાર્શ્વનાથ પ્રભુના ધ્યાનની પદ્ધતિનું વર્ણન આવે છે. આવા પ્રતિમાજી કાળુશીની પોળના શ્રી સંભવનાથ જિનાલયના ભોંયરામાં શ્રી ચિંતામણી પાર્શ્વનાથની બાજુમાં બિરાજમાન છે. હ્રીં આકૃતિમાં સ્થાપિત આ પ્રભુજી હ્રીંકાર પાર્શ્વનાથ નામથી પ્રસિદ્ધ છે.

જિનાલયના ભોંયરામાં શ્રી ચિંતામણી પાર્શ્વનાથ ભગવાનને ગાદી ઉપર કાયમ રાખી આ ગંભારાનો જિણોદ્ધાર સં.૨૦૨૦ના માગશર મહિનામાં શરૂ કર્યો. વિ.સં.૨૦૨૧ના શ્રાવણ સુદ ૧૦ને શુક્રવારે પૂ. આગમપ્રજ્ઞ આચાર્યદેવ શ્રી જંબુ સુરીશ્વરજી મ. ના વરદ્ હસ્તે પ્રતિષ્ઠા થઈ. મૂળનાયક શ્રી સંભવનાથજી પર સવંત.૧૫૨૭નો લેખ છે.

આ સિવાય કાળુશીની પોળમાં શ્રી વિજય ચિંતામણી પાર્શ્વનાથ અને શ્રી અજિતનાથ ભગવાનના બીજા બે જિનાલય આવેલ છે.

સ્તુતિ

પદ્માવતી માતાતણુ હ્રીંકાર બીજ ગણાય છે,જેમાં બિરાજ્યા પાર્શ્વપ્રભુ હ્રીંકાર નામ ગવાય છે, જેના નામમંત્રથી સર્વ કાર્યો સિદ્ધ તા ક્ષણવારમાં,શ્રી હ્રીંકાર પ્રભુ પાર્શ્વને ભાવે કરું હું વંદના

જાપ મંત્ર

ॐ હ્રીં અર્હં શ્રી હ્રીંકાર પાર્શ્વનાથાય નમઃ

તીર્થનું સરનામું

શ્રી હ્રીંકાર પાર્શ્વનાથ શ્વેતાંબર જૈન તીર્થ,

કાળુપુર,

અમદાવાદ (ગુજરાત)-૩૮૦૦૦૧

ફોન-૯૯૨૫૭૫૧૬૯૯

૧૦૮ પાર્શ્વનાથ માંથી ૨૨

સુખસાગર પાર્શ્વનાથ

Shri Sukh Sagar Parshvnath - Ahmedabad
Jainam Jayati Shasanam WhatsApp-8898336677

પરિકરયુક્ત પદ્માસનસ્થ ધાતુના ૧૯ ઈંચ ઊંચા ૧૭ઇંચ પહોળાં શ્રી સુખસાગર પાર્શ્વનાથ પ્રભુ અમદાવાદના દોશીવાડાની પોળમાં શ્રી સીમંધર સ્વામીના જિનાલયમાં શ્રી સીમંધરસ્વામીની ડાબી બાજુએ શ્રી સુખસાગર પાર્શ્વનાથજી બિરાજમાન છે.
અગિયારમાં સૌકામાં આશવલના અધિપતિ આશા નામના ભીલપતિને કર્ણદેવે હરાવ્યો. કર્ણદેવના નામ પરથી આ નગર કર્ણાવતી નામથી ઓળખવા લાગ્યું. અમદાવાદની અસ્મિતા વધતી રહી અને ભવ્ય જિનાલયનો નિર્માણ થતાં રહ્યા. પરિકરયુક્ત શ્રી સુખસાગર પાર્શ્વનાથજી ની પ્રતિમાજી પંદરમા સૌકાની છે.

સવંત ૧૬૬૫ માં મહોપાધ્યાય શ્રી કલ્યાણ વિજયજી ગણિવરના શિષ્યે શ્રી ભટેવા પાર્શ્વનાથ સ્તવનમાં શ્રી સુખસાગર પાર્શ્વનાથને વંદના કરી છે.

કવિવર જ્ઞાનવિમલે ૧૩૫ નામ ગર્ભિત શ્રી પાર્શ્વનાથ સ્તવનમાં શ્રી સુખસાગર પાશ્વનાથ ને યાદ કર્યા છે.

સ્તુતિ

તુમ સુખની ઉપમા જડે ના ઇન્દ્રના આવાસમાં,તુમ સુખ એક પ્રદેશનું નવિ માયે લોકાકાશમાં, સુખીયા કરો આ દાસને વિનવી રહ્યા તુજ આ,શ્રી સુખસાગર પ્રભુ પાર્શ્વને ભાવે કરું હું વંદના

જાપ મંત્ર

ૐ હ્રીં અર્હં શ્રી સુખસાગર પાર્શ્વનાથાય નમઃ

તીર્થનું સરનામું
શ્રી સુખસાગર પાર્શ્વનાથ શ્વેતાંબર જૈન તીર્થ,
શ્રી સીમંધર સ્વામીની ખડકી,
દોશીવાડાની પોળ,
અમદાવાદ(ગુજરાત)૩૮૦૦૦૧
ફોન-

Jainam Jayati Shasanam WhatsApp-8898336677

૧૦૮ પાર્શ્વનાથ પ્રભુનો ઇતિહાસ અને ત્યાં કઈ રીતે પહોંચવું.... ભાગ-૭

અમદાવાદના ૪ પ્રભુ પાર્શ્વનાથના તીર્થોની યાત્રા કરી હવે આગળ નરોડા,ટીંટોઇ,નાના પોસીના, મોટા પોસીના,વિજાપુરના ૫ પાર્શ્વનાથ પ્રભુની યાત્રા કરીશુ.

અમદાવાદ થી નરોડા ૮ કિ.મી.

નરોડા થી ટીંટોઇ ૧૦૫ કિ.મી.

ટીંટોઇ થી નાના પોસીના ૪૫ કિ.મી.

મોટા પોસીના થી વિજાપુર ૧૨૬ કિ.મી.ના અંતરે છે.....

==========

નરોડા

૨૩-પદ્માવતી પાર્શ્વનાથ

ટીંટોઇ

૨૪-મુહરી પાર્શ્વનાથ

નાના પોસીના

૨૫-પોસીના પાર્શ્વનાથ

મોટા પોસીના

૨૬-વિઘ્નપહાર પાર્શ્વનાથ

વિજાપુર

૨૭- સ્ફુલિંગ પાર્શ્વનાથ

==========

- માતાનું નામ-વામાદેવી અને પિતાનું નામ-અશ્વસેન રાજા.
- વંશ- ઇક્ષ્વાકુવંશ અને ગોત્ર કાશ્યપ.
- ગર્ભવાસ-નવ માસ અને છ દિવસ.
- લંછન-સર્પ અને વર્ણ-નીલવર્ણ.
- જન્મ કલ્યાણક-માગસર વદ-૧૦ વિશાખા નક્ષત્રમાં.



Shri Padmavati Parshvnath - Naroda

Jainam Jayati Shasanam WhatsApp-8898336677

૧૦૮ પાર્શ્વનાથ માંથી ૨૩

પદ્માવતી પાર્શ્વનાથ

અમદાવાદ થી ૮ કિ.મી.ના અંતરે નરોડામાં શ્રી પદ્માવતી પાર્શ્વનાથ પ્રભુનું પરમ પ્રભાવક તીર્થ આવેલું છે.

અહીંના પદ્માવતી દેવીનો મહિમા અત્યંત પ્રાચીન અને પ્રભાવશાળી છે. અને બેસતા મહિને મેળો ભરાય છે દૂર દૂરથી ભાવિકો અહીં શ્રી પદ્માવતી પાર્શ્વનાથના દર્શનાથે આવે છે.

અમદાવાદથી પૂર્વ દિશામાં આવેલા નરોડામાં શ્રી પદ્માવતી પાર્શ્વનાથની પ્રતિમાજી સુમનોહર અને અલૌકિક છે. પ્રતિમાજીના દર્શનમાત્રથી હૈયામાં ભક્તિના ભાવ રમવા લાગે છે. પ્રતિમાજી પદ્માસનસ્થ શ્વેત પાષાણની છે. પ્રતિમાજી મસ્તક ઉપર પાંચ ફણા છે. અને તેની ઉપર નવ ફણા છે. આ પ્રકારની દિવ્ય પ્રતિમાજીના દર્શન જવલ્લે જ થઈ શકે છે. પ્રતિમાજીની ઊંચાઈ ૧૩ ઈંચ છે અને પહોળાઈ ૭.૧૦ ઇંચની છે.

આ જિન પ્રસાદના મૂળનાયક શ્રી પદ્માવતી પાર્શ્વનાથ લોકોમાં 'શ્રી ગોડીજી પાર્શ્વનાથ' ના નામથી વધારે જાણીતા છે.જમીનમાંથી આ પ્રતિમાજી પ્રગટ થઈ હતી. આ જિન પ્રસાદની નજીકમાં એક ટીંબામાંથી પ્રાચીન અવશેષો મળી આવતા ત્યાં પહેલા પ્રાચીન,ભવ્ય જિનાલય હોવાનું મનાય છે.

અહીંના પદ્માવતી અત્યંત પ્રાચીન,ચમત્કારી મનોકામના પૂર્ણ કરનારા હોવાથી પદ્માવતી પૂજિત આ પાર્શ્વનાથજીના દર્શને લોકોનો ધસારો દરરોજ રહ્યા કરે છે. વિક્રમ સંવત ૧૬૫૫માં પ્રેમ વિજયજીએ પોતાની રચનામાં શ્રી પદ્માવતી પાર્શ્વનાથનો ઉલ્લેખ કર્યો છે. સવંત ૧૭૫૫ માં રચાયેલી શ્રી સૌભાગ્ય વિજયકૃત તીર્થમાલા માં પ્રભુનાં મહિમાનો ઉલ્લેખ છે.
આ ભવ્ય શિખરબંધી જિનાલયનાં સભામંડપની ભીંતોમાં તીર્થોના રંગબેરંગી નકશા દર્શનીય છે.

સ્તુતિ

પદ્માવતી બહુમાનથી હૃદયમાં ધ્યાવતી,સંકટ હરે તુજ ભક્તના ભક્તિ કરે એક ધ્યાનથી,જે નરેડા નગરી નિવાસી લોક શ્રદ્ધા પામતા,શ્રી પદ્માવતી પ્રભુ પાર્શ્વને ભાવે કરું હું વંદના

જાપ મંત્ર

ૐ હ્રીં અર્હં શ્રી પદ્માવતી પાર્શ્વનાથાય નમઃ

તીર્થનું સરનામું

શ્રી પદ્માવતી પાર્શ્વનાથ શ્વેતાંબર જૈન તીર્થ,
નરોડા બજાર, મુ.પો.નરોડા,
જિ.અમદાવાદ(ગુજરાત)૩૮૨૩૨૫
ફોન નંબર-૦૭૯-૨૨૮૧૨૨૮૬, ભોજનશાળાની વ્યવસ્થા છે.

Jainam Jayati Shasanam WhatsApp-8898336677

Shri Muhari Parshvnath - Tintoi
Jainam Jayati Shasanam WhatsApp-8898336677

૧૦૮ પાર્શ્વનાથ માંથી ૨૪
મુહરી પાર્શ્વનાથ

શિખરબંદ્ધ જિનાલયમાં કલાત્મક પરિકર વચ્ચે શ્વેતપાષાણના સાત ફણાથી અલંકૃત ૩૩ ઇંચ ઊંચા અને ૨૭.૨૫ ઇંચ પહોળા પદ્માસને બિરાજમાન શ્રી મુહરી પાર્શ્વનાથ પ્રભુ ગુજરાતના સાબરકાંઠા જિલ્લાના ટીંટોઇ ગામના જિનાલયમાં બિરાજમાન છે.
પૂર્વે મુહરી નામનું મોટું નગર હતું. આ નગરમાં શ્રી પાર્શ્વનાથ પ્રભુનું જિનાલય હતું. કાળક્રમે મુસ્લિમોના આક્રમણના ડરથી પ્રતિમાજીને સુરક્ષિત સ્થાને સ્થળાંતર કરવામાં આવ્યા. મુહરી ગામના પ્રતિમાજી હોવાથી આ પ્રતિમાજી મુહરી પાર્શ્વનાથના નામથી ઓળખાય છે.

અન્ય દંતકથા પ્રમાણે આ પ્રતિમાજીના દર્શન કોઈપણ વિનામૂલ્યે કરી શકતું નહિ. પ્રભુજીના દર્શન માટે ગામના ઠાકોરને એક મહોરનું મૂલ્ય ચૂકાવવું પડતું. પ્રભુજીના દર્શન એક સોનામહોરથી પ્રાપ્ત થતાં માટે મુહરી પાર્શ્વનાથ એવું નામ લોકજીભે ચડી ગયું.

થોડા વર્ષો પૂર્વે એક યતિને સ્વપ્નમાં શામળાજી નજીક આવેલા મેશ્વો સરોવરની પાસે એક ખંડેરમાં દટાયેલા પ્રતિમાજી જોયા. સ્વપ્નના સંકેત મુજબ એક યવનનું ગાડું લઈને સૂચિત સ્થાને પહોંચ્યા. પરમાત્માને ગાડામાં પધરાવવા પ્રયત્નશીલ થયા છતાં પ્રતિમાજી મૂળસ્થાનેથી ન ખસ્યાં. તે દિવસે રાત્રે જોયતભાઈ નામના શ્રાવકને અધિષ્ઠાયક દેવે ફરી સ્વપ્નમા આવ્યા. સ્વપ્નમાં હિન્દુ નું ગાડું પ્રભુજીને લેવા જાય એવું સૂચન કર્યું અને સાચેજ પ્રતિમાજી ગાડામાં પધરાવ્યાં અને જયનાદો પૂર્વક સંઘો ચાલ્યા. ટીંટોઇ ગામની મધ્યમાં ગાડું અટક્યું અને ત્યાંજ ભવ્ય જિનાલય નિર્મિત કરી સં.૧૮૨૮ના વૈશાખ સુદ ૫ ના દિને પરમાત્માને ગાદીનશીન કરવામાં આવ્યા.

મુહરી પાસ દુહ દુરિઅ ખંડણ-જગચિંતામણી ચૈત્યવંદન દ્વારા ભક્તો શ્રી મુહરી પાર્શ્વનાથની સ્તુતિ કરે છે. આ પાઠથી પ્રતિમાજી ચોથા આરાના છે એ સહેજે પુરવાર થાય છે.

સ્તુતિ
હે જગતના જગદીશ જગચિંતામણીમાં તાહરી,કરી ગૌતમ પ્રભુએ અરજ સુણજો માહરી,દુઃખદુરિતનું ખંડન કરીને મોક્ષ દેજો મોહ હરી,શ્રી મુહરી પ્રભુ પાર્શ્વને ભાવે કરું હું વંદના

જાપ મંત્ર
ॐ ह्रीं अर्हं श्री मुहरी पार्श्वनाथाय नमः

તીર્થનું સરનામું
શ્રી મુહરી પાર્શ્વનાથ શ્વેતાંબર જૈન તીર્થ,
મુ.પો.ટીંટોઇ, તા.મોડાસા, જિ.સાબરકાંઠા(ગુજરાત)-૩૮૩૨૫૦
ફોન-૯૪૨૮૧૩૩૫૧૭

Jainam Jayati Shasanam WhatsApp-8898336677


Shri Posina Parshvnath-Nana Posina
Jainam Jayati Shasanam WhatsApp-8898336677

૧૦૮ પાર્શ્વનાથ માંથી ૨૫
પોસીના પાર્શ્વનાથ

પદ્માસનરૂઢ શ્વેત પાષાણના ૩૧ ઇંચ ઊંચા ૨૯ ઇંચ પહોળાં મહારાજા સંપત્તિના વખતના શ્રી પોસીના પાર્શ્વનાથ પ્રભુ નાનાપોસીના ગામમાં ભવ્ય શિખરબંધી જિનાલયમાં બિરાજમાન છે.

૧૨ સૈકા પૂર્વે એક તપોધન બ્રાહ્મણ ખેતર ખેડી રહ્યો હતો ત્યારે અચાનક કંથેરના વૃક્ષની નીચે હળ અટક્યું. ખોદકામ કરતા એક પ્રતિમાજી પ્રાપ્ત થયા. તે પ્રતિમાજી જૈન સંઘને સોંપ્યા. શ્રી સંઘે જિનાલયનું નિર્માણ કરી પ્રતિમાજીને તેમાં પધરાવ્યા. ત્યારબાદ,પરમાર્હત કુમારપાળના-સમયમાં નુતન ભવ્ય જિનાલય બન્યું. કાળક્રમે અનેકવાર જિણોદ્ધાર થતા રહ્યા. જિનાલયના અન્ય જિનબિંબો પર સં.૧૨૦૧ થી સત્તરમી સદીના ઉત્તરાર્ધના લેખો છે. શ્રી આણંદ-વિમલસૂરી,શ્રી વિજયસિંહસૂરી,શ્રી લક્ષ્મીસાગર સૂરી, શ્રી વિજયહીરસૂરી અને શ્રી વિજયદેવસૂરી જેવા ભૂતકાળના પહાપ્રભાવક આચાર્ય ભગવંતોએ અહીં પ્રતિષ્ઠા કરાવ્યાનાં ઉલ્લેખો પ્રાપ્ત થાય છે. આ તીર્થનો જિણોદ્ધાર પૂ.આ.શ્રી લબ્ધિસૂરીશ્વરજી મ.સા. ના ઉદ્દેશથી થયો અને તેઓશ્રીના હસ્તે મૂળનાયક સિવાય કેટલાંક શ્રી જિનબંબોની પ્રતિષ્ઠા સં.૨૦૦૮ ના પોષ વદ ૬ ના રોજ મહોત્સવપૂર્વક થઈ.થોડા સમય પૂર્વે શ્રી સ્થૂલિભદ્રસૂરીશ્વરજી મ.સા.એ જિણોદ્ધાર કરાવ્યો છે. ઇડરના જૈન સંઘની શેઠ આણંદજી મંગળજીની પેઢી તીર્થના વહીવટકર્તા છે.

૧૫મી સદીમાં થયેલા મેઘ કવિએ રચેલી તીર્થમાલામાં તેમણે પોસીના તીર્થને પણ ગુંથ્યું છે. માગસર વદ ૧૦ ની પ્રતિવર્ષે ઉજવણી થાય છે.તેમજ શ્રાવણ વદ ૮ના દિને જૈનતરોનો મોટો મેળો ભરાય છે.
સામાન્ય રીતે પાર્શ્વનાથ પ્રભુ ૭ કે ૯ ફણા યુક્ત હોય છે પણ આ પાર્શ્વનાથ પ્રભુને ફણા નથી

સ્તુતિ
જે ધ્વજ તણા સંકેતથી યાત્રીના વાવડ આપતા,જે પ્રગટતા ખેતર ખેડંતા તેજપુંજથી ઓપતા, સહ દુર્ગુણોને શોષી લઈને સદગુણોને પોષતા,શ્રી પોસીના પ્રભુ પાર્શ્વને ભાવે કરું હું વંદના

જાપ મંત્ર
ૐ હ્રીં અર્હં શ્રી પોસીના પાર્શ્વનાથાય નમઃ

તીર્થનું સરનામું
શ્રી પોસીના પાર્શ્વનાથ શ્વેતાંબર જૈન તીર્થ,
મુ.પો.નાના (સાબલી), પોસીના, તા.ઇડર
જિ.સાબરકાંઠા(ગુજરાત)-૩૮૩૪૩૦
ફોન-૯૭૨૪૫૭૨૩૬૭



Jainam Jayati Shasanam WhatsApp-8898336677

Shri Vidhnapahar Parshvnath - Mota Posina
Jainam Jayati Shasanam WhatsApp-8898336677

૧૦૮ પાર્શ્વનાથ માંથી ૨૬
વિધ્નાપહાર પાર્શ્વનાથ

ફણારહિત,પદ્માસને બિરાજતાં, શ્વેત પાષાણ ના ૨૭ ઇંચ ઊંચા અને ૩૧ ઇંચ પહોળા શ્રી વિધ્નાપહાર પાર્શ્વનાથ પ્રભુ સાબરકાંઠા જિલ્લાના મોટા પોસીનામાં આવેલ જિનાલયમાં બિરાજમાન છે. જેઠ વદ અગિયારસના દિને ધ્વજા ચડાવાય છે.

સૈકાઓથી તીર્થ તરીકે ખ્યાતિ પામેલું મોટા પોસીના તીર્થ આજે પાંચ મનોહર જિનાલયોથી વિભુષિત છે.

આચાર્યશ્રી સોમસુંદરસૂરી વિહાર કરતા મોટા પોસીના ગામે પધાર્યા. ત્યાં પ્રભુ વાણી સાંભળી ગોપાલ નામના શ્રેષ્ઠીએ મનોહર જિનપ્રસાદથી પોતાના વતનની ભૂમીને વિભૂષિત કરવાના મનોરથ જાગ્યા. અંતરમાં ઉદ્ભવેલ શમણું એક દિવ્ય જિનપ્રસાદ રૂપે મૂર્તિમંત બન્યું. આ ભવ્ય જિનપ્રસાદમાં તેની પત્ની અહિવદેવી અને પુત્રીએ સં.૧૪૭૭માં આચાર્યદેવના હસ્તે શ્રી પાર્શ્વનાથ પ્રભુના મનોહર જિનબિંબને પ્રસ્થાપિત કર્યું. પ્રતિષ્ઠા થઇ ગયા પછી તરત વિધ્ન રૂપે અગ્નિ પ્રજ્વલિત થયો અને નૂતન ભવ્ય જિનાલય તેમાં ભરખાઈ જશે તેવા ભય સેવાવા લાગ્યો. પણ ત્યાંજ ચમત્કાર થયો. અચાનક પ્રગટેલો અગ્નિ કાંઈપણ નુકસાન કર્યા વગર અચાનક ઉપશાંત થઈ ગયો. આ પ્રભુના પ્રભાવથી અગ્નિનાં વિધ્નનો અપહાર થયો. તેથી લોકોના મુખેથી નામ સરી પડ્યું શ્રી વિધ્નાપહાર પાર્શ્વનાથ.

રાજા સાયરે જિનાલયના નિભાવ માટે એક વાડી ભેટ ધરી. પૂ.સૂરિદેવના ઉપદેશથી માંડણ નામના શ્રેષ્ઠીએ સં.૧૪૮૧માં શ્રી પાર્શ્વનાથ જિનાલયમાં એક દેવકુંલિકાનું નિર્માણ કર્યું હતું. બહાર પાશ્વનાથ નું બીજું નામ વિધ્નહર્તા પાર્શ્વનાથ છે.

શ્રી સોમસુંદરસૂરિના શિષ્ય પં.ચારિત્રરત્ન ગણિવરે શ્રી વિધ્નાપહાર પાર્શ્વનાથ જિનપ્રસાદની ૨૮ શ્લોકની પ્રશસ્તિ રચી છે. તેના આધારે આ જિનપ્રસાદનો ઈતિહાસ પ્રાપ્ત થાય છે.

સ્તુતિ

જે સ્થાપના સમયે અગનનું વિધન સહુ વિદારતા, વિધ્નાપહાર નામે પ્રભુજી જગતમાંહી ગાજતા, મોટા પોશીના તીર્થમાં રાજા બનીને રાજતા,શ્રી વિધ્નાપહાર પ્રભુ પાર્શ્વને ભાવે કરું હું વંદના

જાપ મંત્ર

ૐ હ્રીં અર્હં શ્રી વિધ્નાપહાર પાર્શ્વનાથાય નમઃ

તીર્થનું સરનામું

શ્રી વિધ્નાપહાર પાર્શ્વનાથ શ્વેતાંબર જૈન તીર્થ,
મુ.પો.મોટા પોસીના, તા.ખેડબ્રહ્મા
જિ.સાબરકાંઠા(ગુજરાત)૩૮૩૪૩૦
ફોન-૯૭૧૨૭૨૨૧૩૯



Jainam Jayati Shasanam WhatsApp-8898336677

૧૦૮ પાર્શ્વનાથ માંથી ૨૭
સ્કુલિંગ પાર્શ્વનાથ

Shri Sphuling Parshvnath - Vijapur
Jainam Jayati Shasanam WhatsApp-8898336677

કલાત્મક પરિકરમાં નવ મનોહર ફણાથી અલંકૃત પદ્માસનરૂઢ શ્વેત પાષાણના ૫૫ ઈંચ ઉંચા ૪૭ ઈંચ પહોળાં શ્રી સ્કુલિંગ પાર્શ્વનાથ પ્રભુ વિજાપુર ગામમાં ભવ્ય શિખરબંધી જિનાલયમાં બિરાજમાન છે.
એક પ્રાચીન શીલાપટ્ટને પ્રમાણે આહડદેવે પોતાના પિતા વિજલદેવની સ્મૃતિમાં સં.૧૨૫૬માં આ નગર વસાવ્યું હતું.
સં.૧૫૭૧માં લખાયેલા ગ્રંથોના આધારથી આબૂ પોરડાના વંશજ પેથડ શ્રેષ્ઠીએ વિજા વિજલદેવની સહાયથી આ નગર વસાવ્યું અને એક ભવ્ય જિનાલય બનાવી તેમાં સોનાની જિનપ્રતિમા સ્થાપિત કરી.
ચૌદ પૂર્વધર શ્રી ભદ્રબાહુસ્વામી નેપાળ દેશમાં બિરાજમાન હતાં. ત્યારે પાટલીપુત્ર નગરમાં વ્યંતર દેવે મરકીનો ઉપદ્રવ ફેલાવ્યો. આ ઉપદ્રવથી સંઘને મુક્ત કરાવા શ્રી ભદ્રબાહુસ્વામીએ શ્રી ઉવસગ્ગહર સ્તોત્રની રચના કરી. આ સ્તોત્રના પ્રભાવથી દેવકૃત ઉપદ્રવ શાંત થયો. આ ઉવસગ્ગહર સ્તોત્ર અને ભયહર શ્રી નમિઉણ સ્તોત્રની બીજા ગાથામાં ફુલિંગ શબ્દનો પ્રયોગ છે. જેના અર્થ અગ્નિકરણ જેવા ઉપદ્રવો થાય છે. સહુ ઉપદ્રવોને હરનારા હોવાથી આ પરમાત્મા સ્કુલિંગના નામથી ઓળખાતા હશે તેવું અનુમાન સુસંગત છે.
કેટલાક વર્ષો પૂર્વે પૂ.આ.શ્રી સુબોધસાગરસૂરીશ્વરજીને આ તીર્થનું નિર્માણ કરવાની દેવી પ્રેરણા મળી.દેવી સંકેતાનુસાર વીજાપુરમાં શ્રી સ્કુલિંગ પાર્શ્વનાથનું એક નૂતન તીર્થ અસ્તિત્વમાં આવ્યું. સં.૨૦૩૭ના વૈશાખ વદ ૩ના શુભદિને પૂ.આ.શ્રી કૈલાસસાગરસૂરીશ્વરજી તથા પૂ.આ. શ્રી સુબોધસાગરસૂરીશ્વરજી આદિની નિશ્રામાં આ તીર્થનો અંજનશલાકા અને પ્રતિષ્ઠા મહોત્સવ ભવ્ય રીતે ઉજવાયો.
પૂર્વે શ્રી સ્કુલિંગ પાર્શ્વનાથનું તીર્થ નેપાળ દેશમાં વિદ્યમાન હતું. વર્તમાનમાં વીજાપુર ગામમાં શ્રી સ્કુલિંગ પાર્શ્વનાથ ભગવાનનું તીર્થ નિર્માણ પામ્યું.

સ્તુતિ

સહુ કર્મગંજી કાજ જે અગ્નિ સ્કુલિંગ સમ ઝલકતા,ઉવસગ્ગહરં ને નમિઉણથી જે પ્રભુસૂચિત થતા, વીજાપુરમાં વિરાજતા વીતરાગી પારસ માહરા,શ્રી સ્કુલિંગ પ્રભુ પાર્શ્વને ભાવે કરું હું વંદના

જાપ મંત્ર

ૐ હ્રીં અર્હં શ્રી સ્કુલિંગ પાર્શ્વનાથાય નમઃ

તીર્થનું સરનામું

શ્રી સ્કુલિંગ પાર્શ્વનાથ શ્વેતાંબર જૈન તીર્થ,
શ્રીમદ્ બુદ્ધિસાગરસૂરિ જૈન સમાધિ મંદિર સ્ટેશન રોડ,
વીજાપુર, જિ.મહેસાણા(ગુજરાત)-૩૮૨૮૭૦
ફોન-૦૨૭૬૩-૨૨૦૨૦૯

Jainam Jayati Shasanam WhatsApp-8898336677

૧૦૮ પાર્શ્વનાથ પ્રભુનો ઇતિહાસ અને ત્યાં કઈ રીતે પહોંચવું.... ભાગ-૮

નરોડા,ટીંટોઇ,નાના પોસીના, મોટા પોસીના,વિજાપુરના ૫ પાર્શ્વનાથ પ્રભુની યાત્રા પુરી કરી હવે આગળ વિહાર, વિસનગર, મહેસાણા, સિદ્ધપુર, ધોતા સકલાણા અને પાલનપુરમાં આવેલ ૬ પાર્શ્વનાથ પ્રભુના જિનાલયોની યાત્રા કરીશુ.

વિજાપુર થી વિહાર ૧૪ કિ.મી.

વિહાર થી વિસનગર ૨૫ કિ.મી.

વિસનગર થી મહેસાણા ૨૫ કિ.મી.

મહેસાણા થી સિધ્ધપુર ૧૦ કિ.મી.

સિધ્ધપુર થી ધોતા સકલાણા ૩૦ કિ.મી.

ધોતા સકલાણા થી પાલનપુર ૨૧ કિ.મી.ના અંતરે છે.

==========

વિહાર

૨૮- નાગફણા પાર્શ્વનાથ

વિસનગર

૨૯-કલ્યાણ પાર્શ્વનાથ

મહેસાણા

૩૦-મનોરંજન પાર્શ્વનાથ

સિદ્ધપુર

૩૧-સુલતાન પાર્શ્વનાથ

ધોતા સકલાણા

૩૨- દોહલા પાર્શ્વનાથ

પાલનપુર

૩૩-પલ્લવીયા પાર્શ્વનાથ

[નોંધ - ભિલડીયાજી,ઉંબરી અને ચારુપ તીર્થોના

દર્શન કરી પાટણમાં પણ રોકાઈ શકો છો.]

૧૦૮ પાર્શ્વનાથ માંથી ૨૮

નાગફણા પાર્શ્વનાથ

સાત ફણાથી શેભતાં ૧૫ ઈંચ ઉંચા ૧૧ ઈંચ પહોળાઇ ધરાવતા શ્રી નાગફણા પાર્શ્વનાથ પ્રભુ મહેસાણા જિલ્લાનાં વિહાર તીર્થમાં શિખરબંધી જિનાલયમાં બિરાજમાન છે. શ્વેત પાષાણનાં શ્રી નાગફણા પાર્શ્વનાથ પ્રભુ પદ્માસને બિરાજમાન છે. પ્રતિષ્ઠા મહા સુદ ૫ ના રોજ થઈ.

પૂર્વે અન્ય નામથી ઓળખાતું જૂનુ તીર્થ પડી ભાંગતા તે જ સ્થળે નવું ગામ વસ્યુ.આ નવું વસેલું ગામ બિહારનાં નામે પ્રસિદ્ધ થયું.

પાર્શ્વનાથ પ્રભુને નાગરાજે ફણાનું છત્ર ધરેલું હોવાથી પ્રભુ શ્રી નાગફણા પાર્શ્વનાથ નામે પ્રસિદ્ધ છે.

પ્રતિમાજી સવંત ૧૮૩૩ની સાલનાં હોવાનું મનાય છે. શ્રી સંઘે આ જિનાલય સવંત ૧૯૮૬ની સાલમાં બંધાવી પરમાત્માને બિરાજમાન કરેલ.

અનેક સ્તવનોમાં શ્રી નાગફણા પાર્શ્વનાથ ભગવાનના નામોનો ઉલ્લેખ થયેલ છે.

સ્તુતિ

કાષ્ઠમાં જલતો ફણિધર તેં ઉતર્યો પ્રેમથી,ક્રોધે બળું મુજને નિહાળો ઓ પ્રભુજી રહેમથી, ઉપસર્ગ કમખે આદર્યો ત્યાં ફણા ફણિપતિએ ધરી,શ્રી નાગફણા પ્રભુ પાર્શ્વને ભાવે કરું હું વંદના

જાપ મંત્ર

ૐ હ્રીં અર્હં શ્રી નાગફણા પાર્શ્વનાથાય નમઃ

તીર્થનું સરનામું
શ્રી નાગફણા પાર્શ્વનાથ શ્વેતાંબર જૈન તીર્થ,
મુ.પો.વિહાર, તા.વીજાપુર,
જિ.મહેસાણા(ગુજરાત)-૩૮૨૮૭૦
ફોન-૯૯૨૪૮૪૨૮૪૩



૧૦૮ પાર્શ્વનાથ માંથી ૨૯

કલ્યાણ પાર્શ્વનાથ


Shri Kalyan Parshvnath - Vishnagar
Jainam Jayati Shasanam WhatsApp-8898336677

કલાત્મક પરિકરમાં સાત ફણાઓથી અલંકૃત, પદ્માસને બિરાજતાં શ્વેત પાષાણના ૧૯ ઈંચ ઊંચા અને ૧૫ ઈંચ પહોળા શ્રી કલ્યાણ પાર્શ્વનાથ પ્રભુ વિસનગરમાં કડા દરવાજા પાસે આવેલ ત્રણ માળના ભવ્ય શિખરબદ્ધ જિનાલયમાં બિરાજમાન છે.

અજમેરના રાજા વિશળદેવ ચૌહાણે વિ.સં.૧૦૮૦ આસપાસમાં પોતાના નામ પરથી વિસલનગર શહેર વસાવ્યું તે આજે વિસનગર તરીકે ઓળખાય છે. બારમા સૌકા મહેસાજી ચાવડાએ વસાવેલ મહેસાણા નગરમાં શ્રી કલ્યાણ પાર્શ્વનાથ બિરાજતા હતા. મુસ્લિમ આક્રમણના ભયે સુરક્ષા કાજે મૂળનાયક શ્રી કલ્યાણ પાર્શ્વનાથની પ્રતિમાને કૂવામાં ભંડારી દીધી. ત્યારબાદ આ પ્રતિમાજી મહેસાણાના કોડી કૂવામાંથી પ્રગટ થઈ. તે પ્રતિમાને વિસનગર લાવીને પધરાવવામાં આવ્યાં.

વર્તમાનમાં મૂળનાયક તરીકે બીરાજતા શ્રી કલ્યાણ પાર્શ્વનાથનાં ત્રણ માળાના જિનાલયમાં બીજે માળે શ્રી સહસ્ત્રફણા પાર્શ્વનાથ અને ત્રીજે માળે શ્રી ગોડી પાર્શ્વનાથ મૂળનાયક છે. જિનાલયની ભમતીમાં ચોવીસ તીર્થંકરોના ગોખલા છે.

આ ભવ્ય જિનાલયના નિર્માણમાં વિસનગરના રહીશ શ્રાવક શેઠ ગલાચંદનો અમૂલ્ય ફાળો છે. આ જિનાલયની પ્રતિષ્ઠા સં.૧૮૬૩ના ફાગણ સુદ ૩ને બુધવારે થઈ હતી જે શ્રી સંઘ પ્રતિવર્ષ ઉજવે છે.

૧૫મી સદીમાં મેઘ કવિએ રચેલી તીર્થમાલામાં વીસનગર ને ધર્મના સ્થાન તરીકેનો ઉલ્લેખ છે. સં.૧૬૫૬માં કવિ નયસુંદરે શ્રી શંખેશ્વર પાર્શ્વનાથનો છંદ રચ્યો છે. તેમાં વિસનગરના પાર્શ્વનાથને પણ તેમણે કર્યા છે.

સ્તુતિ

જે કૂપમાંથી પ્રગટતા ભવકૂપથી ઉતારવા,ને વીસનગરમાં વિરાજતા મોહવિષને ઉતારાવા, કલ્યાણ કરતાં સૌ જીવોનું ત્રણ ભવોથી જે પ્રભુ,શ્રી કલ્યાણ પ્રભુ પાર્શ્વને ભાવે કરું હું વંદના

જાપ મંત્ર

ૐ હ્રીં અર્હં શ્રી કલ્યાણ પાર્શ્વનાથાય નમઃ

તીર્થનું સરનામું

શ્રી કલ્યાણ પાર્શ્વનાથ શ્વેતાંબર જૈન તીર્થ,
મુ.કડી દરવાજા, મુ.પો.વીસનગર,
મહેસાણા(ગુજરાત)-૩૮૪૩૧૫
ફોન-૯૨૬૫૯૫૮૪૨૪

૧૦૮ પાર્શ્વનાથ માંથી ૩૦
મનોરંજન પાર્શ્વનાથ

Shri Manoranjan Parshvnath - Mehsana
Jainam Jayati Shasanam WhatsApp-8898336677

ફણારહિત શ્વેત પાષાણના પદ્માસને બિરાજતાં ૨૭ ઇંચ ઊંચા અને ૨૨.૨૫ ઇંચ પહોળા સંપ્રતિકાલિન શ્રી મનોરંજન પાર્શ્વનાથ પ્રભુ મહેસાણામાં શ્રી સુમતિનાથ પ્રભુના ભવ્ય શિખરબંધિ જિનાલયમાં બિરાજમાન છે.

આ પાર્શ્વનાથ ભગવંતના મનોરંજન નામની પાછળ એક કિંવદન્તી છે. મહેસાજીનો રાજ્ય વૈભવનો કોઈ વારસ ન હોવાથી તેમનું મન ઉદાસ રહેતું. વિહાર કરતા કોઈ જૈનાચાર્ય મહેસાણા પધાર્યા અને મહેસાજીએ ઊંડી આશા સાથે પોતાની પુત્રપ્રાપ્તિની ઝંખના આચાર્ય ભગવંત પાસે વ્યક્ત કરી. જૈનાચાર્યે પ્રગટ પ્રભાવી પાર્શ્વનાથ પ્રભુની આરાધનાનો મહિમા સમજાવ્યો. મહેસાજીએ શુદ્ધ ભૂમિમાં બેસીને શ્રી પાર્શ્વનાથ પ્રભુની પ્રતિમા સામે વિધિપૂર્વક આરાધન કર્યું. તે આરાધનાના પ્રભાવે મહેસાજીની પુત્રપ્રાપ્તિની ઝંખના પૂર્ણ થઈ અને પુત્ર દર્શનથી તેમના મનનું રંજન થયું અને રાજાના મુખમાંથી મનોરંજન પાર્શ્વનાથ એવું નામ સરી પડ્યું.

શ્રી મનોરંજન પાર્શ્વનાથ અને શ્રી સુમતિનાથ ભગવાનના બે ભિન્ન જિનાલય હતા. આ બંને જિનાલય ભેગા કરી હાલ મોટું જિનાલય બાંધેલું છે.નૂતન જિનાલયમાં શ્રી મનોરંજન પાર્શ્વનાથજી પ્રતિષ્ઠા સં ૧૯૨૦ના મહા સુદ ૧૦ ને બુધવારના દિવસે થયેલી છે.

મહેસાણા ગામમાં ૧૫ જિનાલયો છે. હાઇવે ઉપર શ્રી સીમંધરસ્વામીનું સુંદર જિનાલય આવેલું છે.

૧૫મી સદીમાં મેઘ કવિએ રચેલી તીર્થમાલામાં મહેસાણા તીર્થનો ઉલ્લેખ છે. સં.૧૬૫૬માં કવિ નયસુંદરે શ્રી શંખેશ્વર પાર્શ્વનાથનો છંદ રચ્યો છે. તેમાં મહેસાણાના પાશ્વનાથને પણ તેમણે સ્તવયા છે.

મહેસાણાના રાજા મહેસાજીની આ પ્રભુની આરાધનાથી મનની નારાજગી ટળી અને પુત્રપ્રાપ્તિ થતાં તેમના મનનું રંજન થયું.તેથી પ્રભુજીનું નામ મનોરંજન પાર્શ્વનાથ પડ્યું.

સ્તુતિ

ભવદુઃખખંડન નાથ નિરંજન મનોરંજન હે પ્રભુ! હે વામાનંદન ત્રિજગજવંદન શીતલચંદન હે વિભુ! મહેશાજી રાજા આપનું પૂજન કરી મનરંજતા,શ્રી મનોરંજન પ્રભુ પાર્શ્વને ભાવે કરું હું વંદના

જાપ મંત્ર

ૐ હ્રીં અર્હં શ્રી મનોરંજન પાર્શ્વનાથાય નમઃ

તીર્થનું સરનામું

શ્રી મનોરંજન પાર્શ્વનાથ શ્વેતાંબર જૈન તીર્થ,
સ્ટેશન રોડ, મહેસાણા (ઉ.ગુ.)(ગુજરાત) પીન-૩૮૪૩૦૦૧
ફોન-૦૨૭૬૨-૨૨૧૨૫૩ / ૭૬૦૦૭૨૩૪૬૭

Jainam Jayati Shasanam WhatsApp-8898336677

૧૦૮ પાર્શ્વનાથ માંથી ૩૧
શ્રી સુલતાન પાર્શ્વનાથ


Shri Sultan Parshvnath

Jainam Jayati Shasanam WhatsApp-8898336677

ઇસ ૧૨૯૬ થી ૧૩૧૬ દરમિયાન મુસ્લિમ શાસક અલાઉદીન ખીલજીની મંદિર તેમજ પ્રતિમાઓને તોડવાની ઝુનની પ્રવૃતિના લીધે પ્રતિમાઓને જિનાલયના ભોંયરામાં મુકી દેવામાં આવી હતી.એ સમયે ભોજકોએ પ્રતિમાના રક્ષણ માટે બાદશાહને બે હાથ જોડીને વિનંતી કરી કે પ્રતિમાઓ એ કાંઇ પથ્થર નથી પરંતુ સાક્ષાત પરમકૃપાળુ પરમેશ્વર છે. ભોજકોની આ અશ્રુભીની વિનંતીથી સહેજ થંભીને બાદશાહે પ્રતિમાઓમાં પરમેશ્વર હોવાની સાબીતી માંગી હતી. એ સમયે ભોજકોએ શ્રધ્ધાના સથવારે ભકિતના સંગીતમય સૂર છેડયા હતા.
દીપક રાગ ગાતા ઘી પુરીને રાખવામાં આવેલા ૯૯ દિપકો સ્વયં પ્રગટી ઉઠયા હતા. આ સ્વયં પ્રગટેલા દીપકો જોઇને બાદશાહ ભોંઠો પડયો હતો.
આ દેવ તો બાદશાહના પણ બાદશાહ સુલતાન છે એમ કહી પ્રતિમાઓ તોડવાનો વિચાર પડતો મુકી જતો રહયો હતો. ત્યારથી આજ સુધી આ મુર્તિઓની આગળ ચિરસ્થાઇ સુલતાન ભગવાન તરીકે સંબોધવામાં આવે છે.

સ્તુતિ

બાદશાહોના બાદશાહ છે તેથી જ તે સુલતાન છે, સહુ ભાન ભૂલી સમયનું તુજ ભક્તિમાં ગુલતાન છે,છે સિદ્ધપુર મંડન પ્રભુ જે સિદ્ધિ દેતા ભવ્યને, શ્રી સુલતાન પ્રભુ પાર્શ્વને ભાવે કરું હું વંદના

જાપ મંત્ર

ૐ હ્રીં અર્હં શ્રી સુલતાન પાર્શ્વનાથાય નમઃ

તીર્થનું સરનામું
શ્રી સિધ્ધિદાયક સુલતાન પાર્શ્વનાથ તીર્થ,
મહેસાણા પાલનપુર હાઇવે (સુજાપુરા)
સિદ્ધપુર-પાટણ ગુજરાત-૩૮૪૧૫૧
ફોન-૦૨૭૬૭-૨૨૦૦૨૯ / ૯૪૨૯૮૯૧૮૫૦

ભોજનશાળા તથા રહેવાની સગવડ ઉપલબ્ધ છે.

Jainam Jayati Shasanam WhatsApp-8898336677

૧૦૮ પાર્શ્વનાથ માંથી ૩૨

દોહ્યલા પાર્શ્વનાથ

સંપ્રતિ મહારાજાના સમયનાં શ્વેત પાષાણના ફણારહિત ૨૩ ઈંચ ઊંચા ૧૮.૨૫ ઇંચ પહોળા શ્રી દોહ્યલા પાર્શ્વનાથ ભગવાન ધોતા-સકલાણા ગામનાં ચિત્તઆકર્ષક ભવ્ય ઘુમ્મટબંધ જિનાલયમાં બિરાજમાન છે.
શ્રી દોહ્યલા પાર્શ્વનાથ પ્રભુ શ્રી ડોસલા પાર્શ્વનાથના અન્ય નામથી પણ ઓળખાય છે.(એવું પણ જણવા મળ્યું છે નામ લખવામાં પ્રિન્ટ મિસ્ટેક ના કારણે દોહ્યલાના બદલે ડોસલા નામ લખાયેલું હતું ત્યાંથી તે નામની પ્રસિદ્ધિ મળી છે સત્ય હકિકત પ્રભુનેજ ખબર.)

પ્રભુનું જિનાલય સવંત ૧૮૮૦ની આસપાસમાં શ્રી સંઘે બનાવેલું છે. દર વર્ષે કારતક સુદ ૧૫ નો અહીં મેળો ભરાય છે.

બનાંસકાઠાનું આ અજ્ઞાત તીર્થ વિશે વિશેષ ઉલ્લેખ પ્રાપ્ત થતા નથી. પરંતુ આ તીર્થ ખરેખર દર્શનીય છે. પરમાત્માનો પ્રભાવ-સૌંદર્ય અલૌકિક છે.

સ્તુતિ

તુજ નામ એકસો આઠ છે પણ નાથ તું તો એક છે,તુજ ભક્તિથી મુજ મુકિત થાયે નેક એ મુજબ ટેક છે,મુજ ગાડુ મોક્ષે વાળજો,ધરડા જ ગાડા વાળતા,શ્રી દોહ્યલા પ્રભુ પાર્શ્વને ભાવે કરું હું વંદના

જાપ મંત્ર

ૐ હ્રીં અર્હં શ્રી દોહ્યલા પાર્શ્વનાથાય નમઃ

તીર્થનું સરનામું
શ્રી દોહ્યલા પાર્શ્વનાથ શ્વેતાંબર જૈન તીર્થ,
મુ.પો.ધોતા સકલાણા,
જિ.બનાસકાંઠા(ગુજરાત)
ફોન-૯૯૦૯૫૦૯૨૪૧
૬૩૫૪૧૯૬૬૬૪ ધર્મશાળા
૯૭૨૭૦૪૬૭૦૬ પૂજારી
ભોજનશાળા તથા રહેવાની સગવડ ઉપલબ્ધ છે


Shri Pallaviya Parshvnath - Palanpur
Jainam Jayati Shasanam WhatsApp-8898336677

૧૦૮ પાર્શ્વનાથ માંથી ૩૩
પલ્લવીયા પાર્શ્વનાથ

શ્વેતવર્ણના, પદ્માસને બિરાજતા ૧૭ ઇંચ ઊંચા,૧૪ઇંચ પહોળા શ્રી પલ્લવીયા પાર્શ્વનાથ પ્રભુ પાલનપુર નગરના એક ભવ્ય બે માળાના જિનાલયમાં બિરાજમાન છે.

વિક્રમ સવંત ૧૦૦૧માં શિવભક્ત પાલણ ઉર્ફે પ્રહલાદ રાજાએ પિતળની ધાતુના એક મનોહર જિનબિંબને પિગાળીને તેમાંથી એક નંદીનું નિર્માણ કરાવ્યું. જિનેશ્વર પરમાત્માના બિંબનો વિધ્વંસ કરવાનું આ પાપ રાજાને કુષ્ઠરોગની વેધક પીડાથી અસહ્ય બની ગયું તેમજ રાજાનું રાજ્ય ગૌત્રયજનોએ પડાવી લીધું. રાજ્યવિહોણો કેઢિયો રાજા દીન બનીને રઝળવા લાગ્યો. દુઃખી પાલણને મહાત્મા શીલધવલસૂરિનો સત્સંગ થયો અને પાલણે ચોધાર આંસુએ રડી પોતાની કથની મહાત્માને સંભળાવી. પશ્ચાતાપનો અગ્નિ અંતરમાં પ્રજ્વલિત થયો તેમાં તાપી પાપી પાલણ ઘણો શુદ્ધ થઈ ગયો. પ્રાયશ્ચિત રૂપે મહાત્માએ એક મનોહર જિનબિંબ ભરાવીને નિત્ય પૂજા કરવાનું સૂચવ્યું. ગુરુદેવના વચનોને અનુસરી પાલણે શ્રી પાર્શ્વપ્રભુનું એક મનોહર જિનબિંબ ભરાવી અપૂર્વ ભક્તિથી પરમાત્માની નિત્ય નવ વાર પૂજા કરવા લાગ્યો. અને ભક્તિના પ્રભાવથી અજોડ ચમત્કાર થયો અને વર્ષોનો વ્યાધિ ક્ષણમાં વિલય પામ્યો. વ્યાધિ મુક્ત બનેલી કાયા કાંતિથી પલ્લવિત બની. પ્રતિમાના પ્રભાવથી રાજાએ પરમાત્માને પલ્લવીયા પાર્શ્વનાથ નામથી નવાજયા.

સુંદર સ્થાનને પસંદ કરીને પાલણ રાજાએ સવંત.૧૦૧૧ની સાલમાં નૂતન નગર વસાવ્યું. રાજાના નામ પરથી આ નગર પ્રહલાદનપુર કે પાલ્હણપુરના નામથી ઓળખાયું. ત્યાં પ્રહલાદન વિહાર નામનો એક ભવ્ય જિનપ્રસાદ નિર્માણ કરી તેમાં તેણે પલ્લવીયા પાર્શ્વનાથ પ્રભુને પ્રતિષ્ઠિત કર્યા. આ પ્રતિમાજી સુવર્ણની હતી કે પાષાણની તે વિષયમાં મતભેદો છે. પણ તે મૂળ પ્રતિમાજી મુસ્લિમ આક્રમણોથી રક્ષણ કરવા ભંડારી દેવાઈ હશે તેમ મનાય છે. ત્યારબાદ શ્રી પાર્શ્વનાથ ભગવંતની જ નૂતન પ્રતિમાનું નિર્માણ થયું અને વિક્રમ સંવત.૧૨૭૪ના ફાગણ સુદ પના રોજ આચાર્ય શ્રી કક્કસૂરિશ્રીજી ના હસ્તે તે પ્રતિમાની પલ્લવીયા પાર્શ્વનાથ તરીકે મૂળ જિનપ્રસાદમાં જ પ્રતિષ્ઠા થઈ.

સ્તુતિ

અતિ પાપી પ્રહલાદન નૃપે તુજર પાલવ પકડ્યો પ્રેમથી, પલ્લવિત થયો તસ કોઢ ગળતો દેહ પ્રભુ તુજ રહેમથી, પલ્લવિત કરો મુજ ધર્મવેલી તુજ કૃપા જલ રેલથી,શ્રી પલ્લવીયા પ્રભુ પાર્શ્વને ભાવે કરું હું વંદના

જાપ મંત્ર

ૐ હ્રીં અર્હં શ્રી પલ્લવીયા પાર્શ્વનાથાય નમઃ

તીર્થનું સરનામું

શ્રી પલ્લવીયા પાર્શ્વનાથ શ્વેતાંબર જૈન તીર્થ,
પત્થર સડક, મુ.પો.પાલનપુર, જિ.બનાસકાંઠા(ગુજરાત)-૩૮૫૦૦૧, ફોન-

૧૦૮ પાર્શ્વનાથ પ્રભુનો ઇતિહાસ અને ત્યાં કઈ રીતે પહોંચવું.... ભાગ-૯

વિહાર, વિસનગર, મહેસાણા, સિદ્ધપુર, ધોતા સકલાણા અને પાલનપુરમાં આવેલ ૬ પાર્શ્વનાથ પ્રભુની યાત્રા પુરી કરી હવે આગળ ભિલડીયાજી,ઉંબરી અને ચારુપમાં આવેલ ૩ જિનાલયોની યાત્રા કરીશુ. ત્યારબાદ પાટણમાં આવેલા ૧૦ જિનાલયોની યાત્રા કરીશુ...

પાલનપુર થી ભીલડીયા ૫૫

ભીલડીયા થી ઉંબરી ૨૫

ઉંબરી થી ચારુપ ૨૯

ચારુપ થી પાટણ ૧૦

==========

૩૪- ભીલડીયા પાર્શ્વનાથ

ભીલડીયા

૩૫-આનંદા પાર્શ્વનાથ

ઉંબરી

૩૬-ચારુપ પાર્શ્વનાથ

ચારુપ

યાત્રા પુરી કરી પાટણ રોકાઈ શકો છો....

==========

- શરીર પ્રમાણ-નવ હાથ.
- દિક્ષા કલ્યાણક-માગસરવદ-૧૧ અનુરાધા નક્ષત્ર માં.
- કેટલા જણ સાથે દિક્ષા-૩૦૦ રાજકુમાર સાથે.
- દિક્ષાશીબીકા-વિશાલા અને દિક્ષાતપ-છઠ્ઠ.
- પ્રથમ પારણું-કોપકટનગર માં ધન્યકુમાર ને હસ્તે ક્ષીરથી થયું.
- છદ્મસ્થા અવસ્થા-૮૪ દિવસ .
- કેવલજ્ઞાન કલ્યાણક-અઠ્ઠમતપ,ધાતકીવૃક્ષની નીચે ફાગણવદ-૪ વિશાખા નક્ષત્રમાં વાણારસી નગરી માં થયું.
- શાશનદેવ-પાર્શ્વયક્ષ અને શાશનદેવી -પદ્માવતી દેવી.
- ચૈત્યવૃક્ષ ની ઉંચાઈ-૨૭ ધનુષ્ય.
- પ્રથમ દેશનાનો વિષય-બારવ્રત તથા કર્માદાન નું વર્ણન.

Shri Bhildiyaji Parshvnath - Bhildiya
Jainam Jayati Shasanam WhatsApp-8898336677

૧૦૮ પાર્શ્વનાથ માંથી ૩૪

ભીલડીયા પાર્શ્વનાથ

સાત મનોહર ફણા, વિવિધ રંગી કલાત્મક પરિકરમાં શ્યામ પાષાણના પદ્માસને બિરાજતાં, ૧૩ ઈંચ ઊંચા અને ૯ ઈંચ પહોળા શ્રી ભીલડીયા પાર્શ્વનાથ પ્રભુ ભીલડીયાજી તીર્થમાં મૂળનાયક તરીકે બિરાજમાન છે.

એક દંતકથા અનુસાર અહીં બાર કોશના ઘેરાવાવાળી ત્રંબાવતી નામની નગરીમાં સવાસો શિખરબંધ જિનાલયો હતા.

કહેવાય છે કે સં.૧૩૫૨માં અહીં ૧૨ જૈનાચાર્યો ચાતુર્માસ બિરાજમાન હતા. સવંત ૧૩૫૩ માં બે કાર્તિક માસ હતા. તેથી ચોમાસુ બીજા કાર્તિક માસની પૂનમે પૂર્ણ થયા. પરંતુ તપાગચ્છના આચાર્ય શ્રી સોમ પ્રભસૂરીએ આકાશ દર્શનથી નિકટના કાળમાં જ આ નગરને ધ્વંસ દેખ્યો. દીર્ઘદ્રષ્ટિ શ્રી આચાર્ય ભગવંતે અપવાદને આશ્રીને પ્રથમ કાર્તિક માસની પૂર્ણિમાએ ચાતુર્માસ પૂર્ણ કર્યું .અને તુરત જ વિહાર કરી ગયા. અહીંના જૈનો પણ તે આગાહીથી ઉચાળા ભરી ગયા અને તેઓએ રાધનપુર નગર વસાવ્યું. આગાહી અનુસાર ભીલડીયાજી આગમાં તારાજ થયું. સવંત ૧૩૫૫-૫૬ માં બાદશાહ અલાઉદ્દીન ખીમજીના સેનાપતિ આલફખાને પણ ભીલડીયા ભાંગ્યુ હતું.

સૈકાઓ બાદ પણ શ્રી પાર્શ્વનાથજીની આ ચમત્કારી અને પ્રભાવસંપન્ન મૂર્તિ પોતાનો પ્રભાવ પોકારતી રહી અને ડીસાના વતની મહેતા ધરમચંદને અહીં ફરી નગર વસાવવાના અરમાન થયાં. અણદા નામના ભીલડીયા બ્રાહ્મણને પ્રેરણા કરીને સં.૧૮૭૨માં ગામ વસાવ્યું. અણદાની અટક પરથી ગામ ભીલડીના નામે પ્રસિદ્ધ થયું. સં.૧૮૯૦માં જિનાલયનું નિર્માણ થયું. સં.૧૮૯૨માં પ્રતિષ્ઠા થઇ ત્યારે મૂળનાયક શ્રી નેમનાથ પ્રભુ હતા.ક્રમશ આ તીર્થનો વિકાસ થતો રહ્યો .

સં.૨૦૨૭ના ફાગણ સુદ ૧૧ ના દિવસે પરમાત્માનો ભવ્ય નૂતન જિનપ્રસાદમાં પ્રવેશ થયો. જેઠ સુદ ૧૦ ને પ્રતિષ્ઠા મહોત્સવ ઉજવાયો.

સરિયદના લોકો પ્રતિમાજીનું ઉત્થાપન કરવા આવ્યા તો પ્રભુજી ખૂબ મોટા થઈ ગયા ને આજુબાજુથી ભમરાઓ ઉડવા લાગ્યા પ્રતિમાજી ચમત્કારિક અને અતિ પ્રાચીન છે.

સ્તુતિ

નાની મજાની નાથ તારી અજબ સુંદર મૂર્તિ,પણ પ્રભાવે પુરિપૂર્ણ પારસ આજ સુધી તુજ કીરતી, સહુ કર્મ ભીલ્લથી રક્ષજો
શ્રદ્ધા તણી કરૂં આરતિ,શ્રી ભીલડીયા પ્રભુ પાર્શ્વને ભાવે કરું હું વંદના

જાપ મંત્ર

ૐ હ્રીં અર્હં શ્રી ભીલડીયા પાર્શ્વનાથાય નમઃ

તીર્થનું સરનામું

શ્રી ભીલડીયા પાર્શ્વનાથ શ્વેતાંબર જૈન તીર્થ,
મુ.ભીલડીયા, તા.ડીસા-૩૮૫૫૩૦
ફોન-૦૨૭૪૪-૨૩૩૧૩૦

વિશાળ ધર્મશાળા અને ભોજનશાળાની સુંદર સગવડ છે

Jainam Jayati Shasanam WhatsApp-8898336677

૧૦૮ પાર્શ્વનાથ માંથી ૩૫

આનંદા પાર્શ્વનાથ



Shri Ananda Parshvnath - Umbari
Jainam Jayati Shasanam Whatsapp-8898336677

સાત ફણાથી અલંકૃત ૧૩ ઈંચ ઊંચા અને ૯ ઈંચ પહોળા શ્રી આનંદા પાર્શ્વનાથ પ્રભુ ઉંબરી ગામના, ધુમ્મટબંધ જિનાલયમાં બિરાજમાન શ્વેત પાષાણનાં શ્રી આનંદા પાર્શ્વનાથ પ્રભુ પદ્માસને બિરાજમાન છે. પ્રતિમાજી પ્રાચીન હોવાનું મનાય છે.

વિ.સં.૧૯૦૪ માં ઉંબરી ગામની મધ્યમાં ધુમ્મટબંધ જિનાલયમાં પ્રભુને ગાદીનશીન કરવામાં આવ્યા હતા.

સવંત ૨૦૧૪ની સાલમાં જિણોદ્ધાર થયો હતો. સવંત ૨૦૧૪ નાં મહા વદ ૭ નાં શુભ દિવસે પૂ.આ.શ્રીજંબુસૂરીશ્વરજી મ.સા.ના શુભ હસ્તે આ જિનાલયની પ્રતિષ્ઠા કરવામાં આવેલ.

જેના મુખને નિહારતા ભક્તજનો ભય-શોક-ચિંતામુક્ત થઈ આનંદની અનુભૂતિ કરે છે. તેવા શ્રી આનંદા પાર્શ્વનાથ પ્રભુની પ્રાચીનતાના અનેક પુરાવો છે.

સ્તુતિ

પ્રભુ તું સદાનંદ,તું ચિદાનંદ,તું સહજ આનંદ છે, પણ નાથ મારો જીવડો,એક વાસનાનો કંદ છે,મુજ કર્મકંદ ઉચ્છેદશો,તો એજ પરમાનંદ છે,શ્રી આનંદા પ્રભુ પાર્શ્વને ભાવે કરું હું વંદના

જાપ મંત્ર

ૐ હ્રીં અર્હં શ્રી આનંદા પાર્શ્વનાથાય નમઃ

તીર્થનું સરનામું
શ્રી આનંદા પાર્શ્વનાથ શ્વેતાંબર જૈન તીર્થ,
મુ.પો. ઉંબરી,
તા. કાંકરેજ,
જિ. બનાસકાંઠા
ફોન-
ધર્મશાળા અને ભોજનશાળાની સુંદર સગવડ છે

Jainam Jayati Shasanam WhatsApp-8898336677

Shri Charup Parshvnath-Charup
Jainam Jayati Shasanam WhatsApp-8898336677

૧૦૮ પાર્શ્વનાથ માંથી ૩૬
ચારૂપ પાર્શ્વનાથ

પરમાત્માના ખભા સુધી પથરાયેલી સાત ફણા યુક્ત ૩૭ ઈંચ ઉંચા અને ૪૩ ઈંચ પહોળા પ્રાચીન શિલ્પકળાના અજોડ નમુના સ્વરૂપ શ્રી ચારૂપ પાર્શ્વનાથ પ્રભુ ચારૂપ તીર્થના શિખરબંધી જિનાલયમાં પદ્માસને બિરાજમાન છે. અતિ પ્રાચીન અને અષાઢી શ્રાવકે આપેલા ત્રણ પ્રતિમાજીઓના વારસામાંની એક શ્રી શામળા પાર્શ્વનાથ પ્રભુની પ્રતિમાજી સહેજ ખંડિત છે. શ્રી નમિનાથ ભગવાનનાં શાસનને ૨૨૨૨ વર્ષો થયાં ત્યારે ગૌંડ દેશના અષાઢી શ્રાવકે આ પ્રતિમાજીનું નિર્માણ કરાવ્યું હોવાનું મનાય છે.

એકવાર કાંતિનગરના ધન શ્રેષ્ઠીનું વહાણ અચાનક સમુદ્રમાં થંભી ગયું. આ કોઈ દેવી સંકેત છે તેમ સમજી શ્રેષ્ઠીએ પૂજા દ્વારા દેવને પ્રત્યક્ષ કર્યા. દેવની ઈચ્છા તથા સહાયથી શ્રેષ્ઠીએ ત્રણ પ્રતિમાજી સમુદ્રમાંથી બહાર કાઢ્યા. આ ત્રણમાનાં એક પ્રતિમાજીને ચારૂપ ગામમાં પધરાવી તીર્થની પ્રતિષ્ઠા કરી. બીજા અરિષ્ટનેમી પ્રભુને પાટણમાં આંબલીના ઝાડ નીચે જિનાલયમાં પધરાવ્યાં અને ત્રીજા પ્રતિમાજી શ્રી પાર્શ્વનાથ ભગવાનને થાંભણા ગામમાં સેમી નદીના કિનારે ઝાડ ઝાંખરાવાળી ભૂમિમાં રાખ્યા. ૧૪મી સદીનાં એક લેખ ઉપરથી જણાય છે કે નાગેન્દ્રગચ્છી શ્રી શીલગુણસૂરીના સંતનીય શ્રી દેવચંદ્રસૂરીએ ચારૂપ મહાતીર્થ માં શ્રી પાર્શ્વનાથ પ્રભુના પરિકરની પ્રતિષ્ઠા કરી હતી. ૧૨૯૬ના એક શિલાલેખ પ્રમાણે નાગોર નિવાસી શ્રેષ્ઠી દેવચંદે ચારૂપ ગામમાં એક ભવ્ય જિનાલય બનાવેલ.

ચારૂપ તીર્થમાં સિદ્ધરાજ જયસિંહે વીરાચાર્યેના નામના પ્રભાવક આચાર્ય નું ભવ્ય સ્વાગત કરેલ. આમ બારમા સૈકામાં જૈન તીર્થ હતું એમ માનવાને કારણ છે.

જિનાલયને વિશાળ બનાવવા મૂળનાયકની ગાદી કાયમી રાખી ફરી જિર્ણોદ્ધાર કરવામાં આવ્યો. મૂળનાયકની જમણી બાજુએ શ્રી શીતલનાથ ભગવાનની સં.૧૯૮૪નાં જેઠ સુદ ૫ ના રોજ પ્રતિષ્ઠા કરી. શ્યામ વર્ણેના શ્રી ચારૂપ પાર્શ્વનાથ શ્રી શામળા પાર્શ્વનાથ તરીકે પણ ઓળખાય છે.

સ્તુતિ

ચારૂપ તીર્થે ચાર રૂપ કરતી પ્રતિમા આપતી,જોતા ઠરે નયનો અમાસ તે ઠરે મોહ તાપણી,અષાઢીતા પ્યારા પ્રભુ લાગે ધૂન અજપાજાની,ચારૂપ પ્રભુ પાર્શ્વને ભાવે કરું હું વંદના

જાપ મંત્ર

ૐ હ્રીં અર્હં શ્રી ચારૂપ પાર્શ્વનાથાય નમઃ

તીર્થનું સરનામું

શ્રી ચારૂપ પાર્શ્વનાથ શ્વેતાંબર જૈન તીર્થ,
મુ.પો.ચારૂપ, તા.પાટણ, જિ.મહેસાણા
ફોન-૦૨૭૬૬-૨૭૭૭૨૧ / ૯૯૭૮૨૪૫૦૪૩

Jainam Jayati Shasanam WhatsApp-8898336677

૧૦૮ પાર્શ્વનાથ પ્રભુનો ઇતિહાસ અને ત્યાં કઈ રીતે પહોંચવું.... ભાગ-૧૦

ભિલડીયાજી , ઉંબરી અને ચારુપમાં આવેલ ૩ જિનાલયોની યાત્રા કર્યા બાદ હવે પાટણમાં આવેલા ૧૦ જિનાલયોની યાત્રા કરીશુ. (કુલ્લ ૩૬ પાર્શ્વનાથના દર્શન થયા.) પાટણમાં ૯ પાર્શ્વનાથના જિનાલય છે. ૧ પાર્શ્વનાથ શ્રી ધીયા પાર્શ્વનાથ શાહપૂર માનસ મંદિર મુંબઇ લઈ આવવામાં આવ્યા છે.

પાટણમાં ઓછામાં ઓછા ૨ દિવસનું રોકાણ કરવાનું રહેશે તો સુંદર સેવા પૂજા થઇ શકે.

પાટણમાં અમદાવાદની જેમ જ રિક્ષાની સુંદર સુવિધા છે. તીર્થોના દર્શન કરાવી સ્થાને છોડે તેમના નંબર નીચે આપેલા છે.

કાળુ ભાઈ-૯૯૨૪૫૮૭૮૫૧, નટુભાઈ-૯૮૨૪૨૦૬૧૪૯, રાજુભાઇ-૯૮૯૮૬૫૫૪૮૯, મુન્નાભાઈ-૯૬૨૪૭૪૦૦૨૯,
દશરથભાઈ-૯૭૨૫૦૮૩૩૮૯
સંપર્ક:- ઈશ્વરભાઈ-૯૮૯૮૨૫૫૦૪૧
(યાત્રા સવારે ૬:૩૦ કલાકે થી શરૂ થાય છે નવકારશી કરાવવા ભોજનશાળા માં લાવી પાછી યાત્રા શરૂ કરે છે)
ચારુપ થી પાટણ ૧૦કિ.મી.ના અંતરે છે.

૩૭-શ્રી પંચાસરા પાર્શ્વનાથ
૩૮-શ્રી કોકા પાર્શ્વનાથ
૩૯-શ્રી કંકણ પાર્શ્વનાથ
૪૦-શ્રી ટાંકલા પાર્શ્વનાથ
૪૧-શ્રી વાડી પાર્શ્વનાથ
૪૨-શ્રી નારંગા પાર્શ્વનાથ
૪૩-શ્રી ચંપા પાર્શ્વનાથ
૪૪-શ્રી મહાદેવા પાર્શ્વનાથ
૪૫-શ્રી ધીંગડમલ પાર્શ્વનાથ

પાટણમાં ભોજનશાળા તથા ધર્મશાળાની સુંદર સગવડ ઉપલબ્ધ છે.

શ્રી પંચાસરા પર્શ્વનાથ ટ્રસ્ટ સંચાલીત

શ્રી કેશવલાલ જેસંગલાલ ધર્મશાળા , શ્રીમતી સુશીલા અમીચંદ યાત્રિક ભવન , શ્રીમતી સુશીલા અમીચંદ શાંતિનિકેતન
ઠે. પીંપળા શેર, પંચાસરા કંપાઉન્ડ, હેમચંદ્રાચાર્ય રોડ, પાટણ, ઉત્તર ગુજરાત-૩૮૪૨૬૫
ફોન-૦૨૭૬૬-૨૨૦૫૫૯ / ૨૨૨૨૭૮

**(પાટણમાં શ્રી ઉપેન્દ્રભાઈ સુંદર વ્યવસ્થા કરી આપે છે તથા સુંદર માર્ગદર્શન પણ આપે છે .
તેમના ફોન ન. ૯૮૯૮૪૯૩૧૨૨ છે.)**

૧૦૮ પાર્શ્વનાથ માંથી ૩૭
પંચાસરા પાર્શ્વનાથ


Shri Panchasara Parshvnath-Patan
Jainam Jayati Shasanam WhatsApp-8898336677

એક સમયે ગુર્જરરાષ્ટ્રના ગૌરવનું મુખ્ય કેન્દ્ર ગણાતા પાટણમાં આજે પણ એકસો પચીશથી અધિક જિનમંદિરો છે. એમાં સૌથી મુખ્ય અને વિશાલ છે. પંચાસરા પાર્શ્વનાથ બાવન જિનાલય. એકસો આઠ પાર્શ્વનાથતીર્થોમાં જેનું ગૌરવવંતું સ્થાન છે તે આ પંચાસરા પાર્શ્વપ્રભુની પ્રતિમાં અત્યંત પ્રભાવસંપન્ન- ભાવોત્પાદક છે. પાટણમાં એની સ્થાપનાનો ઇતિહાસ પણ રસપ્રદ છે.

ઇતિહાસ કહે છે કે પંચાસર નગરનો રાજા જયશિખરી તેરસોથી વધુ વર્ષો પૂર્વે યુદ્ધમાં વીરગતિ પામ્યો. ત્યારે એની રાણી રૂપસુંદરી ગર્ભવતી અવસ્થામાં વન-જંગલોમાં લપાતી-છુપાતી રહી હતી. એ દરમ્યાન એણે મહાપરાક્રમી રાજકુમાર વનરાજને જન્મ આપ્યો. તત્કાલીન પ્રભાવક જૈનાચાર્યશીલગુણ સૂરીશ્વરજી મહારાજે એનું સંસ્કાર ઘડતર કર્યું. અને સુરક્ષા અપાવી.

આગળ જતાં એ પરાક્રમી રાજકુમારે સ્વબળે ગુર્જરરાષ્ટ્રની સ્થાપના અને એની રાજધાનીરૂપે પાટણનગરીનું નિર્માણ કરાવ્યું. વિ.સં.૮૦૨માં એટલે કે આજથી બારસો તોંતેર વર્ષ પૂર્વે એ રાજવીએ પંચાસરનગરથી આ પંચાસરા પાર્શ્વનાથની પાટણમાં પધરામણી કરીને પોતાના ગુરુદેવ આ.શીલગુણસૂરીશ્વરજીમ.ની નિશ્રામાં એની પ્રતિષ્ઠા કરાવી.

આજેય એ જિનાલયમાં પ્રવેશતા બહિર્ભાગે આચાર્ય શીલગુણસૂરીશ્વરજીમ. કલિકાલસર્વજ્ઞા હેમચન્દ્રાર્ય અને વનરાજ ચાવડાની નાની સરસ આરસપ્રતિકૃતિઓ છે. આ રમણીય જિનાલયનો અંતિમ ભવ્ય ઉદ્ધાર વિ.સં.૨૦૧૧માં યુગવીર આ.વલ્લભસૂરીશ્વરજી મ.ના સમુદાયની નિશ્રામાં થયો છે.

પાટણમાં આ સિવાય પણ અનેકાનેક ભવ્ય જિનાલયો પૂર્વે નિર્દેશ કર્યો તેમ છે. વર્તમાનમાં ભારતભરમાં ફેલાયેલ પાર્શ્વનાથદાદાના એકસો આઠ મૂળ તીર્થો પૈકી નવ તીર્થો આ પાટણમાં છે. તો કેટલાય જિનાલયોમાં અતિ ભવ્ય વિશાળ અને નિહાળતા જ મન પ્રફુલ્લિત થઈ જાય તેવા આહ્લાદક જિનબિંબો છે.

સ્તુતિ

જે પાંચ આશ્રમ વારતા પંચાસરા પ્રભુપાસજી,વનરાજ ભૂપે થાપીઆ બહુમાનથી ધરી આશજી, પ્રેમે કરી ભક્તિ પ્રભુ તુજ,માંગુ મુક્તિ વાસજી, પંચાસરા પ્રભુ પાર્શ્વને ભાવે કરું હું વંદના

જાપ મંત્ર

ૐ હ્રીં અર્હં શ્રી પંચાસરા પાર્શ્વનાથાય નમઃ

તીર્થનું સરનામું

શ્રી પંચાસરા પાર્શ્વનાથ શ્વેતાંબર જૈન તીર્થ,
શ્રી હેમચંદ્રાચાર્ય રોડ, પીપળાની શેરી, મુ.પો.પાટણ, જિ.મહેસાણા
ફોન-૯૮૯૮૪૯૩૧૨૨

Jainam Jayati Shasanam WhatsApp-8898336677

૧૦૮ પાર્શ્વનાથ માંથી ૩૮
કોકા પાર્શ્વનાથ

સાત મનોહર ફણાથી અલંકૃત સપરિકર ૩૫ ઇંચના શ્રી કોકા પાર્શ્વનાથ પ્રભુ પાટણનાં કોકાના પાડામાં આવેલા ધુમટબંધ જિનાલયમાં પદ્માસને બિરાજમાન છે. આ જિનાલયના ઉદભવ પાછળ જૈનોની શાસન ભક્તિ અને સ્વમાનનો ગૌરવવંતો ઇતિહાસ છે.

મલધારી સૂરિરાજની પરંપરામાં શ્રી હેમચંદ્રસૂરિ નામનાં મહાન આચાર્ય થયા. પાટણમાં ચાતુર્માસ દરમ્યાન રોજ ધૂત વસ્તિમાં જઇ જિનવાણીનું શ્રવણ કરાવતા. એકાદા વ્યાખ્યાનાર્થે પધારેલા આચાર્યદેવને ત્યાંના પૂજારીએ એ દિવસે બલિ બાકલા દ્વારા પૂર્વજોનાં શ્રદ્ધા પૂજનનો દિવસ હોવાથી વ્યાખ્યાન માટે મનાઈ ફરમાવી. પૂજારીને સમજાવવાનાં બધા પ્રયત્નો નિષ્ફળ જતા શાસન ભક્તોએ ધૂત વસ્તિ ની બાજુમાં જ જિનાલય બનાવવાનો નિર્ણય કર્યો. પૂજારીની ધમકીને અવગણી ને કોકા નામના શેઠે શ્રી સંઘને જિનાલય માટે પોતાની જગ્યા આપી. પૂજારીઓને વર્ચસ્વવાળા તે સમયમાં પણ આવું સત્વ દાખવનારાં કોકા શેઠને સંઘે ત્રણ ગણું મૂલ્ય ચુકવ્યું. જિનાલયના નામ સાથે કોકા શેઠનું નામ જોડ્યું. આમ ધુત વસ્તિની બાજુમાં જ કોકા વસતિ નામનું મનોહર જિનાલય બન્યું. જેમાં શ્રી પાર્શ્વનાથ પ્રભુને પધરાવ્યાં જે કોકા પાર્શ્વનાથ નામે પ્રસિદ્ધ થયા. કાળક્રમે માળવાનાં રાજાએ પાટણ કબજે કર્યું. શત્રુઓના આક્રમણથી મૂર્તિ ખંડિત બની. ભાંગી પડેલા જિનાલયનો જિર્ણોદ્ધાર કરવા રામદેવ અને આશાધર નામના બે સોનાર શ્રાવકોએ નિશ્ચય કર્યો. આરસની ખાણમાંથી પાષણ લાવી મૂર્તિ ઘડવાનાં બે વાર પ્રયત્નો નિષ્ફળ જતાં શ્રી રામદેવે અભિગ્રહ પૂર્વક આહારનો ત્યાગ કર્યો. ગુરુદેવે પણ તેવોજ કઠોર અભિગ્રહ ધારણ કર્યો. આઠમા ઉપવાસે શાસનદેવે આપેલા સંકેત મુજબ પુષ્પ અને અક્ષતથી પૂજિત થયેલી જિનાલયની નજીકની ભૂમિ ખોદતાં ત્રણ આરસના ટુકડા પ્રાપ્ત કર્યા. તેમાંથી પ્રભુની પ્રતિમાઓનું સર્જન કરાવ્યું. જિણોદ્ધાર પામેલા જિનાલયમાં સવંત ૧૨૬૨ કે ૧૨૬૬માં આચાર્યદેવનાં શુભ હસ્તે પ્રતિષ્ઠા કરાવી. નૂતન પ્રભુ પણ કોકા પાર્શ્વનાથ પ્રભુને નામ પ્રસિદ્ધ થયા.

કોકા શેઠે આપેલ જગ્યા પર જિનાલય બંધાયું હોવાથી કોકા પાર્શ્વનાથ નામે પ્રસિદ્ધ થયું. શંખેશ્વરદાદાના અધિષ્ઠાયકો પ્રાત:કાળની ચાર ઘડી આ દાદાનું સાનિધ્ય કરવા વચનબદ્ધ છે. એમની એ સમયે કરેલ પૂજા શંખેશ્વર પાર્શ્વદાદાને પહોંચે છે.

સ્તુતિ

પ્રભાતમાં ઘડી ચાર જે પુજાય બની શંખે શ્વરા,ને-કો'દિ તો રહેમ કરીને તારજો અલવેસરા,તુજ હૃદયના કોક અંશમાં મુજને વસાવો ઇસરા,કોકા પ્રભુ પાર્શ્વને ભાવે કરું હું વંદના

જાપ મંત્ર

ૐ હ્રીં અર્હં શ્રી કોકા પાર્શ્વનાથાય નમઃ

તીર્થનું સરનામું

શ્રી કોકા પાર્શ્વનાથ શ્વેતાંબર જૈન તીર્થ,
કોઠાનો પાડો, મુ.પો.પાટણ, જિ.મહેસાણા ૩૮૪૦૦૧
ફોન-૯૮૯૮૪૯૩૧૨૨

૧૦૮ પાર્શ્વનાથ માંથી ૩૯

કંકણ પાર્શ્વનાથ


Shri Kankan Parshvnath-Patan
Jainam Jayati Shasanam WhatsApp-8898336677

ફળરહિત અને પદ્માસને બિરાજેલા ૨૭ ઇંચ ઉંચા ૨૩ ઇંચ પહોળા ભૂખરા વર્ણના પાષાણના શ્રી કંકણ પાર્શ્વનાથ પ્રભુ પાટણનાં ઢંઢેરવાળાના વિશાળ ધાબાબંધ જિનાલયમાં બિરાજમાન છે.

જે ભક્ત પરમાત્માની પુષ્પમાળાથી પૂજા કરે છે તેને કદી વીંછીનો ભય રહેતો નથી. જે ભક્ત પરમાત્માના કંઠે પુષ્પની માળા પહેરાવે છે તેને વિશ્વના સઘળાં વિંછીઓ અભયદાન આપે છે. આ સૂક્ષ્મ વિજ્ઞાન અને તર્ક નો પરિચય કરાવતું પ્રભુના પરમ પ્રભાવનો પરિચય કરાવતું વીંછીનું પ્રતિક જિનાલયની દિવાલ ઉપર આકારિત કર્યું છે. વિષયોનાં કારમા વિષને ઉતારી દેનારા આ અલૌકિક અને વિંછીયા પાર્શ્વનાથ પ્રભુનું ત્રીજું નામ શ્રી કલિકુંડ પાર્શ્વનાથ છે. આ પ્રતિમાજી સંપ્રતિ મહારાજાના સમય જેટલી પ્રાચીન હોવાનું મનાય છે. વર્તમાન જિનાલય સવંત ૧૭૦૦ની આસપાસમાં શ્રી સંઘે બનાવેલ છે. માગશર સુદ ૨ ના રોજ પ્રતિષ્ઠા દિનની શ્રી સંઘ પ્રતિવર્ષ ઉજવણી કરે છે.

સં.૧૬૫૫માં પ્રેમ વિજયના ૩૬૫ શ્રી પાર્શ્વનાથ જિનમાળા તેમજ બીજા અને સ્તવન , છંદ , રાસમાં શ્રી કંકણ પાર્શ્વનાથ પ્રભુનો ઉલ્લેખ જોવા મળે છે.

પાટણનાં ઢંઢેરવાડામાં શ્રી કંકણ પાર્શ્વનાથ જિનાલય સિવાય અન્ય બીજા બે જિનાલયો છે. તેમાંના એક જિનાલયમાં શ્રી ઢંઢેર પાર્શ્વનાથ પ્રભુની ચમત્કારિક પ્રતિમા છે. જેની સમક્ષ કુમારપાળ મહારાજા રોજ સ્નાત્રપૂજા ભણાવતા. બીજું જિનાલય શ્રી મહાવીરસ્વામી ભગવાનનું છે.

શ્રી કંકણ પાર્શ્વનાથની પુષ્પમાળાથી પૂજા કરનાર કાયમ માટે વીંછીના ભયથી મુક્ત બને છે. આ પ્રભુ વીંછીંયા પાર્શ્વનાથ તથા કલિકુંડ પાર્શ્વનાથના નામે ઓળખાય છે.

સ્તુતિ

હાથ કંકણને પ્રભુ શું?આરસી ધરવી પડે?એમ નાથ કંકણ તાહરી ઓળખાણ શું કરવી પડે?વીંછી નહીં કરડે કદા તને પુષ્પ પાલે પૂજતા,શ્રી કંકણ પ્રભુ પાર્શ્વને ભાવે કરું હું વંદના

જાપ મંત્ર

ૐ હ્રીં અર્હં શ્રી કંકણ પાર્શ્વનાથાય નમઃ

તીર્થનું સરનામું

શ્રી કંકણ પાર્શ્વનાથ શ્વેતાંબર જૈન તીર્થ,

ઢંઢેરવાડા મોહલ્લા, પ્રોપર્ટી ટ્રસ્ટ, મુ.પો.પાટણ, જિ.મહેસાણા-૩૮૪૦૦૧

ફોન-૯૮૯૮૪૯૩૧૨૨

૧૦૮ પાર્શ્વનાથ માંથી ૪૦
ટાંકલા પાર્શ્વનાથ


Shri Tankla Parshvnath - Patan
Jainam Jayati Shasanam WhatsApp-8898336677

સાત ચિત્તાકર્ષક ફણાથી અલંકૃત પંચધાતુના ૧૫ઇંચ ઉંચા,૧૩ઈંચ પહોળા શ્રી ટાંકલા પાર્શ્વનાથ પ્રભુ પાટણના ડંખ મહેતાનાં પાડામાં ધૂમટબંધ જિનાલયમાં બિરાજમાન છે.

પાણીનાં ટાંકામાંથી પરમાત્માની પ્રતિમા પ્રાપ્ત થઇ હોવાથી પ્રભુ ટાંકલા પાર્શ્વનાથ ભગવાનને નામે પ્રસિદ્ધ થયેલ છે. આ પ્રતિમાની પૂજા-અર્ચના ભક્તોને સંસારનાં ટાંકામાંથી બહાર કાઢનાર છે. મહા સુદ ૧૦ના રોજ પ્રતિષ્ઠા દિનની ઉજવણી પ્રતિવર્ષ શ્રી સંઘ કરે છે.

પાટણના ડંખ મહેતાના વાળામાં શ્રી શાંતિનાથ ભગવાનનું જિનાલય પણ છે. સવંત ૧૬૫૫ માં કવિ પ્રેમ વિજયે રચેલી ૩૬૫ શ્રી પાર્શ્વનાથ જિન નામ માળા સહિત અનેક પ્રાચીન સ્તવન , રાસ , છંદ વગેરેમાં શ્રી ટાંકલા પાર્શ્વનાથ પ્રભુનો ઉલ્લેખ જોવા મળે છે.

પાણી ભરેલા ટાંકામાંથી પંચધાતુના પ્રભાવિક પ્રતિમાજી પ્રાપ્ત થયા હોવાથી તેમનું નામ ટાંકલા પાર્શ્વનાથ છે.

સ્તુતિ

હે ટાંકલા પ્રભુ પાસજી મુજ જીવનના શિલ્પી બનો,પાષણ હું લઈ ટાંકણું ને ઘાટ આતમનો ઘડો, જલપૂર્ણ ટાંકીથી પ્રગટીયા તેહથી તુમે ટાંકલા,શ્રી ટાંકલા પ્રભુ પાર્શ્વને ભાવે કરું હું વંદના

જાપ મંત્ર

ૐ હ્રીં અર્હં શ્રી ટાંકલા પાર્શ્વનાથાય નમઃ

તીર્થનું સરનામું
શ્રી ટાંકલા પાર્શ્વનાથ શ્વેતાંબર જૈન તીર્થ,
ડંખ મહેતાનો પાડો, મુ.પો.પાટણ, જિ.મહેસાણા-૩૮૪૨૬૫
ફોન-૯૮૯૮૪૯૩૧૨૨

૧૦૮ પાર્શ્વનાથ માંથી ૪૧
વાડી પાર્શ્વનાથ

Shri Wadi Parshvnath - Patan
Jainam Jayati Shasanam WhatsApp-8898336677

પદ્માસને બિરાજમાન ૨૯ ઇંચ ઊંચા,૨૩ ઇંચ પહોળા શ્વેતવર્ણના પાષાણના પ્રતિમાજી સંપ્રતિકાલીન શ્રી વાડી પાર્શ્વનાથ પ્રભુ પાટણના ઝવેરી વાડામાં ભવ્ય શિખરબંધી , કલાત્મકમાં પાષાણનાં જિનાલયમાં ચતુર્મુખે બિરાજમાન છે.

જિનાલયમાં મૂળનાયકની ભીંત ઉપર આરસની તકતીમાં સંસ્કૃત ભાષામાં એક શિલાલેખ કોતરેલો છે. જેમાં શ્રી ઉધોતનસૂરિથી લઈ શ્રી જિનચંદસૂરિ સુધીની ખરતરગચ્છની પટ્ટાવાલી તથા જિનાલયનાં નિર્માણ શ્રેષ્ઠી શ્રી કુંવરજીની વંશપરંપરા આપી છે. કુંવરજી શ્રેષ્ઠીએ ચતુર્મુખ બિરાજમાન વિધિ ચૈત્ય તેમજ મહોલ્લાની મધ્યમાં પોષધશાળા બનાવી.

વાડી પાર્શ્વનાથ પ્રભુની પ્રતિમા જે પાટણની બાજુમાં આવેલા વાડીપુર ગામેથી લાવવામાં આવી હોય તેમ મનાય છે. તેની પ્રતિષ્ઠા નૂતન જિનાલયમાં ૧૬૫૨નાં વૈશાખ વદ ૧૨ ને ગુરુવારે શ્રી જિનચંદસૂરિના હસ્તે થયેલ. જિનાલયનાં શિલાલેખમાં પણ વાડીપુર પાર્શ્વનાથ એવો ઉલ્લેખ મળે છે જેને કારણે પણ માનવાનો કારણ મળે છે કે વાડીપુરમાંથી લાવેલા પ્રભુ વાડી પાર્શ્વનાથ નામે પ્રસિદ્ધ થયા. વાડીપુરમાં આ પ્રતિમાજી શ્રી અમીઝરા પાર્શ્વ નામે ઓળખાતા હતા.

શ્રી વાડી પાર્શ્વનાથ પ્રભુનું મૂળ જિનાલય કલા અને સ્થાપત્યનો અદ્ભુત નમૂનો હતો. લાકડાના મંડપનું કાષ્ટ શિલ્પ ગુજરાતી કલાનું ગૌરવ અને કલાપ્રેમીઓનાં આકર્ષણનું કેન્દ્ર હતું. આજે કાષ્ઠનો એ કલાત્મક મંડપ ન્યુયોર્કના મેટ્રોપોલિટન મ્યુઝિયમમાં હોવાનું જાણવા મળે છે.

પાટણ પાસેના વાડીપુરમાંથી પ્રભુ લાવ્યા હોવાથી વાડી પાર્શ્વનાથ તરીકે પ્રસિદ્ધ છે. બેનમૂન કલાત્મક કાષ્ઠ શિલ્પ જિનાલયમાં છે.

સ્તુતિ

વાડીપૂરેથી આવીયા ને પાટણે બિરાજીયા,મુજ હૃદયકમળે આવશો તો કર્મ શત્રુ નાશીયા,વરસાવો કરુણાધાર અમ પર,ભવદાવાનલે દાઝીયા,શ્રી વાડી પ્રભુ પાર્શ્વને ભાવે કરું હું વંદના

જાપ મંત્ર

ૐ હ્રીં અર્હં શ્રી વાડી પાર્શ્વનાથાય નમઃ

તીર્થનું સરનામું

શ્રી વાડી પાર્શ્વનાથ શ્વેતાંબર જૈન તીર્થ,

ઝવેરી વાડો, મુ.પો.પાટણ, જિ.મહેસાણા-૩૮૪૨૬૫

ફોન-૯૮૯૮૪૯૩૧૨૨

Shri Naranga Parshvnath-Patan
Jainam Jayati Shasanam WhatsApp-8898336677

૧૦૮ પાર્શ્વનાથ માંથી ૪૨ નારંગા પાર્શ્વનાથ

કલાત્મક પરિકરથી પરિવૃત અને પદ્માસને બિરાજેલા સંપ્રતિકાલીન ૨૧ ઇંચ ઊંચા ૧૮.૨૫ ઇંચ પહોળા શ્વેત પાષાણના શ્રી નારંગા પાર્શ્વનાથ પ્રભુ પાટણનાં ઝવેરી વાડામાં આવેલા શિખરબંભવ્ય જિનાલયમાં બિરાજમાન છે.

જેના મુખ પરથી તેજપ્રભા ક્રોડો સૂર્યો કરતા પણ ચડીયાતી છે એવા શ્રી નારંગા પાર્શ્વનાથ પ્રભુનું પ્રાચીન જિનાલય સંવત ૧૭૨૯ માં ભુજબળ શેઠનાં દેરાસર તરીકે ઓળખાતું હતું.

સવંત ૧૭૯૨ માં અખાત્રીજના શુભ દિને કદાચ જિર્ણોદ્ધાર થયેલ જિનાલયનું ધ્વજારોપણ થયેલ એમ જાણવા મળે છે.

વર્તમાન જિનાલયની પ્રતિષ્ઠા સવંત ૧૯૫૯માં મહાસુદ ૨ ને શુક્રવારે થયેલ છે. આ પરમાત્માનું પરિકર કલાકૃતિનો અદ્ભુત નમૂનો છે.

સવંત ૧૬૪૮માં લલિતપ્રભસૂરીએ રચેલી પાટણ ચૈત્ય પરિપાટી તેમજ બીજા અને સ્તવન , છંદ વગેરેમાં પણ શ્રી નારંગા પાર્શ્વનાથ પ્રભુનો ઉલ્લેખ છે.

પાટણના ઝવેરી વાડામાં આ સિવાય અન્ય ત્રણ જિનાલયો આવેલ છે. જેમાં શ્રી આદેશ્વર ભગવાન , શ્રી વાસુપૂજ્યસ્વામી ભગવાન અને શ્રી પાર્શ્વનાથ પ્રભુ મુળનાયક પદે બિરાજમાન છે. ઝવેરી વાડામાં આવેલ વાડી પાર્શ્વનાથજીનું તીર્થ સમાન જિનાલય વિદ્યમાન છે.

પરમાત્માના મુખારવિંદ પરની અજમ તેજપ્રભા ક્રોડો સૂર્ય કરતાં પણ ચડિયાતી છે. પરમાત્માનું પરિકર બેનમૂન કલાકૃતિનો અદ્ભુત નમુનો છે.

સ્તુતિ

હે નાથ! હસતું મુખ તમારુ, નિરખતા મુજ પીડા હટે, છો સાથ અક્ષયપદ પ્રદાતા, તુજ થકી મુજ ભવ કટે, હે દેવ! રાજ્ય વિશાળ તમારુ, શિવનગરનું આપજે,શ્રી નારંગા પ્રભુ પાર્શ્વને ભાવે કરું હું વંદના

જાપ મંત્ર

ૐ હ્રીં અર્હં શ્રી નારંગા પાર્શ્વનાથાય નમઃ

તીર્થનું સરનામું
શ્રી નારંગા પાર્શ્વનાથ શ્વેતાંબર જૈન તીર્થ,
ઝવેરી વાડો, મુ.પો.પાટણ, જિ.મહેસાણા-૩૮૪૨૬૫
ફોન-૯૮૯૮૪૯૩૧૨૨


Shri Champa Parshvnath-Patan
Jainam Jayati Shasanam WhatsApp-8898336677

૧૦૮ પાર્શ્વનાથ માંથી ૪૩
ચંપા પાર્શ્વનાથ

પરિકરમાં પદ્માસને બિરાજેલા સંપ્રતિકાલીન ૨૧ ઇંચ ઊંચા ૧૯ ઇંચ પહોળા સંપ્રતિ મહારાજાના સમયનાં શ્વેતવર્ણનાં પાષાણના શ્રી ચંપા પાર્શ્વનાથ પ્રભુ પાટણના સાલવીવાડામાં ધાબાબંધ જિનાલયમાં બિરાજમાન છે.

કુમારપાળ મહારાજાનાં સમયમાં નિર્માણ પામેલા આ જિનાલયની છેલ્લી પ્રતિષ્ઠા સંવત ૧૭૦૦ ની આસપાસ થયેલ છે. વચમાનાં સમયમાં અનેકવાર જિણોદ્ધાર થયેલ આ જિનાલયની પ્રતિષ્ઠા દિન વૈશાખ સુદ ૩ ની સંઘ દર વર્ષે ઉજવણી કરે છે.

સવંત ૧૬૪૮માં લલિતપ્રભસૂરીએ રચેલી પાટણ ચૈત્ય પરિપાટી માં આ પાર્શ્વનાથ નો ઉલ્લેખ મળે છે. તેમજ બીજા અને સ્તવન , છંદ વગેરેમાં પણ શ્રી ચંપા પાર્શ્વનાથ પ્રભુનો ઉલ્લેખ છે.

સ્તુતિ

જેમ પુષ્પમાં ચંપાતણા ફૂલ શ્રેષ્ઠ નાથ ગણાય છે,તેમ સૃષ્ટિમાં સહુ દેવોમાં તું,દેવાધિદેવ મનાય છે,તું દિવ્ય છે,તું ભવ્ય છે,શ્રદ્ધેયને તું ધ્યેયછે,શ્રી ચંપા પ્રભુ પાર્શ્વને ભાવે કરું હું વંદના

જાપ મંત્ર

ૐ હ્રીં અર્હં શ્રી ચંપા પાર્શ્વનાથાય નમઃ



તીર્થનું સરનામું

શ્રી ચંપા પાર્શ્વનાથ શ્વેતાંબર જૈન તીર્થ,
સાલરીવાડો, નારાયણજીનો પાડો,
મુ.પો.પાટણ,
જિ.મહેસાણા-૩૮૪૨૬૫
ફોન-૯૮૯૮૪૯૩૧૨૨

૧૦૮ પાર્શ્વનાથ માંથી ૪૪

મહાદેવા પાર્શ્વનાથ

Shri Mahadeva Parshvnath-Patan

Jainam Jayati Shasanam WhatsApp-8898336677

૨૩ ઇંચ ઉંચા, ૧૯ ઇંચ પહોળા શ્રી મહાદેવા પાર્શ્વનાથ પ્રભુ પાટણના ખેતરવસીમાં ધાબાબંધ ભવ્ય જિનાલયમાં બિરાજમાન છે.

પ્રતિષ્ઠા વૈશાખ સુદ ૧૦.સં.૧૬૪૮માં થયેલ છે.

શ્રીલલિતપ્રભસૂરિ એ પાટણ ચૈત્ય પરિપાટીની રચનામાં શ્રી મહાદેવા પાર્શ્વનાથ દાદાને પૂનમનાં ચંદ્ર જેવા વર્ણવ્યા હતા.

આ સિવાય અનેક પ્રાચીન સ્તવનોમાં શ્રી મહાદેવ પાર્શ્વપ્રભુની સ્તુતિ આવે છે.

ખેતરવસીમાં પ્રતિષ્ઠાના દિવસને દર વર્ષે શ્રી સંઘ ઉજવણી કરે છે. ખેતરવસીમાં આ સિવાય અન્ય જિનાલયો પણ આવેલા છે.

પાટણ નગર ઘણું પ્રાચીન છે. તથા તેના વિકાસમાં સોલંકી વંશનો ઘણો ફાળો છે.

ધાબાબંધ જિનાલયમાં સેવા કરનારને દેવ નહીં...મહાદેવ બનાવતી આ નયનરમ્ય પ્રતિમાજી બિરાજમાન છે.

સ્તુતિ

સંસારમાં સહુ દેવ જોયા તુજ સરિખો ના મળે,કોઈક રાગી દ્વેષીને કોઈ વાસનાએ ટળવળે,વીતરાગી સાચા દેવ છો,મહાદેવ તેથી આપ છો,શ્રી મહાદેવા પ્રભુ પાર્શ્વને ભાવે કરું હું વંદના

જાપ મંત્ર

ॐ ह्रीं अर्हं श्री महादेवा पार्श्वनाथाय नमः

તીર્થનું સરનામું

શ્રી મહાદેવા પાર્શ્વનાથ શ્વેતાંબર જૈન તીર્થ,

ખેતરવાસી, મુ.પો.પાટણ, જિ.મહેસાણા-૩૮૪૨૬૫

ફોન-૯૮૯૮૪૯૩૧૨૨

૧૦૮ પાર્શ્વનાથ માંથી ૪૫
ધીંગડમલ્લ પાર્શ્વનાથ

Shri Dhingalmal Parshvnath-Patan
Jainam Jayati Shasanam WhatsApp-8898336677

સંપ્રતિ મહારાજાના સમયના ફણારહિત ૩૧ ઇંચ ઉંચા ૨૪.૫ ઈંચ પહોળા શ્યામવર્ણના પાષાણના પ્રતિમાજી પાટણના જોગીવાડામાં ધુમટબંધ ભવ્ય જિનાલયમાં બિરાજમાન છે.

શ્યામ વર્ણના આ પાર્શ્વપ્રભુ શ્રી શામળા પાર્શ્વનાથ તરીકે પણ ઓળખાય છે. પ્રભુનુ જિનાલય પ્રાચીન છે. જિનાલયમાં પાર્શ્વનાથ પ્રભુના દશ ભવ તથા પ્રભુના કલ્યાણનોનું કલાત્મક , મનોહર , મનમોહક , સુંદર ચિત્રો દ્વારા દર્શન કરાવવામાં આવેલ છે. થાંભલાઓ ઉપર કાચનાં જડતર કામને લીધે જિનાલયની શોભા અનેરી લાગે છે.

૧૮મી સદીમાં કવિ ઉદયરત્ન કૃત શ્રી શામળા પાર્શ્વનાથ સ્તવનમાં જોગીવાડાનાં શ્રી શામળા પાર્શ્વનાથ પ્રભુને ધીંગડમલ્લ પાર્શ્વનાથ પ્રભુ તરીકે ઓળખાવ્યાં છે.

સ્તુતિ

ધીંગોધણી ગુજરાતનો જે જોગીવાડો જાગતો,ધીંગાણો જીતી મોહને વળી મલ્લ જિમ જે ગાજતો,મુજ હૃદયના સિંહાસને તું નાથ બનીને રાજતો,શ્રી ધીંગડમલ્લ પ્રભુ પાર્શ્વને ભાવે કરું હું વંદના

જાપ મંત્ર

ૐ હ્રીં અર્હં શ્રી ધીંગડમલ્લ પાર્શ્વનાથાય નમઃ

તીર્થનું સરનામું
શ્રી ધીંગડમલ્લ પાર્શ્વનાથ શ્વેતાંબર જૈન તીર્થ,
જિનાલય પેઢી, જોગીવાડો,
મુ.પો.પાટણ,
જિ.મહેસાણા-૩૮૪૨૬૫
ફોન-૯૮૯૮૪૯૩૧૨૨

Shri Dhingadmal Parshvnath Jinalay Patan
Jainam Jayati Shasanam WhatsApp-8898336677

૧૦૮ પાર્શ્વનાથ માંથી ૪૬
કંબોઈયા(ધીયા) પાર્શ્વનાથ


Shri Kamboiya Parshvnath (Ghiya) - Shahpur
Jainam Jayati Shasanam WhatsApp-8898336677

ફણારહિત ૨૭ ઇંચ ઉંચા,૨૩ ઈંચ પહોળા શ્વેતવર્ણના પાષાણના પ્રતિમાજી પાટણના દીકરાનાં પાડામાં બિરાજમાન હતા. હાલમાં આ પ્રતિમાજી શાહપુર (મુંબઈ) ભુવનભાનુ માનસ મંદિરે લાવવામાં આવેલ છે.

ધીયાનાં પાડાનાં ભવ્ય જિનાલયમાં બિરાજતા શ્રી ધીયા પાર્શ્વનાથ પ્રભુ શ્રી કંબોઈયા પાર્શ્વનાથને નામે પણ પ્રસિદ્ધ છે.

પાટણનો એક જૈન વેપારી ધીનો વેપાર કરતો હતો. પ્રભુનો પરમ ભક્ત નિત્ય પાર્શ્વપ્રભુની અર્ચના કરતો હતો. ભક્તિના પ્રભાવે તેનું નસીબ ચમકી ઉઠ્યું અને ધીના વેપારમાં સારૂં કમાયો. એકઠી થયેલી સંપત્તિનો સદ્ઉપયોગ કરી ભક્તે ભવ્ય જિનાલયનું નિર્માણ કરાવ્યું. તેમાં શ્રી પાર્શ્વનાથ પ્રભુને બિરાજમાન કર્યા.ધીના વેપારીએ બિરાજમાન કરેલા શ્રી પાર્શ્વપ્રભુ ધીયા પાર્શ્વનાથ પ્રભુને નામે ઓળખાયા.

આ સિવાય ધીયાના પાડામાં શ્રી શાંતિનાથજીનું જિનાલય આવેલું છે.

સવંત ૧૬૪૮ માં લલિતપ્રભસૂરિએ પાટણ ચૈત્ય પરિપાટીની રચના કરી તેમાં શ્રી કંબોઈયા પાર્શ્વપ્રભુના નામનો ઉલ્લેખ મળે છે.

આ સિવાય પાટણને લગતી કે શ્રી પાર્શ્વ પ્રભુને લગતી અનેક રચનાઓમાં શ્રી કંબોઈયા પાર્શ્વપ્રભુનો ઉલ્લેખ જોવા મળે છે.

સ્તુતિ

અણહીત પત્તને શોભતા કંબોઈયા પ્રભુ પાસજી,ધૃત્તણિજના દુઃખ દરિત દર્દો આપે કીધા નાશજી,સંસાર દુઃખે દુઃખીયો છું આપને કહું ખાસજી,શ્રી કંબોઈયા(ધીયા) પ્રભુ પાર્શ્વને ભાવે કરું હું વંદના

જાપ મંત્ર

ૐ હ્રીં અર્હં શ્રી કંબોઈયા(ધીયા) પાર્શ્વનાથાય નમઃ

તીર્થનું સરનામું
શ્રી કંબોઈયા(ધીયા) પાર્શ્વનાથ શ્વેતાંબર જૈન તીર્થ,
ધીયાનો પાડો,
મુ.પો.પાટણ, જિ.મહેસાણા-૩૮૪૨૬૫
ફોન-૯૮૯૮૪૯૩૧૨૨

આ પ્રતિમા શાહપુર (માનશ મંદિર) - મુંબઈ બિરાજમાન છે

૧૦૮ પાર્શ્વનાથ પ્રભુનો ઇતિહાસ અને ત્યાં કઈ રીતે પહોંચવું.... ભાગ-૧૧

પાટણમાં આવેલા ૯ + ૧ (શાહપૂર) જિનાલયોની યાત્રા કર્યા બાદ (કુલ્લ ૪૬ પાર્શ્વનાથના દર્શન થયા.) હવે ગાંભુ,ચાણસ્મા,કંભોઈ,મૂંજપુર,અને શંખેશ્વર તીર્થોની યાત્રા કરીશું.

પાટણ થી ગાંભૂ ૩૬કિ.મી.

ગાંભૂ થી ચાણસ્મા ૧૭કિ.મી.

ચાણસ્મા થી કંભોઈ ૧૨કિ.મી.

કંભોઈ થી મૂંજપુર ૨૮કિ.મી.

મૂંજપુર થી શંખેશ્વર ૧૨કિ.મી. ના અંતરે છે.

==========

૪૭-શ્રી ગંભીરા પાર્શ્વનાથ
ગાંભુ

૪૮-શ્રી ભટેવા પાર્શ્વનાથ
ચાણસ્મા

૪૯-શ્રી મનમોહન પાર્શ્વનાથ
કંભોઈ

૫૦-શ્રી જોટીંગડા પાર્શ્વનાથ
મૂંજપુર

૫૧-શંખેશ્વર પાર્શ્વનાથ
શંખેશ્વર

==========

- સાધુ-૧૬૦૦૦ અને સાધ્વી -પુષ્પચુલા આદિ-૩૮૦૦૦.
- શ્રાવક-૧૬૪૦૦૦ અને શ્રાવિકા-૩૭૭૦૦૦.
- કેવળજ્ઞાની-૧૦૦૦, મન:પર્યાવજ્ઞાની-૭૫૦ અને અવધિજ્ઞાની-૧૪૦૦.
- ચૌદપૂર્વધર-૩૫૦ અને વૈક્રિયલબ્ધિધર-૧૧૦૦ તથા વાદી-૬૦૦.
- આયુષ્ય-૧૦૦ વર્ષ.

૧૦૮ પાર્શ્વનાથ માંથી ૪૭
ગંભીરા પાર્શ્વનાથ

Shri Gambhira Parshvnath-Gambhu
Jainam Jayati Shasanam WhatsApp-8898336677

શ્વેતવર્ણના,પદ્માસને બિરાજતાં ૨૫ ઇંચ ઉંચા ૨૦.૨૫ ઈંચ પહોળા પાષાણના શ્રી ગંભીરા પાર્શ્વનાથ પ્રભુ ગાંભુ ગામના શિખરબંધી જિનાલયમાં બિરાજમાન છે.

જૈન સૂત્રોના આદિ ટીકાકાર શ્રી શીલાંકાચાર્યે શક.સં.૭૮૪ માં ગંભૂતા માં શ્રી આચારાંગ સૂત્ર ની ટીકા પૂર્ણ કરી હતી.

વિ.સં.૯૫૬માં સૈદ્ધાંતિક યક્ષ દેવ ના શિષ્ય પાર્શ્વનાગે ગાંભૂ ગામમાં શ્રાવક જંબૂનાગની સહાયથી તેના જિનાલયમાં યતિ પ્રતિક્રમણ સૂત્ર અને શ્રાવક પ્રતિક્રમણ સૂત્રનું વ્યાખ્યાન ચૈત્ર માસની પંચમીએ પૂર્ણ કર્યું હતું. જેથી વિક્રમની દસમી સદીમાં ગાંભૂમાં જિનાલય હતું તે સ્પષ્ટ થાય છે.

શ્રી ગંભીરા પાર્શ્વનાથનાં પ્રતિમાજી સંપ્રતિકાલીન છે. જિનાલયમાં ઘણા જિનપ્રતિમાજીઓ છે. મોટાભાગના પ્રતિમાજી ગાંભૂ ગામની જમીન માંથી મળી આવેલાં છે. મુંબઈના ભૂલેશ્વર વિસ્તારમાં આવેલા લાલબાગ જિનાલયના મૂળનાયક શ્રી મહાવીરસ્વામીજીનાં પ્રાચીન પ્રતિમાજી ગાંભૂથી લાવવામાં આવેલ છે.

શ્રી ગંભીરા પાર્શ્વનાથનું જિનાલય બે માળનું છે. અને તેની સ્થાપત્ય કલા દર્શનીય છે. આ જિનાલયની પ્રતિષ્ઠા સંવત.૧૮૪૪માં થઈ હતી. સવંત.૨૦૨૫માં જિનાલયનો જિર્ણોદ્ધાર કરવામાં આવ્યો હતો.

મહા સુદ ૪ ના પ્રતિષ્ઠા દિનનો અહીં ખૂબ મહિમા છે. તે દિવસે ભારતભરમાંથી મોટી સંખ્યામાં યાત્રિકો પધારે છે.

સ્તુતિ

જે રજતની મુદ્રા દઇને દુઃખ દોહગ દારતા,ગાંભૂ નગરમાં બેસણું લઇ મોહમલ્લ વિદારતા,ગાંભીર્ય મુખ પર ઓપતું પણ આપતા જે પ્રસન્નતા,તે શ્રી ગંભીરા પ્રભુ પાર્શ્વને ભાવે કરું હું વંદના

જાપ મંત્ર

ૐ હ્રીં અર્હં શ્રી ગંભીરા પાર્શ્વનાથાય નમઃ

તીર્થનું સરનામું
શ્રી ગંભીરા પાર્શ્વનાથ શ્વેતાંબર જૈન તીર્થ,
મુ.પો.ગાંભુ, તા.ચાણસ્મા, જિ.મહેસાણા ૩૮૪૦૦૧
ફોન-૯૭૧૪૨૬૦૬૯૪ / ૯૬૨૪૦૭૨૦૯૬

Jainam Jayati Shasanam WhatsApp-8898336677



૧૦૮ પાર્શ્વનાથ માંથી ૪૮

ભટેવા પાર્શ્વનાથ

૧૧લાખ વર્ષ પૂર્વે થયેલ નમિનાથ પ્રભુના શાસનમાં ચંપાનગરીમાં પ્રજાપાલ રાજા અને બુદ્ધિસાગર પ્રધાન હતા. એકદા બે જાતિવંત ઘોડા ખરીધા, અવળી ચાલના ઘોડા તેમને ગાઢ જંગલમાં લાવી મૂક્યાં. ત્યાં રાત્રે નજીકમાં શ્રી નરઘોષ મુનીનો કેવળજ્ઞાન મહોત્સવ દેવોએ કર્યો. દેશનામાં બન્નેએ પ્રભુપૂજા વિના અન્ન-જલ ન લેવાનો અભિગ્રહ કેવલી પ્રભુ પાસે સ્વીકાર્યો. ફરતાં-ફરતાં ગાઢ જંગલમાં ભૂલા પડ્યા ત્યારે મંત્રીએ ખાનગીમાં શુદ્ધ વેલુ રેતી(માટી)લાવી તેમાંથી શ્રી પાર્શ્વપ્રભુની સુંદર મૂર્તિ બનાવી. જમીનમાં છુપાવી. સ્વપ્ન સંકેતના બહાને રાજાને તે બતાવી. હવે માટીના પ્રભુની જળપૂજા કેમ કરવી? ત્યાં રાજાની ભક્તિ-પ્રભાવે પદ્માદેવી પ્રસન્ન થઈ કહ્યું. હવે આ મૂર્તિ ભક્તિ-પ્રભાવે વજ્રમય બની છે. આ પ્રતિમા દ્વારા ભય ટળ્યો ને અભિગ્રહ પૂર્ણ થયો. તેથી પ્રભુનું નામ ભટેવા(ભય ટાળનારા) પડ્યું. નગર વસાવી,તેમાં જિનાલય બંધાવીને ૧૦૦૦૦ વર્ષના આયુ સુધી ભક્તિ કરી. ત્યાં બીજા ૩૦૦૦૦ વર્ષ ભટેવા પાર્શ્વપ્રભુના વિવિધ પરચાઓ અનુભવ્યા. ત્યારબાદ કુંતલપુર પાટણમાં ભૂધર રાજાનો પુત્ર ગુણસુંદર જન્મથી આંધળો. મૂંગો અને દાહના રોગથી પીડાતો હતો. રોગશમનના સર્વ પ્રયત્નો નિષ્ફળ ગયા. ત્યાં ધર્મઘોષસૂરિ મ.સા.એ ભટેવા પાર્શ્વ પ્રભુના ન્હવણ જળનો ઉપાય બતાવ્યો. રાજા પરિવાર સાથે ભટેવા પધારી પૂજા-સ્નાત્ર કરી ન્હવણ રાજકુમારના માથે છાંટ્યું ને સર્વ રોગો દૂર થયા. તે ગુણસુંદર રાજા થઈ અંતે દેવ બન્યા. પ્રભુને દેવ વિમાનમાં પધરાવી ૫૨૪૮૦૦ વર્ષ સુધી ભટેવા પાર્શ્વપ્રભુને દેવોએ પૂજયા. ત્યારબાદ ભટેવા નગરમાં સૂરચંદ શેઠને નાણા ભીડ રહેતી. સૂરસુંદર મુનીએ પદ્માદેવીની આરાધના બતાવી. વિધિપૂર્વક પૌષધમાં આરાધતા પદ્માદેવી પ્રગટ થઈને ભટેવા પાર્શ્વપ્રભુનો અઠ્ઠમ કરવા જણાવ્યું. તે અઠ્ઠમ ના પ્રભાવે દેવ પ્રસન્ન થઇ, તેમને ભટેવા પાર્શ્વપ્રભુની પ્રતિમા આપી. તેના પ્રભાવે સૂરચંદ એશ્વર્યશાલી શેઠ બન્યા. ઈડરના રાજાની નજરમાં આ આવતા મૂર્તિ માંગી. શેઠ સમયસૂચકતા વાપરી રામા પટેલના ખેતરમાં ભંડારી દીધી. શેઠે તે પ્રભુના ધ્યાનમાં મરી યક્ષનિકાયમાં ઉત્પન્ન થયા. યક્ષે ૨૦૦૦ વર્ષ ખેતરમાં રહેલ તે મૂર્તિ વિષે ચાણસ્મા માં રહેલ રવચંદ શેઠને સ્વપ્ન સંકેત કર્યો. તે મુજબ રવચંદ શેઠે વિ.સં.૧૩૩૫ વૈ.સુદ-૩ના રોજ ચાણસ્મામાં પ્રતિષ્ઠિત કર્યા. વિ.સં.૧૮૭૨માં જીર્ણોદ્ધાર કરવા પુનઃપ્રતિષ્ઠા થઈ. જિનાલયની પ્રાચીનતા ૭૪૦ વર્ષ,જીર્ણોદ્ધાર પછી પ્રાચીનતા ૨૦૦ વર્ષની છે.

સ્તુતિ

પ્રજાપાળ નૃપનો ભય હટાવવા જે પ્રભુ નિર્મિત થતા,દેવી પ્રભાવે વેળુમાંથી વજ્રમય જે બની જતા, માતા અંબિકા ચરણમાં રહી જે પ્રભુને સેવતા,શ્રી ભટેવા પ્રભુ પાર્શ્વને ભાવે કરું હું વંદના

જાપ મંત્ર

ૐ હ્રીં અર્હં શ્રી ભટેવા પાર્શ્વનાથાય નમઃ

તીર્થનું સરનામું

શ્રી ભટેવા પાર્શ્વનાથ શ્વેતાંબર જૈન તીર્થ,
મુ.પો.ચાણસ્મા, શ્રી ચાણસ્મા મહાજનની પેઢી,
મોટી વાણિયાવાડ, જિ.મહેસાણા-૩૮૪૨૨૦
ફોન-૦૨૭૩૪-૨૨૩૨૯૬ / ૯૪૨૬૫૦૬૬૭૬

Jainam Jayati Shasanam WhatsApp-8898336677

૧૦૮ પાર્શ્વનાથ માંથી ૪૯

મનમોહન પાર્શ્વનાથ



સાત મનોહર ફણાયુક્ત, કલાત્મક પરિકરની વચ્ચે, શ્વેતવર્ણના, પદ્માસને બિરાજતાં, ૨૭ ઇંચ ઉંચા અને ૧૯ ઇંચ પહોળા પાષાણના સંપ્રતિકાલીન શ્રી મનમોહન કાચના ધુંમટબંધ જિનાલયમાં બિરાજમાન છે.

સં.૧૬૩૮ ની એક ધાતુ મૂર્તિમાં કંબોઇ ગામનો ઉલ્લેખ મળે છે. સં૧૬૪૮માં લલિતપ્રભસૂરિએ રચેલી પાટણ ચૈત્ય પરિપાટી માં પણ કંબોઈના પાર્શ્વનાથનો નિર્દેશ કરાયેલો છે. આ પ્રમાણો પરથી આ તીર્થને ૧૭ માં સૌકાથી પણ પ્રાચીન માની શકાય.

મૂળનાયકની બંને બાજુમાં રહેલી મૂર્તિઓ પર મળતા લેખ અનુસાર તે મૂર્તિઓની પ્રતિષ્ઠા શ્રી વિજયસેનસૂરીશ્વરજી મહારાજે સં.૧૬૫૯ના વૈશાખ સુદ ૧૩ ને બુધવારે કરી હતી. તે ઉપરાંત અન્ય મૂર્તિઓ પર સં.૧૫૦૪,૧૫૦૫ અને ૧૫૧૮ની સાલના લેખો પ્રાપ્ત થયા છે.

પહેલાં આ મનોહર પ્રતિમાજી એક નાનકડી દેરીમાં બિરાજમાન હતા. સં.૧૯૬૮માં પ્રતિમાજીને મૂળ જિનાલયમાં પધરાવ્યા. મંદિરનો પુનઃજિર્ણોદ્ધાર થયો અને સં.૨૦૦૩ના મહા સુદ પૂનમના શુભ દિને મૂળનાયક પ્રભુને પુનઃપ્રતિષ્ઠિત કરવામાં આવ્યા. જેની પ્રતિવર્ષ ઉજવણી થાય છે. ફાગણ સુદ ૨ના દિવસે અહીં મોટો મેળો ભરાય છે.

મહાન ચમત્કારિ તથા પ્રાચીન-ઉજ્જવળ જિનપ્રતિમાજી છે. અહીં ચોરો ચોરી કરી શકતા નથી.

સ્તુતિ

જે સ્નાત્રજળથી ભવિકના સહુ દર્દો કાપતા,દિવ્ય પ્રભાવ પ્રકાશથી સહુ યાત્રીને હરખાવતા, અદ્ભુત બિંબના દર્શને સહુ ભવ્યના મન મોહતા,શ્રી મનમોહન પ્રભુ પાર્શ્વને ભાવે કરું હું વંદના

જાપ મંત્ર

ૐ હ્રીં અર્હં શ્રી મનમોહન પાર્શ્વનાથાય નમઃ

તીર્થનું સરનામું

શ્રી મનમોહન પાર્શ્વનાથ શ્વેતાંબર જૈન તીર્થ,
મુ.પો.કંબોઈ, તા.ચાણસ્મા, જિ.મહેસાણા-૩૮૪૨૨૦
ફોન-૯૩૭૪૭૦૪૪૯૯



૧૦૮ પાર્શ્વનાથ માંથી ૫૦
જોટીંગડા પાર્શ્વનાથ


Shri Jotingda Parshvnath-Mujpur
Jainam Jayati Shasanam WhatsApp-8898336677

શ્વેત પાષાણના પદ્માસને બિરાજતાં, ૨૮ ઇંચ ઉંચા અને ૨૩ ઇંચ પહોળા સંપ્રતિકાલીન શ્રી જોટીંગડા પાર્શ્વનાથ પ્રભુ મુજપુર તીર્થમાં મૂળનાયક શ્રી શાંતીનાથ ભગવાનના ધુમટબંધ જિનાલયમાં મૂળનાયક પ્રભુની જમણી બાજુમાં બિરાજમાન છે.

શ્રી શંખેશ્વર મહાતીર્થનું નિકટવર્તી મુજપુર એક પ્રાચીન અને ઐતિહાસિક ગામ છે. લોકોકિત અનુસાર રાજા મુંજ સવંત.૧૦૦૩માં મુજપુર ગામ વસાવ્યું હતું. અનુમાન મુજબ ૧૫સૈકામાં હોવાનું મનાય છે.

સં.૧૬૬૭માં રચાયેલ એક સ્તવનમાં મુજપુરમાં જોટીંગડા પાર્શ્વનાથનું દેરાસર હોવાનું નોંધાયેલું છે. વર્તમાનમાં તે જોટીંગડા પાર્શ્વનાથનું સ્વતંત્ર જિનાલય નથી. સં.૧૬૬૭ ની સાલ સુધી તો જોટીંગડા પાર્શ્વપ્રભુનું અલગ જિનાલય હતું.

સં.૧૭૧૫ થી ૧૭૬૪ વચ્ચેના ઔરંગઝેબના રાજ્યકાળમાં અમદાવાદના સૂબાએ તે સમયના અહીંના ઠાકોર સરદાર હમીરસિંહને શરણે લાવવા મુજપુર પર ફોજ મોકલી. સૈનિકોએ મુજપુરનો કિલ્લો તોડી પાડ્યો અને સરદાર હમીરસિંહ લડાઈમાં મૃત્યુ પામ્યો. તે સમયે જિનાલય પણ તોડી પાડવામાં આવ્યું હશે એમ અનુમાન છે. અને આ પ્રતિમાજી શાંતિનાથ જિનાલયમાં પધરાવ્યા હશે. ગામના નામ પરથી જ આ પાર્શ્વનાથ મુજપુરા પાર્શ્વનાથના નામે પણ ઓળખાય છે.

સ્તુતિ

મુજપુર નિવાસી અંતરે મુજ વાસ કરજો હે પ્રભુ,જોટીંગનો ભય વારતા પ્રભુપાર્શ્વ હું તુજને ભજું,જોટો જડેના ત્રણ ભુવનમાં તેહથી જોટીંગડા,શ્રી જોટીંગડા પ્રભુ પાર્શ્વને ભાવે કરું હું વંદના

જાપ મંત્ર

ૐ હ્રીં અર્હં શ્રી જોટીંગડા પાર્શ્વનાથાય નમઃ

તીર્થનું સરનામું
શ્રી જોટીંગડા પાર્શ્વનાથ શ્વેતાંબર જૈન તીર્થ,
મુ.પો.મુજપુર, તા.સમી, જિ.મહેસાણા ૩૮૪૨૪૦
ફોન-૦૨૭૩૩-૨૮૧૩૪૩

Jainam Jayati Shasanam WhatsApp-8898336677



૧૦૮ પાર્શ્વનાથ માંથી ૫૧

શંખેશ્વર પાર્શ્વનાથ

પ્રાચીન કાળની આ વાત છે. આષાઢી નામે એક શ્રાવક હતા. તે ખુબ શ્રદ્ધાળુ, માયાળુ અને દયાળુ હતા. કુદરતના ચારેય હાથ તેમની ઉપર હતા.

ગયી ચોવીસીના તીર્થંકર શ્રી દામોદર ભગવાન સમવસરણમાં મધુર સ્વરે દેશના આપી રહ્યા હતા. બારેય પર્ષદા એકતાનથી સંભાળવામાં લીન હતી. ત્યારે આષાઢી શ્રાવકે વિનયપૂર્વક ભગવાનને પૂછ્યું, "હે પ્રભુ! મારી મુક્તિ ક્યારે થશે?" ત્રિકાળજ્ઞાની ભગવાને જવાબ આપ્યો, "આવતી ચોવીશીમાં જયારે ત્રેવીસમા તીર્થંકર શ્રી પાર્શ્વનાથ તીર્થપતિ થશે, ત્યારે એમના ગણધર થઈ તમે મુક્તિએ જશો."

'અહો! ધન્ય ઘડી! ધન્ય દહાડો! પોતાનું એ ઉત્તમ ભવિષ્ય સાંભળીને શ્રાવકનું મન નાચી ઉઠ્યું. ઉદ્ધાર થશે, મુક્તિએ જઈશ.' એ જાણી ભાવનામાં વૃદ્ધિ થઇ. ભવિષ્યના ઉપકારીએ શ્રી પાર્શ્વનાથ ભગવાનની અત્યારથી જ આરાધના શરૂ કરવાની એમને ભાવના થઇ. આ આત્મા નિમિત્તવાસી છે. જો નિમિત્ત સારું નહિ મળે તો તે રંગરાગમાં ફસાઈ જશે એમ વિચારી એણે તરત જ શ્રી પાર્શ્વનાથ પ્રભુનું મનોહર, પ્રભાવશાળી અને આકર્ષક બિંબ ભરાવ્યું.

કેવી અડગ શ્રદ્ધા ! જેમને જોયા નથી, એમની આરાધના કરવાની નિર્મળ તમન્ના ! આનું જ નામ પ્રભુભક્તિ, સમકિતનો સાચો રંગ અને જ્ઞાની પુરૂષોના વચન ઉપરની અડગ શ્રદ્ધા !

થોડા વર્ષો પછી આષાઢી શ્રાવકની ગેરહાજરીમાં એ પ્રતિમાજી સૌધર્મેન્દ્ર પાસે, સૂર્ય અને ચંદ્રના ઇન્દ્રો પાસે,પહેલા,બીજા,દસમાં અને બારમાં દેવલોકમાં તથા નાગકુમારના દેવેન્દ્ર પાસે, આમ ઘણા કાળ સુધી ઠેકઠેકાણે પૂજાઈ. નમિ, વિનમિ અને રામચંદ્રજીએ પણ આ મૂર્તિની પૂજાનો લાભ લીધો હતો. ક્રમશઃ એ પ્રભાવક પ્રતિમા શ્રી ગિરનાર તીર્થની સાતમી ટૂંકે આવી. એકવાર શ્રી નેમિનાથ પ્રભુના કહેવાથી શ્રી કૃષ્ણ મહારાજાએ અઠ્ઠમનું તપ કરી ધરણેન્દ્ર-પદ્માવતી પાસેથી એ મૂર્તિને ફરીથી મેળવી. આ પ્રભુપ્રતિમાના ન્હવણ જળનો સૈન્ય ઉપર છંટકાવ કરવાથી જરાસંધની 'જરા' વિદ્યાનો ઉપદ્રવ ટળી ગયો હતો અને સૈન્ય સજીવન થઇ ગયું હતું.

વિક્રમ સંવત ૧૧૧૫માં સજ્જન શેઠે શ્રી શંખેશ્વર(ગામ) તીર્થમાં વિશાળ જિનમંદિર બંધાવ્યું. ત્યાં એ પ્રતિમાજીને મોટા સમારોહ સાથે સ્થાપન કર્યા. દુર્જશલ્ય રાજાનો કોઢનો રોગ પણ પ્રભુના ન્હવણ જળના પ્રભાવે દૂર થયો. એ શ્રદ્ધાળુ રાજાએ પણ ત્યાનો જીર્ણોધ્ધાર કરાવ્યો. વર્તમાન સમયમાં એ શંખેશ્વર તીર્થ ખુબ જ પ્રસિદ્ધિ પામ્યું છે. ત્યાં જનાર ખરેખર પાવન થઇ જાય છે અને સૌની ઇચ્છિત મનોકામના પણ પૂર્ણ થાય છે. આખા ભારતવર્ષમાં ગઈ ચોવીસીની આટલી પ્રાચીન પ્રતિમા ક્યાંય જોવા મળતી નથી. એ પ્રભુના દર્શન કરતાં અને નામ સ્મરણ કરતાં અનેક વિઘ્નો દૂર થાય છે. કારણ અહીંના અધિષ્ઠાયક દેવ સદા જાગૃત છે. ભક્તવર્ગને સહાય કરતાં જ હોય છે.આ એક અનુભવસિદ્ધ હકીકત છે.

આ પ્રાચીન મનોહર મૂર્તિના દર્શન આત્માને શાંતિ આપે છે. ભાવનાને વધારે છે.ભવોભાવના પાપને પખાળે છે.

જિનબિંબોમાં સહુથી પ્રાચીન ચમત્કારીક કલિકાલ કલ્પતરુ મનોવાંછિત પૂરણ પાર્શ્વનાથ પ્રભુજી છે. સૌથી વધુ અઠ્ઠમો આ તીર્થમાં થાય છે.

સ્તુતિ

જેના ગુણોને વર્ણવા શ્રુતસાગરો ઓછા પડે,ગંભીરતાને માપવા સહુ સાગરો પાછા પડે,જેની ધવલતા આગળે ક્ષીરસાગરો ઝાંખા પડે,શ્રી શંખેશ્વરા પ્રભુ પાર્શ્વને ભાવે કરું હું વંદના

જાપ મંત્ર

ૐ હ્રીં અર્હં શ્રી શંખેશ્વર પાર્શ્વનાથાય નમઃ

તીર્થનું સરનામું
શ્રી શંખેશ્વર પાર્શ્વનાથ શ્વેતાંબર જૈન તીર્થ,
વાયા હારીજ, તા.સમી, ગુજરાત
ફોન-૦૨૭૩૩-૨૭૩૫૧૪

Jainam Jayati Shasanam WhatsApp-8898336677

==========

શ્રી ૧૦૮ માંના શ્રી શંખેશ્વર તીર્થની યાત્રાએ આવનારા યાત્રિકોએ ભક્તિવિહારની સ્પર્શના કરવાનું ભુલવાં જેવું નથી.....

શ્રી શંખેશ્વર તીર્થમાં શ્રી ૧૦૮ પાર્શ્વનાથ ભક્તિ વિહાર

શ્રી શંખેશ્વર મહાતીર્થ માં પ.પૂ.આ.શ્રી પ્રેમસૂરીશ્વરજી મ.સા.ની તથા પ.પૂ.આ.શ્રી સુબોધસૂરીશ્વરજી મ.સાની પ્રેરણાથી વિશ્વભરમાં અજોડ એવું શ્રી ૧૦૮ પાર્શ્વનાથ ભક્તિવિહાર મહાપ્રસાદનું નિર્માણ થયું છે. પચાસ વીઘાની વિશાળ જગ્યા ઉપર પથરાયેલું પદ્મસરોવર આકારનું શ્રી પાર્શ્વપ્રભુની ૧૦૮ તેજસ્વી-પ્રભાવશાળી પ્રતિમાઓથી યુકત આ જિનાલયની પ્રતિષ્ઠા સં.૨૦૪૫ નાં મહા સુદ ૫ ના રોજ ધામધૂમપૂર્વક થઈ છે.

આ જિનાલયના સંકુલમાં પૂજ્ય સાધુ-સાધ્વીજી ભગવંતો ના ઉપાશ્રય, યાત્રિકોને ઉતરવા માટે સુંદર ધર્મશાળા, ભોજનશાળા, આયંબિલશાળા વગેરેની સરસ સુવિધા છે. શ્રી શંખેશ્વર તીર્થની યાત્રાએ આવનારા યાત્રિકોએ શ્રી ૧૦૮ પાર્શ્વનાથ ભક્તિવિહાર ની સ્પર્શના કરવાનું ભુલવાં જેવું નથી.

સંપર્ક
શ્રી ૧૦૮ પાર્શ્વનાથ ભક્તિ વિહાર જૈન ટ્રસ્ટ
ભક્તિનગર, સ્ટેટ હાઈવે, શ્રી શંખેશ્વર તીર્થ, પીન ૩૮૪૨૪૬, ગુજરાત.
ફોન: ૯૮૨૫૩૩૯૬૭૭ / ૦૨૭૩૩-૨૭૩૩૨૫

૧૦૮ પાર્શ્વનાથ પ્રભુનો ઇતિહાસ અને ત્યાં કઈ રીતે પહોંચવું.... ભાગ-૧૨

કુલ્લ ૫૧ પાર્શ્વનાથ પ્રભુના દર્શન થયા. હવે શંખેશ્વર થી અમદાવાદ ની વચ્ચે આવતા શંખલપુર, માંડલ અને શેરીસા એમ ૩ તીર્થોની યાત્રા કરીશું.....

શંખેશ્વર થી શંખલપુર ૩૧ કિ.મી.

શંખલપુર થી માંડલ ૩૩ કિ.મી.

માંડલ થી શેરીસા ૭૪ કિ.મી.

શેરીસા થી અમદાવાદ ૨૬ કિ.મી. છે.....

==========

૫૨-શ્રી શંખલા પાર્શ્વનાથ
શંખલપુર

૫૩-શ્રી ગાડલીયા પાર્શ્વનાથ
માંડલ

૫૪-શ્રી શેરીસા પાર્શ્વનાથ
શેરીસા

==========

- નિર્વાણ કલ્યાણક-શ્રાવણ-સુદ-૮,વિશાખા નક્ષત્રમાં.
- મોક્ષ-સમેતશિખર, મોક્ષતપ-માસક્ષમન અને મોક્ષાસન-કાર્યોત્સર્ગાસન.
- મોક્ષ સાથે-૩૩ સાધુ સાથે.
- ગણધર-આદિ દિન્ન વિગેરે-૧૦.
- શ્રી મહાવીર પ્રભુ નું અંતર-૨૫૦ વર્ષ.

==========

શ્રી પાર્શ્વનાથ ભગવાનનું ચૈત્યવંદન

આશ પૂરે પ્રભુ પાસજી,ત્રોડે ભવ પાસ; વામા માતા જનમીયા,અહીં લંછન જાસ...૧
અશ્વસેન સુત સુખકરૂ,નવ હાથની કાયા; કાશી દેશ વારાણસી,પુણ્યે પ્રભુ આયા...૨
એકસો વરસનું આઉખું એ, પાળી પાર્શ્વકુમાર; પદ્મ કહે મુકંતે ગયા, નમતાં સુખ નિરધાર...૩

૧૦૮ પાર્શ્વનાથ માંથી ૫૨
શંખલા પાર્શ્વનાથ

સાત મનોહર ફણાયુક્ત, શ્યામવર્ણના,પદ્માસને બિરાજતાં ૨૭ ઇંચ ઊંચા અને ૧૯ ઇંચ પહોળા પાષાણના સંપ્રતિકાલીન શ્રી શંખલા પાર્શ્વનાથ પ્રભુ શંખલપુર ગામમાં પાટીદાર મહાજનની ગલીમાં મૂળનાયક શ્રી શાંતિનાથ પ્રભુના જિનાલયમાં મૂળનાયકની જમણી બાજુના બીજા ગભારામાં બિરાજમાન છે.

વર્તમાનમાં શંખલપુર નામથી ઓળખાતું આ ગામ ઘણું પ્રાચીન છે. લખમણ નામના રાજાએ આ ગામ વસાવ્યું અને પોતાના નામ પરથી આ ગામનું નામ સલખમણપુર રાખ્યું. ગામમાં જૈનની ઘણી વસ્તી હતી. સલખમણપુરમાં પેથડ મંત્રીએ શ્રી પાર્શ્વનાથનું એક ભવ્ય જિનાલય બંધાવેલું તે જાણકારી પ્રાપ્ત થાય છે.

ચૌદમાં સૌકામાં પાર્શ્વનાથ અને શાંતિનાથ ભગવાનના બે પ્રસાદ હતા. તેનો ઉલ્લેખ મળે છે. કોઇ રાજકીય આફતને લીધે પ્રતિમાજી ભોંયરામાં સુરક્ષા માટે છૂપાવી દેવામાં આવ્યા હશે એવું અનુમાન કરવામાં આવે છે.

સં.૧૮૪૮માં કોઈ ચોર રાંતેજથી બે પ્રતિમાજી ચોરીને અહીં લાવ્યો. અહીંના શ્રાવકે ૧ મણ અને ૫ શેર દાણા આપીને આ મૂર્તિનો કબજો લીધો. એક પ્રતિમાજી પોતાના ગામ માટે રાખી બીજા પ્રતિમાજી ટુવડ ગામના શ્રીસંધને આપી. અહીં રાખેલ પ્રતિમાજી જિનાલય બનાવી પ્રતિષ્ઠિત કરવાનો નિર્ણય કરી જિનાલય નિર્માણ કરવા ખોદકામ કરતાં એક મોટું ભોંયરું પ્રાપ્ત થયું. તેમાંથી ૨૦૦ જેટલી જિન પ્રતિમાઓ,કાઉસગ્ગિયા,પરિકરો,દેવીઓ,ઓરશિયો,સુખડ,મંદિરનું શિખર વગેરે સામગ્રી પ્રાપ્ત થઈ. ત્યારબાદ નૂતન મંદિરનું નિર્માણ થયું અને સં.૧૯૦૫ના જેઠ વદિ ૮ ના દિને નૂતન જિનાલયની પ્રતિષ્ઠા થઈ. આ દિવસ પ્રતિદિન શ્રીસંધ ઉજવે છે. ભોંયરામાં શ્રી નવખંડા પાર્શ્વનાથ પ્રભુ બિરાજે છે. જેનો મહિમા ખૂબ છે. તેમની પાસે વર્ષોથી અખંડ દીવો પ્રજ્વલિત છે. જિનાલયની ભમતીમાં ૨૫ ગોખલાઓ માં જિનબિંબો બિરાજમાન છે.

મૂળનાયક નથી છતાં આ પ્રતિમાજી પરમ પ્રભાવિક છે. તથા આજ જિનાલયના ભોંયરામાં ચમત્કારિક નવખંડા પાર્શ્વનાથ બિરાજમાન છે.

સ્તુતિ

જેમ શંખના નિઘોષથી સહુ શત્રુગણ ભય પામતા, તેમ શંખલા પ્રભુપાર્શ્વેજી પણ આપદાને ડારતા, શંખલપુરમાં શોભતા ને ત્રણ ભુવન અજવાળા,શ્રી શંખલા પ્રભુ પાર્શ્વને ભાવે કરું હું વંદના

જાપ મંત્ર

ૐ હ્રીં અર્હં શ્રી શંખલા પાર્શ્વનાથાય નમઃ

તીર્થનું સરનામું
શ્રી શંખલા પાર્શ્વનાથ શ્વેતાંબર જૈન તીર્થ,
મુ.પો.શંખલપુર, સ્ટે.બેચરાજી, તા.ચાણસ્મા, જિ.મહેસાણા
ફોન-૯૮૭૯૫૮૬૦૧૧



Jainam Jayati Shasanam WhatsApp-8898336677

૧૦૮ પાર્શ્વનાથ માંથી ૫૩
ગાડલીયા પાર્શ્વનાથ

સાત ફણાથી અંલકૃત, શ્વેત પાષાણના પદ્માસને બિરાજતાં, ૧૦ ઇંચ ઊંચા અને ૬.૨૫ ઇંચ પહોળા એક કલાત્મક પરિકર વચ્ચે સંપ્રતિકાલીન શ્રી ગાડલીયા પાર્શ્વનાથ પ્રભુ માંડલ ગામની મધ્યમાં ગાંધીવાસમાં શિખરબદ્ધ જિનાલયમાં બિરાજમાન છે.
આ પ્રતિમાજીનો મહિમા અપરંપાર છે. તેમના નામની પાછળ રહેલું રહસ્ય અગોચર છે. આ પ્રતિમાજીનું પબાસણ ગાલ્લીના (એક પ્રકારનું ગાડું) આકારે છે. તેથી ગાલ્લિયા કે ગાડલિયા પાર્શ્વનાથ તરીકે ઓળખાયા એવી લોકવાયકા છે.
વર્તમાન જીનાલય સવંત ૧૮૭૫ ની આસપાસ માં બંધાવેલું છે. મહાસુદ ૫ ના પ્રતિષ્ઠા દિનને શ્રી સંધ પ્રતિવર્ષ ઉલ્લાસથી ઉજવે છે.
આ જિનાલય ઉપરાંત બીજા ચાર મનોહર જિનાલયો છે. તેમાં શ્રી શાંતિનાથજી , શ્રી વાસુપૂજ્યસ્વામી , શ્રી આદિનાથજી વગેરે મૂળનાયક તરીકે બિરાજમાન છે.
સવંત ૧૬૬૫ માં શ્રી પ્રેમવિજયે રચેલી ૩૬૫ પાર્શ્વજિન નામમાલા માં તેમણે પાર્શ્વપ્રભુના ૩૬૫ નામમાં આ નામની ગણના કરી છે.
સવંત ૧૬૫૬ના આસો વદ ૯ ને મંગળવારે કવિ નયસુંદરે રચેલા શ્રી શંખેશ્વર પાર્શ્વનાથ છંદ માં પણ આ પાર્શ્વનાથ પ્રભુનો ઉલ્લેખ છે.
આલ્હાદક અને સંપ્રતિકાલીન આ પ્રતિમાજી કલાત્મક પરિકરની વચ્ચે સાત ફણાથી શોભે છે. આ માંડલ ગામ મહામંત્રીશ્વર વસ્તુપાલ અને તેજપાલની જન્મભૂમી છે.

સ્તુતિ

માંડલ મંડન હે પ્રભુ ! મુજ આતમા અજવાળજો,કો ગારુડી મંત્ર ફૂંકીને મોહવિષ ઉતારજો,જે દુર્ગતિપંથે જતું મુજ ગાડું પાછું વાળતા,શ્રી ગાડલીયા પ્રભુ પાર્શ્વને ભાવે કરું હું વંદના

જાપ મંત્ર

ॐ ह्रीं अर्हं श्री ગાડલીયા પાર્શ્વનાથાય નમઃ

તીર્થનું સરનામું

શ્રી ગાડલીયા પાર્શ્વનાથ શ્વેતાંબર જૈન તીર્થ,
મુ.પો.માંડલ, તા.વીરમગામ
ફોન:૯૮૯૮૪૨૨૯૦૩ / ૯૪૨૭૦૫૨૧૪૨ / ૭૬૦૦૫૮૪૨૩૫

ભોજનશાળા અને ધર્મશાળાની વ્યવસ્થા છે. અગાઉથી જાણ કરવી.



૧૦૮ પાર્શ્વનાથ માંથી ૫૪
શેરીસા પાર્શ્વનાથ

સાપ્તફણાથી અલંકૃત, શ્યામવર્ણા, પદ્માસને બિરાજેલા ૧૬૫ સે.મી. ઉંચા શ્રી શેરીસા પાર્શ્વનાથ પ્રભુ શેરીસા ગામમાં શિખરબંધી જિનાલયમાં મૂળનાયક તરીકે બિરાજમાન છે.

કુમારપાળના સમયમાં કલિકાલસર્વજ્ઞ શ્રી હેમચંદ્રસૂરિજી મહારાજના સહાધ્યાયી આચાર્ય.શ્રી દેવેન્દ્રસૂરીશ્વરજી શેરીસા પધાર્યા. ત્યાં દિવ્યજ્ઞાનથી એક સ્થાનની અંદર છુપાયેલી એક વિશાળ પાટ જોઈ. તેમાંથી જિનબિંબની રચના થાય તેવી ઈચ્છા થતાં શ્રી પદ્માવતી દેવીની આરાધના અઠ્ઠમ તપ સાથે કરી. પદ્માવતી દેવી સાક્ષાત થઈ આચાર્યશ્રીને માર્ગદર્શન આપ્યું. દેવીના કથન અનુસાર આ દેવેન્દ્રસૂરિએ સોપારક નગરથી એક અંધ શિલ્પીને બોલાવ્યો. અંધ શિલ્પીએ અઠ્ઠમનું તપ કર્યા પછી પાષાણની વિરાટ પાટ પર શિલ્પકામ શરૂ કર્યું. શિલ્પીએ સૂર્યાસ્ત બાદ શિલ્પકામ શરૂ કર્યું એ બીજા દિવસે સુર્ય ઉગે તે પહેલાં એક અતિ મનોહર જિનબિંબનું સર્જન થઇ ચુક્યું હતું.

તે જ રાત્રે આચાર્યશ્રીએ મંત્ર શક્તિથી અયોધ્યાનગરીથી ચાર જિનબિંબ અત્રે લાવવાની કામના કરી. ચારમાંથી એક પ્રતિમા પ્રાત:કાળ થઈ જવાના કારણે માર્ગમાં ધારાસેનક નામના ગામમાં પધરાવવામાં આવી. અન્ય ત્રણ પ્રતિમાઓ આવી પહોંચી. ત્યાં તો આસપાસમાં એક જગ્યાએથી બીજી ૨૪ જિનપ્રતિમાજી મળી આવી. આ તમામ પ્રતિમાઓને શેરીસા ગામમાં એક ભવ્ય જિનાલય નિર્માણ કરીને પ્રતિષ્ઠિત કરવામાં આવી. શિલ્પીએ એક રાતમાં નિર્માણ કરેલી સુમનોહર પ્રતિમાજી શ્રી શેરીસા પાર્શ્વનાથના નામથી જગવિખ્યાત થઈ. આ તીર્થની સ્થાપના બારમાં સૈકામાં થયાનો ઉલ્લેખ છે.

સવંત.૧૪૨૦માં આ તીર્થમાં શ્રી પદ્માવતી દેવીની પ્રતિમા પ્રતિષ્ઠિત કરવામાં આવી હતી. આજે આ પ્રતિમા નરોડામાં છે. જિણોદ્ધાર થઈ સવંત. ૨૦૦૨ના વૈશાખ સુદ ૧૦ ના આચાર્ય.ભગવંત.શ્રી વિજયનેમિસૂરીશ્વરજી મ.સા.ના વરદ્હસ્તે આ ભવ્યાતિભવ્ય જિનાલયની પ્રતિષ્ઠા થઈ.

દૈવી સંકેતથી સોપારક નગરના અંધ શિલ્પીએ એક રાત્રીમાં બનાવેલ મનોહર પ્રતિમાજી છે. અહીંની પણ પૂનમ ભરાય છે.

સ્તુતિ

દેવેન્દ્રસૂરિ અંત:સ્ફૂરણથી અંધ શિલ્પી આવતો,પદ્માવતીની સહાયથી તુજ બિંબ નિશિએ બનાવતો,મુજ કર્મ શત્રુશેર માથે તું સાવાશેર ઇશ છો,શ્રી શેરીસા પ્રભુ પાર્શ્વને ભાવે કરું હું વંદના

જાપ મંત્ર

ૐ હ્રીં અર્હં શ્રી શેરીસા પાર્શ્વનાથાય નમઃ

તીર્થનું સરનામું

શ્રી શેરીસા પાર્શ્વનાથ શ્વેતાંબર જૈન તીર્થ,
મુ.પો.શેરીસા, સ્ટે.કલોલ, જિ.અમદાવાદ
ફોન-૦૨૭૬૪-૨૫૦૧૨૬ / ૦૭૯-૨૬૬૦૮૨૪૪

ધર્મશાળા અને ભોજનશાળા ની વ્યવસ્થા ઉપલબ્ધ છે.



Jainam Jayati Shasanam WhatsApp-8898336677

૧૦૮ પાર્શ્વનાથ પ્રભુનો ઇતિહાસ અને ત્યાં કઈ રીતે પહોંચવું.... ભાગ-૧૩

કુલ્લ ૫૪ પાર્શ્વનાથ પ્રભુના દર્શન થયા હવે ભાવનગર થી જામનગર ની વચ્ચે આવતા ૯ તીર્થોની યાત્રા કરીશું.....
સૌ પ્રથમ ભાવનગર પહોંચવું ત્યાંથી ઘોઘા-અજાહરા-પ્રભાસ પાટણ-ચોરવાડ-માંગરોળ-બરેજા-જામ ભાણવડ-મોટી ભણસાલ અને છેલ્લે જામનગર ના એમ કુલ ૯ પાર્શ્વનાથ પ્રભુના તીર્થોના દર્શન વંદન કરીશુ....

ભાવનગર થી ઘોઘા ૨૧ કિ.મી.
ઘોઘા થી અજાહરા ૧૮૫ કિ.મી.
અજાહરા થી પ્રભાસ પાટણ ૮૬ કિ.મી.
પ્રભાસ પાટણ થી ચોરવાડ ૩૨ કિ.મી.
ચોરવાડ થી માંગરોળ ૧૮ કિ.મી.
માંગરોળ થી બરેજા ૪૧ કિ.મી.
બરેજા થી જામભાણવડ ૮૦ કિ.મી.
જામભાણવડ થી મોટી ભણસાલ ૮૨ કિ.મી.
મોટી ભણસાલ થી જામનગર ૨૩ કિ.મી.

આ યાત્રા લગભગ ૫ દિવસમાં પૂર્ણ કરી શકાય છે..
૫૫-શ્રી નવખંડા પાર્શ્વનાથ
ઘોઘા
૫૬-શ્રી અજાહરા પાર્શ્વનાથ
અજહરા
૫૭-શ્રી દોકડીયા પાર્શ્વનાથ
પ્રભાસ પાટણ
૫૮-શ્રી ચોરવાડી પાર્શ્વનાથ
ચોરવાડ
૫૯-શ્રી નવપલ્લવ પાર્શ્વનાથ
માંગરોળ
૬૦-શ્રી બરેજા પાર્શ્વનાથ
બરેજા
૬૧-શ્રી અમૃતઝરા પાર્શ્વનાથ
જામ ભાણવડ
૬૨-શ્રી સપ્તફણા પાર્શ્વનાથ
મોટી ભણસાલ
૬૩-શ્રી ભાભા પાર્શ્વનાથ
જામનગર

૧૦૮ પાર્શ્વનાથ માંથી ૫૫

નવખંડા પાર્શ્વનાથ

Shri Navkhanda Parshvnath - Ghogha
Jainam Jayati Shasanam WhatsApp-8898336677

નવ ફણાથી અલંકૃત, કૃષ્ણવર્ણા, પદ્માસને બિરાજતાં, ૩૬ ઇંચ ઉંચા અને ૨૪.૨૫ ઇંચ પહોળા શ્રી નવખંડા પાર્શ્વનાથ પ્રભુ ઘોઘા ગામે ત્રણ શિખરોથી શોભતાં જિનાલયમાં મૂળનાયક તરીકે બિરાજમાન છે.

અતીતના ઊંડાણમાં એક ડૂબકી વર્તમાનનું ઘોઘા પૂર્વે ગુંડીગઢ ના નામથી ઓળખાતું એક મહત્વનું બંદર હતું. ભાવનગર વસ્યું તે પહેલાં આ બંદરે ઘણું વિકસિત હતું. આ ઘોઘા બંદરે શ્રી નવખંડા પાર્શ્વનાથનું તીર્થ ઘણા પ્રાચીન કાળથી સ્થપાયેલું છે.

સં. ૧૧૬૮ માં શ્રી મહેન્દ્રસૂરિના ઉપદેશથી શ્રીમાળી જ્ઞાતિના નાણાવટી શ્રી હીરુભાઈએ શ્રી નવખંડા પાર્શ્વનાથનું બિંબ ભરાવ્યું હતું. તે પૂર્વે પણ ઘોઘામાં જૈનોની વસ્તી તથા જિનાલયો વિદ્યમાન હતાં.

આ પ્રભુના નામકરણની સાથે આ પ્રતિમાના પ્રભાવની એક રોમાંચક કથા સંકળાયેલી છે. આ તીર્થ ઉપર મ્લેચ્છોએ આક્રમણ કરી મૂર્તિને ખંડીત કરી નાખી. ભવ્ય જીવોના હૃદયાંગણમાં અધ્યાત્મનો અખંડ નાદ જગાવતી આ નિરુપમ જિન પ્રતિમાના મ્લેચ્છોએ નવખંડ કરી નાખ્યા અને આ નવખંડોને મ્લેચ્છોએ ભાવનગરના વડવામાં બાપેસરાના કૂવામાં પોટલીમાં બાંધીને ફેંક્યા.

આ પ્રમાણે કેટલોક કાળ આ ખંડિત પ્રતિમા આ કૂવામાં અજ્ઞાત રહી. એકદા ઘોઘાના એક શ્રાવકને અધિષ્ઠાયક દેવે સ્વપ્નમાં આ પ્રતિમાના પ્રાગટય માટે સંકેત કર્યો. સ્વપન્ના સંકેત અનુસાર તે શ્રાવકે હીરના તાંતણે વીંટીને તે પોટલીને કૂવામાંથી બહાર કાઢી. ઘોઘામાં લાવીને તે નવ ટુકડાને નવ મણ લાપસીમાં બરાબર ગોઠવ્યા. નવ દિવસ બાદ તે લાપસીમાંથી બહાર કાઢતાં પ્રતિમાજી અખંડિત નીકળશે તેવો સ્વપ્નનો સંકેત હતો.તેથી સહુ અધીરા બનીને નવ દિવસ પૂર્ણ થવાની પ્રતીક્ષા કરી રહ્યા હતા. આઠમા દિવસે યાત્રાર્થે આવેલા ભરૂચના સંઘે દર્શનની ઈચ્છા વ્યક્ત કરી. સહુની અધીરાઈ હવે પ્રબળ બની. આઠમા દિવસે જ પ્રતિમાજીને લાપસીમાંથી બહાર કાઢયા. પ્રતિમાજીના નવ ખંડ સંધાઈ ગયા હતા. પણ શ્રાવકોની અધીરાઈને કારણે સાંધા અદૃશ્ય ન થયા , આજે પણ નવખંડના આકારને સ્પષ્ટ જોઈ શકાય છે.

શ્રી નવખંડા પાર્શ્વનાથનું જિનાલય ઉત્તુંગ, અને મનોહર છે. આ મંદિરની બાંધણી અતિ ભવ્ય છે. ઘોઘા , મહુવા , તથા ઘોલેરાના મંદિર એક જ શિલ્પીએ બનાવેલાં હોવાથી એ ત્રણે મંદિરોની બાંધણી એક સરખી છે. આ જિનાલયનો રંગમંડપ અતિ વિશાળ છે.

પ્રતિમામાં નવ સાંધા દેખાતા હોવાથી નવખંડા નામ પડ્યું. ખોવાયેલી ચીજો એમની ૧ માળા ગણતા પ્રાપ્ત થાય છે તેવો ભાવિકોનો અનુભવ છે.

સ્તુતિ

મ્લચ્છો તણી લડાઈમાં નવખંડ થાતા તાહરા,પણ અખંડસુખ સ્વામી પ્રભુ અખંડ બનતા માહરા, ખોવાયેલાને ખોળનારા આતમા મુજ ખોલજે,શ્રી નવખંડા પ્રભુ પાર્શ્વને ભાવે કરું હું વંદના

Jainam Jayati Shasanam WhatsApp-8898336677

જાપ મંત્ર

ૐ હ્રીં અર્હં શ્રી નવખંડા પાર્શ્વનાથાય નમઃ

તીર્થનું સરનામું

શ્રી નવખંડા પાર્શ્વનાથ શ્વેતાંબર જૈન તીર્થ,

શેઠ કાળામીઠાનીપેઢી, ભાજીપોળ, મુ.પો.ઘોઘા, જિ. ભાવનગર-૩૬૪૧૧૦

ફોન-૦૨૭૮-૨૮૮૨૩૩૫

ભોજનશાળા તથા ધર્મશાળાની સુંદર વ્યવસ્થા ઉપલબ્ધ છે.

==========

સ્તુતિઓ

હે પાર્શ્વ પ્રભુ મુજ આંગણે ઉત્સવ બની પધારજો,
હે પાર્શ્વ પ્રભુ મુજ હૃદય માં કરુણા ઝરણ ને વહાવજો,
હે પાર્શ્વ પ્રભુ મુજ ચિત્ત માં તુજ સ્મરણ નિત્ય કરાવજો,
હે પાર્શ્વ પ્રભુ ભવો ભવ મને શાશન પ્રેમી બનાવજો.

હે પાર્શ્વ પ્રભુ! મુજ વિનંતી તમે હૃદય માં અવધારજો,
હે પાર્શ્વ પ્રભુ! તુજ બાળ ને માતા બની સંભાળજો,
હે પાર્શ્વ પ્રભુ! આ પાપમય સંસાર થી ઉગારાજો,
હે પાર્શ્વ પ્રભુ! ભવો ભવ મને શાશન પ્રેમી બનાવજો.

હે પાર્શ્વ પ્રભુ! મુજ શ્વાસ માં રણકાર છે તુજ નામનો,
હે વિશ્વ વિભુ! મુજ હૃદય માં ધબકાર છે તું નામનો,
કરુણાનિધિ! મુજ આતમા માં પ્રાણ છે તુજ નામનો,
મુજ જીવન ના સંગીત માં આલાપ છે તુજ નામનો.

ભવભ્રમણ માં ભટકી રહ્યો ને દુઃખ ઘણા સહેતો ગયો,
થાકી ગયો, હારી ગયો, તુજ શરણ માં આવી ગયો,
તુજ દ્વારે પહોંચી, શીષ ઝુકાવી, પ્રાર્થના તુજ ને કરું,
આ જગત ને વિસરી જઈ, તુજ પ્રીત ને માણ્યા કરું.

૧૦૮ પાર્શ્વનાથ માંથી ૫૬

અજાહરા પાર્શ્વનાથ

કેશરવર્ણા શ્રી અજાહરા પાર્શ્વનાથજીનો એક ગૌરવવંતો ઈતિહાસ છે. આ તીર્થના અનુપમ અતીતને જાણવા આપણે ભૂતકાળની વૈભવશાળી અયોધ્યા નગરીમાં પહોંચીએ.

અયોધ્યાના સૂર્યવંશી રાજાની વંશપરંપરામાં પુરંદર, કીર્તિધર, સુકોશલ, હિરણ્યગર્ભ અને નધુષ આદિ રાજાઓ થયા. આ નધુષ રાજાની રાણી પવિત્ર સતી હતી. તેની રાજ્ય પરંપરામાં ચોવીસમો કકુસ્થ રાજા થયો. આ કકુસ્થ રાજાના પુત્ર રઘુને અજયપાલ ઉર્ફે અનરણ્ય નામનો પુત્ર હતો. અજયપાલ રાજ્ય સિંહાસન પર આરૂઢ થતાં તેણે સાંકેતપુરને પોતાની રાજધાની બનાવી.

આ પરમ જિનભક્ત અજયપાલ રાજા એકદા સિદ્ધિગરિની યાત્રાએ નીકળ્યો. દીવ બંદરે આવતાં તેના દેહમાં ભયાનક વ્યાધિઓ પ્રગટ થયા. વ્યાધિની પીડાથી ગ્લાન બનેલો રાજા કેટલોક કાળ ત્યાં જ રોકાઈ ગયો.

આ અરસામાં જ સમુદ્રમાં એક ઘટના બની. રત્નસાર નામના વ્યાપારીનાં વહાણો સમુદ્રના ભયાનક તોફાનોમાં અટવાઈ ગયાં. અત્યંત ભયાનક પરિસ્થિતિનું સર્જન થતાં પ્રાણની રક્ષા કાજે રત્નસારે પરમાત્માનું ધ્યાન ધર્યું. તેની શ્રદ્ધા અને ભક્તિના બળે દિવ્યવાણી સંભળાઈ. આ દિવ્ય વાણીના સંકેતથી રત્નસારે તે સ્થાનમાં કલ્પવૃક્ષના પાટિયાના સંપુટમાં રહેલી શ્રી પાર્શ્વપ્રભુની પ્રતિમાની બાતમી મેળવી.

દૈવી સંકેતથી તેણે જાણ્યું કે આ પ્રતિમા ઘણી પ્રાચીન અને પ્રભાવક છે. ધરણેંદ્રે તે પ્રતિમાને સાત લાખ વર્ષ સુધી પૂજેલી છે. કુબેર દેવે ૬૦૦ વર્ષ સુધી તેની અર્ચના કરી છે. અને વરૂણ દેવે પણ તેને સાત લાખ વર્ષ સુધી પૂજી છે.

આ પ્રભાવક પ્રતિમાને પ્રાપ્ત કરીને દીવ બંદરે રહેલા અજયપાલને સોંપવા અધિષ્ઠાત્રી દેવી પદ્માવતીએ દિવ્યવાણીથી સૂચન કર્યું.

આ પ્રતિમાના આવા પરમ પ્રભાવને જાણીને તેને પ્રાપ્ત કરવા રત્નાસર ઉત્સુક બન્યો. દૈવી સહાયથી તેણે આ પ્રતિમા સમુદ્રમાંથી પ્રાપ્ત કરી અને પ્રતિમાના પ્રાગટય માત્રથી જ ગાંડોતૂર બનેલો સમુદ્ર ક્ષણમાં શાંત થયો.

દીવ બંદરે પહોંચીને રત્નસારે આ પ્રતિમા ભવ્ય આડંબર પૂર્વક રાજા અજયપાલને સુપ્રત કરી , આ મનોહર પ્રતિમાના દર્શનથી હર્ષન્વિત બનેલા રાજાએ ભવ્ય સ્નાત્ર મહોત્સવ ઊજવ્યો. અને પરમાત્માનું સ્નાત્ર જળ પોતાના અંગે લગાડયું. આ સ્નાત્ર જળના દિવ્ય પ્રભાવથી તેનો વેધક વ્યાધિ પણ શીઘ્ર ઉપશાંત થયો.

આ પ્રતિમાના પરમ પ્રભાવથી પ્રભાવિત બનેલા અજયપાલે અજયનગર નામનું એક નગર વસાવ્યું. આ નગરની મધ્યમાં એક ભવ્ય જિનપ્રાસાદ બંધાવી , આ ચમત્કારી પ્રતિમાજીને પ્રતિષ્ઠિત કર્યા. આ પરમાત્માની ત્રિકાલ પૂજા કરતા રાજાની સમૃદ્ધિ અત્યંત વૃદ્ધિ પામી. ૭ માસ પર્યંત ત્યાં રહીને રાજાએ સિદ્ધગિરિની યાત્રા કરી. શ્રી પાર્શ્વપ્રભુના ચૈત્યને દસ ગામ સહિત અજયનગર સમર્પિત કરીને રાજા પોતાના સ્થાને ગયો. અજયરાજાના રોગને હરનાર આ પરમાત્મા શ્રી અજાહરા પાર્શ્વનાથના નામથી પ્રસિદ્ધ થયા.

સં. ૧૬૬૭ ના વૈશાખ સુદ ૩ ને મંગળવારે તપાગચ્છાચાર્યશ્રી વિજયદેવસૂરિની પાવન નિશ્રામાં ઉના નિવાસી શ્રીમાળી કુંવરજી જીવરાજ દોશીએ આ તીર્થનો ચૌદમો જીર્ણોદ્ધાર કરાવ્યો હતો.
શ્રી જિનપ્રભસૂરિએ આ પાર્શ્વનાથને 'શ્રી નવનિધિ પાર્શ્વનાથ' નામથી પણ ઓળખાવ્યા છે.

સ્તુતિ

જેના ન્વહણથી અજય નૃપના રોગ શોક સહુ હારતા, હે ભયહરા શિવસુખકરા સહુ નામ અજાહરા પાડતા, ને પૂજતા ધરણેન્દ્ર આદિ સુરવરો જેને વળી,શ્રી અજાહરા પ્રભુ પાર્શ્વને ભાવે કરું હું વંદના

જાપ મંત્ર

ૐ હ્રીં અર્હં શ્રી અજાહરા પાર્શ્વનાથાય નમઃ

તીર્થનું સરનામું
શ્રી અજાહરા પાર્શ્વનાથ શ્વેતાંબર જૈન તીર્થ,
મુ.પો.અજાહરા, વાછા ચોક, જિ. જુનાગઢ, ઉના-૩૬૩૨૬૦
ફોન-૯૫૭૪૮૬૯૩૫૫

ભોજનશાળા તથા ધર્મશાળાની સુંદર વ્યવસ્થા ઉપલબ્ધ છે.

Jainam Jayati Shasanam WhatsApp-8898336677

==========

ભગવાન પાર્શ્વનાથના જીવનો પ્રથમ ભવ

(૧) મરુભૂતિ-એકવાર ભગવાન પાર્શ્વનાથનો જીવ જંબૂદ્વીપના ભરતક્ષેત્રના પોતનપુરમાં વિશ્વભૂતિ પુરોહિતનો પુત્ર મરુભૂતિ બન્યો. મોટાભાઈનું નામ કમઠ હતું. પિતાનો સ્વર્ગવાસ થઈ જતાં કમઠ રાજપુરોહિત બન્યો .

મરુભૂતિ પ્રકૃતિથી સરળ, વિનીત અને ધર્મનિષ્ઠ હતો. કમઠ ક્રૂર, અભિમાની અને વ્યભિચારી હતો. મરુભૂતિની પત્ની વસુંધરાના રૂપ ઉપર તે મુગ્ધ થઈ ગયો. તેની અભ્યર્થનાથી વસુંધરા પણ પોતાના ધર્મથી ચ્યુત થઈ ગઈ. કમઠની પત્નીથી તેનો તેવો અસદ્-વ્યવહાર છાનો રહી શક્યો નહિ, તેણે પતિને સમજાવ્યા પરંતુ તે માન્યા નહિ ત્યારે તેણે મરુભૂતિને કહ્યું. મરુભૂતિ ઘરથી બહાર નીકળી ગયા અને થોડા દિવસો પછી રૂપ પરિવર્તન કરી ફરી ત્યાં આવ્યા. પત્ની અને ભાઈનો અસદ્ વ્યવહાર પોતાની આંખે જોઈ રાજાને નિવેદન કર્યું. રાજાએ ક્રોધિત થઈને કમઠને દેશનિકાલ કરી દીધા. કમઠ તાપસ બનીને પોતનપુરની પાસેના પર્વત ઉપર ઉગ્ર તપ કરવા લાગ્યા. તપનો ચમત્કારી પ્રભાવ થયો. જનપર્વત જનજનની જીભ ઉપર કમઠનું નામ રમવા માંડ્યું. મરુભૂતિએ પણ તેની પ્રશંસા સંભળી. પોતાનાં કૃત્ય ઉપર તેને પશ્ચાત્તાપ થવા લાગ્યો. મોટાભાઈ પાસે ક્ષમાયાચના કરવા માટે તે ત્યાં પહોંચ્યા, ચરણોમાં ઝૂક્યા પરંતુ ક્રૂર કમઠે નમન કરતા મરુભૂતિના માથા ઉપર મોટો એવો પત્થર માર્યો કે જેની ભયંકર વેદનાથી દુઃખી થતા મરુભૂતિનો ત્યાં જ અંત થઈ ગયો.

Shri Dokdiya Parshvnath-Prabhash Patan
Jainam Jayati Shasanam WhatsApp-8898336677

૧૦૮ પાર્શ્વનાથ માંથી ૫૭
દોકડિયા પાર્શ્વનાથ

પદ્માસને, નવ ફણાથી અલંકૃત, મનોહર પરિકરથી પરિવરેલા ૩૯ ઇંચ ઊંચા ૩૧ ઇંચ પહોળા આ પ્રતિમા છે.

સમુદ્ર કિનારાની નિકટ વસેલુ પ્રભાસપાટણ , તીર્થ તરીકેની ખ્યાતિને પામેલું છે. પૂર્વે દેવપાટણ , સોમનાથપાટણ કે ચંદ્રપ્રભાસપાટણ નામોથી આ નગર ઓળખાતું હતું. વિક્રમ સંવત ૮૪૫ માં વલ્લભીપુરનો ભંગ થયા બાદ શ્રી ચંદ્રપ્રભસ્વામીના બિંબને અહીં લાવવામાં આવ્યું. તેરમા સૈકામાં શ્રી કુમારપાળ નરેશે અહીં અષ્ટાપદજીના ચૈત્યનું નિર્માણ કર્યું હતું.

જૈનોના પવિત્ર તીર્થ બનવાનું સૌભાગ્ય પામેલું આ તીર્થ શૈવધર્મીઓનું પણ મહત્વનું તીર્થધામ છે.

મૂળનાયક શ્રી ચંદ્રપ્રભ સ્વામીના ભવ્ય જિનપ્રાસાદમાં ડાબી બાજુના ગભારામાં શ્રી દોકડિયા પાર્શ્વનાથ પ્રભુની કૃષ્ણવર્ણી પ્રતિમા બિરાજમાન છે.

આ પ્રભુના નામની સાથે તેની પ્રભાવસંપન્નતાની એક મનોહર કથા ગૂંથાયેલી છે. એક ભાગ્યશાળી મહાનુભાવ નિત્ય આ પ્રભુજીની પ્રથમ પૂજાનો લાભ લેતા. પ્રભાતમાં પૂજા કરવા ભગવાન પાસે પહોંચતા ત્યારે પ્રભુની પલાંઠી પરથી એક દોકડો (તે સમયનું નાણું) તેને પ્રાપ્ત થતો. આ પ્રમાણે ઘણા દિવસો સુધી ચાલ્યું , પણ તે પ્રભુ પૂજકથી આ ચમત્કારની ઘટના ગુપ્ત ન રહી શકી. પ્રભુના પ્રભાવથી થયેલાં આનંદના આવેગમાં એકદા આ વાત તેણે અન્યને કહી સંભળાવી.

બીજે દિવસે નિત્યક્રમ અનુસાર તે પ્રભુની પૂજા કરવા પહોંચ્યો ત્યારે પ્રભુની પલાંઠીમાં દોકડો તો હતો , પણ તે ચોંટી ગયો હતો. તે દિવસે તે દોકડો પ્રાપ્ત થઈ શક્યો નહિ. આજ સુધી તે દોકડો પ્રભુની પલાંઠી પર ચોંટેલો મોજૂદ છે. આ પ્રભુના નામનું પ્રભાવપૂર્ણ આ રહસ્ય ખૂબ હર્ષ ઉપજાવે છે. શ્રદ્ધાળુઓને આ પરમાત્મા પ્રત્યે અત્યંત શ્રદ્ધા છે. તેમના અચિન્ત્ય પ્રભાવના અનુભવો ભાવુકોને થયા કરે છે. આ પાર્શ્વનાથજી 'શ્રી દાદા પાર્શ્વનાથ' નામથી પણ ઓળખાય છે.

શ્રી ચંદ્રપ્રભ સ્વામીનું આ તીર્થ ખાસ યાત્રા કરવા લાયક છે. નવ ગર્ભગૃહ અને પંચશિખરથી યુક્ત આ જિનપ્રાસાદ ભારતભરમાં અદ્વિતીય છે.

સ્તુતિ

હે દોકડા દેનાર દોકડીયા શ્રી પારસનાથજી, મુજ દુ:ખડા હરનાર દોકડીયા બનોને નાથજી, પ્રભાસપાટણ નવગભારે બેસણા ભવતારણા,શ્રી દોકડિયા પ્રભુ પાર્શ્વને ભાવે કરું હું વંદના

જાપ મંત્ર

ૐ હ્રીં અર્હં શ્રી દોકડિયા પાર્શ્વનાથાય નમઃ

તીર્થનું સરનામું

શ્રી દોકડિયા પાર્શ્વનાથ શ્વેતાંબર જૈન તીર્થ,

દેરાસરની ખડકી, મુ.પો. પ્રભાસ પાટણ, જિ.જુનાગઢ-૩૬૨૨૬૮,

ફોન-૦૨૮૭૬-૨૩૧૬૩૮ / ૯૯૭૮૩૫૮૮૭૪

ભોજનશાળા તથા ધર્મશાળાની સુંદર વ્યવસ્થા ઉપલબ્ધ છે.



Jainam Jayati Shasanam WhatsApp-8898336677

૧૦૮ પાર્શ્વનાથ માંથી ૫૮
ચોરવાડી પાર્શ્વનાથ



ફણારહિત, શ્વેતવર્ણ ૨૩ ઇંચ ઊંચા અને ૧૯ ઇંચ પહોળા શ્રી ચોરવાડી પાર્શ્વનાથ પ્રભુ ચોરવાડ તીર્થમાં મૂળનાયક સ્વરૂપે બિરાજમાન છે

જૂનાગઢ જિલ્લામાં આવેલું ચોરવાડ એ ચોરવાડી પાર્શ્વનાથનું પ્રાચીન તીર્થ છે. પ્રતિમાજી ઘણાં પ્રાચીન અને પ્રભાવક છે. ગામના નામ પરથી આ પ્રભુજી શ્રી ચોરવાડી પાર્શ્વનાથ નામથી પ્રસિદ્ધ છે. આ પાર્શ્વનાથ પ્રભુ શ્રી હસમુખા પાર્શ્વનાથ નામથી પણ ઓળખાય છે.

સં.૧૫૨૯ માં શ્રી સંઘે આ જિનપ્રાસાદનું નિર્માણ કર્યાનો ઉલ્લેખ પ્રાપ્ત થાય છે. પણ સં. ૧૪૮૭ માં શ્રી જયસાગર ઉપાધ્યાયે રચેલા 'તીર્થમાલા' સ્તવનમાં તેમણે ચોરવાડામાં શ્રી પાર્શ્વનાથ સ્વામીની યાત્રા કર્યાની નોંધ પ્રાપ્ત થાય છે. આ ઉલ્લેખ આ તીર્થને વધુ પ્રાચીન માનવા પ્રેરે છે. તેથી આ પ્રાચીન તીર્થનો સં. ૧૫૨૯ માં શ્રી સંઘે જીર્ણોદ્ધાર કરાવી ભવ્ય જિનપ્રાસાદનું નિર્માણ કરાવ્યું હશે. તેમ અનુમાની શકાય.

તીર્થ ઘણું પ્રાચીન અને પ્રભાવક છે. ગામમાં જૈનની વસ્તી જૂજ છે. વ્યવસાયાર્થે બહારના કેટલાક જૈનો તાજેતરમાં અત્રે આવીને વસેલા છે.

શ્રી માંગરોળ જૈન સંઘ આ તીર્થનો વહીવટ કરે છે. અહીં એક ઉપાશ્રય પણ છે તીર્થ ખાસ યાત્રા કરવા લાયક છે.

સ્તુતિ

જે હાસ્ય મોહ નિવારતા પણ હાસ્ય મુખ પર ધારતા,જે ચોરવાડે બેસતા પણ મોહ ચોર નિવારતા,હે ચોરવાડી હસમુખા તુજ આણ સહુ અવધારતા,શ્રી ચોરવાડી પ્રભુ પાર્શ્વને ભાવે કરું હું વંદના

જાપ મંત્ર

ૐ હ્રીં અર્હં શ્રી ચોરવાડી પાર્શ્વનાથાય નમઃ

તીર્થનું સરનામું

શ્રી ચોરવાડી પાર્શ્વનાથ શ્વેતાંબર જૈન તીર્થ,
આથમણો દરવાજો, મુ.પો.ચોરવાડ,
તા.વેરાવળ, જિ.જુનાગઢ-૩૬૨૨૬૮
ફોન-૯૭૨૩૫૬૬૬૧૪ (પૂજારી)

૧૦૮ પાર્શ્વનાથ માંથી ૫૯
નવપલ્લવ પાર્શ્વનાથ

Shri Navpallav Parshvnath - Mangrol
Jainam Jayati Shasanam WhatsApp-8898336677

મૌર્યવંશના મહાન સંપ્રતિમહારાજાએ આજથી લગભગ ૨૩૦૦ થી અધિક વર્ષ પૂર્વે વલ્લભીપૂરમાં અનેક મંદિરો બંધાવી અને પ્રતિમાજીઓ પ્રતિષ્ઠિત કરી હતી.

તેમાંની એક પ્રતિમાજી શ્રી પાર્શ્વનાથ ભગવાનની છે. વલ્લભીપૂર ભાંગતા ત્યાંથી પાર્શ્વપ્રભુ મંગલપુર (માંગરોળ) લાવવામાં આવ્યા. માર્ગમાં પ્રતિમાજીની બે આંગળીઓ ખંડિત થઈ. પરંતુ પ્રભુના અધિષ્ઠાયક દેવો એ ભક્તિ કરી માંગરોળ પધારતાજ તે બે આંગળીઓ પુર્વવત થઈ ગઈ. આ રીતે સ્વયં નવપલ્લવિત થઈ શોભાયમાન જણાતા પરમાત્માનું "નવપલ્લવ પાર્શ્વનાથ" એવુ નામ પ્રસિદ્ધ થયું.

સવંત ૧૨૬૩ માં શ્રી નવપલ્લવ પાર્શ્વનાથ ભગવાનની પ્રતિષ્ઠા થઈ હશે તેની સાબિતી પરિકરની પલાઠી નીચેનો ખંડ મળી આવ્યો છે. જે પર "સંવત ૧૨૬૩ પ્રતિષ્ઠા કરિતા" એવો લેખ છે. આમ ૨૩૦૦ થી અધિક વર્ષ પ્રાચીન એવા નવપલ્લવ સ્વામી છેલ્લા ૮૦૦ થી અધિક વર્ષોથી માંગરોળ નગરે બિરાજમાન છે.

સવંત ૧૪૮૭માં શ્રી જયસાગર મુનિએ રચેલા એક તીર્થમાલા સ્તવનમાં તેમણે માંગરોળના શ્રી નવપલ્લવ પાર્શ્વનાથને જુહાર્યા છે.

સ્તુતિ

નવપલ્લવિત નિજ અંગુલી કરનાર પ્રભુ,નયને ધરો,મુજ ભાવના મૂર્છિત બની નવપલ્લવિત તેને કરો, માંગરોળ નગરે ઈશ હે જગદીશ તું જગ જાણીતો,શ્રી નવપલ્લવ પ્રભુ પાર્શ્વને ભાવે કરું હું વંદના



Jainam Jayati Shasanam WhatsApp-8898336677

જાપ મંત્ર

ॐ ह्रीं अर्हं श्री नवपल्लव पार्श्वनाथाय नमः

તીર્થનું સરનામું

શ્રી નવપલ્લવ પાર્શ્વનાથ શ્વેતાંબર જૈન તીર્થ,
કંપારી ફળીયા, મુ.પો.માંગરોળ, જિ.જુનાગઢ-૩૬૨૨૨૫
ફોન-૯૭૨૩૭૦૪૨૨૪

ભોજનશાળા તથા ધર્મશાળાની સુંદર વ્યવસ્થા ઉપલબ્ધ છે.

૧૦૮ પાર્શ્વનાથ માંથી ૬૦

બરેજા પાર્શ્વનાથ

ફણારહિત, કૃષ્ણવર્ણા ૩૩ ઇંચ ઊંચા અને ૨૯ ઇંચ પહોળા પદ્માસના રૂઢ શ્રી બરેજા પાર્શ્વનાથ પ્રભુ સૌરાષ્ટ્રના બરેજ તીર્થમાં મૂળનાયક સ્વરૂપે બિરાજમાન છે.

એક વાર એક સાર્થવાહ એક વહાણમાં બેસીને સમુદ્રમાંથી પસાર થઈ રહ્યો હતો. અવિરતપણે વહાણ સમુદ્રમાં ચાલતું હતું. પણ અચાનક વહાણ સ્થંભિત થયું. વહાણ સ્થંભિત થવાનું કારણ આ સાર્થવાહને ન સમજાયું. વિસ્મયના વહેણમાં તે તણાવા લાગ્યો. પણ તેનો વિસ્મય વધુ સમય ન ટક્યો. વહાણ સ્થંભિત થવાનાં કારણોની તે તપાસ કરવા લાગ્યો,ત્યારે તે સમુદ્રના જળમાંથી એક મનોરમ્ય જિનબિંબ તેને પ્રાપ્ત થયું. આ બિંબને નિરખીને તે હરખિત થયો.

આ પરમાત્માને પેખીને તેના નયનો નૃત્ય કરવા લાગ્યા. હૈયું હર્ષના હિલોરે ચડયું અને મનમયૂર દિવ્ય આનંદની મનોહર સૃષ્ટિમાં વિહરવા લાગ્યો.

તેણે આ પ્રતિમાને બલેજા ગામમાં પધરાવ્યાં. એક મનોહર જિનપ્રાસાદના મૂળનાયક પદે આ પરમાત્મા વિભૂષિત થયા. આ પ્રભુજીના પ્રભાવ અને ચમત્કારના અનુભવો શ્રદ્ધાળુઓને થયાં છે.

આ જિનપ્રાસાદ અત્યંત રમમીય અને મનોહર છે. તીર્થ ઘણું પ્રાચીન છે. વર્તમાન જિનાલય સં.૧૯૦૦ માં શેઠ ભીમજી કલ્યાણજી પોરબંદરવાળાએ બંધાવ્યું હતું. સંવત ૧૯૦૫ ના મહા વદ ૩ ના દિને શ્રી જિનેશ્વરસૂરીશ્વરજીના હસ્તે આ જિનાલયની પ્રતિષ્ઠા થઈ હતી.

ગામના નામ પરથી આ પાર્શ્વનાથ 'શ્રી બરેજા પાર્શ્વનાથ' નામથી ઓળખાય છે.

સ્તુતિ

આલમ આખી નાથ તુજને દેવ સાચો માનતી,છો શામળા પણ નાથ તારી ધવલ કીર્તિ જામતી,જે બરેજે બળવંત બેઠો, મોહબળને તોડવા, શ્રી બરેજા પ્રભુ પાર્શ્વને ભાવે કરું હું વંદના

જાપ મંત્ર

ૐ હ્રીં અર્હં શ્રી બરેજા પાર્શ્વનાથાય નમઃ

તીર્થનું સરનામું

શ્રી બરેજા પાર્શ્વનાથ શ્વેતાંબર જૈન તીર્થ,

મુ.પો. બરેજા, જિ.જુનાગઢ

ફોન-૯૦૧૬૬૭૬૬૧૧

ભોજનશાળા તથા ધર્મશાળાની સુંદર વ્યવસ્થા ઉપલબ્ધ છે.



૧૦૮ પાર્શ્વનાથ માંથી ૬૧

અમૃતઝરા પાર્શ્વનાથ

Shri Amrutzara Parshvnath - Jam Bhanvad
Jainam Jayati Shasanam WhatsApp-8898336677

સૌરાષ્ટ્રના જામનગર જિલ્લાના ભાણવડ ખાતે શ્રી અમૃતઝરા પાર્શ્વનાથજી મુખ્ય અને એકમાત્ર તીર્થ આવેલું છે.

ભાણવડ થી બે કિલોમીટરના અંતરે આવેલા આ તીર્થની કલાકારીગરી અદ્ભુત છે.

હાલમાં જામ ભાણવડની ભાણવડ તરીકે ઓળખવામાં આવે છે. પ્રાચીન ગ્રંથોમાં 'ભાનુવડ ગ્રામ' તરીકે આ સ્થળનો ઉલ્લેખ છે. પ્રાચીનકાળમાં આ ગામ સમૃદ્ધિની છોળો ઉછળતી નગરી હતી. તેમ જાણવા મળે છે.

શ્વેત વર્ણનાં, પદ્માસનસ્થ, ફણારહિત શ્રી અમૃતઝરા પાર્શ્વનાથજી ની પ્રતિમાજીની ઊંચાઈ ૧૮ ઇંચ અને પહોળાઈ ૧૪ ઇંચની છે. ચાંપસી નામના શ્રેષ્ઠીએ આ પાર્શ્વનાથ પ્રભુના આ ભવ્ય જિનાલયનું નિર્માણ કરાવ્યું હતું.

વિક્રમ સંવત ૧૬૨૨ ના ફાગણ સુદ બીજના દિવસે આ નૂતન જિનાલયમાં આચાર્ય ભગવંત શ્રી જિનરાજસુરીશ્વરજી મહારાજ ના વરદ હસ્તે શાહ ધારશી રાજશી દ્વારા શ્રી અમૃતઝરા પાર્શ્વનાથજીને ગાદી નશીન કરવામાં આવ્યા હતા. એ વખતે ૮૦ જિનબિંબોની પ્રતિષ્ઠા કરાઇ હતી.

આ તીર્થની પ્રતિષ્ઠા કરાવનાર આચાર્ય ભગવંત શ્રી જીવરાજસૂરીશ્વરજી મહારાજે શ્રી અમૃતઝરા પાર્શ્વનાથજીની સ્તુતિ મુક્ત મને ગાઈ છે. શ્રી અમૃતઝરા પાર્શ્વનાથજી ની પ્રતિમાજી અલૌકિક અને દિવ્ય છે. પરમાત્માની સેવા પૂજા કરવાથી સઘળાં મનોરથો પરિપૂર્ણ થયાના અનેક દ્રષ્ટાંતો છે.

સંસ્કૃત ભાષામાં આ પાર્શ્વનાથને 'અમૃતશ્રાવી પાર્શ્વનાથ' જણાવેલ છે. વિક્રમ સંવત ૧૯૫૧માં આ તીર્થનો જીર્ણોદ્ધાર થયો છે. પૂજ્ય મુનિ ભગવંતો એ શ્રી અમૃતઝરા પાર્શ્વનાથજી ની સ્તુતિ પોતાની પ્રાચીન રચનાઓમાં કરી છે.

સ્તુતિ

અમૃત ઝરે તુજ મુખથી મુજ આતમા ભીંજાવજે,ને અમરપદ આપી પ્રભુ તું દેવાધિદેવ કહાવજે, જે સ્વપ્ન આપી ભાવિકના શ્રદ્ધા કમલ વિકસાવતા,શ્રી અમૃતઝરા પ્રભુ પાર્શ્વને ભાવે કરું હું વંદના

જાપ મંત્ર

ૐ હ્રીં અર્હં શ્રી અમૃતઝરા પાર્શ્વનાથાય નમઃ

તીર્થનું સરનામું

શ્રી અમૃતઝરા પાર્શ્વનાથ શ્વેતાંબર જૈન તીર્થ,
મુ.પો.જામભાણવડ, જિ.જામનગર
ફોન-૯૪૨૮૧૨૬૫૧ / ૦૨૮૯૬-૨૩૪૦૪૭
ભોજનશાળા સુંદર વ્યવસ્થા ઉપલબ્ધ છે.

Jainam Jayati Shasanam WhatsApp-8898336677

૧૦૮ પાર્શ્વનાથ માંથી ૬૨

સપ્તફણા પાર્શ્વનાથ

Shri Saptfana Parshvnath - Moti Bhalsan
Jainam Jayati Shasanam WhatsApp-8898336677

સાત ફણા અલંકૃત, શ્વેતવર્ણા પાષાણના ૨૦ ઇંચ ઊંચા અને ૧૬.૨૫ ઇંચ પહોળા પદ્માસનારૂઢ શ્રી સપ્તફણા પાર્શ્વનાથ પ્રભુ જામનગર જીલ્લાના મોટી ભલસાણ તીર્થમાં બિરાજમાન છે.

ભલસાણના શ્રી પાર્શ્વનાથપ્રભુ શ્રી સપ્તફણા પાર્શ્વનાથના વિશિષ્ટ નામથી પ્રસિદ્ધ છે. પારકર દેશથી સ્થળાંતર કરી અનેક જૈનો ભલસાણમાં આવીને વસ્યા. આ જૈનોમાં રાયશી શાહ અને વર્ધમાન શાહ નામના બે આગેવાન શ્રેષ્ઠી હતા. તેઓએ ભલસાણમાં સં.૧૫૪૦માં એક સુંદર જિનાલયનું નિર્માણ કરાવ્યું. આ જિનાલયમાં સાત મનોહર ફણાથી અલંકૃત શ્રી પાર્શ્વનાથ ભગવાન સહિત અનેક બિંબોને સ્થાપિત કર્યા. સાતફણાને હોવાથી સપ્તફણા પાર્શ્વનાથ નામથી પ્રસિદ્ધ થયા.

શ્રી પ્રેમવિજયકૃત ૩૬૫ શ્રી પાર્શ્વજિન નામમાલા માં સપ્તફણા નામનો પણ ઉલ્લેખ કરવામાં આવ્યો છે.

કારતક વદ ૮ના પ્રતિષ્ઠા દિનને શ્રી સંઘ પ્રતિવર્ષ ઉજવે છે.

રાયશી શાહ અને વર્ધમાન શાહ નામના શ્રેષ્ઠીએ ૧૫૪૦માં જિનચૈત્ય નિર્માણ કરી સાતફણા યુક્ત પાર્શ્વપ્રભુ પધરાવતા તે સપ્તફણાના નામથી પ્રસિદ્ધ બન્યા.

સ્તુતિ

હે સપ્તફણા પ્રભુપાર્શ્વજી મુજ સાત ભય નિવારજો,ભલસાણથી મુજ મોહને હે નાથ પાઠ ભણાવજો,તુજ દર્શની ઈચ્છા ઘરે તે દેવ બની પણ આવતા,શ્રી સપ્તફણા પ્રભુ પાર્શ્વને ભાવે કરું હું વંદના

જાપ મંત્ર

ૐ હ્રીં અર્હં શ્રી સપ્તફણા પાર્શ્વનાથાય નમઃ

Jainam Jayati Shasanam WhatsApp-8898336677

તીર્થનું સરનામું
શ્રી સપ્તફણા પાર્શ્વનાથ શ્વેતાંબર જૈન તીર્થ,
મુ.પો.મોટી ભલસાણ, જિ.જામનગર
ફોન-૯૦૯૯૨૧૪૭૨૪ / ૯૯૨૪૩૪૮૮૪૫ શ્રી મહેન્દ્રભાઈ મેનેજર
૯૪૦૯૪૧૧૩૦૬ શ્રી રાજુભાઈ વોરા ટ્રસ્ટી

ભોજનશાળા નથી કાયમી ભાતૂ આપવામા આવે છે. ઉતરવાની વ્યવસ્થા છે.

૧૦૮ પાર્શ્વનાથ માંથી ૬૩
ભાભા પાર્શ્વનાથ

સપ્તફણાથી અલંકૃત, કૃષ્ણવર્ણ, પદ્માસને બિરાજતાં ૪૭ ઈંચ ઉંચા અને ૪૦ ઇંચ પહોળા શ્રી ભાભા પાર્શ્વનાથ પ્રભુ જામનગરના જિનાલયમાં બિરાજમાન છે.
આ નગરનું સૌંદર્ય આંખોને આનંદિત કરી દે છે. આ નગરની બાંધણી અંતરમાં આકર્ષણ ઊભું કરે છે. એવા જામનગર પાસે પ્રાચીનતા નથી. પણ પ્રેમાળતા ઘણી છે. સૌંદર્યપૂર્ણ આ નગરીનાં જિનાલયો તો જાણે સૌંદર્યનો પરમ શણગાર છે. તે જિનાલયોની કલાત્મક કોરણીઓમાં ભૂલા પડી જવાની મજા માણવા જેવી છે . ચોરીવાળા દેરાસર તરીકે ઓળખાતા જિનમંદિરમાં શ્રી ભાભા પાર્શ્વનાથની મનોહર મૂર્તિ શોભે છે.
અચલગચ્છીય આચાર્ય શ્રી કલ્યાણસાગરસૂરિના ઉપદેશથી શ્રી સંઘે સં.૧૬૭૮ ના વૈશાખ સુદ ૮ ને રવિવારે આ બિંબની પ્રતિષ્ઠા કરાવી હતી.
ઉત્તર ગુજરાતમાં તથા સૌરાષ્ટ્રમાં ઘરના વડીલની વડીલાઈ અનુસાર તેમને ભા શબ્દથી બહુમાનવામાં આવે છે. વ્યવહારમાં વપરાતા આવા અત્યંત બહુમાન વાચી શબ્દને બેવડાવીને શબ્દને અત્યંત બહુમાન વાચી બનાવવામાં આવ્યો. આવો મજાનો શબ્દ પરમાત્મા સાથે જોડી દેવામાં આવ્યો. ભાભાની આંખોમાંથી નીતરતા વ્હાલને માણવાની મજા પણ ઓર છે.
જામનગર સૌરાષ્ટ્રનું એક મહત્વનું શહેર અને જિલ્લાનું મુખ્ય મથક છે. લશ્કરી છાવણીનું પણ કેંદ્ર છે. શહેર અદ્યતન અને રળિયામણું છે. અહીંના જિનાલયો શત્રુંજયની ટૂંકોની યાદ અપાવે છે. અહીંનાં જિનાલયો ભવ્ય અને મનોહર છે. મનોહર બિંબોને નીરખતા અત્યંત આહ્લાદ ઊપજે છે. અહીંના જિનાલયોનું રંગકામ આકર્ષક છે.
ગામમાં કુલ ૧૬ દેરાસરો છે. જૈનોની વિપુલ વસતી છે. સૂરિ ભગવંતો તથા મુનિ ભગવંતોના આવાગમન તથા ચાતુર્માસો અહીં નિરંતર થાય છે. અહીંની ખ્યાતનામ સંસ્કૃત પાઠશાળાનો લાભ લેવા સાધુ-સાધ્વી ભગવંતો અહીં ખાસ સ્થિરતા કરે છે. .
નયનરમ્ય આ ભાભા પાર્શ્વનાથ દાદા ભય હરનારા ગણાય છે.

સ્તુતિ

સુગઠિત તમારી દેહયષ્ટિ કર્મકષ્ટિ કાપતા,તુજ ભામણા લેતી સમષ્ટિ પાર્શ્વ ભાભા ઓપતા,જે જામનગરે જાગતા જીવમૈત્રીને રેલાવતા,શ્રી ભાભા પ્રભુ પાર્શ્વને ભાવે કરૂં હું વંદના

જાપ મંત્ર

ૐ હ્રીં અર્હં શ્રી ભાભા પાર્શ્વનાથાય નમઃ



તીર્થનું સરનામું
શ્રી ભાભા પાર્શ્વનાથ શ્વેતાંબર જૈન તીર્થ,
ચોકમાં, ચોરીવાળુ દેરાસર, મુ.જામનગર ૩૬૦૦૦૧
ફોન:૦૨૮૮-૨૬૭૮૯૨૩ / ૦૨૮૮-૨૫૫૫૯૪૬

ભોજનશાળા તથા ધર્મશાળાની સુંદર વ્યવસ્થા ઉપલબ્ધ છે.

૧૦૮ પાર્શ્વનાથ પ્રભુનો ઇતિહાસ અને ત્યાં કઈ રીતે પહોંચવું.... ભાગ-૧૪

કુલ્લ ૬૩ પાર્શ્વનાથ પ્રભુના દર્શન થયા. હવે ભદ્રેશ્વર અને સુથરી માં આવેલ ૨ તીર્થોની યાત્રા કરીશું..... અહીં ગુજરાતમાં આવેલ તીર્થોની યાત્રા પુરી થશે... ત્યારબાદ રાજસ્થાન તરફ પ્રયાણ કરીશું...

સૌ પ્રથમ ગાંધીધામ પહોંચવું ત્યાંથી ભદ્રેશ્વર ૩૯ કિ.મી. અને ત્યાંથી સુથરી ૧૩૬ કિ.મી. અંતરે આવેલ છે. ગાંધીધામ પહોંચવા મુંબઈથી કચ્છ એક્સપ્રેશ અને સયાજી એક્સપ્રેશ ડેઇલી ટ્રેનની સુવિધા છે. સુરત, વડોદરા, અમદાવાદ થઈ આ બંને ટ્રેનો જાય છે...

૬૪-શ્રી ભદ્રેશ્વર પાર્શ્વનાથ
ભદ્રેશ્વર

૬૫-શ્રી ઘૃતકલ્લોલ પાર્શ્વનાથ
સુથરી

==========

ભગવાન પાર્શ્વનાથના જીવનો બીજો અને ત્રીજો ભવ

(૨) યૂથપતિ ગજ- આર્ત્તધ્યાનવશ આયુષ્ય પૂર્ણ થવાથી મરુભૂતિનો જીવ વિંધ્યાચળની અટવિમાં હાથીઓનો સ્વામી ગજરાજ થયો. કમઠની પત્ની વરુણા ત્યાંથી કાળ કરીને યૂથપતિ ગજરાજની પ્રિયા હસ્તિની થઈ.

આ બાજુ રાજાએ જ્યારે કમઠ દ્વારા મરુભૂતિની હત્યાના સમાચાર સાંભળ્યા ત્યારે રાજાને પણ સંસારની સ્વાર્થપરાયણતા અને વિષયાંધપણાથી વિરક્તિ થઈ. તેથી તેણે સંયમ ગ્રહણ કર્યો. ઉત્કૃષ્ટ સાધના કરતાં તેઓ એક દિવસ તે જ અટવીમાં ધ્યાનમુદ્રામાં ઊભા હતા. ત્યારે મરુભૂતિનો જીવ કે જે હાથી બનેલ હતો. તે ત્યાં આવી પહોંચ્યો. મુનિને ધ્યાનમુદ્રામાં જોઈને તેને જાતિસ્મરણજ્ઞાન થયું. પૂર્વજન્મનું સ્મરણ કરીને ગજરાજે મુનિ પાસે શ્રાવકધર્મનો સ્વીકાર કર્યો.
એકવાર વનમાં ભયંકર અગ્નિપ્રકોપ થયો. આખુંએ વન બળવા લાગ્યું ત્યારે પોતાના પ્રાણ બચાવવાને માટે હાથીએ સરોવરમાં પ્રવેશ કર્યો. ત્યાં કમઠનો જીવ કે જે કુર્કુટ જાતિનો સર્પ બનેલ હતો. તે આકાશમાં ઊડતો ત્યાં આવ્યો અને હાથીને જોઈને તેનું વેર જાગૃત થઈ ગયું. ક્રોધવશ હાથીના માથા ઉપર ડંસ માર્યો કે જેના ઝેરથી ગજરાજનું આખું શરીર વિષમય બની ગયું તો પણ હાથીએ સમભાવપૂર્વક વેદના સહન કરી સમભાવમાં જ આયુષ્ય પૂર્ણ કર્યું.

(૩) આઠમા દેવલોકમાં: આયુષ્ય પૂર્ણ કરીને મરુભૂતિનો જીવ આઠમા સહસ્રાર નામના દેવલોકમાં ઉત્પન્ન થયો.

૧૦૮ પાર્શ્વનાથ માંથી ૬૪
ભદ્રેશ્વર પાર્શ્વનાથ



Shri Bhadreshwar Parshwnath - Bhadreshwar
Jainam Jayati Shasanam WhatsApp-8898336677

ભદ્રેશ્વર તીર્થમાં શ્વેત મનોહર બાવન દેવકુલિકાઓથી શોભતા ભવ્ય જિનપ્રાસાદની ૨૫મી દેરીમાં જૂના મૂળનાયક શ્રી પાર્શ્વપ્રભુની અનુપમ જિનમૂર્તિ બિરાજમાન છે. શ્યામ પાષાણના આ પ્રતિમાજી પ્રાચીન છે. અને પ્રભાવક છે. ૨૭ ઈંચ ઊંચા આ પ્રતિમાજીના મસ્તકે ફણા નથી. વર્તમાનમાં નૂતન પરિકરના સાથે ફણાને જોડ્યા છે .
ભગવાન મહાવીરના સમયમાં આ સ્થળ ભદ્રાવતી નગરી તરીકે ઓળખાતું હતું. જેને ખૂબ સમૃદ્ધ નગર તરીકે ઓળખવામાં આવતું હતું. આજે ભદ્રેશ્વર વસઈ નામથી આ સ્થળ જાણીતું છે.
આશરે ૨૫૦૦ વર્ષ પૂર્વે ૨૪માં તીર્થંકર મહાવીરસ્વામીના નિર્વાણ પછી ભદ્રાવતી નગરીના રાજા સિદ્ધસેનની સહાયથી દેવચંદ શ્રાવકે આ તીર્થનું શિલારોપણ કર્યું હતું. ત્યાર બાદ કપિલ કેવળી મુનિવરે ભગવાન પાર્શ્વનાથની પ્રતિમા પ્રતિષ્ઠિત કરી હતી. આ પ્રતિમા શામળિયાજી પાર્શ્વનાથ તરીકે પણ ઓળખાય છે.
ભૂતકાળમાં ભદ્રેશ્વર તીર્થ કુદરતી તેમ જ માનવસર્જિત અનેક મુસીબતોનો સામનો કરી ચૂક્યું હોવાથી અનેક વખત મૂર્તિને નુકસાન પહોંચ્યું હતું. તેમ જ અનેક વખત મંદિરનો જીર્ણોદ્ધાર કરવાનો પણ વખત આવ્યો હતો. કોઈ વખત ઠાકોરોના લીધે તો કોઈ વખત બાવાઓને લીધે તો ક્યારેક મુસ્લિમ શાસકોને લીધે ભદ્રેશ્વર પર અવારનવાર સંકટનાં વાદળ ફરતાં રહ્યાં હતાં. આજે ઉન્નતિના શિખર પર આરૂઢ બનેલી આ તીર્થ ભૂમિએ ચડતી અને પડતીના અનેક રંગોને નિહાળ્યા છે.
મહારાજા સંપ્રતિ , કનક ચાવડા , મહારાજા કુમારપાળ , વસ્તુપાલ તેજપાલ વગેરેએ આ તીર્થનો જીર્ણોદ્ધાર કરી તેના ગૌરવ અને પ્રસિદ્ધિમાં વૃદ્ધિ કરી હતી.
જૈન ઈતિહાસમાં પોતાનાં નૈષ્ઠિક બ્રહ્મચર્યની પવિત્રતાથી અમર બની ચૂકેલા વિજયશેઠ અને વિજયાશેઠાણી નું વતન બનાવવાનું સૌભાગ્ય આ ભદ્રેશ્વરને જ મળેલું છે.
વિ.સં.૧૩૧૩ થી ત્રણ વર્ષ સુધી સમગ્ર કચ્છમાં ભયાનક દુષ્કાળ પડયો હતો. આ દુષ્કાળ સમયે જગડુશાહએ દાખવેલું ઔદાર્ય જગપ્રસિદ્ધ છે. આ ખ્યાતનામ શ્રેષ્ઠીએ આ તીર્થની ઉન્નતિ અને ઉદ્ધાર માટે અઢળક સંપત્તિનો સદ્વ્યય કર્યો હતો.
વિશાળ ધર્મશાળાના પંટાગણમાં મધ્ય સ્થાને આ ભવ્ય જિનપ્રાસાદ અનુપમ શોભાને ધારણ કરે છે. કલાત્મક પ્રવેશદ્વાર , રંગમંડપનાં આકર્ષક અને આબેહૂબ ચિત્રકામ , વિશિષ્ટ પૂજામંડપ અને મનોહર બાવન દેવકુલિકાઓથી આ તીર્થ-યાત્રીઓને અત્યંત આહ્લાદ ઉપજાવે છે. આ તીર્થના મૂળનાયક વર્તમાનમાં શ્રી મહાવીર સ્વામી છે. ભગવાન મહાવીર સ્વામીનું જીવન ચિત્રિત કરેલું છે.
શેઠ વર્ધમાન કલ્યાણજીની પેઢી આ તીર્થનો વહીવટ સંભાળે છે.
આ તીર્થ અત્યંત રળિયામણું છે.

સ્તુતિ

તારી પ્રતિષ્ઠા નાથ કરતા કપિલ કેવલી આવીને,ને નાગરાજને દેવગણ આવી નમે જગનામિને,છો કચ્છના શણગાર ને અણગારના નાયક તમે,શ્રી ભદ્રેશ્વર પ્રભુ પાર્શ્વને ભાવે કરું હું વંદના

જાપ મંત્ર

ૐ હ્રીં અર્હં શ્રી ભદ્રેશ્વર પાર્શ્વનાથાય નમઃ

તીર્થનું સરનામું

શ્રી ભદ્રેશ્વર પાર્શ્વનાથ શ્વેતાંબર જૈન તીર્થ,
મુ.પો. ભદ્રેશ્વર (વસઈ), તા.મુંદ્રા, જિ.કચ્છ(ગુજરાત)
ફોન-૭૮૭૪૪૧૩૦૫૧

Jainam Jayati Shasanam WhatsApp-8898336677

ભોજનશાળા તથા ધર્મશાળાની સુંદર વ્યવસ્થા ઉપલબ્ધ છે.

==========

ભગવાન પાર્શ્વનાથના જીવનો ચોથો, પાંચમો, છઠો, અને સાતમો ભવ

(૪) કિરણવેગ:- ત્યાંથી આયુષ્ય પૂર્ણ કરીને મરુભૂતિનો જીવ જંબુદ્વીપના મહાવિદેહ ક્ષેત્રમાં વિદ્યુતગતિ વિદ્યાધર રાજાને ત્યાં કનકવતી રાણીનો પુત્ર `કિરણવેગ' થયો. યૌવનાવસ્થામાં પોતાની પત્નીઓની સાથે આમોદ-પ્રમોદ તરી રહેલ હતા. ત્યારે સંધ્યાની લાલિમા જોઈને વૈરાગ્ય જાગૃત થયો. દીક્ષા ગ્રહણ કરી મુનિ બન્યા. એક વખત પુષ્કરદ્વીપના વૈતાઢ્ય ગિરિના હિમશૈલ પર્વત ઉપર ધ્યાનારૂઢ હતા. તે વખતે કમઠનો જીવ કે જે આયુષ્ય પૂર્ણ કરીને પાંચમી નરકમાં ગયો હતો અને ત્યાંથી નીકળીને ફરીને સર્પ બન્યો હતો. તેણે ધ્યાનારૂઢ મુનિને જોયા ત્યારે પૂર્વ વૈર-વશ ક્રોધિત થઈને મુનિને ડંખ માર્યો. મુનિએ સમભાવથી આયુષ્ય પૂર્ણ કર્યું.

(૫) અચ્યુત કલ્પમાં: ત્યાંથી મુનિ બારમાં અચ્યુત કલ્પ નામના દેવલોકમાં દેવ બન્યા.

(૬) વજ્રનાભ: બારમા દેવલોકથી ચ્યવીને જંબુદ્વીપના પશ્ચિમ મહાવિદેહમાં શુભંકરા નગરીના અધિપતિ વજ્રવીર્ય રાજાની રાણી લક્ષ્મીવતીના પુત્ર વજ્રનાભ થયા. રાજ્યશ્રીનો ઉપભોગ કરતાં, ક્ષેમંકર તીર્થંકરનો ઉપદેશ સાંભળીને પ્રવ્રજ્યા ગ્રહણ કરી. એક વખત સુકચ્છ વિજયના મધ્યવર્તી જ્વલંત પર્વત ઉપર કાયોત્સર્ગ મુદ્રામાં અવસ્થિત હતા. ત્યાં કમઠનો જીવ કે જે સર્પ હતો. તે ત્યાંથી મરીને પાંચમી નરકમાં ગયો હતો. નરકમાંથી નીકળીને અનેક ભવોમાં પરિભ્રમણ કરતો તે પ્રદેશમાં કુરંગક નામનો ભીલ બન્યો. મુનિને જોઈને પૂર્વ વેર જાગૃત થયું. બાણ માર્યું વાગવાથી મુનિ નીચે પડી ગયા તથા સમભાવથી આયુષ્ય પૂર્ણ કર્યું.

(૭) મધ્યમ ગ્રૈવેયક: મુનિ ત્યાંથી મધ્યમ ગ્રૈવેયકમાં દેવ બન્યા અને કમઠનો જીવ ભીલ, ત્યાંથી મરીને સાતમી નરકમાં ગયો.

૧૦૮ પાર્શ્વનાથ માંથી ૬૫

ધૃતકલ્લોલ પાર્શ્વનાથ

Shri Dhrutkallol Parshvnath - Suthari
Jainam Jayati Shasanam WhatsApp-8898336677

કચ્છના અબડાસા તાલુકાના એક ભવ્ય શિખરબંધી જિનાલયમાં એક કલાત્મક પરિકર વચ્ચે શ્રી ધૃતકલ્લોક પાર્શ્વનાથ શોભે છે. શ્વેતવર્ણનાં આ પ્રતિમાજી પદ્માસને બિરાજે છે. ૧૩ ઈંચ ઊંચા આ પ્રતિમાજી અતિ મનોહર છે. ફણારહિત આ પ્રભુજી ૧૦.૫ ઈંચ પહોળા છે.

લોકમુખે સંભળાતી કેટલીક દંત કથાઓના આધારે આ તીર્થના ઈતિહાસની કડીઓ મળે છે.મજુરી કરીને ગુજરાન ચલાવતા શ્રી મેઘજી ઉડીઆ નામના શ્રાવકના શિરે ખૂબ દેવું થઈ ગયું. આ કરજથી કંટાળેલો આ શ્રાવક આત્મહત્યા કરવા વિચાર્યું પણ એક દિવ્યવાણીએ તેને આપઘાત કરતાં અટકાવ્યો.

તે રાત્રે તેણે સ્વપ્નમાં પોતાના ઉજ્જવળ ભાવિના શુભ સંકેતો નિહાળ્યા. પ્રભાતે સ્વપ્નના સંકેત અનુસાર એક વેપારી પાસેથી તેણે ૨૦૦ કોરી પ્રાપ્ત કરી. તેમાંથી ૧૦૦ કોરીથી તેણે પોતાનું દેવું ચુકવ્યું. બીજી ૧૦૦ કોરી લઈને તે સ્વપ્નના સંકેત અનુસાર ગોધરા ગયો. તે ગામના પૂર્વ દિશાના પાદરે મળેલા હાલારના છીકારી ગામના દેવરાજ વણિક પાસેથી બળદના પોઠિયા ઉપર રહેલી શ્રી પાર્શ્વપ્રભુની અલૌકિક પ્રતિમા વધેલી સો કોરીનું મૂલ્ય ચૂકવીને ખરીદી.

આ પ્રતિમાને પ્રાપ્ત કરીને હર્ષાન્વિત બનેલા શ્રી મેઘજી ઉડીઆએ પ્રતિમાજીને સુથરી લાવીને પોતાના ઘરમાં રોટલા રાખવાના કોઠામાં બિરાજમાન કર્યા. આ પરમાત્માની તે નિત્ય શ્રદ્ધાપૂર્વક પૂજા કરવા લાગ્યો. આ પ્રતિમાજી પર ગામના અન્ય શ્રાવકો પણ શ્રદ્ધાયુક્ત અને ભક્તિવાળા થયા.

આ ગામના શ્રી મેઘણશા નામના એક શ્રીમંત શ્રેષ્ઠીએ એકદા સમગ્ર જ્ઞાતિના મોટા જમણવારનું આયોજન કર્યું. ધારણા કરતાં માનવ સમુદાય વધુ એકત્ર થયો અને રસોઈ ખૂટી જતાં લાજ જાય તેવી પરિસ્થિતિનું નિર્માણ થયું. મૂંઝાયેલા શ્રેષ્ઠીએ આ પાર્શ્વપ્રભુને પોતાની લાજ રાખવા પ્રાર્થના કરી. તેણે આ પ્રતિમાજીને ઘીના ગાડવામાં બિરાજમાન કર્યા. પ્રતિમાના અપૂર્વ પ્રભાવે બધી રસોઈ વધી ગઈ અને જમણવાર સુખરૂપ પૂર્ણ થયો. ગાડવામાંથી ગમે તેટલું ઘી કાઢવા છતાં ખૂટયું નહિ. પ્રતિમાના આ ચમત્કારને જન સમુદાયને આ ભગવાને ઘીનો કલ્લોલ કરાવ્યો. આ પ્રસંગથી ઓવારી ગયેલા ભક્તિઘેલા શ્રાવકોએ પરમાત્માને ધૃતકલ્લોલ નામથી નવાજયા.

સં.૧૭૨૧ માં આ પ્રભાવક પ્રતિમાજી શ્રી સંઘને સોંપવામાં આવ્યા. સંઘે પરમાત્માને એક કાષ્ટમંદિરમાં પધરાવ્યા. ત્યાર બાદ પાષાણના એક ભવ્ય અને મનોહર જિનાલયનું નિર્માણ થયું. સં.૧૮૯૬ના વૈશાખ સુદ ૮ ના દિવસે પરમાત્માને આ નૂતન જિનાલયમાં ગાદીનશીન કરવામાં આવ્યા. અબડાસાની પંચતીર્થીનું આ પાવન તીર્થ વર્તમાનમાં ખૂબ પ્રસિદ્ધ પામ્યું છે.

આ પ્રતિમાજી સંપ્રતિકાલીન છે. પૂર્વે તે હાલારના છીકારી ગામમાં બિરાજમાન હતાં. અચલગચ્છાધિપતિ શ્રી કલ્યાણસાગરસૂરીશ્વરજીના હસ્તે છીકારીમાં આ પ્રતિમાની પ્રતિષ્ઠા થઈ હોવાનું કહેવાય છે.

કલાત્મક પ્રવેશદ્વારથી યુક્ત આ જિનાલય અનેક શિખરોથી શોભાયમાન છે. ઉપર શ્રી સુમતિનાથ શ્રી નેમિનાથ શ્રી શ્રેયાંશનાથ અને શ્રી કુંથુનાથ ભગવાન ચૌમુખજીમાં બિરાજમાન છે. મંદિરના શિખરની પાછળ નૂતનનિર્મિત બીજા શિખરબંધી જિનાલયમાં

અ થી શરૂ થતાં શ્રી આદિનાથ પ્રભુ , શ્રી અજિતનાથ , શ્રી અરનાથ પ્રભુ બિરાજમાન છે. નવનિર્મિત આરીશા ભવનમાં ચૌમુખજી જિનાલયમાં જીરાવલ્લા પાર્શ્વનાથ બિરાજમાન છે.

સ્તુતિ

ધૃતપૂરિત ભાજનને વિષ ભગવાન જે કલ્લોલતા,ને લાજ રાખી સંધની દુષ્કાળને ડોલાવતા,જે કચ્છ સુથરીમાં બિરાજે લાડકા લલચામણા,શ્રી ધૃતકલ્લોલ પ્રભુ પાર્શ્વને ભાવે કરું હું વંદના

Jainam Jayati Shasanam WhatsApp-8898336677

જાપ મંત્ર

ૐ હ્રીં અર્હં શ્રી ધૃતકલ્લોલ પાર્શ્વનાથાય નમઃ

તીર્થનું સરનામું

શ્રી ધૃતકલ્લોલ પાર્શ્વનાથ શ્વેતાંબર જૈન તીર્થ,
મુ.પો.સુથરી, તા.અબડાસા, જિ.કચ્છ
ફોન-૦૨૮૩૧-૨૮૪૨૨૩ / ૯૭૨૬૨૧૩૮૨૭

ભોજનશાળા તથા ધર્મશાળાની સુંદર વ્યવસ્થા ઉપલબ્ધ છે.

==========

ભગવાન પાર્શ્વનાથના જીવનો આઠમો, નવમો અને દશમો ભવ

(૮) સુવર્ણ બાહુ ચક્રવર્તી: મધ્યમ ગ્રૈવેયકથી આયુષ્ય પૂર્ણ કરીને મરુભૂતિનો જીવ જંબુદ્વીપ પૂર્વના મહાવિદેહમાં શુભંકર વિજયના પુરાણપુરમાં કુશલબાહુ રાજાની સુદર્શના રાણીના પુત્ર સુવર્ણ બાહુ ચક્રવર્તી બન્યો. ષટ્‌ખંડના રાજ્યનો ઉપભોગ કર્યા પછી સંયમ ગ્રહણ કર્યો અને ઉગ્ર તપ સાધના કરી. તીર્થંકર નામ ગોત્ર ઉપાર્જન યોગ્ય વીસ સ્થાનકોનાં સેવન કર્યા. એક વખત નિર્જન વનમાં કાયોત્સર્ગ કરીને ઊભા હતા. કમઠનો જીવ સાતમા નરકથી નીકળીને તે જ અરણ્યમાં સિંહ બન્યો હતો. તેણે ધ્યાનસ્થ મુનિને જોયા. પૂર્વ વૈર જાગૃત થયું. મુનિ ઉપર ઝાપટ મારી. મુનિએ તે પીડાને સમભાવપૂર્વક સહન કરીને અત્યંત શુદ્ધ પરિણામોની સાથે આયુષ્ય પૂર્ણ કર્યું.

(૯) દશમા દેવલોકમાં: મુનિ કે જે મરુભૂતિનો જીવ હતો તે ત્યાંથી આયુષ્ય પૂર્ણ કરીને દસમા દેવલોકમાં વીસ સાગરના આયુષ્યવાળો દેવ બન્યો. કમઠનો જીવ કે જે સિંહ હતો તે મરીને નરકમાં ગયો.

(૧૦) પાર્શ્વનાથ: મરુભૂતિનો જીવ દસમા દેવલોકમાંથી ચ્યવીને વારાણસી નગરીમાં અશ્વસેન રાજાની રાણી વામાદેવીની કુક્ષિમાં ભગવાન પાર્શ્વનાથના રૂપમાં અવતરિત થયો.

૧૦૮ પાર્શ્વનાથ પ્રભુનો ઇતિહાસ અને ત્યાં કઈ રીતે પહોંચવું.... ભાગ-૧૫

કુલ્લ ૬૫ પાર્શ્વનાથ પ્રભુના દર્શન થયા અહીં ગુજરાતમાં આવેલ તીર્થોની યાત્રા પુરી થઇ હવે રાજસ્થાનમાં આવેલ ૧૦૮ પૈકીના ૨૬ પ્રભુ પાર્શ્વનાથના તીર્થોની યાત્રા કરીશું...

સૌ પ્રથમ જેસલમેર પહોંચવું જેસલમેર પહોંચવા મુંબઈથી જેસલમેર એક્સપ્રેશ દ્વારા ટ્રેનની સુવિધા દર શુક્રવારે ઉપલબ્ધ છે.

જેસલમેર થી સંકટહરણ
૨ કિલોમીટર

જેસલમેર થી લોદ્રવાજી
૭ કિલોમીટર

લોદ્રવાજી થી નાકોડા
૨૪૦ કિલોમીટર

નકોડાથી જાલોર
૧૦૦ કિલોમીટર

રાત્રી રોકાણ કરી શકાય

જાલોર થી નૂનગામ
૨૮ કિલોમીટર

નૂનગામ થી ભિનમાલ
૪૦ કિલોમીટર

ભિનમાલ થી જીરાવલ્લા
૫૮ કિલોમીટર

જીરાવલ્લા થી આબુ
૪૫ કિલોમીટર

(આબુથી મુંબઇ પાછું આવી શકાય અથવા બીજા પાર્શ્વનાથ જિનાલયની યાત્રા કરી શકાય....વધુ વિગત હવે પછી.....)
==========
૬૬-શ્રી સંકટહરણ પાર્શ્વનાથ
જેસલમેર

૬૭-શ્રી લોદ્રવા પાર્શ્વનાથ
લોદ્રવાજી

૬૮-શ્રી નાકોડા પાર્શ્વનાથ
નાકોડાજી

૬૯-શ્રી કુંકુમરોલ પાર્શ્વનાથ
જાલોર

૭૦-શ્રી આશાપુરણ પાર્શ્વનાથ
નૂનગામ

૭૧-શ્રી ભયભંજન પાર્શ્વનાથ
ભિનમાલ

૭૨-શ્રી જીરાવલ્લા પાર્શ્વનાથ
જીરાવલ્લાજી

==========

પુરુષાદાનીય અર્હંત પાર્શ્વનાથ ચરિત્ર ભાગ - ૧

(ભગવાન પાર્શ્વનાથનો જીવ વામામાતાની કુક્ષી માં)

તે કાળે તે સમયે પુરુષાદાનીય અર્હંત પાર્શ્વ જ્યારે ગ્રીષ્મ ઋતુનો પ્રથમ માસ, પ્રથમ પક્ષ અર્થાત્ ફાગણ માસના નો કૃષ્ણપક્ષ હતો તે ફાગણ વદ ૪ ના દિવસે વીસ સાગરોપમના આયુષ્યવાળા પ્રાણત નામના કલ્પથી આયુષ્ય પૂર્ણ કરીને, દિવ્ય આહાર, દિવ્ય જન્મ અને દિવ્ય શરીર છૂટતાં જ શીઘ્ર ચ્યવન કરીને આ જંબૂદ્વીપના ભારતવર્ષની વારાણસી નગરીમાં અશ્વસેન રાજાની રાણી વામાદેવીની કુક્ષિમાં જ્યારે રાત્રિનો પૂર્વ તે ભાગ સમાપ્ત થઈ રહ્યો હતો અને પાછલો ભાગ પ્રારંભ થઈ રહ્યો હતો, તે સંધિવેળાએ-મધ્યરાત્રિમાં વિશાખા નક્ષત્રનો યોગ થતાં જ ગર્ભરૂપમાં ઉત્પન્ન થયા.

==========

શ્રી પાર્શ્વનાથ ભગવાન ની થોય

પાસજિણંદા વામાનંદા, જબ ગરભે ફળી,
સપના દેખે અર્થ વિશેષ, કહે મધવા મળી;
જિનવર જાયા સુર કુલરાયા, હુઆ રમણી પ્રિયે,
નેમિરાજી ચિત વિરાજી,વિલોકિત વ્રત લીયે.

૧૦૮ પાર્શ્વનાથ માંથી ૬૬
સંકટહરણ પાર્શ્વનાથ



પાંચફણાથી અલંકૃત, પાષાણના પદ્માસને બિરાજેલા ૬ ઈંચ ઉંચા અને ૬ ઈંચ પહોળા શ્રી સંકટહરણ પાર્શ્વનાથ પ્રભુ જેસલમેરના કોઠારીપાડામાં શિખરબદ્ધ જિનાલયમાં બિરાજમાન છે.

જેસલમેરની સ્થાપના થઇ ત્યારથી જ તે જૈનોના તીર્થ તરીકે અસ્તિત્વમાં આવેલું છે. તેથી અહીંના કેટલાંક જિનાલયો આ નગર જેટલાજ પ્રાચીન છે. મંદિરમાં ભોંયતળિયે બે ગભારા છે. એક ગભારામાં શ્રી સુપાર્શ્વસ્વામી તથા બીજા ગભારામાં શ્રી સીમંધરસ્વામી મૂળનાયક પદે બિરાજમાન છે. આ જિનાલયના માળ ઉપરના એક ગભારામાં શ્રી ગોડી પાર્શ્વનાથજી, બીજા ગભારામાં શ્રી સંકટહરણ પાર્શ્વનાથજી મૂળનાયક રૂપે છે. ભવ્યજનોનાં એક ભક્તજનોનાં સર્વ સંકટોનું હરણ કરીને સર્વ સંપત્તિ આપનાર હોવાથી આ પ્રભુજીનું શ્રી સંકટહરણ પાર્શ્વનાથ તરીકે પ્રસિદ્ધિ પામ્યા.

આ જિનાલયના એક મોટા પીળા પથ્થર ઉપર ૪૦ પંક્તિઓની મોટી પ્રશસ્તિ ઉત્કીર્ણ છે. તે પ્રશસ્તિ અનુસાર સં.૧૮૬૮ના વૈશાખ સુદ ૩ ના દિવસે શ્રી સંઘે આ જિનાલયની પ્રતિષ્ઠા કરાવી હતી.

સ્તુતિ

સંકટહરી સહુ ભક્તના જે વાંછિતોને આપતો,જે હૃદયમાં સ્થાપે તને, તેને મુક્તિપદમાં સ્થાપત્યો, મુજ મોહન ચોરને ઝેર કરતો નાથ જેસલમેરનો,શ્રી સંકટહરણ પ્રભુ પાર્શ્વને ભાવે કરું હું વંદના

જાપ મંત્ર

ॐ ह्रीं अर्हं श्री संकटहरण पार्श्वनाथाय नमः

તીર્થનું સરનામું

શ્રી સંકટહરણ પાર્શ્વનાથ શ્વેતાંબર જૈન તીર્થ,
કોઠારી પાડો, મુ.પો.જેસલમેર, રાજસ્થાન
ફોન-૯૪૬૦૩૭૩૧૪૨ મેનેજર / ૯૬૦૨૩૯૭૧૬૫ પુજારી

ભોજનશાળા તથા ધર્મશાળાની સુંદર વ્યવસ્થા ઉપલબ્ધ છે.

૧૦૮ પાર્શ્વનાથ માંથી ૬૭

લોદ્રવા પાર્શ્વનાથ


Shri Lodurva Parshvnath-Lodurva
Jainam Jayati Shasanam WhatsApp-8898336677

સહસ્ત્રફણા, કૃષ્ણવર્ણા કામણગારા પ્રતિમાજી એ કસોટીના પાષાણમાંથી નિર્મિત કમનીય કલાકૃતિ છે. ૩૦ઈંચ ઊંચા ત્રિલોક નાથ શિવલક્ષ્મીને આકર્ષિત કરવાની એક મનોહર શૃંખલા છે. આ ૨૪ ઈંચ પહોળી પીયૂષમૂર્તિ મોહતિમિરનો પ્રધ્વંસ કરતી જાજવલ્યમાન ભાનુપ્રભા છે. આ પદ્માસનસ્થ પરમદેવમૂર્તિ જગતના દારિદ્રયનું દ્રાવણ કરે છે.

કહેવાય છે કે પૂર્વે આ નગરમાં સગર નામનો રાજવી રાજ્ય કરતો હતો. તેના શ્રીધર અને રાજધર નામના બે પુત્રોએ એક જૈનાચાર્યથી પ્રતિબોધ પામી જૈન ધર્મ અંગીકાર કર્યો હતો. તે બંધુ બેલડીએ આ નગરમાં શ્રી ચિંતામણિ પાર્શ્વનાથનું ભવ્ય જિનાલય બંધાવ્યું. કાળક્રમે આ જિનાલય મુસ્લિમ આક્રમણોનો ભોગ બન્યું. શ્રેષ્ઠી ખીમસી એ આ જિનાલયનો જીર્ણોદ્ધાર શરૂ કરાવ્યો. તેના પુત્ર પુનશી એ આ જીર્ણોદ્ધાર પૂર્ણ કરાવ્યો.

રાવળ ભોજદેવ અને જેસલજી વચ્ચે ખૂનખાર જંગ ખેલાયો. તેમાં વિજય પ્રાપ્ત કરીને જેસલજી એ જેસલમેર વસાવીને ત્યાં પોતાની રાજધાની સ્થાપિત કરી. કહેવાય છે કે ત્યારે શ્રી ચિંતામણિ પાર્શ્વનાથપ્રભુજી ને લોદ્રવાથી જેસલમેર લઇ જવામાં આવ્યા.

દાનવીર શ્રેષ્ઠી શ્રી થીરૂશાહે લોદ્રવાના પ્રાચીન જિનાલયના જીર્ણોદ્ધારનું કાર્ય આરંભ્યુ. લોદ્રવામાં નૂતન ભવ્ય જિનપ્રાસાદ તૈયાર થઈ ગયો. આ જિનાલયમાં બિરાજમાન કરવા એક મનોરમ્ય પ્રતિમાજીની તેમણે ખોજ આરંભી.

પાટણના બે કુશળ કારીગરોએ અનહદ ભક્તિભાવ અને પોતાની સમગ્ર કલા રેળી ને કસોટીના પાષાણમાંથી બે અતિરમ્ય જિનબિંબો નિર્મિત કર્યા હતાં. આ પ્રતિમાઓ લઇ તે મુલતાન જઈ રહ્યા હતા. માર્ગમાં લોદ્રવા રાત રોકાયા. ત્યારે આ પ્રતિમાઓ થીરૂશાહને આપવા અધિષ્ઠાયક દેવે સ્વપ્નમાં સંકેત કર્યો. થીરૂશાહે પણ સ્વપ્નમાં આવો જ સંકેત જાણ્યો. પ્રભાતે થીરૂશાહે કારીગરોને અઢળક સુવર્ણ આપીને આ મૂર્તિઓ પ્રાપ્ત કરી. આ રીતે મૂલ્ય કર્યા વિના જ ખરીદાયેલ આ પાર્શ્વનાથ પ્રતિમા અમૂલ્ય પાર્શ્વનાથના નામે પણ ઓળખાય છે. જે રથમાં આ કારીગરો મૂર્તિને લાવ્યા હતા, તે રથ આજે પણ લોદ્રવામાં વિદ્યમાન છે. સં.૧૬૭૫ ના માગશર સુદ ૧૨ ના દિને આ મનોહર જિનચૈત્યમાં આ અનુપમ જિનબંબિને શ્રી જિનરાજસૂરિના હસ્તે પ્રતિષ્ઠિત કરવામાં આવ્યાં.

આ તીર્થનો પ્રભાવ અનેરો છે. લોદ્રવા ગામના નામ પરથી આ પ્રભુજી લોદ્રવાના નામથી ઓળખાય છે. આ પ્રભુ શ્રી ચિંતામણિ પાર્શ્વનાથના નામથી પણ ઓળખાય છે. આ તીર્થ જેસલમેરની પંચતીર્થીમાં ગણાય છે.

ચાર ખૂણાના ચાર જિનાલયમાં શ્રી આદિનાથજી, શ્રી અજિતનાથજી, શ્રી સંભવનાથજી તથા શ્રી ચિંતામણિ પાર્શ્વનાથજી બિરાજે છે. સમવસરણ ઉપર અષ્ટાપદ ગિરિ અને તેના પર કલ્પવૃક્ષની મનોહર રચના દર્શનીય છે. વેરાન પ્રદેશ વચ્ચે ઊભેલું આ જિનાલય મરૂભૂમિમાં કલ્પવૃક્ષ સમું શોભી રહ્યું છે.

સ્તુતિ

આ દેશની સીમે બિરાજે દેશ આખો રક્ષવા,તુજ મસ્તકે અદ્ભુત ફણાને નામ તારું લોદ્રવા,જ્યાં આવતા અહનિશ અહિપતિ ભક્તિથી પ્રભુ ભેટવા,શ્રી લોદ્રવા પ્રભુ પાર્શ્વને ભાવે કરું હું વંદના

જાપ મંત્ર

ૐ હ્રીં અર્હં શ્રી લોદ્રવા પાર્શ્વનાથાય નમઃ



Jainam Jayati Shasanam WhatsApp-8898336677

તીર્થનું સરનામું

શ્રી લોદ્રવા પાર્શ્વનાથ શ્વેતામ્બર જૈન તીર્થ,

મુ.પો.લોદ્રવપુર, જિ.જેસલમેર(રાજસ્થાન)

ફોન-૦૨૯૯૨-૨૫૨૪૦૪ / ૯૪૬૦૩૭૩૧૪૨

ભોજનશાળા તથા ધર્મશાળાની સુંદર વ્યવસ્થા ઉપલબ્ધ છે.

==========

પુરુષાદાનીય અર્હંત પાર્શ્વનાથ ચરિત્ર ભાગ - ૨

(ભગવાન પાર્શ્વનાથની માતા વામાદેવીને ૧૪ સ્વપ્ન દર્શન)

જે રાતે પુરુષાદાનીય અર્હંત પાર્શ્વ અશ્વસેન રાજાની રાણી વામાદેવીની કુક્ષિમાં ગર્ભપણે સંસ્થાપિત કરવામાં આવ્યા. તે રાત્રિએ તે વામાદેવી જે ભવ્ય ભવનમાં નિદ્રા લઈ રહેલ હતી તે વાસગૃહનો અંદરનો ભાગ ચિત્રોથી સુશોભિત હતો. બહારનો ભાગ ચૂનાથી ધોળાયેલ હતો. ઘસીને ચીકણો, સુવાળો તથા ચમકદાર બનાવેલ હતો. ઉપર છતમાં વિવિધ પ્રકારનાં ચિત્રો ચિતરેલાં હતાં. મણિ-રત્નોની ઝગઝગાટ કરતી જ્યોતિથી ત્યાંનો અંધકાર નષ્ટ થઈ ગયો હતો. નીચે ફર્શનો ભાગ સમતલ અને સુરચિત હતો. તેના ઉપર પાંચ રંગના સરસ-સુગંધિત ફૂલો જ્યાં ત્યાં વિખરાયલાં પડ્યાં હતાં. તે વાસગૃહ કાલાગુરૂ, ઉત્તમ કુંદરૂ, લોબાન વગેરે વિવિધ જાતના ધૂપથી મહેકી રહેલ હતો. અન્ય પણ સુગંધિત પદાર્થોની સુગંધિથી તે સુગંધિત હતો. ગંધ દ્રવ્યની ગોળીની માફક તે સુગંધિત હતો. એવા શ્રેષ્ઠ વાસગૃહમાં તે એવી જાતના પલંગ ઉપર સૂતેલ હતી કે જેનાં ઉપર પ્રમાણયુક્ત ઉપધાન (તકિયા) હતા. માથા અને પગ બન્ને બાજુ ઉપધાન રાખેલ હતાં. તે શય્યા બન્ને બાજુથી ઉન્નત અને મધ્યમાં નીચી હતી. ગંગા નદીના તટની રેતી સમાન તે મુલાયમ અને કોમળ હતી. સ્વચ્છ અળસીના વસ્ત્રથી વીંટળાયેલ હતી અને ધૂળ ન પડે તે રીતે આચ્છાદિત હતી. તે મૃગચર્મ, કીંમતી ઊંચા રૂ, બૂર નામની વનસ્પતિ, માખણ, આકડાનું રૂ વગેરે કોમળ વસ્તુઓની માફક મુલાયમ હતી. તથા શય્યા સજાવવાની કળા અનુસાર તેને સજાવવામાં આવી હતી, તેની આજુબાજુ સુગંધિત પુષ્પ અને સુગંધિત ચૂર્ણ વિખરાયેલ હતાં. તે શય્યા ઉપર અર્ધ નિદ્રાવસ્થામાં સૂતેલી વામાદેવી પાછલી રાત્રીએ આવા પ્રકારનાં ઉત્તમ ચૌદ મહાસ્વપ્નો જોયાં અને જોઈને જાગૃત થઈ.

તે ચૌદ મહાસ્વપ્ન આ પ્રમાણે છે:-

(૧) ગજ (૨) વૃષભ (૩) સિંહ (૪) લક્ષ્મી (૫) પુષ્પમાળા (૬) ચંદ્ર (૭) સૂર્ય (૮) ધ્વજા (૯) કુંભ (૧૦) પદ્મ સરોવર (૧૧) સમુદ્ર (૧૨) વિમાન (૧૩) રત્નરાશિ (૧૪) ધૂમાડા વગરનો અગ્નિ.

૧૦૮ પાર્શ્વનાથ માંથી ૬૮

નાકોડા પાર્શ્વનાથ

Shri Nakoda Parshvnath - Nakoda
Jainam Jayati Shasanam WhatsApp-8898336677

સપ્તફણાથી અલંકૃત શ્યામ પાષાણના પદ્માસનરૂઢ ૨૧ઇંચ ઊંચા, ૧૮ઇંચ પહોળા શ્રી નાકોડા પાર્શ્વનાથ પ્રભુના નાકોડાજી તીર્થમાં મૂળનાયક તરીકે બિરાજમાન છે.

શ્રી નાકોડા પાર્થનાથજીનું ધામ મેવાનગર નું પ્રાચીન નામ વિરમપુર હતું. આ નગર વિક્રમ સવંત પૂર્વે ત્રીજા સૈકામાં વસેલું. રાજાના બે પુત્રો વિરમ દત્ત અને નાકોરસેને દસ માઇલના અંતરે વિરમપુર અને નાકોરનગર એમ બે નગર વસાવ્યા. બંને જગ્યાએ જિનાલય નિર્માણ કર્યા. ત્યાં ચંદ્રપ્રભ સ્વામી અને સુપાર્શ્વનાથસ્વામીની સ્થૂલિભદ્રસ્વામીના શુભ હસ્તે પ્રતિષ્ઠા કરી. કાળક્રમે મહારાજા સંપ્રતિએ મહારાજા વિક્રમાદિત્યે શ્રીહરખચંદે આ જિનાલયનો જીર્ણોદ્ધાર કરાવ્યો. આ પ્રતિમાની પ્રતિષ્ઠા આર્યહસ્તસૂરિ, શ્રી સિદ્ધસેન દિવાકરસૂરી શ્રી માનતુંગસૂરિ જેવા મહાત્માઓએ કરી છે. શ્રી ચંદ્રપ્રભસ્વામીની પ્રતિમા ખંડિત થવાથી તેમના સ્થાને શ્રી મહાવીરસ્વામીની પ્રતિમાજીને સ્થાપિત કર્યા. વિક્રમ સંવત ૧૨૮૦ માં બંને નગરો પર મુસ્લિમોના આક્રમણ ના ભયથી મૂળનાયક ત્યાંથી બે માઈલ દૂર કાલીદ્રહમાં છુપાવી દીધા બંને નગર વેરાન થઈ ગયા.

વિરમપુર પુનઃવિકાસ પામ્યું. જુના જિનાલયના જીર્ણોદ્ધાર થયો. પ્રતિમાજી ની શોધ ચાલી સ્વપ્ન દ્વારા અધિષ્ઠાયક દેવ એ પ્રતિમાની માહિતી આપી. નાકોર નગરની પ્રતિમાને વિરમપુર લાવી, વિક્રમ સવંત ૧૪૨૯માં પ્રતિષ્ઠિત કર્યા. આ પ્રતિમાજી મૂળ નાકોર નગરના હોવાથી નાકોડા પાર્શ્વનાથ નામથી ઓળખવા લાગ્યા. વિરપુર પણ નાકોડા નામથી જગપ્રસિદ્ધ થયું. તીર્થાધિષ્ઠાયિક શ્રી ભૈરવજી તીર્થ રક્ષાર્થે સદાય જાગૃત છે.

સ્તુતિ

પ્રશમ ઝરતું મુખલડું અમીરસ ઝરંતી આંખડી, મેવાનગરના રાજીયા પૂરી કરે સહુ આખડી, ભૈરવ નાકોડા કરે સાન્નિધ્ય જેનું
લળી લળી,શ્રી નાકોડા પ્રભુ પાર્શ્વને ભાવે કરું હું વંદના

Jainam Jayati Shasanam WhatsApp-8898336677

જાપ મંત્ર

ૐ હ્રીં અર્હં શ્રી નાકોડા પાર્શ્વનાથાય નમઃ

તીર્થનું સરનામું

શ્રી નાકોડા પાર્શ્વનાથ શ્વેતામ્બર જૈન તીર્થ,
મુ.પો.મેવાનગર, સ્ટે.બાલોતરા, જિ.બાડમેર(રાજસ્થાન)
ફોન-૦૨૯૮૮-૨૪૦૦૦૫ / ૬૩૫૦૧૨૪૬૩૪
ભોજનશાળા તથા ધર્મશાળાની સુંદર વ્યવસ્થા ઉપલબ્ધ છે.

૧૦૮ પાર્શ્વનાથ માંથી ૬૯
કુંકુમરોલ પાર્શ્વનાથ



Shri Kumkumrol Parshvnath-Jalore
Jainam Jayati Shasanam WhatsApp-8898336677

ફણારહિત, શ્વેતવર્ણના, પદ્માસને બિરાજમાન ૧૫ ઇંચ ઊંચા અને ૧૨.૫ ઇંચ પહોળા પાષાણના શ્રી કુંકુમરોલ પાર્શ્વનાથ પ્રભુ જાલોરના સુવર્ણગીરી તીર્થમાં બિરાજમાન છે. "સકલાર્હત્ સ્તોત્ર" ના અંતિમ શ્લોકમાં ગિરિ-તીર્થો પર બિરાજમાન જિનેશ્વરની સ્તુતિ કરતાં કનકાચલ નો પણ ઉલ્લેખ થયેલો છે. આ કનકાચલ વર્તમાનમાં સોવનગિરિ કે સુવર્ણગિરિ નામથી ઓળખાતું પ્રાચીન તીર્થ છે. આ ગિરિની તળેટીમાં જાલોર નગર વસેલું છે. આ તીર્થ બીજા સૈકા જેટલું પ્રાચીન હોવાનું જણાય છે.

આ સુવર્ણગિરિ પર સં.૧૨૨૧માં પરમાર્હત્ કુમારપાળે બાવન દેવકુલિકાયુક્ત શ્રી પાર્શ્વનાથ પ્રભુનો 'કુમારવિહાર' જિનપ્રાસાદ બંધાવ્યો હતો. તે પાર્શ્વનાથ પ્રભુ જ "કુંકમરોલ પાર્શ્વનાથ" નામથી ઓળખાતા હોય તેમ માની શકાય. કાળક્રમે તે મંદિરનો ધ્વંસ થતાં આ નૂતનમંદિરમાં તે પ્રતિમાને બિરાજમાન કરવામાં આવી હોય તેમ અનુમાન થઈ શકે છે.

સત્તરમાં સૈકાની અનેક ગુજરાતી રચનાઓમાં `કુંકુમરોલ પાર્શ્વનાથ' ના નામનો ઉલ્લેખ મળે છે. કુંકુમરોલ નામ કેમ પડયું હશે તે જાણવાનું કોઈ સાધન ઉપલબ્ધ નથી.

આ સુવર્ણગિરિ પર્વત પર ચાર જિનપ્રાસાદો છે. તેમાં શ્રી કુંકુમરોલ પાર્શ્વનાથ, શ્રી મહાવીર સ્વામી, શ્રી ચૌમુખજી મંદિર તથા શ્રી આદિનાથનાં જિનાલયો છે.

જાલોર શહેરમાં પણ ૧૨ ભવ્યમંદિરો શોભાયમાન છે. નૂતનનિર્મિત શ્રી નંદીશ્વર દ્વીપનું મંદિર ખૂબ સોહામણું છે.

સ્તુતિ

મુજ મનમંદિરમાં જે પ્રભુજી કુંકુમ પગલે પધારતા,મુજ હૃદયસરમાં જે પ્રભુજી મરાલ બનીને રાજતા,મુજ આતમાના હર પ્રદેશે જે પ્રભુજી બિરાજતા,શ્રી કુંકુમરોલ પ્રભુ પાર્શ્વને ભાવે કરું હું વંદના

જાપ મંત્ર

ૐ હ્રીં અર્હં શ્રી કુંકુમરોલ પાર્શ્વનાથાય નમઃ



Jainam Jayati Shasanam WhatsApp-8898336677

તીર્થનું સરનામું

શ્રી કુંકુમરોલ પાર્શ્વનાથ શ્વેતાંબર જૈન તીર્થ
શ્રી સુવર્ણગિરિ શ્વેતાંબર જૈન તીર્થ પેઢી,
મુ.પો.જાલોર(રાજસ્થાન)૩૪૩૦૦૧
ફોન-૯૬૦૨૬૭૮૮૨૦

ભોજનશાળા તથા ધર્મશાળાની સુંદર વ્યવસ્થા ઉપલબ્ધ છે.

૧૦૮ પાર્શ્વનાથ માંથી ૭૦
આશાપુરણ પાર્શ્વનાથ

પધ્માસનસ્થ ફણા સહિત ૧૭ ઇંચ ઉંચા, ૧૨.૫ ઇંચ પહોળા શ્વેતવર્ણના પાષણના શ્રી આશાપુરણ પાર્શ્વપ્રભુ નૂનગાંવ (રાજસ્થાન) માં બિરાજમાન છે. નૂનગાંવ ભૂતકાળમાં સમુદ્ર નગરી હતી.

આ જિનાલય અત્યંત પ્રાચીન છે. કહેવાય છે કે શ્રી સંઘે સં.૧૧૦૦ આસપાસમાં આ જિનપ્રાસાદનું નિર્માણ કરાવ્યું હતું. નગરીની સમૃદ્ધિમાં કાળમાં તેના જીર્ણોદ્ધાર થતા રહ્યા છે. આ પ્રાચીન જિનાલયમાં બિરાજમાન પ્રભાવક પ્રભુજીના પ્રભાવનો અનુભવ શ્રદ્ધાળુઓને આજે પણ થાય છે.

આશાના તંતુ પર વર્તમાન યુગનો માનવી લટકી રહ્યો છે. તંતુ તૂટતાં જીવનમાં રમખાણો મચે છે. જગતની પૌદ્ગલિક ચીજો મર્યાદિત છે. અને માનવીની આશા અસીમ છે. અસીમની સીમા સુધી મર્યાદિત પુદ્ગલો ક્યાંથી પહોંચે? પણ માનવીની સર્વ આશાને અચૂક પૂરવાની તાકાત અને સામર્થ્ય ત્રિલોકનાથ પ્રભુ પાર્શ્વસ્વામીની પૂજનામાં છે. તેથી જ પ્રભુ પાર્શ્વનાથનાં કેટલાય નામો તેમના આ અપ્રતિમ ગુણનો સંકેત કરે છે. ચિંતામણિ, કલ્પદ્રુમ, મનોવાંછિત, વાંછિતપૂરણ, સુખસાગર કામિતપૂરણ જેવા અનેક નામોની યાદીમાં "આશાપૂરણ "નામનો પણ સમાવેશ થાય છે. નૂનમંડન શ્રી પાર્શ્વનાથજી આશાપૂરણ નામથી પ્રસિદ્ધ છે.

નૂનગામમાં જૈનોની બિલકુલ વસ્તી ન હોવાથી શ્રી કાલીદ્રી જૈન સંઘ આ તીર્થનો વહીવટ કરે છે.

સ્તુતિ

આશારહિત અવધૂત સમો તું તે છતાં આશા પુરે, ઉપસર્ગને સહનાર તું પણ છે છતાં સંકટ ચૂરે, છે નૂન નગરે જગતજનની તુજમાં નહિ ન્યૂનતા,શ્રી આશાપુરણ પ્રભુ પાર્શ્વને ભાવે કરું હું વંદના

જાપ મંત્ર

ૐ હ્રીં અર્હં શ્રી આશાપુરણ પાર્શ્વનાથાય નમઃ

તીર્થનું સરનામું
શ્રી આશાપુરણ પાર્શ્વનાથ શ્વેતાંબર જૈન તીર્થ,
મુ.પો.નૂન,જિ. સિરોહી,વાયા કાલંદ્રી(રાજસ્થાન)
ફોન-૯૬૪૯૩૮૬૭૮૩ પુજારી

ભોજનશાળા તથા ધર્મશાળાની વ્યવસ્થા નથી.

૧૦૮ પાર્શ્વનાથ માંથી ૭૧

ભયભંજન પાર્શ્વનાથ

Shri Bhay Bhanjan Parshvnath - Bhinmal
Jainam Jayati Shasanam WhatsApp- 8898336677

રાજસ્થાનના જાલોર જિલ્લાના ભીનમાલ શહેરમાં શિખરબંધી જિનાલયમાં શ્રી ભયભંજન પાર્શ્વનાથ પ્રભુની પંચ ધાતુની પ્રતિમા અત્યંત દર્શનીય અને પ્રાચીન છે. ફણા રહિતની આ દિવ્ય પ્રતિમાજી ઊંચાઈ સાડા બાર ઈંચ અને પહોળાઈ પંદર ઈંચની છે.

પૂર્વકાળમાં આજનું ભીનમાલ ખૂબ જ સમૃદ્ધ નગર હતું. શ્રીમાલ, રત્નમાલ કે ભિન્નમાલ વગેરે ભીનમાલના અપર નામો છે. ભીનમાલ નગરીનું તથા તેની સમૃદ્ધિનું વર્ણન પ્રાચીન ગ્રંથોમાં વર્ણવાયુ છે. આ નગરીમાં પૂર્વકાળમાં ૮૪ જ્ઞાતિની સ્થાપના હતી. આ નગરને ૮૪ દરવાજા હતા. આ નગર વિક્રમ સંવત ૫૫૦ થી પણ અધિક પ્રાચીન છે.

આ નગરમાં એક શ્રાવકે જિનાલય બંધાવ્યું. તેમાં પિત્તળના પાર્શ્વનાથની પ્રતિમા બિરાજમાન કરાવી હતી. પરંતુ મુસ્લિમ આક્રમણોના ભયથી આ પ્રતિમાજીને ભંડારી દેવામાં આવ્યા હતા. વર્ષો વીતી ગયા સંવત ૧૬૫૧માં દેવળની ઈંટ ખોદતાં આ પિત્તળની ધાતુના પ્રતિમાજી પ્રગટ થયા. તેની સાથે એક સમવસરણ, સરસ્વતી આદિની પ્રતિમાજી પણ પ્રગટ થઈ. તે સમયે ત્યાં બિરાજમાન પંન્યાસજી ભાવ વિભોર બન્યા.પંન્યાસજીએ પ્રતિમાજી શ્રી શાંતિનાથ જિનાલયમાં પ્રતિષ્ઠિત કરી અને ત્યારે ભવ્ય મહોત્સવ રચવામાં આવ્યો.

ભીનમાલના સૂબાને આ પ્રતિમાજીની જાણ થઈ. એ વખતે જાલોરમાં ગજનીખાન સત્તા પર હતો. ભીનમાલના સૂબાએ ગજની ખાનને પિત્તળની પ્રતિમાજી પ્રગટ થયાની જાણ કરી.

મુસ્લિમ રાજા ગજની ખાને તે પ્રતિમા પ્રાપ્ત કરી તેમાંથી ઘંટ બનાવાની યોજના ઘડી. તે સૂબા મારફતે તે પિત્તળના પ્રતિમાજી મેળવી લીધા. ભીનમાલ જૈન સંઘમાં ચિંતાના વાદળો ઘેરાયા. સમગ્ર જૈન સમાજ ઉપાશ્રયમાં એકઠો થયો. અને પ્રતિમાજી પાછી મેળવવા શું કરવું તે અંગે ચર્ચા વિચારણા કરી.

ભીનમાલના એક જૈન શ્રેષ્ઠી એ કહ્યું આપણે દસ બાર શ્રાવકો જઈએ. અને ગજની ખાન ને સમજાવવા પ્રયત્ન કરીએ. આ પ્રતિમા સાથે અમારી શ્રદ્ધા અને ભક્તિ જોડાયેલા છે.

ભીનમાલ જૈન સંઘનું એક પ્રતિનિધિ મંડળ જાલોર ગજનીખાનને મળવા ગયું. એક કલાક સુધી વિનંતી કરી. પણ ગજનીખાન ન માન્યો. બધા લોકો નિરાશ વદને પાછા ફર્યા.

ભીનમાલના ભાવિક શ્રાવકોએ પ્રતિમાજીની રક્ષા કાજે વિવિધ અભિગ્રહો ધારણ કર્યા. એ વખતે વિરચંદ સંઘવી નામના પ્રભુ ભક્તે આ પ્રતિમાજી પાછા આવે ત્યાં સુધી અન્નનો ત્યાગ કર્યો, પ્રભુ ભક્તિ જોઈને અધિષ્ઠાયક દેવ પ્રગટ થયા બધી વાત જણાવી.

અધિષ્ઠાયક દેવો જાલોરમાં જઈને ગજની ખાનને પ્રતિમા પાછી આપવાનો આદેશ કર્યો. ગજનીખાને દેવની વાત ન માની. તેણે દેવ સાથે દુષ્ટતા પૂર્વક વ્યવહાર કર્યો. અદ્રશ્ય શક્તિએ મુસ્લિમ રાજા પર પ્રહારો કર્યા. મુસ્લિમ રાજા ગબડી પડ્યો. ભીનમાલના સૂબા પર પણ પ્રહારો થયા. ગજનીખાને કહ્યું કે હું પ્રતિમાજી સોંપી દેવા તૈયાર છું. ગજનીખાને હાર સ્વીકારી.

મુસ્લિમ રાજાએ આદરભાવથી પ્રતિમાજી ને સિંહાસન પર બેસાડી અને સ્તુતિ ગાઈ. વિક્રમ સંવત ૧૬૬૨માં પ્રતિમાજી ભીનમાલ સંઘને સોંપવામાં આવી. જૈન શાસનનો જયનાદ ગુંજવા લાગ્યો.

શ્રી પાર્શ્વનાથ પ્રભુની પ્રતિમાજી જાલોર થી ભીનમાલ વાજતે ગાજતે લઈ આવવામાં આવી. પ્રતિમાજીનો ભવ્ય નગર પ્રવેશ થયો. જાલોર અને ભીનમાલ જૈન સંઘો તેમાં જોડાયા. ગજનીખાન ને ખોટી સલાહ આપનાર ભીનમાલનો સૂબો પાંચ પુત્રો સાથે મૃત્યુ પામ્યો. જૈન સંઘને રાજાના ભયથી મુક્ત કરનારા પ્રભાવી પાર્શ્વનાથ ભયભંજનના નામથી પ્રસિદ્ધ થયા.

દર વર્ષે કારતક સુદ પૂર્ણિમાના દિવસે જિનાલયની સાલગીરી તરીકે ઉજવાવામાં આવે છે.

સ્તુતિ

પરચો બતાવ્યો નાથ ગઝનીખાન માન ઉતારવા,ભીનમાલનો ભગવાન છે,શ્રી સંઘના ભય ભાંજવા,મુજ મોહ ભયને ભાંગજે ભગવાન તુજને ધ્યાવવા,શ્રી ભયભંજન પ્રભુ પાર્શ્વને ભાવે કરું હું વંદના

જાપ મંત્ર

ૐ હ્રીં અર્હં શ્રી ભયભંજન પાર્શ્વનાથાય નમઃ

Jainam Jayati Shasanam WhatsApp-8898336677

તીર્થનું સરનામું

શ્રી ભયભંજન પાર્શ્વનાથ શ્વેતાંબર જૈન તીર્થ,

મુ.પો.ભીનમાલ, જિ.જાલોર, (રાજસ્થાન)

ફોન-૯૪૬૧૧૩૨૧૯૨

નોંધ:-

ભીનમાલ ગામમાં ધર્મશાળા તથા ભોજનશાળાની સગવડ સુંદર વ્યવસ્થા છે.ત્યાં ૭૨ જિનાલય ખૂબજ સુંદર છે

==========

પુરુષાદાનીય અર્હંત પાર્શ્વનાથ ચરિત્ર ભાગ - ૩

(ઇન્દ્ર મહારાજા એ શક્રસ્તવ દ્વારા વંદના)

ઇન્દ્ર મહારાજા પોતાના વિપુલ અવધિજ્ઞાનથી સંપૂર્ણ જંબુદ્વીપને જુએ છે. તે સમયે તે પુરુષાદાનીય અર્હંત પાર્શ્વ ને ભારતવર્ષની વારાણસી નગરીમાં અશ્વસેન રાજાની રાણી વામાદેવીની કુક્ષિમાંગર્ભરૂપે ઉત્પન્ન થયેલા જુએ છે. તેનું હૃદય હૃષ્ટ, તુષ્ટ, આનંદિત, પરમાનંદિત અને હૃદય પ્રીતિવાળું બની જાય છે. ઇન્દ્ર તીર્થંકર સન્મુખ સાત આઠ કદમ આગળ ચાલીને જમણા ઘુંટણને ભૂમિ ઉપર રાખીને ત્રણ વાર મસ્તકને પૃથ્વી ઉપર લગાડી નમન કરી પછી સીધા થઈ કડાં અને ત્રુટિતથી યુક્ત ભુજાને સંકોચે છે. બંને ભુજાઓને સંકોચીને દસેય નખ એકબીજાથી જોડાયેલા રહે એ રીતે ભેગા કરીને માથે અંજલિ અડાડી આ રીતે બોલ્યા,

નમસ્કાર થાઓ પુરુષાદાનીય અર્હંત પાર્શ્વને કે જેઓ ધર્મની આદિ કરનારા છે, ૨૩માં તીર્થંકર છે. પૂર્વ તીર્થંકરોએ બતાવેલા અને અપુનરાવૃત્તિ-સિદ્ધ-ગતિને પામવાની અભિલાષાવાળા છે. અહીં (સ્વર્ગમાં) રહેલો હું ત્યાં (વામાદેવીના) ગર્ભમાં રહેલા ભગવાનને વંદન કરું છું. ત્યાં ભગવાન અહીં રહેલા મને જુઓ આ પ્રમાણે ભાવના ભાવીને ઇન્દ્ર મહારાજા અર્હંત પાર્શ્વનેને શક્રસ્તવ દ્વારા વંદન અને નમન કરે છે. વંદન તથા નમસ્કાર કરીને પોતાના શ્રેષ્ઠ સિંહાસન ઉપર પૂર્વ દિશા તરફ મોઢું કરીને બેસે છે.

૧૦૮ પાર્શ્વનાથ માંથી ૭૨
જીરાવલા પાર્શ્વનાથ

સાત ફણાથી અલંકૃત, શ્વેતવર્ણના વેળુનાં પદ્માસને બિરાજેલા ૧૧ ઇંચ ઉંચા અને ૧૪ ઇંચ પહોળા શ્રી જીરાવલા પાર્શ્વનાથ પ્રભુ રાજસ્થાનના સિરોહી જિલ્લાના જીરાવલા તીર્થમાં બિરાજમાન છે.
સેંકડો વર્ષો પહેલાંની વાત છે. જીરાવલા ગામની નજીક આવેલા વરમાણ ગામમાં એક એવી ઘટના બની જેણે પોતાનો સુવર્ણ ઇતિહાસ ખડો કરી દીધો. એક વયોવૃધ્ધ સ્ત્રી વરમાણ ગામમાં રહેતી તેની પાસે એક ગાય હતી. એ સ્ત્રી ગાયને લઈને રોજ જંગલમાં ચરાવવા જાય. એકદા એણે જોયું કે ગાય એક વૃક્ષ તળે ઊભી રહે છે. દૂધ સ્વયં ઝરી જાય છે. ધરતી પર અભિષેક થઈ જાય છે.

ડોશીમાં ચમક્યાં. બીજા દિવસે એ સ્ત્રીએ ધ્યાન રાખ્યું. ગાયે એ દિવસે પણ એમ જ કર્યું. આમ રોજ થતું હતુ.

વરમાણમાં એક શેઠ રહે. નામે ધાંધલ શેઠ. ધર્મે જૈન અને પાક્કા વ્યાપારી. રાતના સમયે શેઠને સ્વપ્નમાં કોઈ શાસનદેવે આવીને ધાંધલ શેઠને કહ્યું,

આજથી ૨૮૦૦ વર્ષ પહેલાં જ્યારે પાર્શ્વનાથ ભગવાન જીવંત હતા. ત્યારની વાત છે. તે સમયે ચંદ્રયશ નામના રાજાએ પાર્શ્વનાથ ભગવાનની મૂર્તિ બનાવી. એ મૂતિ ખૂબ પ્રભાવશાળી છે. વરમાણની બહાર વૃક્ષતળે દટાયેલી છે. એ પ્રતિમા પર એક ગાય ભક્તિથી રોજ દૂધનો અભિષેક કરે છે. એ તેની નિશાની છે. તો એ પ્રતિમા બહાર કાઢ અને જિનમંદિર બનાવીને સ્થાપિત કર.

સવારનો સૂર્યોદય થયો. ધાંધલ શેઠ સ્વપ્ન યાદ રાખીને ગામની બહાર દોડયા. જોયું તો એક ગામ વૃક્ષતળે ઊભી છે. તેના આંચળમાંથી દૂધનો સ્વયં અભિષેક ધરતી પર થઈ રહ્યો છે. ધાંધલ શેઠને સ્વપ્નની વાતમાં તથ્ય લાગ્યું.

ધાંધલ શેઠે જૈનોને ભેગા કર્યાં. પોતાને આવેલા સ્વપ્નની વાત કહી. સૌનો સહકાર મેળવીને જમીન ખોદવામાં આવી સૌના આશ્ચર્ય વચ્ચે ઝગમગતા તારલાનું રૂપ લઈને ઘડી હોય તેવી પાર્શ્વનાથ ભગવાનની સુંદર પ્રતિમા મળી. ચારે કોર હર્ષ છવાઈ ગયો. સૌએ જ્યનાદ કર્યો.

ધાંધલ શેઠે પ્રતિમાજી વરમાણ ગામમાં લઈ જવાની તૈયારી કરવા માંડી તે સમયે જીરાવલા ગામના જૈન આગેવાનો વચ્ચે પડયાં. તેમણે કહ્યું કે પ્રતિમા અમારા ગામની હદમાં પ્રગટ થઈ છે, માટે તેનો હક્ક અમારો છે !

તે સમયે એક ડાહ્યા માણસે સમાધાન કરતાં કહ્યું કે એક ગાડું મંગાવો. તેમાં એક બળદ વરમાણનો જોડો, બીજો બળદ જીરાપલ્લી નો જોડો. અને ગાડું જે દિશામાં જાય ત્યાં ભગવાનને લઈ જાવ. એમ જ થયું.

ગાડું જીરાપલ્લી ની દિશામાં ચાલ્યું. પર્વતની તળેટીમાં ઊભું રહી ગયું.

ધાંધલ શેઠે કહ્યું.' પ્રભુની આ ઇચ્છા મને કબૂલ છે. અહીં જિનમંદિર બનાવીએ. પ્રભુને અહીં સ્થાપીએ. હું પણ મારા પરિવાર સાથે અહીં જ રહીશ અને જીવનભર પ્રભુની સેવા કરીશ.'

ધાંધલ શેઠે ભવ્ય જિનમંદિર ખડું કર્યું. વિ.સં. ૧૧૯૧નું તે વર્ષ ધાંધલ શેઠે તે સમયના પ્રસિધ્ધ જૈનાચાર્યશ્રી અજિતદેવસૂરીશ્વરના વરદ હસતે પ્રતિષ્ઠા કરાવી.

અજિતદેવસૂરિજીએ કહ્યું,' પ્રભુ જ્યારે જીવંત હતા ત્યારે આ પ્રતિમાનું નિર્માણ થયું છે. આ પ્રતિમા અને આ તીર્થ ખૂબ પ્રભાવશાળી છે. હવે તેનો મહિમા ચારેકોર ખૂબ ફેલાશે. હવે જે કોઈ જિનમંદિરની પ્રતિષ્ઠા કરવામાં આવશે ત્યારે જીરાવલા પાર્શ્વનાથ ભગવાનનો રક્ષામંત્ર લખીને જ પ્રતિષ્ઠા થશે.'

જીરાવલા પાર્શ્વનાથનો ખૂબ મહિમા ફેલાયો. અસંખ્ય લોકો દર્શનાર્થે આવવા માંડયા. આજ સુધી સમગ્ર વિશ્વમાં જ્યાં પણ જિનમંદિરની સ્થાપના થાય છે ત્યાં જીરાવલા પાર્શ્વનાથનો રક્ષામંત્ર લખવામાં આવે છે.

કાળની ગતિ ભારે વિચિત્ર છે. સમયની અનેક થપાટો ખાતું જીરાવલા પોતાના અખંડ પ્રભાવ સાથે ટકી રહ્યું છે. જિનમંદિરના અનેક જીર્ણોધ્ધાર થયા.છે

સ્તુતિ

જે જીર્ણ કરતાં ક્ષણમહીં મોહાદિભાવો ભવ્યના,સહુ સૂરિવરો જશ ધ્યાનથી ઇચ્છિત કાર્યો સાધતા,ને પ્રતિષ્ઠાદિક કાર્ય જેના નામ મંત્રીથી સિદ્ધતા,શ્રી જીરાવલા પ્રભુ પાર્શ્વને ભાવે કરું હું વંદના

જાપ મંત્ર

ૐ હ્રીં અર્હં શ્રી જીરાવલા પાર્શ્વનાથાય નમઃ

તીર્થનું સરનામું
શ્રી જીરાવલા પાર્શ્વનાથ શ્વેતાંબર જૈન તીર્થ,
મુ.પો.જીરાવલા, તા.રેવદર, વાયા આબુ રોડ,
જિ.સિરોહી,(રાજસ્થાન)
ફોન-૦૮૮૯૦૮૭૮૩૨૫

ભોજનશાળા તથા ધર્મશાળાની સગવડ છે

Jainam Jayati Shasanam WhatsApp-8898336677

૧૦૮ પાર્શ્વનાથ પ્રભુનો ઇતિહાસ અને ત્યાં કઈ રીતે પહોંચવું.... ભાગ-૧૬

કુલ્લ ૭૨ પાર્શ્વનાથ પ્રભુના દર્શન થયા. રાજસ્થાનમાં આવેલ ૧૦૮ પૈકીના ૨૬ પ્રભુ પાર્શ્વનાથના તીર્થોમાંથી ૭ની યાત્રા કરી હવે આગળની યાત્રા કરીશું.

જીરાવલાતીર્થ થી આગળ યાત્રા કરવી હશે તો પ્રથમ સિરોડી જવાનું રહેશે જે ૩૩ કિલોમીટરની અંતરે તીર્થ છે. (આબુ રોડ સ્ટેશનથી ૬૦ કિ.મી.) છે. જે મુંબઈથી શરૂ કરવી હશે તો શિરોહી સ્ટેશને ઉતરવું ત્યાંથી સિરોડીતીર્થ (૫૨) કિ.મી) ની અંતરે છે.

સિરોડી થી મીરપુર
૧૭ કિલોમીટર
મીરપુર થી પોસલીયા
૪૫ કિલોમીટર
પોસલીયા થી કાછોલી
૭૫ કિલોમીટર
કાછોલી થી બેડા
૬૮ કિલોમીટર
બેડા થી સેસલી
૩૦ કિલોમીટર
સેસલી થી રાણકપુરજી
૨૭ કિલોમીટર
==========
૭૩-શ્રી સિરોડિયા પાર્શ્વનાથ
સિરોડી
૭૪-શ્રી હમીરપુરા પાર્શ્વનાથ
મીરપુર
૭૫-શ્રી પોસલી પાર્શ્વનાથ
પોસલીયા
૭૬-શ્રી કચ્છુલીકા પાર્શ્વનાથ
કાછોલી
૭૭-શ્રી દાદા પાર્શ્વનાથ
બેડા
૭૮-શ્રી સેસલી પાર્શ્વનાથ
સેસલી
૭૯-શ્રી રાણકપુરા પાર્શ્વનાથ
રાણકપુરજી
(ધર્મશાળાની સુંદર સગવડ છે રાત્રી રોકાણ ત્યાં કરવું.)

૧૦૮ પાર્શ્વનાથ માંથી ૭૩
સિરોડિયા પાર્શ્વનાથ


Shri Sirodiya Parshvnath - Sirodi
Jainam Jayati Shasanam WhatsApp-8898336677

પરીકરમાં સાત ફણાથી અલંકૃત પદ્માસને બિરાજમાન ૩૬ ઇંચ ઊંચા અને ૩૨ ઇંચ પહોળા શ્વેત પાષાણના શ્રી સિરોડીયા પાર્શ્વનાથ પ્રભુ રાજસ્થાનના સિરોહી જિલ્લામાં આવેલ શ્રી સિરોડી નામનાં પ્રાચીન તીર્થમાં બિરાજમાન છે. પ્રાચીન અને પ્રભાવી પ્રભુની મનોહર મુખાકૃતિ પ્રસન્નતાનો પમરાટ ફેલાવે છે. દિવસમાં પ્રભુના ત્રણ રૂપ દર્શિત થાય છે. તીર્થના ઉદભવ વગેરેનો ઇતિહાસ અપ્રાપ્ય છે. સં.૧૫૦૦ આસપાસમાં આ તીર્થનો જીર્ણોદ્ધાર કરવામાં આવ્યો હતો. પૂ.આ.શ્રી વિજય પ્રેમસૂરીશ્વરજી મહારાજાના શુભ સાંન્નિધ્યમાં આ તીર્થનો પ્રતિષ્ઠા મહોત્સવ અતિ ભવ્ય રીતે ઊજવાયેલ. આ પ્રતિમાજી "શ્રી ગોડી પાર્શ્વનાથજી"ના નામથી વધુ પ્રસિદ્ધ છે.

સં.૧૬૬૭માં કવિવર શાંતિકુશલે રચેલા "૧૦૮ નામગર્ભિત શ્રી પાર્શ્વનાથ સ્તવન" માં સિરોડીમંડન ત્રેવીસમા તીર્થપતિને વંદના કરવામાં આવી છે.

સ્તુતિ

જન્તમોહ વિષ ઉતારવા સિરોડીમાં તું ગારૂડી તુજ મૂર્તિ મોહનગારી જાણે,ખાલી અમૃતવેલડી,પ્રભુતુંહી તુંહી ધૂન જાગે એક એ મુજ કામના,શ્રી સિરોડિયા પ્રભુ પાર્શ્વને ભાવે કરું હું વંદના

જાપ મંત્ર

ૐ હ્રીં અર્હં શ્રી સિરોડિયા પાર્શ્વનાથાય નમઃ

તીર્થનું સરનામું
શ્રી સિરોડિયા પાર્શ્વનાથ શ્વેતાંબર જૈન તીર્થ,
મુ.પો.સિરોડી(મોટી), વાયા-અનાદરા,
તાલૂકા રેવદર, જિ.શિરોહી(રાજસ્થાન)
ફોન-૦૨૯૭૫-૨૫૬૭૦૦

Jainam Jayati Shasanam WhatsApp-8898336677

==========

જે દ્રષ્ટિ પ્રભુ દર્શન કરે, તે દ્રષ્ટિને પણ ધન્ય છે, જે જીભ જિનવરને સ્તવે, તે જીભને પણ ધન્ય છે, પીયે મુદા વાણી સુધા, તે કર્ણયુગને ધન્ય છે, તુજ નામ મંત્ર વિશદ ધરે, તે હૃદયને નિત ધન્ય છે.

૧૦૮ પાર્શ્વનાથ માંથી ૭૪
હમીરપુરા પાર્શ્વનાથ

Shri Hamirpura Parshvnath-Mirpur
Jainam Jayati Shasanam WhatsApp-8898336677

પરિકરમા પાંચ ફણાથી પરિવૃત પદ્માસનસ્થ ૨૭ ઇંચ ઊંચા ૨૩ ઇંચ પહોળા શ્વેત પાષાણ શ્રી હમીરપુર પાર્શ્વનાથ પ્રભુ મીરપુરના શિખરબંધી જિનાલયમાં બિરાજમાન છે. સુરમ્ય ગિરિકંદારાઓની વચ્ચે ત્રણે તરફથી ડુંગરાઓથી રક્ષાયેલું આ તીર્થ અતિ પ્રાચીન છે. હાલ આ મીરપુર તીર્થમાં વિદ્યમાન ચાર પ્રાચીન જિનાલયોમાંથી ફક્ત બે જિનાલયોમાં જ પ્રતિમાજી છે.

વિ.સં.૮૦૮માં દેવડા હમીરે આ નગર વસાવ્યું હતું. અને તેના નામ પરથી "હમીરપુર" નામથી આ નગર પ્રસિદ્ધ થયું તેમ કહેવાય છે.

હમીરના ઘરે દેવી આવવાથી તેના વંશજો દેવડા કહેવાયા. આ વિસ્તારમાં બારમાં-તેરમાં સૈકા પહેલાં પણ દેવડા રજપૂતોની વસ્તી હોવાના પ્રાપ્ત થતાં કેટલાંક પ્રમાણો આ નગરની સ્થાપના સંબંધી ઉપરોક્ત હકીકતનું સમર્થન કરે છે. અહીંના મજબૂત લડાયક કિલ્લાનો ખ્યાલ કરાવતું "હમીરગઢ" પણ આ નગર માટે પ્રસિદ્ધ બન્યું. બારસો વર્ષથી પણ વધુ પ્રાચીન આ ગામમાં જિનપ્રાસાદોનું નિર્માણ ક્યારે અને કોના દ્વારા થયું ત જાણી શકાયું નથી. શ્રીમંત અને ધર્મપ્રેમી શ્રાવકોની વિપુલ વસતી હોવાનું એક પ્રાચીન ગ્રન્થની પ્રશસ્તિ પરથી અનુમાન કરી શાકય છે. અહીંના વિદ્યમાન મંદિરોમાંથી પ્રાપ્ત થતા તેરમા, ચૌદમા અને સોળમા, સૈકાના શિલાલેખો આ જિનમંદિરોની પ્રાચીનતા સંબંધી માત્ર થોડો અંગુલિનિર્દેશ કરે છે.

પાર્શ્વચંદ્રગચ્છના શ્રીપાર્શ્વચંદ્રસૂરિનો સં.૧૫૩૭માં હમીરપુરમાં જન્મ થયો હતો. સં.૧૫૭૬ માં કુતૂબપુરા તપાગચ્છીય સૌભાગ્યનંદસૂરિએ આ નગરમાં શ્રી મૌન એકાદશીની કથા રચી હતી. આ બધા ઉલ્લેખો આ નગરીના ધાર્મિક અને સાંસ્કૃતિક વૈભવ પર પ્રકાશ ફેંકે છે.

આ જિનાલયના મૂળનાયક સોળમાં સૈકા પહેલા શ્રી જીરાવલ્લા પાર્શ્વનાથના નામે પ્રસિદ્ધ હતા. ત્યારબાદ અહીંના મૂળનાયક શ્રી ગોડી પાર્શ્વનાથજી નામે ઓળખાય છે. આ ફેરફાર મૂળનાયકના સ્થાનમાં ફેરફારને આધીન છે કે ફક્ત નામમાં જ ફેરફાર થયો છે, તે કળવું મુશ્કેલ છે. અહીંના એક શિલાલેખ પર મળતાં "જગન્નાથ પ્રાસાદે" શબ્દોથી આ પ્રતિમાજી શ્રી જગન્નાથ પાર્શ્વનાથના નામથી પણ પૂર્વે ઓળખાતાં હોય તેવું અનુમાન કરી શકાય. કાળક્રમે આ પ્રાચીન નગર દુશ્મની આક્રમણનો ભોગ બન્યું. પણ પછી, ભૂલાયેલું આ તીર્થ સિરોહીના શ્રાવકોના દૃષ્ટિપથ પર આવ્યું. આ તીર્થના જીર્ણોદ્ધાર અને પ્રસિદ્ધિના તેમણે પ્રયત્નો આદર્યા. સં. ૧૯૯૫માં આ જિનાલયના જીર્ણોદ્ધાર કાર્યનો પ્રારંભ થયો. સિરોહીની શેઠ કલ્યાણજી પરમાણંદજીની પેઢીએ આ તીર્થનો વહીવટ સંભાળી લીધો. ત્યારથી આ તીર્થ વધુ પ્રકાશમાં આવતું જાય છે. મળી આવતા પ્રાચીન અવશેષો આ નગરની પૂર્વકાલીન જાહોજલાલીનો પરિચય આપે છે. મુંબઈમાં તીર્થ સ્વરૂપ શ્રી ગોડી પાર્શ્વનાથજીના પ્રતિમાજી અહીંથી લઈ જવામાં આવ્યાં હતાં,તેમ કહેવાય છે.

પૂર્વકાળનું હમીરપુર આજે મીરપુરના નામથી ઓળખાય છે.

અહીંના જિનાલયોની પ્રાચીન શિલ્પકળા દર્શનીય છે.

સ્તુતિ

બળતો ઉત્તાર્યો નાગને તેમાં શું માર્યો મીર તેં,મુજ મોહપીરને મારશો તો માનું તારા હીર ને,મીરપુર નિવાસી હે પ્રભુ તું વીરને વડધીર છે,શ્રી હમીરપુરા પ્રભુ પાર્શ્વને ભાવે કરું હું વંદના

જાપ મંત્ર

ૐ હ્રીં અર્હં શ્રી હમીરપુરા પાર્શ્વનાથાય નમઃ

તીર્થનું સરનામું

શ્રી હમીરપુરા પાર્શ્વનાથ શ્વેતાંબર જૈન તીર્થ,

મુ.પો.હમીરપુર, પો.કૃષ્ણકુંજ,જિ.શિરોહી(રાજસ્થાન)

ફોન-



Jainam Jayati Shasanam WhatsApp-8898336677

==========

પુરુષાદાનીય અર્હંત પાર્શ્વનાથ ચરિત્ર ભાગ - ૪

(સ્વપ્નપાઠકોને આમંત્રણ)

સ્વપ્નલક્ષણ પાઠકોને આમંત્રણ આપીને બોલાવી કહે છે બેસાડીને હાથમાં ફળ-ફૂલ લઈને વિશેષ વિનયપૂર્વક સ્વપ્નલક્ષણ પાઠકોને આ પ્રમાણે કહે છે :- હે દેવાનુપ્રિયો! નિશ્ચિતપણે આજે વામાદેવીએ તથાપ્રકારની ઉત્તમ શય્યા ઉપર શયન કરતાં, અર્ધ નિદ્રાવસ્થામાં આ જાતના ચૌદ મહાન સ્વપ્નો જોયાં છે. જોઈને તે જાગૃત થઈ, તે સ્વપ્ન ગજ, વૃષભ વિગેરે છે. હે દેવાનુપ્રિયો! તે ઉદાર ચૌદ મહાસ્વપ્નોનું શું કલ્યાણકારી ફળ વિશેષ હશે?

તે પછી તે સ્વપ્ન-લક્ષણ-પાઠકો, અશ્વસેનરાજાથી પ્રસ્તુત વૃત્તાંતને જાણીને અને સમજીને અત્યન્ત પ્રફુલ્લિત થયા. અશ્વસેનરાજા સમક્ષ સ્વપ્નશાસ્ત્રો અનુસાર વચન બોલતાં આ રીતે કહેવા લાગ્યા.

હે દેવાનુપ્રિય! વામાદેવીએ તે આ ચૌદ મહાસ્વપ્નો જોયાં છે તે મંગળકારી છે. હે દેવાનુપ્રિય! વામાદેવીએ જે સ્વપ્ન જોયાં છે તે અર્થલાભ કરાવનારાં છે, ભોગનો લાભ કરાવનારાં છે, પુત્રનો લાભ, સુખનો લાભ, રાજ્યનો લાભ કરાવનારા છે. હે દેવાનુપ્રિય! નિશ્ચિતપણે વામાદેવી, તમારા કુળમાં ધ્વજા સમાન, કુળમાં દીપક સમાન, કુળમાં પર્વત સમાન, કુળમાં મુગટ સમાન, કુળમાં તિલક સમાન અને કીર્તિ વધારનાર, કુળને સમૃદ્ધિ બક્ષનાર, કુળના વિસ્તાર કરનાર, કુળના આધાર સમાન, કુળના વૃક્ષ સમાન,સળકુળની વિશેષ વૃદ્ધિ કરનાર, સુકોમળ હાથ અને પગવાળા, હીનતા રહિત, પાંચેય ઇન્દ્રિયોથી પરિપૂર્ણ, લક્ષણો, વ્યંજનો અને ગુણોથી યુક્ત, માન, ઉન્માન, પ્રમાણથી પરિપૂર્ણ, સુજાત, સર્વાંગ સુંદર, ચંદ્ર સમાન, સૌમ્ય આકૃતિવાળા, કાંત, પ્રિયદર્શી અને સુરૂપ પુત્રને જન્મ આપશે.

૧૦૮ પાર્શ્વનાથ માંથી ૭૫
પોસલી પાર્શ્વનાથ

Shri Posli Parshvnath - Posliya
Jainam Jayati Shasanam WhatsApp-8898336677

નવફણા અલંકૃત ૧૮ ઈંચ ઉંચા અને ૧૪ ઈંચ પહોળા કૃષ્ણ વર્ણના, પદ્માસને બિરાજમાન શ્રી પોસલી પાર્શ્વનાથ પ્રભુ રાજસ્થાનનાં શિરોહી જિલ્લામાં પોસલીયા ખાતે પ્રાચીન શિખરબંધ જિનાલયમાં બિરાજમાન છે.
પોસલીયા ગામના નામ ઉપરથી ઓળખાતાં પાર્શ્વનાથ પ્રભુ શ્રી પોસલી પાર્શ્વનાથ ભગવાનનું જિનાલય શ્રી સંઘ દ્વારા સં.૧૭૫૦માં નિર્માણ કરવામાં આવેલ.
પ્રભુનાં પ્રતિમાજી ઉપર સં.૧૭૪૫નો લેખ વંચાય છે. તે પહેલા પણ ગામમાં એક જિનાલય હતું.
સવંત ૧૭૨૨માં પં.મહિમાએ રચેલી ચૈત્ય પરિપાટીમાં પોસલીમાં ત્રણ જિનપ્રતિમાઓ હોવાનું કવિએ નોંધ્યું છે.

અહીં એક પ્રાચીન જ્ઞાનભંડાર પણ છે. એક ઉપાશ્રય પણ છે.

સ્તુતિ

પોસલીયા તીર્થાધિપતિને પેખતા નયણા ઠરે,તુજ શ્યામલી મૂરત પ્રભુ મુજ કર્મરજ શ્યામલ હરે,મુજ વાસના શોષી લઈને ભાવનાને પોષતા,શ્રી પોસલીયા પ્રભુ પાર્શ્વને ભાવે કરું હું વંદના

જાપ મંત્ર
ૐ હ્રીં અર્હં શ્રી પોસલી પાર્શ્વનાથાય નમઃ

Jainam Jayati Shasanam WhatsApp-8898336677

તીર્થનું સરનામું
શ્રી પોસલી પાર્શ્વનાથ શ્વેતાંબર જૈન તીર્થ,
મુ.પો.પોસલીયા, શિરોહીકા વાસ, સ્ટે.એરનપુરા,
જિ.શિરોહી(રાજસ્થાન)

ફોન-૦૨૯૭૬-૨૬૭૦૩૦

૧૦૮ પાર્શ્વનાથ માંથી ૭૬
કચ્છુલિકા પાર્શ્વનાથ

Shri Kachhulika Parshvnath - Kachholi
Jainam Jayati Shasanam WhatsApp-8898336677

મનોહર પરિકરમાં સાત ફણાથી અલંકૃત પદ્માસને બિરાજમાન ૨૯ ઇંચ ઉંચા, ૨૩ ઇંચ પહોળાં શ્વેત પાષાણનાં શ્રી કચ્છુલિકા પાર્શ્વનાથ પ્રભુ રાજસ્થાનનાં શિરોહી જિલ્લામાં કાછોલી તીર્થે ભવ્ય શિખરબંધી જિનાલયમાં બિરાજમાન છે.
જૈનશાસનનાં અનેક સમર્થ મહાપુરુષોનાં પુનિત પગલાથી પાવન થયેલું કાછોલીનો ગૌરવપૂર્ણ ઇતિહાસ છે. કાછોલીવાલ ગચ્છનું ઉત્પત્તિ સ્થળ આ તીર્થ છે.
મૂળ ગભારો, ગુઢ મંડપ, છ ચોકી, સભામંડપ અને શૃંગાર ચોકીથી વિભૂષિત આ જિનપ્રસાદની પુન:પ્રતિષ્ઠા સવંત.૨૦૨૬માં થયેલ. માગશર સુદ ૧૦ ના દિવસે અહીં ધજા ચડાવવામાં આવે છે. આ પ્રભુ શ્રી ચિંતામણી પાર્શ્વનાથ પ્રભુના નામથી પણ ઓળખાય છે. કચ્છના રાવ દ્વારા વસાવાયેલા આ ગામમાંથી મળી આવતો સવંત.૧૩૪૩નો શિલાલેખ આ તીર્થની પ્રાચીનતાનો પુરાવો છે.
સવંત.૧૩૬૩માં પ્રજ્ઞાતિલકસૂરીનાં શિષ્યે રચેલા કચ્છુલીરાસમાં આ જિનપ્રાસાદને અત્યંત રળિયામણો જણાવેલ છે.

સ્તુતિ

જ્યાં કચ્છના રાવે વસાવ્યું ધામ કાછોલી તણું,ત્યાં થાપીયા પ્રભુ પાર્શ્વને તુજ નામ કાછોલી ગણું,કાછોલી પારસ કર્મ છોલી છેડેલો ભવનો કરો,શ્રી કચ્છુલિકા પ્રભુ પાર્શ્વને ભાવે કરું હું વંદના

જાપ મંત્ર

ૐ હ્રીં અર્હં શ્રી કચ્છુલિકા પાર્શ્વનાથાય નમઃ

તીર્થનું સરનામું
શ્રી કચ્છુલિકા પાર્શ્વનાથ શ્વેતાંબર જૈન તીર્થ,
મુ.પો.કાછોલી,તા.પિંડવાડા,
જિ.શિરોહી(રાજસ્થાન)
ફોન-૦૯૫૮૭૨૨૫૮૮૩

Shri Kachhulika Parshvnath Jinalay Kachholi
Jainam Jayati Shasanam WhatsApp-8898336677

==========

સુણ્યા હશે પૂજ્યા હશે, નિરખ્યા હશે પણ કો ક્ષણે, હે જગતબંધુ! ચિત્તમાં, ધાર્યા નહિ ભક્તિપણે;
જન્મયો પ્રભુ તે કારણે, દુ:ખપાત્ર હું સંસારમાં, હા! ભક્તિ તે ફળતી નથી, જે ભાવ શૂન્યાચારમાં..

૧૦૮ પાર્શ્વનાથ માંથી ૭૭

દાદા પાર્શ્વનાથ

Shri Dada Parshvnath - Beda

Jainam Jayati Shasanam WhatsApp-8898336677

નવ ફણાની નવિનતાથી સૌંદર્યવાન, શ્યામવર્ણ પાષાણનાં ૨૬ ઇંચ ઉંચા અને ૨૨.૨૫ ઇંચ પહોળા શ્રી દાદા પાર્શ્વનાથ પ્રભુનું પ્રભાવક અને ચમત્કારિક તીર્થ અરવલ્લીના વિસ્તારમાં આવેલ છે.

વિક્રમ સંવત ૧૧માં સૈકામાં આ પ્રાચીન જિનાલય બન્યું હોવાનું કહેવાય છે. દાદા પાર્શ્વનાથજીની ગાદી પર સવંત ૧૬૬૪નો લેખ છે. આ પ્રતિમાજીને હીરસૂરીશ્વરજી મ.સા.ના શુભ હસ્તે ગાદીનશીન કરવામાં આવેલ હતા.

સં.૧૬૫૫ માં રચાયેલી શ્રી પ્રેમવિજય કૃત ૩૬૫ શ્રી પાર્શ્વજિન નામમાલા માં ઉલ્લેખ છે.

સં.૧૬૫૬ માં કવિ નયસુંદર રચિત શ્રી શંખેશ્વર પાર્શ્વનાથ છંદ આ સિવાય અન્ય અનેક સ્તવનોમાં શ્રી દાદા પાર્શ્વ પ્રભુનો ઉલ્લેખ થયેલ છે.

સ્તુતિ

બેડા બિરાજી થઈ સુકાની બેડો પાર લગાવતા,દિવ્ય પ્રભાવ થકી સુગંધી હસ્તમાં ફેલાવતા,અમૃત કચોલા નયનમાં દાદાજી જાણે લાગતા,શ્રી દાદા પ્રભુ પાર્શ્વને ભાવે કરું હું વંદના

જાપ મંત્ર

ૐ હ્રીં અર્હં શ્રી દાદા પાર્શ્વનાથાય નમઃ

Shri Dada Parshvnath Jinalay
Beda

Jainam Jayati Shasanam WhatsApp-8898336677

તીર્થનું સરનામું

શ્રી દાદા પાર્શ્વનાથ શ્વેતાંબર જૈન તીર્થ,

સ્ટે.મોરી બેડા,તા.શિવગંજ,જિ.શિરોહી(રાજસ્થાન)

ફોન-૯૯૨૯૫૪૧૯૩૦ / ૦૨૯૩૩-૨૪૩૧૨૮

૯૬૬૦૮૮૯૭૮૮

==========

અસત્યો માંહેથી પ્રભુ ! પરમ સત્યે તું લઈ જા...

ઊંડા અંધારેથી, પ્રભુ ! પરમ તેજે તું લઈ જા...

મહામૃત્યુમાંથી, અમૃત સમીપે નાથ ! લઈ જા...

તું-હીણો હું છું તો તુજ દરશનાં દાન દઈ જા.....

૧૦૮ પાર્શ્વનાથ માંથી ૭૮
સેસલી પાર્શ્વનાથ



કલાત્મક પરિકરથી પરિવરેલા પદ્માસને બિરાજમાન ૨૩ ઇંચ ઉંચા અને ૧૯.૫ ઇંચ પહોળા શ્વેત પાષાણના મહારાજા સંપ્રતિના સમયના શ્રી સેસલી પાર્શ્વપ્રભુ ફાલના (રાજસ્થાન) નજીક સેસલી તીર્થ મુકામે બિરાજમાન છે.
બારમાં સૈકામાં શ્રી માંડણ સંઘવી દ્વારા લાખો રૂપિયા સદ્વ્યય કરાવી બનાવેલ શિખરબદ્ધ જિનાલયમાં સવંત.૧૧૮૭ નાં અષાઢ વદ ૭ ના શુભ દિને નારલાઈ તીર્થમાંથી લાવવામાં આવેલ શ્રી પાર્શ્વનાથ ભગવાનને શ્રી આનંદસૂરિના વરદહસ્તે મહામહોત્સવપૂર્વક ગાદીનશીન કરવામાં આવેલ.
સવંત.૧૨૫૨માં આ જિનાલયનો જિર્ણોદ્ધાર કરવામાં આવેલ.
સંવત.૧૪૯૩માં આ પ્રતિમાજીને એક કલાત્મક પરિકરથી પરિવૃત કરવામાં આવેલ.
સવંત ૨૦૨૦માં પૂર્ણ જિર્ણોદ્ધાર કરવામાં આવેલ.
અષાઢ સુદ ૧૪નો પ્રતિષ્ઠા દિન પ્રતિવર્ષ ઉજવાય છે.
સં.૧૬૫૫ માં રચાયેલી શ્રી પ્રેમવિજય કૃત ૩૬૫ શ્રી પાર્શ્વજિન નામમાલા માં શ્રી સેસલી પાર્શ્વનાથ ભગવાનનો ઉલ્લેખ છે.
પ્રત્યેક વર્ષે કારતક સુદ ૧૫ અને ભાદરવા સુદ ૧૦ ના દિવસે અહીં મેળો ભરાય છે.

સ્તુતિ

મીઠડી નદીનાં તીર પર બેઠા પ્રભુજી મીઠડાં,ને નામ તારું સેસલી કરે નામશેષ દૂરિતડાં,મુજ શેષ કર્મોને હણો,તો માનું તારી વિશેષતા,શ્રી સેસલી પ્રભુ પાર્શ્વને ભાવે કરું હું વંદના

જાપ મંત્ર

ૐ હ્રીં અર્હં શ્રી સેસલી પાર્શ્વનાથાય નમઃ

તીર્થનું સરનામું

શ્રી સેસલી પાર્શ્વનાથ શ્વેતાંબર જૈન તીર્થ,
મુ.પો.સેસલી,સ્ટે. ફાલના,તા. બાલી,જિ. પાલી(રાજસ્થાન)
ફોન-૦૨૯૩૮-૨૨૨૦૬૯
૦૯૮૨૯૫૯૨૫૦૪

ભોજનશાળા તથા ધર્મશાળા ની સુંદર વ્યવસ્થા છે.

૧૦૮ પાર્શ્વનાથ માંથી ૭૯
રાણકપુરા પાર્શ્વનાથ

સાત ફણાથી અલંકૃત, શ્યામવર્ણા, પદ્માસનારૂઢ પાષાણના ૧૯ ઇંચ ઉંચા અને ૧૫ ઇંચ પહોળા પરિકર સહિત શ્રી રાણકપુરા પાર્શ્વનાથ પ્રભુ રાણકપુરજી તીર્થમાં શિખરબદ્ધ જિનાલયમાં મૂળનાયક તરીકે બિરાજમાન છે.
૧૫માં સૈકામાં તપાગચ્છાધિપતિ પૂ.આ.શ્રી સોમસુંદરસૂરિનો સત્સંગ થતા રાણાકુંભાના કુશળમંત્રી ધરણાશાના અંતરમાં એક ભવ્ય જિનપ્રાસાદ નિર્માણ કરવાની ભાવના થઈ.પોતાના અરમાનો પૂર્ણ કરવા કુંભારાણા પાસેથી જમીન ખરીદી ત્યાં રાણપુર ગામ વસાવ્યું. કુશળ શિલ્પીઓને બોલાવી ભવ્ય ચતુર્મુખ જિનપ્રાસાદ બનાવ્યો. નગરમાં આ જિનાલય ઉપરાંત બીજા ૬ જિનાલયો વિદ્યમાન હતા. કાળક્રમે આજે તો માત્ર ૩ જિનાલયો અને ધર્મશાળા સિવાય આખું ગામ સુમસામ ભાસે છે.
ધરણવિહારની સામે ઉત્તરાભિમુખ શ્રી પાર્શ્વનાથ પ્રભુનું મનોહર જિનાલય શોભી રહ્યું છે. રાણકપુરના વાસી આ પાર્શ્વનાથ શ્રી રાણકપુર પાર્શ્વનાથજી તરીકે ઓળખાય છે. કલાત્મક સ્તંભો જિનાલયને અતિ ઉત્કૃષ્ટ બનાવે છે.અને શિલ્પનો કલાવૈભવ દેશ-વિદેશના પ્રવાસીઓને આકર્ષણનું કેન્દ્ર બનેલો છે.
કાર્તિકી પૂનમ,ફાગણ પૂનમ તથા ચૈત્રી પૂનમના દિને અહીં મેળો ભરાય છે.

સ્તુતિ

રાણકપુરા ધામ ધરણાશાહ જ્યાં વિકસાવતા,પ્રભુપાર્શ્વનું મંદિર તિંહા સહુ સ્થપતિઓ મળી સ્થાપતા,છે તીર્થ પ્રભુઆદિ તણું,જ્યાં પાર્શ્વ પ્રભુપણ જાગતા,શ્રી રાણકપુરા પ્રભુ પાર્શ્વને ભાવે કરું હું વંદના

જાપ મંત્ર

ૐ હ્રીં અર્હં શ્રી રાણકપુરા પાર્શ્વનાથાય નમઃ

તીર્થનું સરનામું
શ્રી રાણકપુરા પાર્શ્વનાથ શ્વેતાંબર જૈન તીર્થ,
મુ.પો.રાણકપુર,સ્ટે. ફાલના,તા. બાલી,
જિ. પાલી(રાજસ્થાન)
ફોન-૦૨૯૩૪-૨૮૫૦૨૧/૯૮૨૯૮૩૩૮૧૬

ભોજનશાળા તથા ધર્મશાળા ની સુંદર વ્યવસ્થા છે.

૧૦૮ પાર્શ્વનાથ પ્રભુનો ઇતિહાસ અને ત્યાં કઈ રીતે પહોંચવું.... ભાગ-૧૭

કુલ્લ ૭૯ પાર્શ્વનાથ પ્રભુના દર્શન થયા રાજસ્થાનમાં આવેલ ૧૦૮ પૈકીના ૨૬ પ્રભુ પાર્શ્વનાથના તીર્થોમાંથી ૧૪ની યાત્રા કરી હવે આગળની યાત્રા કરીશું.

શ્રી રાણકપુરતીર્થના વિશાળ જિનાલયોને જુહારયા અહીં થી આગળ યાત્રા કરવી હશે તો પ્રથમ નાડલાઈ જવાનું રહેશે જે ૩૩ કિલોમીટરની અંતરે તીર્થ છે.

રાણકપુર થી નાડલાઈ
૩૩ કિલોમીટર

નાડલાઈ થી વરકાણા
૨૩ કિલોમીટર

વરકાણા થી પાલી
૬૨ કિલોમીટર

પાલી થી મૂંડાવા
૬૨ કિલોમીટર

મૂંડાવા થી કાપરડાજી
૭૦ કિલોમીટર

કાપરડાજી થી મેડતારોડ
૮૩ કિલોમીટર

મેડતા રેલવે સ્ટેશનથી વિજય ચિંતામણી
૧૪ કિલોમીટર
(ફલવૃદ્ધિ તીર્થ પણ નજીક છે)
==========
૮૦-શ્રી સોગઠિયા પાર્શ્વનાથ
નાડલાઈ
૮૧-શ્રી વરકાણા પાર્શ્વનાથ
વરકાણા
૮૨-શ્રી નવલખા પાર્શ્વનાથ
પાલી

૮૩-શ્રી મંડોવરા પાર્શ્વનાથ
મુંડાવા
૮૪-શ્રી સ્વયંભૂ પાર્શ્વનાથ
કાપરડાજી
૮૫-શ્રી ફલવર્ધિ પાર્શ્વનાથ
મેડતારોડ
૮૬-શ્રી વિજય ચિંતામણી પાર્શ્વનાથ
મેડતારોડ

(ધર્મશાળાની સુંદર સગવડ છે રાત્રી રોકાણ ત્યાં કરવું ત્યાંથી મુંબઈ તરફ આવવા રાણકપુરા એક્સપ્રેસ ટ્રેન ઉપલબદ્ધ છે.)

==========

પુરુષાદાનીય અર્હંત પાર્શ્વનાથ ચરિત્ર ભાગ - ૫

(૫૬ દિક્કુમારીઓ દ્વારા જન્મોત્સ્વ)

તે કાળે તે સમયે હેમંત ઋતુનો બીજો માસ, ત્રીજો પક્ષ અર્થાત્ માગસર માસના વદ દસમના દિવસે નવ માસ અને સાડા સાત રાત્રિ-દિવસ પસાર થયા ત્યારે રાત્રિનો પૂર્વભાગ સમાપ્ત થવા આવ્યો હતો અને પાછળના ભાગનો પ્રારંભ થઈ રહ્યો હતો તે સંધિવેળામાં અર્થાત્ મધ્યરાત્રિમાં વિશાખ નક્ષત્રનો યોગ થતાં જ આરોગ્યવાળી માતાએ આરોગ્યપૂર્વક પુરુષાદાનીય અર્હંત પાર્શ્વ નામના પુત્રને જન્મ આપ્યો.

અર્હંત પાર્શ્વ નો જન્મ થવાથી કેવળ વારાણસી નગરી જ નહિ પણ ક્ષણભરને માટે સમસ્ત સંસાર લોકોત્તર પ્રકાશથી પ્રકાશિત થઈ ગયો. રાજા અશ્વસેન જ નહિ-સંસારભરનાં પ્રાણિગણોએ અનિર્વચનીય આનંદનો અનુભવ કર્યો. (તીર્થંકરનો પૃથ્વી ઉપર જન્મ ધારણ કરવો અધ્યાત્મ, ધર્મ અને જ્ઞાનના મહાપ્રકાશનું સાક્ષાત્ રૂપમાં અવતરણ છે. તેમના ઉપદેશ અને જ્ઞાનથી માત્ર મનુષ્ય લોક જ નહિ પરંતુ ત્રણેય લોક પ્રકાશમાન થઈ જાય છે તે દૃષ્ટિથી તીર્થંકરનાં જન્મ સમયમાં દીક્ષા અને કેવળજ્ઞાનની પ્રાપ્તિના સમયમાં ત્રણેય લોકમાં અપૂર્વ ઉદ્યોત થયાની વાત આગમમાં આવેલ છે.)

જે રાત્રિએ પુરુષાદાનીય અર્હંત્ પાર્શ્વે જન્મ ગ્રહણ કર્યો, તે રાત્રિએ ઘણા દેવ અને દેવીઓ જન્મકલ્યાણક મનાવવા માટે આવ્યા જેથી તે રાત્રિ પ્રકાશમાન બની ગઈ અને દેવ-દેવીઓના વાર્તાલાપથી ગૂંજવા લાગી. ભગવાનનો જન્મ મહોત્સવ ઉજવવા માટે છપ્પન દિક્ કુમારિકાઓ (દિશાની કુમારિકાઓ) આવી.

વિભિન્ન દિશાઓમાં રહેનારી આ દિક્કુમારીઓએ આવીને ભગવાનનું સૂતિકા કર્મ કરીને જન્મોત્સ્વ ઊજવ્યો અને પોતાના સ્થાને ચાલી ગઈ.

૧૦૮ પાર્શ્વનાથ માંથી ૮૦
સોગઠીયા પાર્શ્વનાથ

Shri Sogathia Parshvnath - Narlai
Jainam Jayati Shasanam WhatsApp-8898336677

પાંચ ફણા યુક્ત , પદ્માસનારૂઢ ૨૭ ઇંચ ઉંચા અને ૨૩ ઈંચ પહોળા શ્વેત પાષાણના શ્રી સોગઠીયા પાર્શ્વનાથ પ્રભુ રાજસ્થાનના નાડલાઈ તીર્થમાં જેખલ પર્વતના મૂળમાં ભવ્ય શિખરબંધી જિનાલયમાં બિરાજમાન છે.

આ પ્રતિમાજી સંપત્તિકાલીન છે. નાડલાઈ તીર્થ અતી પ્રાચીન છે. તીર્થમાં બે ટેકરીઓ ઉપર શ્રી આદેશ્વર દાદા તથા શ્રી નેમિનાથ ભગવાનનાં જિનાલયનો છે. ટેકરીઓ શ્રી શત્રુંજય અને ગિરનાર નામે ઓળખાય છે.

અહીંના જિનાલયોમાંથી સવંત ૧૧૦૯-૧૧૮૭ વગેરે અનેક શિલાલેખો ઉપલબ્ધ છે. વિજય પ્રશિસ્ત મહાકાવ્ય શ્રી યશોભદ્રસૂરી રાસ વગેરેમાં આ તીર્થનો ઈતિહાસ ની આખી રૂપરેખા છે. આ સિવાય અન્ય ઉલ્લેખો પણ છે.

કારતક સુદ ૧૫ તથા ચૈત્ર સુદ ૧૫ ના રોજ નાડલાઈ તીર્થમાં મેળો ભરાય છે.

સ્તુતિ

ચોપાટ ચાર ગતિ તણી ખેલુ પ્રભુ સંસારમાં, મુજ સોગઠી જિતાડજો પહોંચાડેજો તુજ દ્વારમાં, જેખલગિરિના મૂળમાં જે જમીનમાંથી પ્રગટતા,શ્રી સોગઠીયા પ્રભુ પાર્શ્વને ભાવે કરું હું વંદના

જાપ મંત્ર

ॐ ह्रीं अर्हं श्री सोगठीया पार्श्वनाथाय नमः

Jainam Jayati Shasanam WhatsApp-8898336677

તીર્થનું સરનામું

શ્રી સોગઠીયા પાર્શ્વનાથ શ્વેતાંબર જૈન તીર્થ,
ધંધાવાડીની બાજુમાં,મુ.પો.નાડલાઈ,તા. દેસુરી(રાજસ્થાન)
ફોન-૯૦૦૧૬૧૭૧૪૩

ભોજનશાળા તથા ધર્મશાળા ની સુંદર વ્યવસ્થા છે.

==========

થાઓ મારા નમન તમને દુઃખને કાપનારા
થાઓ મારા નમન તમને ભૂમિ શોભાવનારા
થાઓ મારા નમન તમને આપ દેવાધીદેવા
થાઓ મારા નમન તમને મોક્ષ સુખ આપનારા
થાઓ મારા નમન તમને મોક્ષ સુખ આપનારા

૧૦૮ પાર્શ્વનાથ માંથી ૮૧

વરકાણા પાર્શ્વનાથ

સાતફણાવાળા, શ્વેતપાષાણના, પદ્માસને બિરાજતાં ૧૩ ઈંચ ઉંચા અને ૧૦ ઈંચ પહોળા ૨૩ પ્રભુથી યુક્ત કળાત્મક પરિકરમાં મૂળનાયક શ્રી વરકાણા પાર્શ્વનાથ બાવન દેવકુલિકાથી શોભતાં જિનાલયમાં બિરાજમાન છે. અહીંનું પ્રાચીન નામ વરકનકગઢ-પુર નગર હતું. જે અતિ સમૃદ્ધ વિશાળ અનેક જિનાલયથી શોભતું જૈનોનું કેન્દ્ર સ્થાન હતું.

વિક્રમ સંવત ૫૧૫ માં આ પ્રભુની પ્રતિષ્ઠા થયેલ. પછી નગરધ્વંશ પછી એક ભરવાડને સંકેતે જમીનમાંથી મળતાં સંઘે જિનાલય બંધાવી ભરાવ્યાં. નવચોકીના એક સ્તંભ પર સંવત ૧૨૧૧ નો લેખ છે.

મહારાણા કુંભાના સમયે શ્રી માલપુરના શ્રેષ્ઠીઓએ જિર્ણોદ્ધારમાં બાવન દેવકુલિકા બનાવી. વિક્રમ સંવત ૧૭૦૭ માં પરિકર થયું. સંવત ૧૯૮૧ માં જિર્ણોદ્ધાર , વિક્રમ સંવત ૨૦૧૪ મહા સુદ ૪ ના દિવસે પુનઃપ્રતિષ્ઠા થયેલ છે.

શ્રી જીવવિજયજી એ સકલતીર્થમાં શ્રી વરકાણા પાર્શ્વનાથ પ્રભુની વંદના કરેલ છે.

સ્તુતિ

વરકાણા નગરે શોભતા વરગંધહસ્તિ સમા પ્રભુ,વિનવી રહ્યા આ ભક્ત તારા કાં નવિ રિઝતા વિભુ ? જગમાતને જત્તતાત તું જગનાથ એ તુજ નામના,શ્રી વરકાણા પ્રભુ પાર્શ્વને ભાવે કરું હું વંદના

જાપ મંત્ર

ૐ હ્રીં અર્હં શ્રી વરકાણા પાર્શ્વનાથાય નમઃ

તીર્થનું સરનામું

શ્રી વરકાણા પાર્શ્વનાથ શ્વેતાંબર જૈન તીર્થ,

મુ.પો.નાડલાઈ, તા.દેસુરી(રાજસ્થાન)

ફોન-૭૪૨૬૯૨૩૩૬૩

ભોજનશાળા તથા ધર્મશાળા ની સુંદર વ્યવસ્થા છે.

==========

સુણ્યા હશે પૂજ્યા હશે, નિરખ્યા હશે પણ કો ક્ષણે,

હે જગતબંધુ! ચિત્તમાં, ધાર્યા નહિ ભક્તિપણે;

જનમ્યો પ્રભુ તે કારણે, દુ:ખપાત્ર હું સંસારમાં,

હા! ભક્તિ તે ફળતી નથી, જે ભાવ શૂન્યાચારમાં..

૧૦૮ પાર્શ્વનાથ માંથી ૮૨
નવલખા પાર્શ્વનાથ

નવ મનોહર ફણાથી શોભતા,શ્વેત પાષાણના, નિર્વિકાર,પદ્માસનારૂઢ, ૩૩ ઈંચ ઉંચા અને ૨૬ ઈંચ પહોળા શ્રી નવલખા પાર્શ્વનાથ પ્રભુ પાલીમાં બાવન જિનાલયમાં બિરાજમાન છે. રાજસ્થાનનું પાલી ગામ પણ ઘણું પ્રાચીન છે. પૂર્વે તે પલ્લીકા કે પલ્લી ના નામથી ઓળખાતું હતું. અહીંથી ઉત્પન્ન થયેલા એક ગચ્છનું નામ ગામના નામ પરથી પલ્લીવાલ ગચ્છ કહેવાયું.

સંડેરક ગચ્છના મહાન આચાર્ય શ્રી યશોભદ્રસૂરીશ્વરજીને વિ.સં. ૯૬૯ માં આ ગામમાં જ આચાર્યપદે આરૂઢ કરવામાં આવ્યા હતા. આ નગરનાં અપૂર્વ વૈભવ અને જાહોજલાલીનો ખ્યાલ આપતાં અનેક ઐતિહાસિક પ્રમાણો આજે પણ ઉપલબ્ધ છે.

બાવન મનોહર દેવકુલિકાઓથી યુક્ત નવલખા પાર્શ્વનાથનું જિનાલય ઘણું પ્રાચીન છે. આ જિનાલયની પ્રાચીન પ્રતિમાઓ પરથી મળતા બારમા અને તેરમા સૈકાના શિલાલેખો આ જિનાલય ઘણું પ્રાચીન હોવાની હકીકતને પ્રમાણભૂત ઠેરવે છે.

પૂર્વે આ જિનપ્રાસાદના મૂળનાયકપદે ચરમ તીર્થપતિ શ્રી મહાવીર સ્વામી બિરાજમાન હતા. સં.૧૬૮૬ માં આ જિનાલયનો જીર્ણોદ્ધાર થયો અને જિનાલયને બાવન દેવકુલિકાઓથી મંડિત કરવામાં આવ્યું. તે સમયે જિનાલયના મૂળનાયકના સ્થાનમાં ફેરફાર કરવામાં આવ્યો. નૂતન જીર્ણોદ્ધૃત જિનાલયમાં સં.૧૬૮૬ માં શ્રી પાર્શ્વનાથજીને પ્રતિષ્ઠિત કરવામાં આવ્યા. પ્રતિવર્ષ વૈશાખ સુદ ૩ ના દિને વર્ષગાંઠની ઊજવણી થાય છે.

આ પાર્શ્વનાથજીના નવલખા નામ અંગે અનેક માન્યતાઓ પ્રવર્તે છે. આ મૂર્તિના નવ અંગોના તિલકના સ્થાને નવ યંત્રો ખોદી તેમાં મંત્રાક્ષરો લખવામાં આવેલા હોવાથી તે નવલખા નામથી ઓળખાય છે.

નવલખા જાતિના ઓસવાલે આ પ્રતિમાજી ભરાવ્યા હોવાથી તે નવલખા નામથી ઓળખાતા હોવાનું પણ કેટલાક કહે છે.

આ ભવ્ય જિનાલયના નિર્માણનો ખર્ચ રૂપિયા નવલાખ થયો તે માટે એવું કહેવાય છે કે ઘીનું મૂલ્ય નવલાખ હતું પણ પણ પુણ્યશાળી વ્યાપારી તે લેવાની ના પાડી તે મૂલ્યથી મંદિર બનાવાયું માટે નવલખા નામથી ઓળખાય છે.

નવલખા નામથી ઓળખાતો નવલખા દરવાજો તથા નવલખા રોડ પણ પાલીમાં વિદ્યમાન છે.

સ્તુતિ

પાલી નગરનાં પાલનારા બાલને આ પાલજો,પાલનહાર બિરુદ તારું,તોજ સાચું જાણજો,નવઅંગમાં નવયંત્ર લેખો, તેહથી તું નવલખા,શ્રી નવલખા પ્રભુ પાર્શ્વને ભાવે કરું હું વંદના

જાપ મંત્ર

ૐ હ્રીં અર્હં શ્રી નવલખા પાર્શ્વનાથાય નમઃ

તીર્થનું સરનામું

શ્રી નવલખા પાર્શ્વનાથ શ્વેતાંબર જૈન તીર્થ,

નવલચંદ્ર સુવ્રતચંદ્ર જૈન પેઢી,ગુજરાતી કટલા,મુ.પાલી(રાજસ્થાન)

ફોન-૦૨૯૩૨-૨૨૧૯૨૯

ભોજનશાળા તથા ધર્મશાળા ની સુંદર વ્યવસ્થા છે.

૧૦૮ પાર્શ્વનાથ માંથી ૮૩
મંડોવરા પાર્શ્વનાથ

Shri Mandovara Parshvnath-Mundava
Jainam Jayati Shasanam WhatsApp-8898336677

ફણારહિત શ્વેતવર્ણના પાષાણના પદ્માસનારૂઢ ૧૨.૫ ઇંચ ઊંચા અને ૧૦ ઇંચ પહોળા શ્રી મંડોવરા પાર્શ્વનાથ પ્રભુ રાજસ્થાનમાં મંડોવરા તીર્થમાં બિરાજમાન છે.
આ મંદિરની ઉત્પત્તિ પાછળ એક દંતકથા પ્રખ્યાત છે. આ ગામના એક શ્રાવકને પ્રભુ દર્શન પછી જ જમવાનો નિયમ હતો. આ નિયમનું પાલન કરવા તે રોજ ૫ માઇલ દૂર ગામમાં જતો હતો. નિયમ પ્રત્યેની તેમની ભક્તિથી પ્રસન્ન થઈને,અધિષ્ઠાયક દેવ સ્વપ્નમાં દર્શન આપી ગામની બહાર કેરડાના ઝાડ નીચે પ્રભુ પ્રતિમાને પ્રગટ કરી અને તેને નવું જિનાલય બનાવવાનો સંકેત આપ્યો.
સ્વપ્ન અનુસાર,શ્રાવકને ઝાડ નીચે ભગવાન પ્રભુની પ્રતિમા પ્રાપ્ત થઈ. મંદિર બનાવવા માટે પૈસાની જરૂર હતી. દેવના સંકેત અનુસાર તેમણે જવ ભરેલો ટોપલો લીધો અને તેને સૂચિત જગ્યાએ મુક્યો સવારે ટોપલો લેવા ગયો તો બધા જવ સોનાના થઈ ગયા.સોનાનો ઉપયોગ કરીને મનોહર જિનાલય બનાવ્યુ. મુંડવા મંડન પાર્શ્વનાથ પ્રભુ માંડોવરા પાર્શ્વનાથ તરીકે પ્રખ્યાત થયા. તીર્થનો અનેકવાર જીર્ણોદ્ધાર થયો. વૈશાખ ૬ પ્રતિષ્ઠા દિન પ્રતિવર્ષે ઉજવાય છે.
સવંત ૧૭૨૨ માં રચાયેલઈ પં.મહિમાકૃત ચૈત્ય પરિપાટીમાં આ તીર્થનો ઉલ્લેખ છે.

સ્તુતિ

જે સ્વપ્ન આપી કરેડાનાં વૃક્ષ તળથી પ્રગટતા,જે જવ ભરેલ કરંડિયો સોના મહીં પલટાવતા,મુંડાવા નગરે તીર્થ તારું મુંડજો મુજ મોહને,શ્રી મંડોવરા પ્રભુ પાર્શ્વને ભાવે કરું હું વંદના

જાપ મંત્ર

ॐ ह्रीं अर्हं श्री मंडोवरा पार्श्वनाथाय नमः

Jainam Jayati Shasanam WhatsApp-8898336677

તીર્થનું સરનામું
શ્રી મંડોવરા પાર્શ્વનાથ શ્વેતાંબર જૈન તીર્થ,
મુ.પો.મુંડાવા, તા.સોજત, જિ.પાલી, વાયા ચંડાવલ (રાજસ્થાન)
ફોન-૯૫૭૧૫૫૬૪૯૭ / ૭૩૫૭૧૫૦૫૯૨

ભોજનશાળા તથા ધર્મશાળા ની સુંદર વ્યવસ્થા છે.

૧૦૮ પાર્શ્વનાથ માંથી ૮૪

સ્વયંભૂ પાર્શ્વનાથ

રાજસ્થાનની ધરાનું પ્રાચીન કાપરડાજી તીર્થ. આ તીર્થ રાજસ્થાનના જોધપુર જિલ્લાના કાપરડા ગામે આવેલ છે.

આ તીર્થ અતિ પ્રાચીન,ચમત્કારિક ભવ્ય જિનાલય છે. આ મૂળનાયકની પ્રતિમા ૨૦૦૦ વર્ષે પૂર્વ ભૂગર્ભમાંથી પ્રગટ થયેલ હોવાથી તેનું નામ 'શ્રી સ્વયંભૂ પાર્શ્વનાથ' કહેવાયું. ૨૧ ઈંચ ઉંચા, ૧૬.૨૫ ઈંચ પહોળાં પ્રતિમા નીલ (પિસ્તા) વર્ણના પદ્માસન સ્થિતિમાં બિરાજમાન છે. આ પ્રતિમામાં નાગ નાગણની જોડી શોભાયમાન છે. પગમાં પદ્મ ચિહ્ન દેખાય છે.આવી પ્રતિમા વિશ્વમાં માત્ર એક છે આ પ્રતિમા જહર,મૌહરની પાષાણની બનાવેલ છે.

આ પ્રતિમાનું નમણ કોઇ ઝેર પીધેલ વ્યક્તિને પિવડાવામાં આવે તો ઝેર ઊતરી જાય તેવી દંતકથા છે.

પ્રતિમા ઉપર ફણાની બે ફણાઓ છે. (સાત ફણાની ઉપર નીચે એમ બે જોડી છે.) કાપરડાજી તીર્થ ચાર માળનું છે. અને તેનું બાંધકામ શિલ્પ , કલાકારીગીરી સર્વશ્રેષ્ઠ છે.

આશરે ૪૫૦ વર્ષ પ્રાચીન અને ૧૧૪ સ્તંભો પર સુશોભિત છે. મંદિર ભૂતલથી ૯૫ ફૂટની ઊંચાઇએ છે. જેથી જિનાલયની ધજાનાં દર્શન દૂરથી થાય છે.

આ મંદિરનું નવિનર્માણ શ્રી ભાણજી ભંડારીએ કર્યું હતું. શ્રી જિનચંદસૂરિશ્વરજી ને સ્વપ્નમાં સંકેત મળતા તેમને ૧૬૭૪માં પોષ વદ ૧૦ ના દિવસે મૂર્તિ પ્રગટ કરાવી.

ઇ.સ.૧૯૭૫માં વસંત પંચમીના રોજ પાલાડીના જૈન શ્રેષ્ઠી અમીચંદ ગુલાબચંદે બીજી ૧૫ પ્રતિમાની સ્થાપના કરી હતી.

મંદિરની સામે અતિ ચમત્કારિક અધિષ્ઠાયી દેવ 'ભૈરવજી' બિરાજમાન છે. જેનાં દર્શન કરવાથી યાત્રિકોની મનોકામના પૂર્ણ થાય છે.

પ્રત્યેક પૂનમે ભક્તિ ઉત્સવ વિશાળ પ્રમાણમાં મનાવામાં આવે છે. કાપરડા ગામ ઉપરથી શ્રી કાપરડા પાર્શ્વપ્રભુને નામે પણ ઓળખાય છે.

સ્તુતિ

બાવળીયાના વૃક્ષ નીચેથી સ્વયંભૂ પ્રગટતા,કપરાડા તીર્થે બિરાજી કર્મ કંટક કાપતા,જેના દર્શનથી પ્રગટે સ્વયંભૂ બોધી બીજની સ્પર્શના,શ્રી સ્વયંભૂ પ્રભુ પાર્શ્વને ભાવે કરું હું વંદના

જાપ મંત્ર

ૐ હ્રીં અર્હં શ્રી સ્વયંભૂ પાર્શ્વનાથાય નમઃ

તીર્થનું સરનામું

શ્રી સ્વયંભૂ પાર્શ્વનાથ શ્વેતાંબર જૈન તીર્થ,

મુ.પો. કાપરડા,જિ.જોધપુર,વાયા ભાવિ(રાજસ્થાન)

ફોન-૦૨૯૩૦-૨૬૩૯૦૯ / ૯૪૧૪૧૩૬૫૫૧

ભોજનશાળા તથા ધર્મશાળા ની સુંદર વ્યવસ્થા છે.



૧૦૮ પાર્શ્વનાથ માંથી ૮૫

ફલવર્ધિ પાર્શ્વનાથ

શ્રી ફલવર્ધિ પાર્શ્વનાથજી મેડતા રોડ નજીક ફલોધી તીર્થમાં એક ભવ્ય શિખરબંધ જિનાલયમાં બિરાજમાન છે. શ્યામવર્ણના આ પ્રભુજી વેળુના છે. સાતફણાવાળા પદ્માસને આરૂઢ થયેલા આ પ્રભુજી ૩૩ ઈંચ ઊંચા અને ૨૯ ઈંચ પહોળા છે.

ફલોધિ (મેડતા) ગામના પારસ નામના શ્રેષ્ઠીએ ગામની બહાર એક કૌતુક જોયું. શુદ્ધ ભૂમિ પર અમ્લાન પુષ્પોના એક ઢગલામાંથી દિવ્ય સુગંધ પ્રસરી રહી હતી. આશ્ચર્ય મુગ્ધ બનેલા આ શ્રેષ્ઠીએ તત્કાલે ફલોધિમાં માસકલ્પ બિરાજમાન શ્રી વાડીદેવસૂરિને સઘળો વૃત્તાન્ત કહી સંભળાવ્યો. જ્ઞાની સૂરિદેવ આ કૌતુકનું રહસ્ય પામી ગયા. સ્વયં શ્રેષ્ઠી સાથે તે ભૂમિ પર પહોંચ્યા. તે પુષ્પગઢ નીચેની ભૂમિ ખોદતાં એક મનોરમ્ય જિનબિંબ પ્રગટ થયું. પ્રતિમાના દેહ પર દિવ્ય સૌંદર્ય ચમકતું હતું. આ પ્રતિમાના દર્શનથી સહુના નેત્રોએ કૃતાર્થતા અનુભવી. સં.૧૧૯૯ ના ફાગણ સુદ ૧૦ના શુભ દિને પરમાત્મ-પ્રાગટ્યની આ ઘટના બની. મહા મહોત્સવ પૂર્વક પ્રભુજીનો નગર પ્રવેશ થયો. અધિષ્ઠાયક દેવે શ્રી પારસ શ્રેષ્ઠીને આ પ્રભુજીને બિરાજમાન કરવા એક ભવ્ય ચૈત્યનું નિર્માણ કરવા આદેશ કર્યો. ચૈત્યના નિર્માણ માટેની આર્થિક મૂંજવણ અધિષ્ઠાયક દેવની ગુપ્ત સહાયથી દૂર થઈ. પારસશ્રેષ્ઠી નિત્ય પરમાત્મા સન્મુખ અક્ષતનો સ્વસ્તિક કરતા. દૈવી પ્રભાવથી નિત્ય આ સ્વસ્તિક સુવર્ણમય બની જતો. ને સુવર્ણાક્ષતોથી પરમાત્માના એક ઉત્તુંગ અને ભવ્ય જિનાલયનું નિર્માણ શરૂ થયું.

ચૈત્યના નિર્માણ માટેની અઢળક સંપત્તિ ક્યાંથી આવે છે? તે પ્રશ્નથી સહુનું કુતૂહલ વધવા લાગ્યું. પારસ શ્રેષ્ઠીના પુત્રે આ ગુપ્ત હકીકતને જાણવા આગ્રહ સેવ્યો.તેના આગ્રહને વશ થઈને શ્રેષ્ઠીએ સુવર્ણ સ્વસ્તિકની વાત પ્રગટ કરી. તે દિવસથી અક્ષતનું સ્વર્ણીકરણ બંધ થયું અને ચૈત્યનું બાંધકામ અધૂરું રહ્યું. ત્યાર બાદ શ્રી સંઘે ચૈત્યનું કામ પરિપૂર્ણ કર્યું.

સંવત ૧૨૦૪ના મહાસુદ ૧૩ ને શુકવારે શ્રી મુનિચંદ્રસુરિના હસ્તે આ ચૈત્યની પ્રતિષ્ઠા થઈ.

કાળક્રમે મુસ્લિમ આક્રમણનો ભોગ બન્યું. સુલતાન શાહબુદ્દીને આ મંદિર પર છાપો માર્યો. પણ આ દુષ્કૃત્યના ફળરૂપે શાહબુદ્દીનને શરીરમાં વ્યાધિ ઉત્પન્ન થયો. પરમાત્માના આ પ્રભાવથી ભયભીત બનેલા સુલતાને સૈનિકોને અટકાવ્યા અને વધુ નુકસાન થતું અટકાવ્યું. સં.૧૫૫૨ માં સૂરવંશી સંઘપતિ શિવરાજના પુત્ર હેમરાજે આ જિનાલયનો જીર્ણોદ્ધાર કરાવ્યો. ફલોદિના વાસી આ પ્રભુ "ફલોદી પાર્શ્વનાથ" ના નામથી ઓળખાય છે. ઈચ્છિત ફળને અનેકગણું વધારીને આપનારા આ પ્રભુજીનું "ફલવર્ધિ" નામ પણ સાર્થક છે.

સ્તુતિ

અમ્લાન પુષ્પ સંકેતથી જે પાર્શ્વપ્રભુજી પ્રગટતા,પારસ શ્રેષ્ઠીનો સાથીઓ જે સ્વર્ણમય બનાવતા,તેથી તમે ફલવર્ધિ છો મુજ ભક્તિ પર વધારજો,ફલવર્ધિ પ્રભુ પાર્શ્વને ભાવે કરું હું વંદના.

જાપ મંત્ર

ૐ હ્રીં અર્હં શ્રી ફલવર્ધિ પાર્શ્વનાથાય નમઃ

તીર્થનું સરનામું

શ્રી ફલવર્ધિ પાર્શ્વનાથ શ્વેતાંબર જૈન તીર્થ,

મુ.પો.મેડતારોડ,જિ.નાગોર,પીન-૩૪૧૫૧૧ (રાજસ્થાન)

ફોન-૭૦૭૩૬૧૬૧૬૧, ભોજનશાળા તથા ધર્મશાળા ની સુંદર વ્યવસ્થા છે.

૧૦૮ પાર્શ્વનાથ માંથી ૮૬
વિજય ચિંતામણિ પાર્શ્વનાથ


Shri Vijay Chintamani Parshvnath Medta Road
Jainam Jayati Shasanam WhatsApp-8898336677

સાત ફણાથી અલંકૃત,પદ્માસનારૂઢ ૧૯ ઈંચ ઊંચા અને ૧૫ ઇંચ પહોળા શ્વેત પાષાણના શ્રી વિજય ચિંતામણિ પાર્શ્વનાથ પ્રભુનું ભવ્ય જિનાલય પૂર્વકાળમાં મેડતાપુર કે મેદિનીપુ નામે ઓળખાતા અને આજના મેડતા નગરમાં આવેલ છે.આ નગર બારમાં સૈકાથી પણ અધિક પ્રાચીન હોવાના અનેક પૂરાવા છે.

મલધારી અભયદેવસુરીએ આ તીર્થમાં અનેક શાસન પ્રભાવનાનાં કર્યો કરેલ હતા અને કડમડ નામના યક્ષ તથા અનેક બ્રાહ્મણોને પ્રતિબોધીને જૈન બનાવેલ. ગુરૂભગવંતના ઉપદેશ થી અહી શ્રી મહાવીરસ્વમી પ્રભુનું સુંદર જિનાલય નિર્માણ પામેલ.

જગદ્-ગુરૂ શ્રી હીરવિજયસૂરી સં.૧૬૩૯માં મેડતા પધારેલ અને અહીંના સુલતાનને પ્રતિબોધી જૈન મંદિરો પાસેથી ઉઘરાવતો કર બંધ કરાવ્યો હતો.

શ્રી સંઘ સં.૧૬૮૭માં શ્રી વિજય ચિંતામણિ પાર્શ્વપ્રભુ કે જે શ્રી વાડી પાર્શ્વનાથ તરીકે પણ ઓળખાય છે તેમના જિનાલયનું નિર્માણ થયેલ.

પ્રતિમાજી ઉપર સં.૧૬૯૭ નો લેખ વાંચય છે. સંવત ૧૩૮૭માં રચાયેલ શ્રી રત્નશેખર કૃત પાકૃત દયાશ્રયવૃતિમાં શ્રી હીરવિજયસૂરીનાં સમયનાં મેડતાની સ્થિતિનું વર્ણન છે.આ સિવાય અનેક પૂરાવા છે.

કર્મશત્રુપર વિજય અપાવતા આ પ્રભુ પ્રગટ પ્રભાવી છે.

સ્તુતિ

શ્રી વિજય ચિંતામણિ તમે સર્વત્ર વિજય અપાવતા,મેળતાનગર નિવાસી મુજ જડતા સદા ઉચ્છેદતા,ચિંતા ચૂરો ચિંતામણી સહુ ચેતના ચેતાવજો,વિજય ચિંતામણિ પ્રભુ પાર્શ્વને ભાવે કરું હું વંદના.

જાપ મંત્ર

ૐ હ્રીં અર્હં શ્રી વિજય ચિંતામણિ પાર્શ્વનાથાય નમઃ

તીર્થનું સરનામું

શ્રી વિજય ચિંતામણિ પાર્શ્વનાથ શ્વેતાંબર જૈન તીર્થ,
પાશ્વનાથની વાડી,મુ.પો.મેડતા સીટી,
જિ.નાગોર,પીન-૩૪૧૫૧૧ (રાજસ્થાન)
ફોન-૦૧૫૯૦-૨૨૦૩૧૨

ભોજનશાળા તથા ધર્મશાળા ની સુંદર વ્યવસ્થા છે.

Jainam Jayati Shasanam WhatsApp-8898336677

૧૦૮ પાર્શ્વનાથ પ્રભુનો ઇતિહાસ અને ત્યાં કઈ રીતે પહોંચવું.... ભાગ-૧૮

કુલ્લ ૮૬ પાર્શ્વનાથ પ્રભુના દર્શન થયા રાજસ્થાનમાં આવેલા ૧૦૮ પૈકી ૨૬ પ્રભુ પાર્શ્વનાથના તીર્થોમાંથી ૨૧ ની યાત્રા કરી હવે આગળની યાત્રા કરીશું...

સૌ પ્રથમ ઉદયપુર પહોંચવું ઉદયપુર પહોંચવા મુંબઈથી ઉદયપુર એક્સપ્રેશ દ્વારા ટ્રેનની સુવિધા ઉપલબ્ધ છે.

ઉદયપુર થી સમીના
૩ કિલોમીટર

સમીના થી ચંદા પાર્શ્વનાથ (ઉદયપુર)
૩ કિલોમીટર

ચંદા પાર્શ્વનાથ થી કરેડા
૭૨ કિલોમીટર રોડ માર્ગે
(ભુપાલસાગર રેલવે સ્ટે થી ૧ કિ.મી.)

અહીંથી પાછા ઉદયપુર આવી જવું.

(ઉદયપુરમાં ધર્મશાળાની સુંદર સગવડ છે શ્રી પદ્મનાભ સ્વામી ધર્મશાળા રેલવે સ્ટેશનથી ૪કિ.મી.ની અંતરે છે..)

ઉદયપુર થી અલવર જવું.
અલવર જવા જયપુર જવું..
ઉદયપુર થી જયપુર ટ્રેનની સુવિધા છે.
મુંબઈથી ગરીબરથ ટ્રેનથી પણ અલવર જઈ શકાય છે.
જયપુર થી અલવર રોડમાર્ગે જઈ શકાય છે ૧૪૭ કિલોમીટરના અંતરે છે...

અલવર થી મથુરા
૧૨૦ કિલોમીટર

મથુરા થી ઇન્દોર આવવું ત્યાંથી જ સીધી ટ્રેનની સુવિધા છે.
==========
૮૭-શ્રી સમીના પાર્શ્વનાથ
સમીના
૮૮-શ્રી ચંદા પાર્શ્વનાથ
ઉદયપુર

૮૯-શ્રી કરેડા પાર્શ્વનાથ
કરેડા
૯૦-શ્રી રાવણ પાર્શ્વનાથ
અલવર
૯૧-શ્રી કલ્પદ્રુમ પાર્શ્વનાથ
મથુરા (ઉત્તર પ્રદેશ)

(રાજસ્થાનમાં ફક્ત નાગેશ્વર પાર્શ્વનાથ બાકી છે જે આગળ આવશે)

==========

પુરુષાદાનીય અર્હંત પાર્શ્વનાથ ચરિત્ર ભાગ - ૬
(પાર્શ્વને માતા પાસેથી મેરુશિખર ઉપર લઇ જતા ઇન્દ્ર)

ભગવાનનો જન્મ થતાં જ શક્રેન્દ્રનું સિંહાસન કંપાયમાન થયું. તેઓ અવધિજ્ઞાનથી ભગવાનનો જન્મ જાણીને આહ્લાદિત થયા-અનેક દેવ-દેવીઓના પરિવાર સાથે વારાણસી આવ્યાં. સાથે ભવનપતિ, વાણવ્યંતર જ્યોતિષ્ક અને વૈમાનિક દેવનિકાયના ઇન્દ્ર અને દેવગણ પણ આવ્યા. તેઓએ ભગવાન અને માતા વામાદેવીને ત્રણ વાર પ્રદક્ષિણા કરી નમસ્કાર કર્યા. માતાને અવસ્વાપિની નિદ્રા આપીને અને ભગવાનનું પ્રતિબિંબ ત્યાં રાખીને ભગવાનને મેરુશિખર ઉપર લઈ ગયા.

અભિષેક કરવા માટે બધા દેવ જળકળશ લઈને ઊભા રહ્યા. જન્મોત્સવ ઉજવ્યો અભિષેક બાદ બીજાં મંગળાલેખન, પુષ્પવૃષ્ટિ, ધૂપ, આરતી-દીપ, નૃત્ય-રંગ આદિ કર્મો કર્યાં. પછી ફરીને ઇન્દ્રે ભગવાનની માતાની પાસે મૂકી દીધા અને નંદીશ્વર દ્વીપમાં અષ્ટાન્હિકા મહોત્સવ કરીને સ્વસ્થાને ગયા.

મેરુશિખર નવરાવે, હો સુરપતિ મેરુશિખર નવરાવે;
જન્મકાળ જિનવરજીકો જાણી, પંચરૂપ કરી આવે. હો સુરપતિ મેરુશિખર નવરાવે.
રત્ન પ્રમુખ અડજાતિના કળશા, ઔષધી ચૂરણ મિલાવે;
ક્ષીરસમુદ્ર તીર્થોદક આણી, સ્નાત્ર કરી ગુણ ગાવે. હો સુરપતિ મેરુશિખર નવરાવે.
એણી પરે જિન પ્રતિમાકો નવણ કરી, બોધિબીજ માનું ભાવે;
અનુક્રમે ગુણ રત્નાકર ફરસી, જિન ઉત્તમ પદ ભાવે.હો સુરપતિ મેરુશિખર નવરાવે.

પુરુષાદાનીય પાર્શ્વનાથ ભગવાનના જીવે પૂર્વભવમાં ૫૦૦ વખત અભિષેક કર્યું હતું.

૧૦૮ પાર્શ્વનાથ માંથી ૮૭
સમીના પાર્શ્વનાથ

નવફણા યુક્ત કલાત્મક પરિકરમાં ૧૭.૫ ઇંચ ઉંચા અને ૧૬ ઇંચ પહોળી શ્યામવર્ણના પાષાણના પદ્માસનારૂઢ શ્રી સમીના પાર્શ્વનાથ પ્રભુ મેવાડના સમીના ખેડા તીર્થમાં ભવ્ય શિખરબદ્ધ જિનાલયમાં બિરાજમાન છે.

આઠમાં સૈકાની એક ધાતુ પ્રતિમા આ તીર્થ માંથી મળી આવેલ છે. જે તીર્થની પ્રાચીનતા પર પ્રકાશ પાડે છે.

ખરતરગચ્છનાં સમર્થ આચાર્ય શ્રી જિનચંદ્રસુરિ અને દાદા શ્રી જિનકુશળસૂરિજી ની જન્મભૂમિ સમીના ખેડા છે.

સં. ૧૯૯૦માં આ પ્રાચીન તીર્થની પુનઃ પ્રતિષ્ઠા તથા સં. ૨૦૨૫માં જિર્ણોદ્ધાર કરવામાં આવ્યો હતો.

સભામંડપમાં મોગલટાઈપ ગેલેરી તથા ૩ ગૌખલા છે. ગામના નામ ઉપરથી આ પાર્શ્વ પ્રભુ શ્રી સમીના પાર્શ્વનાથ નામે પ્રસિદ્ધ છે.

સં. ૧૭૨૧માં રચાયેલી શ્રી મેઘવિજય ઉપાધ્યાય કૃત શ્રી પાર્શ્વનાથ નામમાલા માં પણ શ્રી સમીના પાર્શ્વનાથ ભગવાનનો ઉલ્લેખ છે.

શ્રી સમીના પાર્શ્વનાથ પ્રભુ આ એક માત્ર તીર્થ હોવાનું જણાય છે.

સ્તુતિ

અમીરસતણી અમીધાર વહેતા હે પ્રભુ તુજ નયનમાં,સમતા તણી સરવાણી વહેતી હે પ્રભુ તુજ વયણમાં,શમી જતી સમીનામહીં તુજ દર્શથી દુર્ભાવના,સમીના પ્રભુ પાર્શ્વને ભાવે કરું હું વંદના.

જાપ મંત્ર

ૐ હ્રીં અર્હં શ્રી સમીના પાર્શ્વનાથાય નમઃ

તીર્થનું સરનામું

શ્રી સમીના પાર્શ્વનાથ શ્વેતાંબર જૈન તીર્થ,
મુ.પો.સમીના,ખેડા, જિ.ઉદેપુર ,
પદ્મનાભસ્વામી જિનાલય (રાજસ્થાન)
ફોન-૦૨૯૪-૨૪૨૦૪૬૨ / ૮૫૬૦૦૨૪૮૯૧

૧૦૮ પાર્શ્વનાથ માંથી ૮૮
ચંદા પાર્શ્વનાથ

Shri Chanda Parshvnath - Udaypur
Jainam Jayati Shasanam WhatsApp-8898336677

ફણારહિત ૩૫ ઈંચ ઉંચા,૩૦ ઈંચ પહોળાં પદ્માસન ઉપર બિરાજમાન ઉજ્જવલ વર્ણનાં પાષાણનાં શ્રી ચંદા પાર્શ્વનાથ પ્રભુ ઉદયપુરમાં પેલેસ રોડ ઉપર ઘુંમટબંધ જિનાલયમાં બિરાજમાન છે.

૪૦ જેટલા જિનાલયો અને ૪૦૦૦ જૈનોની વસ્તિ ધરાવતું ઉદયપુર રાણા ઉદયસિંહ વસાવેલું છે.

મૂળનાયક શ્રી ચંદા પાર્શ્વનાથ પ્રભુ ઉપર સં. ૧૩૨૫ નો શિલાલેખ છે.

પ્રાચીન જિનાલયનો જિર્ણોદ્ધાર સં. ૧૯૮૨માં શ્રી રૂગનાથ સીંગજી ખાબિયાએ કરાવેલ છે.

દિવાલ પર ગ્લેઝટાઈલ્સ તથા છત ઉપર ચીનનું રંગકામ આકર્ષક છે.

શ્રી શીલવિજય રચિત તીર્થમાલા માં ઉદેપુર પ્રતાપી ઇતિહાસનું આલેખન કરાયેલ છે. અને ઉદયપુરનાં અનેક જિનાલયોને જુહાર્યા છે.

કચ્છ રાપર (ગઢવાળી)માં બિરાજમાન શ્રી ચિંતામણી પાર્શ્વનાથ પ્રભુ પણ શ્રી ચંદા પાર્શ્વનાથ તરીકે ઓળખાય છે.

ઘર-ઘરમાં અધ્યાત્મની દિવ્ય ચાંદની પ્રસરાવતા પ્રભુજીનું ચંદા પાર્શ્વનાથ નામ સાર્થક છે.

સ્તુતિ

તુજ મુખ રૂપી ચંદ્રથી અમૃત ઝરંતુ દેખીને,આકાશમાં આ ચંદ્ર ભમતો આપનું તેજ પેખીને,મુજ હૃદયનો ઉઢળાટ ઠારો ચાંદની ફેલાવતા,ચંદા પ્રભુ પાર્શ્વને ભાવે કરું હું વંદના.

જાપ મંત્ર

ૐ હ્રીં અર્હં શ્રી ચંદા પાર્શ્વનાથાય નમઃ

તીર્થનું સરનામું

શ્રી ચંદા પાર્શ્વનાથ શ્વેતાંબર જૈન તીર્થ,
થટેરાગલીની બહાર,પેલેસ સોડ, ઉદયપુર,
પદ્મનાભસ્વામી જિનાલય (રાજસ્થાન)
ફોન-૯૮૨૮૨૫૩૬૭૮

ધર્મશાળા તથા ભોજનશાળા ની સુંદર સગવડ છે.

Jainam Jayati Shasanam WhatsApp-8898336677

૧૦૮ પાર્શ્વનાથ માંથી ૮૯
કરેડા પાર્શ્વનાથ

નવ મનોહર ફણાથી શોભતા, શ્યામવર્ણના, પાષાણના, પદ્માસને બિરાજતાં, ૨૯ ઈંચ ઉંચા અને ૨૭ ઈંચ પહોળા પરિકર યુક્ત શ્રી કરેડા પાર્શ્વનાથ પ્રભુ રાજસ્થાનમાં ભૂપાલસાગર તીર્થમાં શિખરબંધી જિનાલયમાં બિરાજમાન છે.
સં.૮૬૧માં શ્રી ખીમસિંહ શાહે આ તીર્થમાં કરહેડા પાર્શ્વનાથ ભગવાનનું ભવ્ય જિનાલય નિર્માણ કર્યું. આચાર્ય શ્રી જયાનંદસૂરીશ્વરજીના શુભહસ્તે કરહેડા પાર્શ્વનાથ ભગવાનને પ્રતિષ્ઠિત કર્યા. આ જિનાલય જિર્ણ થતાં સં.૧૦૩૯ માં પુનઃ જિર્ણોદ્ધાર થયો. બાવન મનોહર દેરીથી યુક્ત નૂતન જિનપ્રાસાદની સંડેકર ગચ્છના આચાર્ય શ્રી યશોભદ્રસૂરિના વરદ્હસ્તે પ્રતિષ્ઠા થઈ. સં.૧૩૨૧ માં માંડવગઢના મહામંત્રી શ્રી પેથડ શાહના પુત્ર ઝાંઝણકુમાર શ્રી ધર્મઘોષસૂરિ આદિ વીસ આચાર્યો તથા વિશાળ સંઘ સહિત અત્રે પધાર્યા હતા. જિનાલય જિર્ણ જણાતાં ઝાંઝણકુમારે તેનો જિર્ણોદ્ધાર પ્રારંભ કરાવ્યો અને સાત માળના ભવ્ય જિનાલયનું ઝાંઝણશાએ નિર્માણ કરાવ્યું. સં.૧૬૫૬ માં તીર્થનો પુનઃજિર્ણોદ્ધાર થયો. તે પ્રસંગે પૂર્વાભિમુખ આ જિનાલયની પૂર્વ તરફની દિવાલમાં એ છિદ્રની એવી વિશિષ્ટ રચના કરવામાં આવેલી કે જેથી પાર્શ્વપ્રભુના જન્મ કલ્યાણક દિવસે સૂર્યના કિરણો પરમાત્માના દેહની સ્પર્શના કરતાં. પરંતુ પુનઃજિર્ણોદ્ધાર થતાં વર્તમાનમાં તે મુજબ કિરણો સ્પર્શતા નથી. મુસ્લિમ આક્રમણોથી બચવા જિનપ્રાસાદનો મસ્જિદનો આકાર ઉપસ્થિત કર્યો. તાજેતરમાંજ આ જિનાલયનો છેલ્લો જિર્ણોદ્ધાર થયો છે. સં. ૨૦૩૩ મહા સુદ ૧૩ ના દિને પૂ.આ.શ્રી સુશિલસૂરીશ્વરજી ના શુભ હસ્તે આ પ્રતિમાની ભવ્ય મહોત્સવ પૂવક પ્રતિષ્ઠા થઇ. પોષ દશમીના દિને અહીં વિરાટ મેળાનું આયોજન થાય છે. ગામના નામ પરથી આ પાર્શ્વપ્રભુ શ્રી કરેડા પાર્શ્વપ્રભુ તરીકે પ્રસિદ્ધ છે.
ઝાંઝણ કુમારને થયેલા વિઘ્નો કરેડા પાર્શ્વપ્રભુની સ્તુતિથી તુષ્ટ થયેલ ક્ષેત્રપાળે દૂર કર્યા.

સ્તુતિ

હે નાથ ! જીર્ણોદ્ધાર ઝાંઝણમંત્રી તારો કરાવતા,તારી સ્તુતિથી દેવકૃત ઉપસર્ગ સહુ દૂરે થતા,છે નામ તારું એહવું જાણે કર્મને પડે કોરડા,કરેડા પ્રભુ પાર્શ્વને ભાવે કરું હું વંદના.

જાપ મંત્ર

ૐ હ્રીં અર્હં શ્રી કરેડા પાર્શ્વનાથાય નમઃ

તીર્થનું સરનામું

શ્રી કરેડા પાર્શ્વનાથ શ્વેતાંબર જૈન તીર્થ,
મુ.પો.ભોપાલનસાગર,જિ.ચિત્તોડગઢ (રાજસ્થાન)
ફોન-૭૦૭૩૨૨૪૮૬૨
ધર્મશાળા તથા ભોજનશાળા ની સુંદર સગવડ છે.

૧૦૮ પાર્શ્વનાથ માંથી ૯૦
રાવણ પાર્શ્વનાથ

સાત ફણાથી અલંકૃત, શ્વેતવર્ણના, પદ્માસને બિરાજતાં,૧૩ ઇંચ ઉંચા અને ૯ ઇંચ પહોળા શ્રી રાવણ પાર્શ્વનાથ પ્રભુ રાજસ્થાનમાં અલવર તીર્થમાં ધાબાબંધી જિનાલયમાં બિરાજમાન છે.

એક કથા અનુસાર સુવર્ણ લંકાના અધિપતિ રાજા રાવણ પ્રભુના પૂજન બાદજ ભોજન ગ્રહણ કરવાના ચૂસ્ત નિયમધારી હતા. એકવાર રાવણ અને મંદોદરી વિમાનમાં બેસી પરદેશ ગયા. ભોજનનો સમય થતા અલવર નજીક એક સ્થળે ભોજન કરતાં પૂર્વે પ્રભુ પૂજનનો નિયમ યાદ આવ્યો. પણ પ્રતિમાજી સાથે લઈ આવવાનું વિસરી ગયા હતા. નિયમને જાળવવા મંદોદરીએ વેળુની મનોહર પ્રતિમા બનાવી નમસ્કાર મહામંત્ર ગણીને આ પ્રતિમામાં પ્રાણ પૂર્યા. આ પ્રભુજીની ભાવપૂર્વક પૂજના કરી રાવણ-મંદોદરીએ પોતાનો નિયમ પાળ્યો. પૂજના કર્યા બાદ જ તેમણે ભોજન કર્યું. બંનેની દ્રઢ ટેકના પ્રભાવે તથા મંદોદરીના શિયળના પ્રભાવે અધિષ્ઠાયક દેવે આ પ્રતિમાને વજ્રમય બનાવી દીધી. રાવણે પૂજેલા આ પ્રતિમાજી રાવણ પાર્શ્વનાથજી નામથી ઓળખાયા. આ પ્રાચીન જિનાલય ૧૫માં સૈકા સુધી વિદ્યમાન હતુ. સં. ૧૬૫૪માં શ્રેષ્ઠી હીરાનંદે અલવરમાં નૂતન જિનાલય નિર્માણ કરી શ્રી રાવણ પાર્શ્વનાથનું નૂતનબિંબ ભરાવી પ્રતિષ્ઠિત કર્યું. સં.૧૯૮૩ના મહા સુદ ૫ નાં દિને પૂ.આ.શ્રી વિજયવલ્લભસૂરીશ્વરજીના હસ્તે આ તીર્થ ની પુનઃ પ્રતિષ્ઠા થઈ.

આ મંદિરમાં નીલમની પ્રતિમા પણ દર્શનીય છે. હાલમાં આ મંદિરનું જીર્ણોદ્ધારનું કામ ચાલુ છે.

સ્તુતિ

તુજ ચરણજમાં રાવને ઉમરાવ ભક્તિથી નમે,મુજ રાવ છે ભવથી ઉગારો મોહરોય મુજને દમે,જ્યાં રાવણે ભક્તિ કીધી પ્રભુ તેહથી તુમે રાવણા,રાવણ પ્રભુ પાર્શ્વને ભાવે કરું હું વંદના.

જાપ મંત્ર

ૐ હ્રીં અર્હં શ્રી રાવણ પાર્શ્વનાથાય નમઃ

તીર્થનું સરનામું
શ્રી રાવણ પાર્શ્વનાથ શ્વેતાંબર જૈન તીર્થ,
મુ.પો.અલવર (રાજસ્થાન)
ફોન-૯૪૧૪૦૧૬૮૨૨ / ૦૧૪૪-૨૭૦૪૭૫૮
૯૩૧૪૬૨૪૫૭૧

૧૦૮ પાર્શ્વનાથ માંથી ૯૧

કલ્પદ્રુમ પાર્શ્વનાથ

Shri Kalpdrum Parshvnath - Mathura
Jainam Jayati Shasanam WhatsApp-8898336677

સપ્તફણા મંડિત પદ્માસનસ્થ ૨૩ ઈંચ ઉંચા અને ૨૧ ઈંચ પહોળા પાષાણના શ્રી કલ્પદ્રુમ પાર્શ્વનાથ પ્રભુ મથુરાનાં એક માત્ર જિનાલયમાં બિરાજમાન છે.

સાતમાં તીર્થંકર શ્રી સુપાર્શ્વનાથનાં સમયથી આ નગરી જૈનોનું પવિત્ર તીર્થધામ મનાય છે. દેવોએ અહીં સુપાર્શ્વનાથ પ્રભુનો મોટો સુવર્ણ સ્તુપ નિર્મિત કર્યો હતો. કૃષ્ણ વાસુદેવનાં જન્મથી ગૌરવવંતી બનેલી મથુરા નગરી અંતિમ કેવલી શ્રી જંબુસ્વામીની નિર્વાણભુમિ છે. ચૌદમાં સૈકામાં અહીં શ્રી કલ્પદ્રુમ પાર્શ્વનાથ મંદિર તથા શ્રી નેમિનાથ પ્રસાદ મોજૂદ હતા. કુબેરસેના ગણિકાએ શ્રી કલ્પદ્રુમ પાર્શ્વનાથ જિનાલયનું નિર્માણ કરાવ્યું હતું. શ્રી બપ્પટસૂરિનાં ઉપદેશથી શ્રી આમ રાજાએ આ જિનાલયનો જીર્ણોદ્ધાર કરાવ્યો હતો. મહમદ ઘોરીએ આ જિનાલયનો ધ્વંસ કરી નાખ્યો હતો. પ્રભુની પ્રતિમાને રક્ષા માટે ભુગર્ભમાં ગુપ્ત રાખવામાં આવેલી. ખોદકામ કરતા કેટલાક સૈકા પૂર્વે આ પ્રતિમા મળી આવેલ. આ જિનાલય નો છેલ્લો જિર્ણોદ્ધાર તથા પ્રતિષ્ઠા સં.૧૯૮૪માં મુનિરાજશ્રી દર્શન વિજયજી (ત્રિપુટી) એ કરાવ્યો હતો.

મથુરા નગરી ઐતિહાસિક નગરી છે. શ્રી બૃહદ કલ્પસુત્ર ટીકા, શ્રી ઉત્તરાધ્યયન સૂત્ર ટીકા, શ્રી આચારાંગ ચૂર્ણિ આદિ આગમ ગ્રંથો આ નગરીમાં કેટલીક મહત્વની ઘટનાઓ ના સંકેત કરે છે.

શ્રી ચિંતામણી પાર્શ્વનાથ જૈન શ્વેતાંબર પેઢી આગ્રા આ તીર્થ નો વહીવટ કરે છે.

અઢાર નાતરાની સજ્ઝાયમાં આવતી કુબેરસેના ગણિકાએ કલ્પદ્રુમ પાર્શ્વનાથનું જિનાલય બંધાવ્યાનો ઈતિહાસ મળે છે.

સ્તુતિ

ઈચ્છ-યા વિના માંગ્યા વિના તુજ ભક્તિ મુક્તિ આપતી, તું કલ્પદ્રુમથી અધિક છે કલ્પદ્રુમા પ્રભુ પાર્શ્વજી, મથુરામહીં મધુર પ્રભુ મુજ મોહને મથી નાંખજો,કલ્પદ્રુમ પ્રભુ પાર્શ્વને ભાવે કરું હું વંદના.

Jainam Jayati Shasanam WhatsApp-8898336677

જાપ મંત્ર

ૐ હ્રીં અર્હં શ્રી કલ્પદ્રુમ પાર્શ્વનાથાય નમઃ

તીર્થનું સરનામું

શ્રી કલ્પદ્રુમ પાર્શ્વનાથ શ્વેતાંબર જૈન તીર્થ,

૦૬૨, ધીઆમેડી, મુ.પો. મથુરા, ઉ.પ્ર.,

પીન - ૨૮૧૦૦૧

ફોન-૯૭૫૬૧૭૪૯૭૭

૧૦૮ પાર્શ્વનાથ પ્રભુનો ઇતિહાસ અને ત્યાં કઈ રીતે પહોંચવું.... ભાગ-૧૯

કુલ્લ ૯૧ પાર્શ્વનાથ પ્રભુના દર્શન થયા રાજસ્થાનમાં આવેલા ૧૦૮ પૈકી ૨૬ પ્રભુ પાર્શ્વનાથના તીર્થોમાંથી ૨૫ ની યાત્રા કરી બાકી રહેલ ૧ શ્રી નાગેશ્વર પાર્શ્વનાથ તથા મધ્યપ્રદેશમાં આવેલ તીર્થોની યાત્રા કરીશુ... મથુરામાં આવેલ ૧ માત્ર જિનાલયના દર્શન કર્યા ત્યાંથી હવે મથુરા અને ન્યૂ દિલ્હીથી થી ઇન્દોર આવવા સીધી સ્વરાજ એક્સપ્રેસ અને ન્યૂ દિલ્હી ઇન્દોર એક્સપ્રેસ ટ્રેન ઉપલબ્ધ છે વિક્રમગ્રહ આલોટ અથવા ભવાનીમંડી સ્ટેશન ઉતરવું..

ભવાનીમંડી થી કુકડેશ્વર
૧૦૭ કિલોમીટર

કુકડેશ્વર થી વહી (રાજસ્થાન)
૫૭ કિલોમીટર

વહી થી નાગેશ્વર
૮૮ કિલોમીટર

(નાગેશ્વરમાં ધર્મશાળાની સુંદર સગવડ છે રાત્રી રોકાણ અહીં કરવું.)

નાગેશ્વર થી ઉન્હેલ
૭૦ કિલોમીટર

ઉન્હેલ થી ઉજ્જૈન
૩૫ કિલોમીટર

ઉજ્જૈન થી હાસામપુરા
૧૨ કિલોમીટર

હાસામપુરા થી મક્ષીજી
૫૩ કિલોમીટર

મક્ષીજી થી ઇન્દોર ૭૭કિલોમીટર ઇન્દોરથી મુંબઈથી આવવા ટ્રેનની સુવિધા છે.
==========
૯૨-શ્રી કુકડેશ્વર પાર્શ્વનાથ
કુકડેશ્વર
૯૩-શ્રી વહી પાર્શ્વનાથ
વહી
૯૪-શ્રી નાગેશ્વર પાર્શ્વનાથ
નાગેશ્વર

૯૫-શ્રી કામિતપૂરણ પાર્શ્વનાથ
ઉન્હેલ
૯૬-શ્રી અવંતી પાર્શ્વનાથ
ઉજ્જૈન
૯૭-શ્રી અલૌકિક પાર્શ્વનાથ
હાસામપુરા
૯૮-શ્રી મક્ષી પાર્શ્વનાથ
મક્ષીજી

==========

પુરુષાદાનીય અર્હંત પાર્શ્વનાથ ચરિત્ર ભાગ - ૭

(પાર્શ્વ પ્રભુનો જન્મ મહોત્સવ અને નામ)

અશ્વસેન રાજા ને પ્રાત: કાલે જયારે દાસીએ શુભ વધામણા આપ્યા ત્યારે અશ્વસેન રાજાએ એ દાસીને અતિ હર્ષ સહ આવકારી અને તેનું દારિદ્રય પણું દુર કર્યું અને કારાગૃહ માં દરેક કેદીઓને બંધન મુક્ત કરી પ્રભુ પાર્શ્વનો જન્મ મહોત્સવ કર્યો. જન્મને પહેલે દિવસે તો કુલક્રમથી ચાલી આવતી ઉચિત ક્રિયાઓ યથાવિધિ પૂરી થઈ. પછી ત્રીજે દિવસે ચંદ્ર-સૂર્યનાં દર્શન કરાવવાનો વિધિ થયો; ત્યારબાદ છઠ્ઠા દિવસની રાત્રીએ કુલધર્મ પ્રમાણે માતપિતાએ જાગરણ-મહોત્સવ કર્યો. એ પ્રમાણે બધા વિધિ કરતાં અગિયારમો દિવસ વીત્યો, અને નાલચ્છેદ વગેરે ક્રિયાઓ પતી ગઇ, એટલે બારમે દિવસે સિદ્ધાર્થે ખૂબ ખાન-પાન-મેવો-મુખવાસ વગેરે તૈયાર કરાવી પોતાના મિત્રો, જ્ઞાતિજનો, સ્વજનો, સંબંધીઓ, દાસ-દાસી વગેરે સૌને નિમંત્રણ આપ્યું; અને જયારે પ્રભુ ગર્ભમાં હતા ત્યારે વામામાતાએ એકદા કૃષ્ણપક્ષની રાત્રીએ પણ પડખે જઈ રહેલ સર્પને જોયો હતો તે વાત રાજાઅશ્વસેનને કહી હતી. રાજા અશ્વસેન તે સંભારીને અને એ ગર્ભનો જ પ્રભાવ હતો એમ નિર્ણય કરીને અશ્વસેન રાજા. ભોજનવિધિ પૂરો થયા બાદ સૌની સમક્ષ પોતાના પુત્રનું પાર્શ્વ એવું નામ પાડ્યું. ધીમે ધીમે બાળક પાર્શ્વ યોગ્ય દેખરેખ તથા લાડપાડમાં મોટો થવા લાગ્યો.

==========

અહો નાથ ઉભા અમે હાથ જોડી, કરો રંક સામે કૃપા દૃષ્ટિ થોડી
સદા તાપ ને પાપ થી તો ઉગારો, અમે માંગીયે ઓ પ્રભુ પ્રેમ તારો
કુડા દુઃખ કાપી રૂડા સુખ આપો, અમારા સિરે નાથજી હાથ સ્થાપો
સુખે જાય આ આજનો દિન સારો, અમે માંગીયે ઓ પ્રભુ પ્રેમ તારો

Shri Kukdeshawar Parshvnath - Kukdeshawar
Jainam Jayati Shasanam WhatsApp-8898336677

૧૦૮ પાર્શ્વનાથ માંથી ૯૨
કુકડેશ્વર પાર્શ્વનાથ

નવફણાયુક્ત-પદ્માસને બિરાજમાન શ્યામ પાષાણના ૨૭ ઈંચ ઉંચા અને ૨૫ ઈંચ પહોળા શ્રી કુકડેશ્વર પાર્શ્વનાથ પ્રભુ મધ્યપ્રદેશનાં મંદસૌર જિલ્લામાં કુકડેશ્વર ખાતે બિરાજમાન છે.

આ તીર્થ ૧૦૪૦ વર્ષ જેટલું પ્રાચીન છે. વર્તમાનમાં બિરાજમાન પ્રતિમાજી ઉપર સં. ૧૬૭૬નો લેખ છે.

કરેલા ખરાબ કર્મ દત્ત બ્રાહ્મણ ને કુષ્ટરોગી બનાવી તેને દેહવિલયના વિચારો આવી જાય છે તેટલી વેદના આપે છે. આ ગોઝારી પળ આવે તે પહેલાં એક ચારણમુનિનું મિલન થાય છે અને તેના સત્સંગથી દત્ત બ્રાહ્મણ શ્રદ્ધાવંત શ્રાવક બને છે. ત્યારબાદ એકવાર નગર બહાર પધારેલા ગુણસાગર કેવળીને આ દત્ત શ્રાવકે ભાવિ પૂછતાં કેવળીએ કહ્યું - હે દત્ત ! તું મૃત્યુ પામી રાજપુર નગરમાં રોહિતગૃહે કુકડી કુક્ષિએ અવતરીશ. સમય જતાં એક જૈન મુનિનાં દર્શન થતાં જાતિસ્મરણ જ્ઞાન ઉદભવશે. પછી અણસણ કરી તું ઈશ્વર નામે રાજા થઈશ.

ઈશ્વર રાજા ના ભવમાં કુસુમ ઉધાનમાં કાયોત્સર્ગસ્થિત પાર્શ્વપ્રભુના દર્શને જાતિ સ્મરણની ઘટના એમના જીવનમાં બની. કૂકુટ અને ઈશ્વરના પોતાના છેલ્લા બે ભવોની સ્મૃતિમાં કૂર્કટેશ્વર પાર્શ્વનાથજીનું મનોહર બિંબ ભરાવીને ઈશ્વર રાજા તેની અર્ચના કરવા લાગ્યા ત્યારથી કુર્કટેશ્વર પાર્શ્વનાથનું નૂતન તીર્થ નિર્માણ પામ્યું. જો કે કાળના પ્રવાહમાં મૂળ તીર્થ તો ક્યાંય તણાઈ ગયું તો પણ શ્રી કુર્કટેશ્વર પાર્શ્વનાથનું એક પ્રાચિનતમ અને પ્રભાવક તીર્થ આજે પણ વિદ્યમાન છે. જે લોકભાષામાં કૂકડેશ્વર નામથી વધુ પ્રચલિત છે.

૧૪માં સૈકાના સમર્થ આચાર્ય શ્રી જિનપ્રભસૂરિએ વિવિધ તીર્થકલ્પ, નામના ગ્રંથમાં કૂર્કટેશ્વર તીર્થનો કલ્પ પણ રચેલો છે.

પ્રતિ વર્ષ ભાદરવા સુદ ૧૦ ના દિવસે અહીં મેળો ભરાય છે.

કુકડેશ્વરના નામથી પ્રભાવિક બનેલ આ તીર્થ ૧૦૪૦ વર્ષ પ્રાચીન છે.

સ્તુતિ

કૂર્કટ અને ઈશ્વરતણા બે ચરમ ભવની યાદમાં, એ નામથી દત્ત ભરાવ્યા અરજ સુણો ફરિયાદમાં,મુજ ભવ ભ્રમણ કિમ નહીં મિટાવ્યું (હવે) તારજો પરમાત્મા,કુકડેશ્વર પ્રભુ પાર્શ્વને ભાવે કરું હું વંદના.

જાપ મંત્ર

ૐ હ્રીં અર્હં શ્રી કુકડેશ્વર પાર્શ્વનાથાય નમઃ

Jainam Jayati Shasanam Whatsapp-8898336677

તીર્થનું સરનામું

શ્રી કુકડેશ્વર પાર્શ્વનાથ શ્વેતાંબર જૈન તીર્થ,

મુ. કુકડેશ્વર,તા.મનસા,જિ.મંદસોર.

ફોન-૮૮૨૭૪૧૮૬૫૧

ધર્મશાળા અને ભોજનશાળાની વ્યવસ્થા છે.

૧૦૮ પાર્શ્વનાથ માંથી ૯૩
વહી પાર્શ્વનાથ

પદ્માસને આરૂઢ , સાત ફણાથી શોભતા ૩૩ ઈંચ ઉંચા અને ૨૩ ઈંચ પહોળા શ્યામવર્ણના વેળુમાંથી બનેલા શ્રી વહી પાર્શ્વનાથ પ્રભુ મધ્યપ્રદેશનાં વહી તીર્થમાં શિખરબધ્ધ જિનાલયમાં બિરાજમાન છે.

વિશિષ્ઠ, પ્રાચીન અને અત્યંત પ્રભાવી મૂળનાયક શ્રી વહી પાર્શ્વનાથ પ્રભુને મૂળસ્થાને રાખીને જિનમંદિરનો જિર્ણોદ્ધાર કરવામાં આવેલ.

સં. ૨૦૧૯માં ઉત્થાપિત કરેલી બે પ્રતિમાજીની પુનઃ પ્રતિષ્ઠા પ.પૂ. ઉપાધ્યાય શ્રી ધર્મસાગરજી મહારાજાને હસ્તે થઈ.

સં. ૧૬૫૫માં રચાયેલી શ્રી પ્રેમવિજય કૃત ૩૬૫ શ્રી પાર્શ્વજિન નામમાલામાં શ્રી વહી પાર્શ્વનાથ પ્રભુનો ઉલ્લેખ છે.

પ્રાચીન અને દિવસમાં ત્રણ વખત સ્વરૂપ બદલતા, સંપ્રત્તિ મહારાજા દ્વારા નિર્માણ પામેલા જિનાલયમાં બિરાજમાન શ્રી વહી પાર્શ્વનાથ પ્રભુની પલાંઠી નીચે બંને બાજુ વાઘની વિચિત્ર આકૃતિ ભક્તોને વિસ્મિત કરે છે. વાઘનાં પૂછડું પ્રભુજીની પીઠ પાછળ થઈ ફણા ઉપર નીકળે છે.

વેળુનિર્મિત મૂર્તિનું શિલ્પ અદ્વિતીય છે.શિલ્પીને શિખર પર અભક્ષ્ય ખાતા ભયંકર શૂળ વેદના થઈ.પ્રભુની માફી માંગી... ને શાંત થઈ.

સ્તુતિ

સિંહાકૃતિ તુજ મુખતી તે વ્યાઘ્રશિલ્યે બિરાજતાં,અદ્ભુત પરચા પૂરીને આશાતના સહુ ટાળતા,તારક મેરા વોહી-વોહી ભક્ત એમ પુકારતા,વહી પ્રભુ પાર્શ્વને ભાવે કરું હું વંદના.

જાપ મંત્ર

ૐ હ્રીં અર્હં શ્રી વહી પાર્શ્વનાથાય નમઃ

તીર્થનું સરનામું

શ્રી વહી પાર્શ્વનાથ શ્વેતાંબર જૈન તીર્થ,
મુ.પો.તા. મલ્હારગઢ, જિ.મન્દસોર(રાજ.)
ફોન-૯૪૦૬૬૪૦૧૦૩

ધર્મશાળા અને ભોજનશાળાની વ્યવસ્થા છે





૧૦૮ પાર્શ્વનાથ માંથી ૯૪
નાગેશ્વર પાર્શ્વનાથ

નીલવર્ણના, કાર્યોત્સર્ગ મુદ્રામાં ૯ હાથ ઉંચા (૧૩.૫ ફૂટ) શ્રી નાગેશ્વર પાર્શ્વનાથ પ્રભુ રાજસ્થાનના શ્રી નાગેશ્વર તીર્થમાં શિખરબંધી જિનાલયમાં મૂળનાયક તરીકે બિરાજમાન છે. આ પ્રતિમાજી પ્રભુ પાર્શ્વનાથના વખતની હોવાનું જણાય છે. આ પ્રતિમાજીનો પથ્થર ૨૦૦૦ વર્ષથી વધુ પ્રાચીન હોવાનું પુરવાર થાય છે. દંતકથા અનુસાર મૂળ પ્રતિમાજી મરકત મણિનાં હતાં. પણ રત્નની આ દુર્લભ પ્રતિમા પર અનેક ધૂર્તોની દુષ્ટ નજર પડી. અધિષ્ઠાયક દેવે સર્વેને પરાસ્ત કરી પ્રતિમાની રક્ષા કરી. એક જૈનાચાર્યે પોતાના તપોબળથી ધરણેન્દ્ર દેવને પ્રત્યક્ષ કર્યા અને રત્નમય પ્રતિમાને પથ્થરમય બનાવવા નિવેદન કર્યું અને દેવે પણ તે મુજબ કર્યું. વિદ્વાનોના મતે પ્રતિમાજી દેવનિર્મિત છે અને મૂળ અહિચ્છત્રા નગરીમાં તે સ્થાપિત કરાયેલી. પણ ત્યાં સુરક્ષા ન જણાતાં દૈવી તાકાતથી આ પ્રતિમાજી પારસનગરમાં પધરાવ્યા. સંતાનપ્રાપ્તિની ઝંખનામાં ઝૂરતાં અહીંના અજિતસેન રાજા અને પદ્માવતી રાણીને આ પ્રતિમાજી પ્રાપ્ત થઈ. તેઓએ એક જિનાલય નિર્માણ કરાવી આ પ્રતિમાને પ્રતિષ્ઠિત કર્યા. પ્રભુજીની ઉપાસનાના પ્રભાવે રાજાને સંતાનપ્રાપ્તિ થઈ. કાળક્રમે આ જિનાલય ખંડેર બન્યું. વિ.સં. ૧૬૨૪માં શ્રી અભયદેવસૂરિના ઉપદેશથી તેનો જિર્ણોદ્ધાર થયો અને આ પારસનગર લોક જીભે પારસ નાગેશ્વર બોલાતું થયું અને ગામનું નામ નાગેશ્વર પ્રભુની સાથે જોડાઈ ગયું. અને પ્રભુજી શ્રી નાગેશ્વર પાર્શ્વનાથ નામથી પ્રસિદ્ધ થયા. સં. ૨૦૩૦માં વૈશાખ સુદ ૬ ના દિવસે આ પાવન પ્રતિમાની ચરમ પ્રતિષ્ઠા પૂ.આ. શ્રી ચંદ્રોદયસૂરીશ્વરજી મ.સા.ના પાવન હસ્તે થઈ.

વિદ્વાનોના મતે આ પ્રતિમાજી દેવનિર્મિત મરકત મણિના હતા.આજે પણ આ પ્રતિમાજીનો અચિંત્ય પ્રભાવ છે. નાગરાજ દર્શન આપે છે. ભૂલા પડેલા યાત્રિકોને આશ્ચર્યજનક રીતે રસ્તા મળે છે.

સ્તુતિ

નાગેશ્વરા પરમેશ્વરા તું પરમજ્યોત સ્વરૂપ છે, પ્રભાવ તાહરો છે અનોખો વિષાપહારી રૂપ છે, મરકત મણિમય દેહને કાઉસગ્ગ મુદ્રા ધારતા,નાગેશ્વરા પ્રભુ પાર્શ્વને ભાવે કરું હું વંદના.

જાપ મંત્ર

ૐ હ્રીં અર્હં શ્રી નાગેશ્વર પાર્શ્વનાથાય નમઃ

તીર્થનું સરનામું

શ્રી નાગેશ્વર પાર્શ્વનાથ શ્વેતાંબર જૈન તીર્થ,
મુ.પો.તા. ઉન્હેલ, જિ.ઝાલાવાડ(રાજ.)
ફોન-૯૭૮૪૮૧૬૭૧૧ / ૯૬૪૯૧૧૬૭૧૧

ધર્મશાળા અને ભોજનશાળાની વ્યવસ્થા છે

૧૦૮ પાર્શ્વનાથ માંથી ૯૫
કામિતપૂરણ પાર્શ્વનાથ

ફણામાંજ બંને બાજુ શોભતાં ધરણેન્દ્ર દેવ તથા પદ્માવતી દેવીના અજોડ કલાકૃતિથી શોભાયમાન સાત ફણાથી છત્રિત પદ્માસન આરૂઢ પાષાણનાં ૨૫ ઇંચ ઉંચા,૨૩ ઇંચ પહોળાં કામિતપૂરણ પાર્શ્વનાથ ભગવાન ઉજ્જૈન જિલ્લાના ઉન્હેલ તીર્થના શિખરબંધી જિનાલયમાં બિરાજમાન છે.

કામિત પાર્થપ્રભુ ૨૦૦૦ વર્ષ જેટલા પ્રાચીન છે.

તોરણ નામનું નગર કાળનાં પ્રવાહોમાં નષ્ટ થયું. ફરી બેઠુ થયેલું આ નગર ઉન્હેલ નામથી પ્રસિદ્ધ થયું. ગુપ્તકાલીન અવશેષો જે પ્રાપ્ત થયા છે તે આ નગરની પ્રાચીનતા પર પ્રકાશ ફેંકે છે.

આ પ્રાચીન તીર્થનો અનેકવાર ઉધ્ધાર થયો છે. સં. ૧૭૦૦ આસપાસ પછી સં ૧૮૯૮નાં મહા સુદ ૫ ના દિવસે યતિ પ્રેમહંસજીનાં હસ્તે પુનઃપ્રતિષ્ઠા થઈ. સંવત ૧૯૮૫માં ફરી જિર્ણોદ્ધાર થયેલ. સં ૨૦૨૦માં પૂજ્ય આચાર્યદેવ શ્રીમદ્ વિજય વિજ્ઞાનસૂરીશ્વરજી મ.સા.ની નિશ્રામાં ભવ્ય પ્રતિષ્ઠા મહોત્સવ ઉજવાયેલ. વૈષ્ણવો - પોરવાડો પણ પ્રભુજીની ભક્તિ ભાવસહિત કરે છે. આ પરમાત્મા શ્રી ચિંતામણી પાર્શ્વનાથ નામથી વધુ પ્રસિદ્ધ છે.

શ્રી પ્રેમવિજય કૃત ૩૬૫ શ્રી પાર્શ્વજિન નામમાલા માં પણ કામિતપૂરણ નામ આવે છે.

પ્રાયઃ બે હજાર વર્ષ પ્રાચીન આ પ્રતિમાજી ભક્તના કામિતઅર્થોની પૂર્તિ કરતા હોવાથી કામિતપૂરણના નામથી ઓળખાય છે.

સ્તુતિ

કામિત પૂરો સહુ લોકનાં કામિતપૂરણ પ્રભુપાસજી,છે કીમના મુજ કામને દૂરે કરો હે નાથજી,છે કામ તારુ ભક્તજનની પૂરી કરવી કામના,કામિતપૂરણ પ્રભુ પાર્શ્વને ભાવે કરું હું વંદના.

જાપ મંત્ર

ૐ હ્રીં અર્હં શ્રી કામિતપૂરણ પાર્શ્વનાથાય નમઃ

તીર્થનું સરનામું

શ્રી કામિતપૂરણ પાર્શ્વનાથ શ્વેતાંબર જૈન તીર્થ,
મુ.પો.ઉન્હેલ,તા.ખાંચરોદ , જિ.ઉજ્જૈન(રાજ.) ૪૫૬૨૨૧
ફોન-૦૭૩૫૫-૨૨૦૨૫૮ / ૯૯૨૬૯૧૦૧૭૧

૧૦૮ પાર્શ્વનાથ માંથી ૯૬

અવંતી પાર્શ્વનાથ



સાત ફણાથી શોભાયમાન,પદ્માસન ઉપર બિરાજમાન ૩૭ ઇંચ ઉંચા, ૩૦ ઈંચ પહોળાં શ્યામ પાષાણના શ્રી અવંતી પાર્શ્વનાથ પ્રભુ ઉજ્જૈનમાં બિરાજમાન છે.

ક્ષિપ્રા નદીને કિનારે વસેલ ઉજ્જૈન નગરી ૨૨ ભવ્ય, પ્રભાવક, મનોહર જિનાલયોથી શોભી રહેલ છે. પૂ.આ. શ્રી આર્યસુહસ્તિસૂરીનાં ઉપદેશથી જૈન બનેલા અને સવા લાખ જિન મંદિર, સવા કરોડ જિન પ્રતિમાજીના નિર્માતા શ્રી સંપ્રતિ મહારાજની આ જન્મભૂમિ છે.

પૂ. આર્યસુહસ્તિસૂરીના ઉપદેશથી મહાકાલ નામનાં સુશ્રાવકે પ્રભુ નિર્વાણથી લગભગ ૨૫૦ વર્ષે પોતાના પિતાની સ્મૃતિમાં ક્ષિપ્રા નદીને તટે એક ભવ્ય અને ચિત્તાકર્ષક જિનપ્રાસાદ નિર્માણ કર્યું. આ જિનાલયમાં પ્રતિષ્ઠિત કરેલા શ્રી પાર્શ્વપ્રભુ અવંતીસુકુમારની સ્મૃતિમાં શ્રી અવંતિ પાર્શ્વનાથ નામથી અમર બન્યાં. આ ચૈત્ય મહાકાલ ચૈત્યના નામે પ્રસિદ્ધ થયું. કાલાંતરે આ જિનાલય મગધનાં રાજા પુષ્યમિત્રનાં કાળમાં મહાદેવના મંદિરમાં રૂપાંતર થયું. અને મંદિર મહાકાલ મહાદેવના નામથી ઓળખાવવા લાગ્યું.

ચિરકાળ પછી પૂ.શ્રી વૃદ્ધિવાદીસૂરીશ્વરજીનાં વિદ્વાન શિષ્ય શ્રી સિદ્ધસેન દિવાકરસૂરીશ્વરજી દ્વારા રાજા વિક્રમાદિત્યને ચમત્કાર બતાવી તથા કલ્યાણમંદિર સ્તોત્રની રચના કરવા દ્વારા આ મંદિરમાં શ્રી પાર્શ્વનાથ પ્રભુની પ્રતિમાને પ્રગટ કરી. મંદિરનો સત્ય ઈતિહાસ ગુરૂમુખે સાંભળી રાજા વિક્રમાદિત્ય તેમજ તેને આધીન ૧૮ રાજાઓએ જૈન ધર્મનો સ્વીકાર કર્યો. અને અવંતી પાર્શ્વનાથ પ્રભુનું આ તીર્થ પુનઃ પ્રકાશમાં આવ્યું.

આગમ ગ્રંથોમાં અવંતિ-સુકુમાલનાં સુંદર ચરિત્રનું આલેખન છે. શ્રી સિદ્ધસેન દિવકાર સૂરીનું ચરિત્ર આલેખતા અનેક પટ્ટાવલી ગ્રંથોમાં આ તીર્થની ઉત્પતિની કથાઓ છે. અવંતીસુકુમારની સ્મૃતિમાં આ પ્રભુજી તેમના પુત્ર મહાકાલે ભરાવેલ છે.

સ્તુતિ

જે અવંતિસુકુમારની શુભયાદમાં નિર્મિત થતા, કલ્યાણમંદિર સ્તવ થકી ફરીવાર જે પ્રભુ પ્રગટતા,જ્યાં માણિભદ્રવીર પણ પ્રભુ પાર્શ્વ પાસે જાગતા,અવંતી પ્રભુ પાર્શ્વને ભાવે કરું હું વંદના.

જાપ મંત્ર

ૐ હ્રીં અર્હં શ્રી અવંતી પાર્શ્વનાથાય નમઃ

તીર્થનું સરનામું

શ્રી અવંતી પાર્શ્વનાથ શ્વેતાંબર જૈન તીર્થ,
અનંત પેઠ, જાણી દરવાજા,ઉજ્જેન(એમ.પી)
ફોન-૦૭૩૪-૨૫૮૫૮૫૪ / ૯૪૨૫૧૯૫૮૭૪

ધર્મશાળા અને ભોજનશાળાની સુંદર સગવડ છે.

૧૦૮ પાર્શ્વનાથ માંથી ૯૭
અલૌકિક પાર્શ્વનાથ

હસ્તમુદ્રા પર સર્પ યુગલના અનોખા શિલ્પથી, મસ્તકે સાત ફણા સહિત શ્યામ વર્ણના, પદ્માસનારૂઢ ૩૫ ઈંચ ઉંચા અને ૩૦ ઈંચ પહોળા,પરિકરથી યુક્ત શ્રી અલૌકિક પાર્શ્વનાથ પ્રભુ હાસામપુરા તીર્થમાં બિરાજમાન છે.

દંતકથા અનુસાર આજનું હાસામપુર એક સમયે ઉજ્જૈન નગરીના એક મહોલ્લા તરીકે હતું. રાજા વિક્રમાદિત્યનો રાજમહેલ અહીં જ વિધમાન હતો.નિકટવર્તી રાણીકોટ નામના સ્થળે રાણીનો મહેલ હોવાનું કહેવાય છે. આ જિનાલયનું સ્થાપત્ય દસમાં સૈકામાં થયું એમ મનાય છે. અહીંની એક ધાતુની ચોવીસી પર પ્રાપ્ત થતો ૧૨મી શતાબ્દીનો લેખ પણ આ જ અનુમાનની પુષ્ટી કરે છે.

પ્રતિમાજીના પ્રમાણમાં પરિકર થોડું નાનું જણાય છે તેથી પૂર્વે આ પરિકરના મૂળનાયક પ્રભુ વર્તમાન પ્રતિમા કરતા નાના હશે તેમ મનાય છે. હાલ નવું સુંદર પરિકર તૈયાર થયું છે. સં. ૧૬૫૮ના માધ સુદ ૯ ના દિવસે ઉજ્જૈન નિવાસી શાહ પરિવારે શ્રી અલૌકિક પાર્શ્વનાથની પ્રતિમાજી પ્રતિષ્ઠિત કરાવી ત્યારથી આ તીર્થ ચારેબાજુ તેનો પ્રભાવ ફેલાવતું રહ્યું છે. વચ્ચે ઘણો કાળ તીર્થ અજ્ઞાત રહ્યું. સં. ૨૦૨૯માં પૂ.આ.શ્રી ભુવનભાનુસૂરીશ્વરજી મ.સા. ના શિષ્યરત્ન મુનિશ્રી નવરત્નવિજયજી ના પ્રયાસોથી આ તીર્થનો જિર્ણોદ્ધાર શરૂ થયો અને પૂજયશ્રીની નિશ્રામાં સં. ૨૦૩૬માં વૈશાખ સુદ ૭ દિવસે નૂતન શિખરબંધી જિનાલયમાં પ્રતિષ્ઠા વિધિ થઈ.

અલૌકિક રૂપ ધારણ કરનારા આ પરમાત્માનું અલૌકિક પાર્શ્વનાથ નામ યથાર્થજ છે.

શ્રી અલૌકિક પાર્શ્વનાથ ભગવાનની નીચે સં.૧૬૫૮નો લેખ ઉત્કીર્ણ છે.

આ પ્રતિમાજી શિલ્પ અને પ્રભાવથી અલૌકિક છે. તેમનાં હાથમાં નાગ-નાગણનું જોડું કંડારાયેલું છે. આજે પણ ત્યાં થતી આશાતનાનો તરત પરચો મળે છે..

સ્તુતિ

પ્રભાવથી પૂરા પ્રભુ હાસામપુરામાં તમે, છે અલૌકિક મૂર્તિ તમારી તું પ્રભુ મુજો ગમે, તુજ હસ્તમાં નાગનાગણી જાણે ધરણ પદ્માવતી રમે,અલૌકિક પ્રભુ પાર્શ્વને ભાવે કરું હું વંદના.

જાપ મંત્ર

ૐ હ્રીં અર્હં શ્રી અલૌકિક પાર્શ્વનાથાય નમઃ

તીર્થનું સરનામું

શ્રી અલૌકિક પાર્શ્વનાથ શ્વેતાંબર જૈન તીર્થ,
મુ.હાસામપુરા,પો.તાલોદ,જિ.ઉજ્જેન
ફોન-૯૭૫૩૦૫૭૬૫૬

ધર્મશાળા અને ભોજનશાળાની સુંદર સગવડ છે.

Shri Makshi Parshvnath - Makshiji
Jainam Jayati Shasanam WhatsApp-8898336677

૧૦૮ પાર્શ્વનાથ માંથી ૯૮

મક્ષી પાર્શ્વનાથ

ઉજ્જયિની નગરીથી પૂર્વમાં ૪૦ કિ.મી. દૂર મક્ષી સ્ટેશન છે. સ્ટેશનથી અર્ધા માઇલ દૂર મક્ષી ગામ છે. અહીં મક્ષીજી પાર્શ્વનાથજીનું વિશાળ ગગનચુંબી ભવ્ય દેરાસર છે. આ દેરાસરનુ નિર્માણ વિક્રમ સંવત ૧૪૭૨માં સંગ્રામ સોનીએ કર્યું હતું.આચાર્ય શ્રી સોમસુંદર સૂરિશ્વરજી દ્વારા બિંબ પ્રતિષ્ઠિત થયું હતું. મૂળનાયક મક્ષીજી પાર્શ્વનાથની શ્યામ રંગની સવાબે હાથની (૩૫ ઇંચ) વિશાળ પ્રતિમા પંદરસો વર્ષ કરતાંયે પ્રાચીન છે.આ મૂર્તિ વાળુ(સેન્ડસ્ટોન)ની બનેલી છે. મંદિરની નીચે ભોંયરામાંથી આ પ્રતિમાજી નીકળ્યાં હતાં. મૂળ સ્થાને અત્યારે આરસનો ચોતરો છે. લાખ્ખો રૂપિયા ખર્ચી શ્વેતાંબર જૈન સંઘે ભવ્ય મંદિર બંધાવ્યું છે. ગોળાકાર આસન ઉપર બિરાજમાન આ પ્રતિમાની આજૂ-બાજુ ચામર ઢોળતાં ઇન્દ્રો અને અન્ય દેવ દેવીઓની મૂર્તિઓ છે. મૂર્તિ ઉપર કટિસૂત્ર, વસ્ત્રપટ્ટ તથા શ્રીવત્સના અંકન છે. મૂર્તિ ઉપર સર્પના સાત ફણ ફેલાયેલા છે. ફણાની આસપાસ બે હાથીઓ પણ છે. મૂર્તિની નીચે સર્પનુ ચિન્હ અંકિત છે.

મૂળનાયક પરમાત્માની આ પ્રતિમા અત્યંત મનોહારી,આકર્ષક અને નયનરમ્ય છે. દર્શન થતાં જ ભક્તજનો ભાવવિભોર બની ઉઠે છે. પ્રભુના ચરણોમાં બેસીને જાપ પાઠ સ્તવના પ્રાર્થના કરતાં ભાવુક ભક્તો જુદાજ ભાવાલોકમાં પહોંચી જાય છે.

મૂખ્ય દેરાસરનુ પંચોતેર(૭૫) ફીટ ઉંચુ શિખર આ તિર્થનુ મૂખ્ય આકર્ષણ છે જે બે-ત્રણ કિલોમિટર દૂરથી દેખાય છે અને લોકોને પોતાની તરફ આકર્ષિત કરે છે.

આ મંદિરને તોડવા મહમદ ગીઝની આવતા તેનું સ્વાસ્થ્ય તૂટ્યું પ્રતિમાજીના અનેક ચમત્કારો જોઈ પ્રભાવિત બની મંદિર તો ના તોડ્યું પણ જીનાલયની રક્ષાર્થે દ્વાર પર પાંચ કાંગરા કરી પાછો વળ્યો આજેય અનેક ચમત્કારો થાય છે.

દેરાસરની પાસે જ કાર્યાલય છે. આ તીર્થનો તમામ વહીવટ અને વ્યવસ્થા શેઠ આણંદજી કલ્યાણજીની પેઢી તરફથી ચાલે છે.નજીકમાં સુંદર વિશાળ શ્વેતાંબર જૈન ધર્મશાળા છે અને મંદિરની પાછળ સુંદર બગીચો છે.

જૈન-જૈનેતર બધાયે પ્રભુજીને પૂજે છે અને માને છે. માળવામાં આ તીર્થ ઘણુંજ પ્રસિદ્ધ અને મહત્વનું છે.

આ પ્રતિમાજી શિલ્પ અને પ્રભાવથી અલૌકિક છે.તેમનાં હાથમાં નાગ-નાગણનું જોડું કંડારાયેલું છે.આજે પણ ત્યાં થતી આશાતનાનો તરત પરચો મળે છે.

સ્તુતિ

છત્ર સ્વરૂપ તુજ ફેણમાંથી ધાર વહેતી દુગ્ધની, પરચો બતાવ્યો ગીઝનીને અરજી સુણો આ મુગવતી,હે મક્ષી પારસ મોક્ષ દેજો રક્ષી-રક્ષી મોહથી,મક્ષી પ્રભુ પાર્શ્વને ભાવે કરું હું વંદના.

જાપ મંત્ર

ૐ હ્રીં અર્હં શ્રી મક્ષી પાર્શ્વનાથાય નમઃ

તીર્થનું સરનામું

શ્રી મક્ષી પાર્શ્વનાથ શ્વેતાંબર જૈન તીર્થ,

પોસ્ટ બોક્ષ - મક્ષી, તાલુકા-સાજાપુર, જિલ્લા-ઉજ્જૈન મધ્યપ્રદેશ-૪૬૫૧૦૬

ફોન-૦૭૩૬૩-૨૩૩૦૩૭

ધર્મશાળા અને ભોજનશાળાની સુંદર સગવડ છે.



Jainam Jayati Shasanam WhatsApp-8898336677

૧૦૮ પાર્શ્વનાથ પ્રભુનો ઇતિહાસ અને ત્યાં કઈ રીતે પહોંચવું.... ભાગ-૨૦

૧૦૮ પૈકી ગુજરાત,રાજસ્થાન અને મધ્યપ્રદેશના કુલ્લ ૯૮ પાર્શ્વનાથ પ્રભુના દર્શન થયા હવે ઉત્તરપ્રદેશમાં બાકી રહેલા ૧ અને બિહારમાં આવેલા માત્ર ૧ પાર્શ્વનાથ જિનાલયના દર્શન કરીશું. સૌ પ્રથમ વારાણસી જવું મુંબઈથી વારાણસી જવા માટે મુંબઈથી ૧૧૦૬૧ દરભંગા એક્સપ્રેશ ટ્રેનની સુવિધા છે વારાણસી ઉતરવું.

વારાણસી થી ભેલુપુર
૩ કિલોમીટર

દર્શન સેવા પૂજા આરાધના કર્યાબાદ ત્યાં વારાણસી થી સમેતશિખર જવું ત્યાં જવા માટે ૧૩૩૦૮ ગંગા સતલજ એક્સપ્રેસથી જઈ શકાય છે પારસનાથ સ્ટેશને ઉતરવું.

પારસનાથ સ્ટેશનથી મધુવન
૨૪ કિલોમીટર

પારસનાથ સ્ટેશન થી મુંબઈ આવવા ૧૨૩૨૧ HWH (હાવડાહ) મુંબઈ મેલ ટ્રેનની સુવિધા છે.
==========
૯૯-શ્રી વારાણસી પાર્શ્વનાથ
વારાણસી

૧૦૦-શ્રી સમેતશિખર પાર્શ્વનાથ
મધુબન
==========

૧૦૮ પાર્શ્વનાથ માંથી ૯૯
વારાણસી પાર્શ્વનાથ

શ્રી વારાણસી પાર્શ્વનાથ પ્રભુ... બનારસ શહેરના ભેલપુર મહોલ્લામાં "ભેલુપુર તીર્થ" આવેલું છે...પાર્શ્વનાથ પ્રભુના ચાર કલ્યાણકો અહીં જ થયા છે...
વારાણસી રેલ્વે સ્ટેશનથી ત્રણ કિલોમીટર દૂર આ તીર્થ આવેલું છે.સોળ કલ્યાણકોની આ પાવનભુમી વારાણસી.
આ નગરનું પ્રાચીન નામ કાશી અને બનારસ છે. અહી વારણ અને અસી નામની બે નદીઓનો સંગમ છે.
પાંચફણાયુક્ત, પદ્માસને બિરાજીત, શ્યામવર્ણના ૯.૫ ઇંચ ઉંચા, ૯ ઇંચ પહોળાં શ્રી વારાણસી પાર્શ્વનાથ પ્રભુ ઉત્તર પ્રદેશનાં વારાણસીમાં ધાબાબંધી જૈન દેરાસરમાં ઉંચી બેઠકની છત્રીમાં મૂળનાયક તરીકે બિરાજમાન છે.

પ્રભુ વીરનું આ વિહાર ક્ષેત્ર રહ્યું છે.પાર્શ્વ પ્રભુનો જન્મ અહી ઈ.સ. પૂર્વે નવમી શતાબ્દીમાં થયો હતો.અહી રોમ ઘાટ ઉપર એક મંદિર છે. જે 'શ્રી શ્વેતાંબર જૈન પંચાયતી બડા મંદિર'ના નામે પ્રસિદ્ધ છે.
અહી પાર્શ્વનાથ ભગવાને પંચાગ્ની તપ તપતા કમઠ જોગીને પ્રતિબોધ આપી, કાષ્ઠ ફડાવી, બળતા નાગ-નાગણને બહાર કઢાવી નમસ્કાર મંત્ર સંભળાવી, ધરણેન્દ્ર-પદ્માવતી બનાવ્યા હતા.
આ મંદિરમાં મૂર્તિઓ પ્રાચીન અને સુંદર છે.અહી કુલ નવ જિનમંદિરો છે.
વારાણસીના ચાર પરા નીચે પ્રમાણે વિખ્યાત છે.
૧) ભેલુપુર - વારાણસી રેલ્વે સ્ટેશનથી લગભગ ૪ કિ.મી. દૂર છે. શ્રી પાર્શ્વનાથ પ્રભુનાં ચાર કલ્યાણકો અહીં થયા હતા.પ્રભુ પાર્શ્વનાથનું જિનમંદિર છે. જિનમંદિરમાં પાર્શ્વ પ્રભુની પ્રાચીન અને નયનરમ્ય પ્રતિમા છે.

૨) ભદૈની - ભેલુપુરથી લગભગ ૧.૫ કિ.મી. દૂર આવેલું છે. શ્રી સુપાર્શ્વનાથ જિનના ૪ કલ્યાણકોથી આ ભૂમિ પાવન બની છે. ગંગા કિનારે વચ્છરાજ ઘાટ ઉપર શ્રી સુપાર્શ્વનાથ પ્રભુનું દેરાસર છે.

૩) ચંદ્રપુરી - બનારસથી ૨૩ કિ.મી. દૂર આવેલું આ સ્થળ આઠમા શ્રી ચંદ્રપ્રભુસ્વામીના ૪ કલ્યાણકોથી પાવન બન્યું છે. આ સ્થાને શ્રી ચંદ્રપ્રભુનું જિનમંદિર અને પ્રભુની શ્વેતવર્ણી ૪૫ સે.મી.ની પ્રતિમા સાથે પાષણની બીજી પાંચ અને ધાતુની એક પ્રતિમા છે.

૪) સિંહપુરી - વારાણસીથી ૧૨ કિ.મી. દૂર આવેલા આ સ્થળે અગિયારમાં શ્રી શ્રેયાંસનાથનું શિખરબંધી જિનાલય છે. મૂળનાયકની ૩૦ સે.મી. ઊંચી શ્વેતવર્ણી પ્રતિમા છે. આ પ્રભુના નિર્વાણ સિવાયના ૪ કલ્યાણકો અહીં થયા છે. જિનાલયમાં સુંદર રચનાઓ ચારેય બાજુ કરવામાં આવી છે.

સ્તુતિ
વારાણસીએ વારવા ત્રણ જગતના ભવદુઃખને, પ્રાણત કલ્પથી આવતા પ્રભુપાસજી વામા ઘરે, વારાણસીએ જન્મ દીક્ષા નાણ પણ પ્રભુ પામતા, વારાણસી પ્રભુ પાર્શ્વને ભાવે કરું હું વંદના.

જાપ મંત્ર

ૐ હ્રીં અર્હં શ્રી વારાણસી પાર્શ્વનાથાય નમઃ

તીર્થનું સરનામું
શ્રી જૈન શ્વેતામ્બર તીર્થ સોસાઈટી,
બી -૨૦/૪૬, ભેલુપુર, વારાણસી
ફોન-૦૫૪૨-૨૨૭૫૪૦૭ / ૦૫૪૨-૨૨૭૫૪૦૬
ફોન-૯૩૬૯૨૭૫૪૦૮

ધર્મશાળા અને ભોજનશાળાની સુંદર સગવડ છે.

Shri Sametshikhar Parshvnath-Sametshikhar
Jainam Jayati Shasanam WhatsApp-8898336677

૧૦૮ પાર્શ્વનાથ માંથી ૧૦૦
સમ્મેતશિખર પાર્શ્વનાથ

નવફણાલંકૃત શ્યામવર્ણા, પાષાણના પદ્માસને બિરાજેલા ૩૧ ઈંચ ઉંચા અને ૨૦ ઈંચ પહોળા શ્રી સમ્મેતશિખર પાર્શ્વનાથ પ્રભુ સમેતશિખરજી તીર્થમાં કોટયુક્ત વિશાળ શિખરબંધી જિનાલયમાં મૂળનાયક તરીકે બિરાજમાન છે.

પ્રાચીનકાળથી આ ગિરિ જૈનોનું પવિત્ર તીર્થ મનાય છે. આકાશગામિની આદિ અનેક વિધાઓના સ્વામી શ્રી પાદલિપ્તસૂરિ નિત્ય આ તીર્થની યાત્રા કરતા. જે વીસ તીર્થકરો અહીં નિર્વાણ પામ્યા તેમાં શ્રી પાર્શ્વનાથજી અંતિમ હતા તેથી આ પહાડ પારસનાથ પહાડ તરીકે ઓળખાય છે.

સં. ૧૩૪૫માં શરણદેવના પુત્ર વીરચંદે શ્રી પરમાણંદસૂરિના હસ્તે સમ્મેતશિખર, તીર્થમાં પ્રતિષ્ઠા કરાવી હતી. ભોમીયાજીના મંદિરથી શરૂ કરી પર્વત ઉપર બધી ટૂંકોની યાત્રા કરીને નીચે આવતા ૧૮ માઈલનો રસ્તો થાય છે.અઢારમી ટૂંકમાં આ જિનાલય છે. તેની પાસે કુંડ હોવાથી જલમંદિર પણ કહેવાય છે. મૂળનાયક શ્રી શામળા પાર્શ્વનાથજી પ્રભુ જ શ્રી સમેતશિખર પાર્શ્વનાથ નામથી ઓળખાય છે. આખા પર્વત પર અન્ય ટૂંકોમાં ફક્ત પાદુકાઓ જ સ્થાપિત કરેલી છે. ફક્ત આ ટૂંકમાં જ જિનબિંબો બિરાજે છે.

શ્રી સમેતશિખર પાર્શ્વનાથના આ મનોહર પ્રતિમાજી સં. ૧૮૨૨ના વૈશાખ સુદ ૧૩ ને ગુરૂવારે શ્રી ખુશાલચંદે ભરાવ્યા હતા અને શ્રી સકલસૂરિએ પ્રતિષ્ઠા કરી હતી. આ તીર્થની ૩૧મી ટૂંક મેઘાડંબર ટૂંક કહેવાય છે. આ ટૂંક ઉપર બે માળનું શિખરયુક્ત જિનાલય છે. શ્રી પાર્શ્વપ્રભુનું આ નિર્વાણસ્થાન છે.

શ્રી સમેતશિખર પર્વતની તળેટી મધુવન કહેવાય છે. તીર્થના અધિષ્ઠાયક શ્રી ભોમિયાજી છે. યાત્રિકોને યાત્રામાં સહાય કરે છે. પોષ દશમીના દિવસે અહીં મોટો મેળો ભરાય છે.

વર્તમાન ચોવીશીના ૨૦ તીર્થકરો અહીં નિર્વાણ પામ્યા, તેમાં પાર્શ્વપ્રભુ છેલ્લા નિર્વાણ પામ્યા માટે પાર્શ્વનાથ હીલ તરીકે ઓળખાતા. અહીં ૧૮મી ટૂંકમાં સમ્મેતશિખર પાર્શ્વનાથ બિરાજમાન છે.

સ્તુતિ

સમ્મેતશૈલે સાધુતેત્રીશ સાથે પ્રભુ આવે સહી, શ્રાવણ સુદી આઠમ દિને નક્ષત્ર વિશાખા મહીં,એક માસનું એક અણસણ કરી જ્યાં પાર્શ્વ પ્રભુ સિદ્ધતા, સમ્મેતશિખર પ્રભુ પાર્શ્વને ભાવે કરું હું વંદના.

જાપ મંત્ર

ૐ હ્રીં અર્હં શ્રી સમ્મેતશિખર પાર્શ્વનાથાય નમઃ

Jainam Jayati Shasanam WhatsAp-8898336677

તીર્થનું સરનામું

શ્રી સમ્મેતશિખર પાર્શ્વનાથ શ્વેતામ્બર જૈન તીર્થ,
કોઠી, મધુવન, પો. શિખરજી, જિ. ગિરડિહ (બિહાર).
ફોન-૦૬૫૫૮-૨૩૨૨૨૫ / ૨૩૨૨૬૦

મધુબનમાં ધર્મશાળા અને ભોજનશાળાની સુંદર સગવડ છે.

૧૦૮ પાર્શ્વનાથ પ્રભુનો ઇતિહાસ અને ત્યાં કઈ રીતે પહોંચવું.... ભાગ-૨૧

૧૦૮ પૈકી ગુજરાત,રાજસ્થાન અને મધ્યપ્રદેશના,ઉત્તરપ્રદેશ અને બિહારમાં આવેલા કુલ્લ ૧૦૦ પાર્શ્વનાથ પ્રભુના દર્શન થયા હવે મહારાષ્ટ્રમાં આવેલા ૭ અને મધ્યપ્રદેશમાં રહી ગયેલ ૧ શ્રી પાર્શ્વનાથ પ્રભુના જિનાલયના અલગ અલગ રૂટથી દર્શન કરીશું સૌ પ્રથમ નાગપુર જવું મુંબઈથી નાગપુર જવા માટે મુંબઈથી ૧૨૨૮૯ નાગપુર દુરંતો અને ૧૨૧૦૫ વિદર્ભ એક્સપ્રેશ ટ્રેનની સુવિધા છે નાગપુર ઉતરવું.

નાગપુર થી નગપુરા (ઉવસગ્ગહરં તીર્થ)
૨૪૩ કિલોમીટર
(રાત્રી રોકાણ ત્યાંજ કરવું હિતાવહ છે)

નાગપુરથી ભદ્રાવતી
૧૨૯ કિલોમીટર
(મુંબઈ પાછા આવવા આજ ટ્રેનો ઉપલબ્ધ છે)
==========
૧૦૧-શ્રી ઉવસગ્ગહરં પાર્શ્વનાથ
નગપુરા (દુર્ગ-મધ્યપ્રદેશ)

૧૦૨-શ્રી કેસરિયા પાર્શ્વનાથ
ભદ્રાવતી
==========

પોષ દશમીની એકાસણાની આરાધના

(૧) માગસર વદ ૯,૧૦,૧૧, આ ત્રણ દિવસ એકાસણા કરવા.
(૨) તેમાં વદ ૯ના દિવસે સાકરના પાણીનું ઠામચોવિહાર એકાસણું કરવું.
(૩) વદ ૧૦ના દિવસે ખીરનું એકાસણું ઠામચઉવિહાર કરવું.
(૪) વદ ૧૧ના દિવસ ચાલુ તિવિહાર ભર્યા ભાણાંનું એકાસણું કરવું.
(૫) વદ ૯ અને વદ ૧૦ના દિવસ "ૐ હ્રીં શ્રી પાર્શ્વનાથ અર્હતે નમઃ" ની ૨૦ નવકારવાળી ગણવી.
(૬) વદ ૧૧ના રોજ "ૐ હ્રીં શ્રી પાર્શ્વનાથ નમઃ" ની ૨૦ નવકારવાળી ગણવી.
(૭) ત્રણે દિવસ શ્રી પાર્શ્વનાથ સ્વામી આરાધનાર્થં કાઉસગ્ગ કરું એ પદ બોલી સાગરવર ગંભીરા સુધી ૧૨ લોગસ્સનો કાઉસ્સગ્ગ કરવો.
(૮) દરરોજ ૧૨ ખમાસમણા, ૧૨ પ્રદક્ષીણા, ૧૨ સાથિયા કરવા.
(૯) ત્રણ ટંક દેવવંદન અને બે ટંક પ્રતિક્રમણ કરવા.
(૧૦) દર મહિને વદ ૧૦ના તિવિહાર એકાસણું કરવું. અને તે દિવસે ક્રિયા ઉપર મુજબ કરવી.
(૧૧) આ આરાધના ૧૦ વર્ષ ૧૦ મહિના સુધી કરવાની છે.

૧૦૮ પાર્શ્વનાથ માંથી ૧૦૧
ઉવસગ્ગહરં પાર્શ્વનાથ

સાત ફણાથી અલંકૃત,શ્યામવર્ણના,પલાઠી નીચેથી નીકળીને નાગરાજ પ્રભુજીની પાછળ ગૂંચળાની જેમ વળગેલા છે તેવા ૪૭ ઇંચ ઉંચા શ્રી ઉવસગ્ગહરં પાર્શ્વનાથ પ્રભુ મધ્યપ્રદેશના દુર્ગ શહેરથી ૧૪ કિ.મી. દૂર નગપુરા તીર્થમાં મૂળનાયક તરીકે બિરાજમાન છે.

થોડા વર્ષો પૂર્વે ઉગના ગામમાં ઠાકોર ભુવનસિંહ એક કુવો ખોદાવતા હતાં. ખોદાણ કરતા ૪૪ ફૂટ જેટલી ઉંડાઈએ પહોંચતા ખાડો અચાનક દૂધથી ભરાઈ ગયો.ચમત્કૃતિની તપાસ કરતા જીવંત સર્પોથી લપેટાયેલી જિનપ્રતિમા મળી. ઠાકોર ભુવનસિંહે તે પ્રતિમાજી જિનભક્તોને સુપ્રત કરી. જિનપ્રાસાદ નિર્માણ કરી તેમાં પ્રભુજીને પ્રતિષ્ઠિત કરવાની તૈયારી ચાલતી હતી ત્યારે નિર્માણ કાર્યના મુખ્ય સાત આગેવાનોને એક રાત્રીએ સ્વપ્નમાં નગપુરાના શ્રી રાવતમલજી આદિ શ્રેષ્ઠિઓ મધ્યપ્રદેશમાં દુર્ગ પાસેના નગપુરા ગામમાં એક ભવ્ય જિનાલયનું નિર્માણ કરવાની ભાવના સેવી રહ્યા છે. તે જિનાલયના અધિપતિ તરીકે આ પ્રભાવક શ્રી પાર્શ્વપ્રતિમા સોંપવાનો સંકેત મળ્યો. ખૂબ વિચારણા પછી અધિષ્ઠાયક દેવની આજ્ઞા અનુસાર દુર્ગ પહોંચી વાતચીત બાદ શુભમૂહુર્ત નગપુરામાં જિનાલયમાં પાર્શ્વપ્રભુની પ્રતિષ્ઠા થઈ.આ પાર્શ્વપ્રભુની ભક્તિથી ઉપસર્ગોનો ઉચ્છેદ થાય છે તેથી ઉવસગ્ગહરં પાર્શ્વનાથ નામ યથાર્થ છે. શ્રી મણીભદ્રવીરનો પણ આ તીર્થમાં ખૂબ મહિમા છે.

અતિ પ્રાચીન પ્રતિમાજી. ઠાકોર ભુવનસિંહે કૂવો ખોદતા... દુધની ધારા નીચે... સર્પના ગૂચળાથી વીંટળાયેલા પ્રભાવિક પ્રતિમાજી જોયા. આજે પણ તે પ્રભુનો ખૂબ પ્રભાવ છે.

સ્તુતિ

કેશીસ્વામીના ઉપદેશથી પ્રદેશી પ્રતિમા ભરાવતા, દૂધધારને ધરણેન્દ્ર સાથે જે પ્રભુજી પ્રગટતા,ઉપસર્ગને સહનાર તું,ઉપસર્ગ તું સહુના હરે, ઉવસગ્ગહરં પ્રભુ પાર્શ્વને ભાવે કરું હું વંદના.

જાપ મંત્ર

ૐ હ્રીં અર્હં શ્રી ઉવસગ્ગહરં પાર્શ્વનાથાય નમઃ

તીર્થનું સરનામું

શ્રી ઉવસગ્ગહરં પાર્શ્વનાથ શ્વેતામ્બર જૈન તીર્થ,

મુ.પો.નગપુરા,જિ. દુર્ગ.

ફોન-૦૭૮૮-૨૬૨૧૨૦૧/૦૭૮૮-૨૬૨૧૨૦૨

ધર્મશાળા અને ભોજનશાળાની સુંદર સગવડ છે.

નોંધ:-

ઉવસગ્ગહરં જવા માટે મુંબઇ થી કલકતા જતી દરેક ટ્રેનોથી જઈ શકાય આ માટે દુર્ગ સ્ટેશન પર ઉતરવાનું રહેશે ત્યાં થી ૧૪ કિલોમીટર બાય રોડ છે.

૧૦૮ પાર્શ્વનાથ માંથી ૧૦૨
કેસરિયા પાર્શ્વનાથ



સાત ફણાથી અલંકૃત,શ્યામવર્ણના, અર્ધપદ્માસને બિરાજતાં, ૫૧ ઇંચ ઉંચા અને ફણા સહિત ૬૧ ઇંચ ઉંચા અને ૪૭ ઇંચ પહોળા શ્રી કેસરિયા પાર્શ્વનાથ પ્રભુ ભદ્રાવતી તીર્થમાં એક વિશાળ પટાંગણ વચ્ચે ભવ્ય શિખરબદ્ધ જિનાલયમાં બિરાજમાન છે.

ભાંદક એક સમયનું વૈભવશાળી નગર કાળના ખપ્પરમાં હોમાઈ ગયું.અને આ નગરી સૈકાઓ સુધી સ્મરણપટ પરથી ભૂંસાઈ ગઈ. શ્રી કેસરિયા પાર્શ્વનાથના મનોહર પ્રતિમાજી કેટલા પ્રાચીન છે તે શોધવાનો કોઈ આધાર નથી.પણ શ્રી અંતરિક્ષ પાર્શ્વનાથની સમકાલીન આ મૂર્તિ હોવાનું જણાય છે.

આ પ્રાચીન તીર્થ વિક્રમની ૨૦મી શતાબ્દીમાં પુનઃ પ્રકાશમાં આવ્યું.કથા મુજબ શ્રી અંતરિક્ષ પાર્શ્વનાથ તીર્થના તત્કાલીન મુનિમ શ્રી ચત્રભુજભાઈને સં. ૧૯૬૬ના મહા સુદ ૫ ને સોમવારે રાત્રે સ્વપ્નમાં જંગલમાં પોતાની પાછળ પડેલા એક કાળા નાગને જોયો. નિર્ભીક બની ઉભા રહ્યા ત્યારે નાગે તેમને એક ચમત્કાર બતાવ્યો. એક પશ્ચિમાભિમુખ જિનાલયમાં કેશરિયા વર્ણના શ્રી પાર્શ્વનાથની અદ્ભુતિ પ્રતિમાના નાગરાજે દર્શન કરાવ્યો. શ્રી કેશરિયા પાર્શ્વનાથના વિચ્છેદ પામેલો પ્રાચીન ભદ્રાવતી તીર્થનો ઉદ્ધાર કરવી આ નાગરાજે શ્રી ચત્રભુજભાઈને કહ્યું.

તે સમયે ચાંદા ગામમાં બિરાજમાન મુનિશ્રી સુમતિસાગરજીને સઘળો વૃત્તાંત કહી સ્વપ્નના સંકેતાનુસાર આ તીર્થની શોધનો આરંભ થયો.જીર્ણમંદિરમાં ધૂળમાં અડધી દટાયેલી અવસ્થામાં આ પ્રતિમાજી નિર્દિષ્ટ સ્થાનેથી પ્રાપ્ત થયા.સ્થાનિક લોકો તેને કેશરિયા બાબા ના નામથી ઓળખતા અને સિંદૂરાદિથી પૂજતા હતા.અનેક ગામના સંઘોએ મળીને આ પ્રતિમા અને મંદિરનો કબજો લીધો. ઈ.સ.૧૯૨૧માં સરકારે શ્વે.જૈન સંઘને ૧૦|| એકર જમીન તથા આ પ્રતિમાજી અર્પણ કર્યા. સં. ૧૯૭૬ના ફાગણ સુદ ૩ ના દિવસે પ્રતિમાજીને નૂતન ભવ્ય જિનાલયનું નિર્માણ કરી પ્રતિષ્ઠિત કર્યા.કેશરીયા બાબાના નામથી પૂજાતા આ પ્રતિમાજી કેશરીયા પાર્શ્વનાથ કહેવાયા.શ્રી ભદ્રાવતી પાર્શ્વનાથ નામે પણ પ્રચલીત છે.

પ્રતિષ્ઠા પ્રસંગે ૫૧ ઇંચના આ પ્રભુજી અધિષ્ઠાયકના સંકેતથી ચાર કુમારિકા દ્વારા કુલની જેમ ઉંચકાઈ ગયા. સ્વપ્ન સંકેતથી મળ્યા હોવાથી....સ્વપ્નદેવ તરીકે પ્રખ્યાત છે.

સ્તુતિ

જે સ્વપ્ન આપી પ્રગટતા તે સંકટો સહુ છેદતા;વીતરાગતા મુખ પર દિસે પણ તે છતાં મન મોહતા,ભદ્રાવતીમાં શોભતા ને ભદ્રતા વરસાવતા;કેસરિયા પ્રભુ પાર્શ્વને ભાવે કરું હું વંદના.

જાપ મંત્ર

ॐ ह्रीं अर्हं श्री केसरिया पार्श्वनाथाय नमः

તીર્થનું સરનામું
શ્રી ભદ્રાવતી પાર્શ્વનાથ શ્વેતામ્બર જૈન તીર્થ,
મુ.પો.ભદ્રાવતી, જિ. ચંદ્રપુર.
ફોન-૦૭૧૭૫-૨૬૬૦૩૦ / ૯૮૫૦૧૧૬૭૯૯
ધર્મશાળા અને ભોજનશાળાની સુંદર સગવડ છે.
નોંધ
ભાડકજી તીર્થ ને જ ભદ્રાવતી તીર્થ કહેવાય છે મુંબઇ થી સીધી ટ્રેન છે સેવાગ્રામ એક્સપ્રેસમાં જવાય છે. વીટી થી બપોરે ૩ કલાકે છે...

==========

પુરુષાદાનીય અર્હંત પાર્શ્વનાથ ચરિત્ર ભાગ - ૮

(યવનશત્રુ ભગવાન પાર્શ્વનાથ ના શરણમાં)

એક વખતે અશ્વસેન રાજા સભામાં બેસી જિનધર્મ ની કથામાં તત્પર હતા. તેવામાં કુશસ્થળ નામના નગરથી એક દૂત આવ્યો અને કહેવા લાગ્યો કે અમારા રાજ્યમાં પ્રસેનજિત નામે રાજા રાજ્ય કરે છે. તે અત્યારે મુશકેલ સમયમાં છે. તમે એમની રક્ષા કરો. ત્યાર બાદ અશ્વશેન રાજા સભામાં બેસાડી દૂતના મુખથી વિગતે જાણ્યું કે પ્રસેનજિત રાજાના પિતા નરવર્મા જિનધર્મી હતા અને તેમણે સુસાધુ ગુરુની પાસેથી દીક્ષા ગ્રહણ કરી હતી. પ્રસેનજિત રાજાને પ્રભાવતી નામની સુંદર પુત્રી હતી એક વખત રાજકુમારી પ્રભાવતી કિન્નરો ની સ્ત્રીયોના મુખેથી સાભળ્યું કે “વારાણસીના સ્વામી અશ્વશેન રાજાના પુત્ર શ્રી પાર્શ્વનાથ કુમાર રૂપ લાવણ્યની સંપતીથી જય પામે છે. જે સ્ત્રીના તે ભર્તા થશે તે સ્ત્રી આ જગતમાં જયવતી છે. તેવા પતિ મળવા દુર્લભ છે” શ્રી પાર્શ્વનાથનું ગુણ કીર્તન સાંભળી પ્રભાવતીએ નક્કી કર્યું કે " હું લગ્ન કરીશ તો પાર્શ્વનાથ કુમાર નેજ " એ ખબર કલિંગાદેશોના નાયક યવન નામે દુષ્ટ રાજાને પડી અને તેણે પ્રસેનજીત રાજા પાસે દૂત મોકલીને કહેડાવ્યુ કે પ્રભાવતી મારી સાથે પાણિગ્રહણ કરે અથવા યુદ્ધ માટે તૈયાર રહેજો . પ્રભાવતી પહેલેથીજ મનથી પાર્શ્વનાથ કુમાર વર માની લીધા હતા . એટલે યવનરાજા શત્રુ બની કુશસ્થળ નગરને ઘેરી વળ્યો. હું ગુપ્તપણે તમારી પાસે આવ્યો છું . તમે જેમ ઉત્તમ સમજો તેમ, અશ્વશેન રાજાએ યુદ્ધથી યવનશત્રુને વશ કરવાનું વચન આપ્યું યુદ્ધની તૈયારી કરી કુશસ્થળ માટે જઈ રહ્યા હતા ત્યારે પાર્શ્વ કુમાર તેમને રોકીને કહ્યું હું યુદ્ધ કરવા જઈશ, ઘણી આનાકાની બાદ પાર્શ્વ કુમાર યુદ્ધ કરવા જઈ રહ્યા છે, પાર્શ્વ કુમાર યુદ્ધ કરવા આવી રહ્યા છે . તે જાણી યવન શત્રુ ના હિતેચ્છુએ જાણ્યું અને યવનરાજા ને કયું કે હે રાજન જેનું સુતીકા કર્મ દેવીઓ કર્યુછે, જેનો જન્મ અભિષેક દેવો એ કર્યું છે, એ મહાવીર છે, તે તારણહાર છે . હજી પણ કઈ બગડ્યું નથી તમે તેમનું શરણ સ્વીકારીલ્યો તેમનું શરણ સ્વીકારવાથી તમે ભવ તરી જશો. મોહ રૂપી અંધકારનો પડદો ખસી ગયો.અને સમજણ રૂપી દિવ્ય પ્રકાશ પ્રગટ થયો, છેવટે યવનશત્રુ ભગવાન પાર્શ્વનાથ નું શરણ સ્વીકારી લે છે. અને ભગવાન પાર્શ્વનાથ ભોગાવલિ કર્મનો ઉદય જાણી રાજકુંવરી પ્રભાવતી સાથે લગ્ન કરે છે .પાર્શ્વકુમાર અને પ્રભાવતી રાણીની સરખેસરખી જોડી જોઈને વારાણસીના નર-નારીઓ ઘેલાં થઈ જતાં હતાં. સારસ અને સારસીનો એમનો સ્નેહ હતો. જળકમળવત એમનું જીવન હતું,

૧૦૮ પાર્શ્વનાથ માંથી ૧૦૩
જગવલ્લભ પાર્શ્વનાથ

નવફણાલંકૃત શ્વેતવર્ણ, પદ્માસને બિરાજેલા ૩૧ ઇંચ ઉંચા શ્રી જગવલ્લભ પાર્શ્વનાથ પ્રભુ મહારાષ્ટ્રના કોલ્હાપુર જિલ્લામાં કુંભોજગિરિ તીર્થમાં પર્વત ઉપર આવેલ ત્રણ માળના જિનાલયમાં મૂળનાયક તરીકે બિરાજમાન છે.

ત્રણ માળના જિનાલયના ઉપરના ગભારામાં મૂળનાયક શ્રી શાંતિનાથ પ્રભુ અને ભોંયરામાં શ્રી અજિતનાથ પ્રભુ બિરાજે છે. આ તીર્થ દક્ષિણના શત્રુંજય તરીકે વર્તમાનમાં ખૂબ પ્રસિદ્ધિ પામેલું છે.

શ્રી જગવલ્લભ પાર્શ્વનાથ પ્રભુની સ્થાપના પૂર્વે અહીં ૧૪મી શતાબ્દીના ધાતુના એક પ્રતિમાજી હતાં. તેની યાત્રા કરવા યાત્રાળુઓ આવતા હતા.ઇચલકરંજી શહેરથી પાંચ માઈલ દૂર આવેલ શિરઢોણ ગામમાં શ્રી નાનચંદભાઈ અને શ્રી ફતેહચંદભાઈ નામને બે જૈન શ્રેષ્ઠીઓ પૂજ્ય આનંદસૂરીશ્વરજીના સત્સંગમાં તીર્થોની તારકતા અને જિનભક્તિનો અપાર મહિમા સાંભળી જિનાલય નિર્માણ કરવાના કોડ જાગ્યા.તે જ અરસામાં તીર્થના નિર્માણ માટે કુંભોજગિરિ પંસદ કર્યો. સં. ૧૯૧૨માં નિર્માણ કાર્યનો આરંભ થયો. ડુંગર પર નિર્માણકાર્ય કઠિન હોવા છતાં સહુના સહકારથી કાર્ય પરિપૂર્ણ થયું અને એક ભવ્ય જિનાલયનું નિર્માણ થયું. ગુજરાતમાંથી મનોરય જિનબિંબો લાવી સં. ૧૯૨૬ના મહા સુદ ૭ ના દિને આ તીર્થમાં પ્રતિષ્ઠા થઈ અને સં. ૧૯૨૮માં આ તીર્થ સંઘને સોંપવામાં આવ્યું.

પછી આ તીર્થે તેનું નિર્માણ કાર્ય ચાલુ રાખી તળેટી થી તીર્થ સુધી પહોંચવા પાકા પગથીયા અને અન્ય સગવડતા મળે તે માટે કાર્ય કરતા રહ્યાં. તળેટી પાસે ચમત્કારી શ્રી કલિકુંડ પાર્શ્વનાથ ભગવાનનું જિનાલય નિર્માણ કર્યું.

દક્ષિણના શત્રુંજય તરીકે વર્તમાનમાં પ્રસિદ્ધિને પામેલ આ તીર્થમાં સં.૧૦૨૧માં એક મહિના સુધી અતિ સુગંધી ચંદનની નિત્ય વર્ષા થઈ હતી.

સ્તુતિ

કેશરતણી વૃષ્ટિ થતીને અમીતણાં ઝરણાં ઝરે,કુંભોજગિરિએ બેસણા,તું નામ જગવલ્લભ ધરે,વલ્લભ ગણે મુજને પ્રભુ તો આત્મા મારો ઠરે, જગવલ્લભ પ્રભુ પાર્શ્વને ભાવે કરું હું વંદના.

જાપ મંત્ર

ૐ હ્રીં અર્હં શ્રી જગવલ્લભ પાર્શ્વનાથાય નમઃ



તીર્થનું સરનામું

શ્રી જગવલ્લભ પાર્શ્વનાથ શ્વેતામ્બર જૈન તીર્થ,

કુંભોજગિરિ તીર્થ,મુ.પો.બાહુબલી હાથકણંગલા,જિ.કોલ્હાપુર.

ફોન-૦૨૩૦-૨૫૮૪૪૫ / ૯૮૨૩૨૩૯૫૩૯

ધર્મશાળા અને ભોજનશાળાની સુંદર સગવડ છે.

નોંધ

આ તીર્થના દર્શન માટે મુંબઇ વીટીથી મહાલક્ષ્મી એક્સપ્રેસ ટ્રેન નંબર-૧૭૪૧૧ થી જઈ શકાય હાથકણંગલા રેલવે સ્ટેશન ઉતરવું ત્યાંથી ૮ કિ.મી.ના અંતરે છે કોલ્હાપુરથી ૩૦ કિ.મી.ના અંતરે છે...

૧૦૮ પાર્શ્વનાથ પ્રભુનો ઇતિહાસ અને ત્યાં કઈ રીતે પહોંચવું.... ભાગ-૨૨

૧૦૮ પૈકી ગુજરાત,રાજસ્થાન અને મધ્યપ્રદેશના,ઉત્તરપ્રદેશ, બિહાર અને મહારાષ્ટ્રમાં આવેલા કુલ્લ ૧૦૩ પાર્શ્વનાથ પ્રભુના દર્શન થયા હવે મહારાષ્ટ્રમાં રહી ગયેલ ૫ પાર્શ્વનાથ પ્રભુના જિનાલયના દર્શન કરીશું સૌ પ્રથમ મુંબઈ સ્થિત શ્રી ગોડીજી પાર્શ્વનાથના દર્શન કરીશુ....

મુંબઈ થી ગુલાલવાડી મુંબઈ
૧ કિલોમીટર

મુંબઈ થી નાસિક
૧૮૩ કિલોમીટર

નાસિક થી નેર (રાત્રી રોકાણ ત્યાંજ કરવું હિતાવહ છે)
૧૮૨ કિલોમીટર

નેર થી અમલનેર
૬૬ કિલોમીટર

અમલનેર થી આકોલા
૨૮૯ કિલોમીટર

(મુંબઈ પાછા આવવા આકોલાથી વિદ્રભ એક્સપ્રેશ - ૧૨૧૦૬ થી આવી શકાય)
==========
૧૦૪-શ્રી ગોડીજી પાર્શ્વનાથ
મુંબઈ

૧૦૫-શ્રી ચિંતામણી પાર્શ્વનાથ
નાસિક

૧૦૬-શ્રી મનોવાંછિત પાર્શ્વનાથ
નેર

૧૦૭-શ્રી ગિરૂઆ પાર્શ્વનાથ
અમલનેર

૧૦૮-શ્રી અંતરીક્ષજી પાર્શ્વનાથ
આકોલા

૧૦૮ પાર્શ્વનાથ માંથી ૧૦૪
ગોડીજી પાર્શ્વનાથ


Shri Godiji Parshvnath - Mumbai
Jainam Jayati Shasanam WhatsApp-8898336677

મુંબઈમાં પાયધુની વિસ્તારમાં નવફણાયુક્ત,શ્વેતવર્ણના શ્રી ગોડીજી પાર્શ્વનાથ પ્રભુનું ભવ્ય જિનાલય આવેલ છે.
ગોડી નામ ધારક શ્રી પાર્શ્વનાથ પ્રભુની અનેક પ્રતિમાજીઓ ઠેર ઠેર આવેલ છે.શ્રી ગોડી પાર્શ્વનાથ ભગવાનનાં મૂળ તીર્થ વિશેની જાણકારી હાલમાં ઉપલબ્ધ નથી. પરંતુ ગોડી પાર્શ્વનાથ તીર્થની ઉદભવની કહાની અતિ રોચક અને શ્રદ્ધા ભરેલી છે.

ગોડીગામના મહિમાવંત પાર્શ્વનાથજીની પ્રતિમાજી ત્યાંથી અદ્રશ્ય થઈને અન્ય કેટલાક સ્થાનોમાં પ્રગટ થયા હોવાનું મનાય છે.પાકિસ્તાનના સિંધ પ્રાંતમાં પારકરથી લગભગ પચાસ માઈલના અંતરેથી 'ગોડીગામ' નામનું ગામ આજ પણ છે. આ ગામમાં જીર્ણ જિનાલય આજે પણ હોવાનું મનાય છે, પરંતુ તે જીર્ણ જિનાલયમાં એક પણ પ્રતિમાજી નથી.ત્યાંના પ્રતિમાજી ક્યાં પ્રતિષ્ઠિત કરાયા છે તે જાણવા મળતું નથી.
મુંબઇના શ્રી ગોડીજી પાર્શ્વનાથ પ્રભુના જિનાલયનાં મૂળનાયક શ્રી પાર્શ્વનાથ પ્રભુની પ્રતિમાં અતિ પ્રાચીન છે. તે હાલમાં મીરપુર તીર્થ તરીકે જાણીતા રાજસ્થાનનાં હમીરપુર માંથી આ પ્રતિમાજી લઈ આવવામાં આવેલ છે તેવી વાત છે.

જિનાલયનું નિર્માણ ફોર્ટ એ સમયે મુંબઈનો મહત્વપૂર્ણ વિસ્તાર ગણાતો. એની સુરક્ષા માટે ચારે બાજુ કોટ બાંધીને ખાડી કરવામાં આવી હતી. આ ફોર્ટ વિસ્તારમાં ઘણા જૈનોએ પણ વસવાટ કરેલો એટલે અહીં જૈનોનું પહેલું દેરાસર બનાવીને એમાં શ્રી ગોડી પાર્શ્વનાથ ભગવાનને મૂળનાયક બનાવ્યા. ઈસવીસન ૧૮૦૩માં ફોર્ટમાં ભયંકર આગ લાગી અને ખૂબ પાયમાલી થઈ. એ પછી અહીંના ભગવાનને ભુલેશ્વરમાં પાયધુનીમાં સુરક્ષિત સ્થાન પર લાવવામાં આવ્યા. ૧૮૦૬માં અહીં ભવ્ય જિનાલય બનાવવાનો સંકલ્પ મોતીશા શેઠના મોટા ભાઈ નેમચંદભાઈએ કર્યો અને જગ્યાની ખરીદી શરૂ કરી. ૧૮૧૧ની ચોથી ઑક્ટોબરે ગોડીજી જિનાલય માટે અવિચલદાસ ગોવિંદજી ભણસાલી પાસેથી જગ્યા લઈને દસ્તાવેજ તૈયાર કર્યા, જેની નોંધ ગોડીજીના જૂના દસ્તાવેજોમાં છે. શ્રી ગોડીજી પાર્શ્વનાથજી પ્રભુના જિનાલયનો પ્રતિષ્ઠા મહોત્સવ સંવત ૧૮૬૮નાં દ્વિતિય વૈશાખ સુદ ૧૦ નાં બુધવારે સંપન્ન થયો હતો.

સંવત ૨૦૪૫નાં વૈશાખ સુદ ૧૦ ના દિવસે અનેક પૂજ્યોની તારક નિશ્રામાં અતિભવ્ય મહોત્સવપૂર્વક આ જિનપ્રાસાદમાં અન્ય બિંબોની પ્રતિષ્ઠા થઈ.

હાલમાં આ જિનાલયનો જિર્ણોદ્ધાર કરવામાં આવ્યો છે અને દેવવિમાન તુલ્ય અતિ ભવ્ય પ્રાસાદનું નિર્માણ કરવામાં આવેલ છે.રાજસ્થાનના હમીરપુરાથી લાવેલા પ્રતિમાજી અતિ પ્રાચીન અને પ્રભાવિક છે.

સ્તુતિ

મુંબઈ નગરની રિદ્ધિને સમૃદ્ધિના જે મૂળ છે,મુજ આતમાની સિદ્ધિ કાજે જે પ્રભુ અનુકૂળ છે,તુજ મિલનની આશા મહીં મન માહરુ વ્યાકુળ છે,શ્રી ગોડીજી પ્રભુ પાર્શ્વને ભાવે કરું હું વંદના.

Jainam Jayati Shasanam WhatsApp-8898336677

જાપ મંત્ર

ॐ ह्रीं अर्हं श्री गोडीजी पार्श्वनाथाय नमः

તીર્થનું સરનામું

શ્રી ગોડીજી પાર્શ્વનાથ શ્વેતામ્બર જૈન તીર્થ,
વિજય વલ્લભ ચોક,પાયધુની, મુંબઈ-૪૦૦૦૦૪
ફોન-૦૨૨-૨૩૪૬૩૧૫૬

સી.પી. ટેંકમાં ધર્મશાળા અને ભોજનશાળાની સુંદર સગવડ છે.

==========

પુરુષાદાનીય અર્હંત પાર્શ્વનાથ ચરિત્ર ભાગ - ૯

(શ્રી પાર્શ્વકુમાર દ્વારા નગરદર્શન)

એક દિવસ રાજકુમાર પાર્શ્વ રાજમહેલની ગોખમાં બેઠા બેઠા નગરનું અવલોકન કરી રહેલ હતા. એવામાં તેમણે પૂજાની સામગ્રી લઈને મોટા જનસમૂહને નગરની બહાર જતાં જોયો. કુતૂહલવશ કુમારે પૂછ્યું: "શું આજે કોઈ મહોત્સવ છે કે અન્ય કોઈ વિશેષ પ્રસંગ છે કે જે કારણે આ લોકો જઈ રહેલા છે?
ઉત્તર મળ્યો "કુમારવર! નગરની બહાર એક કમઠ નામનો ઉગ્ર તપસ્વી આવેલો છે, જે પંચાગ્નિ તપ તપી રહ્યો છે. તે ઘણો ઉગ્ર તપસ્વી છે. તેની પૂજા અને અર્ચના કરવા માટે જ આ લોકો જઈ રહેલ છે."

==========

સુણ્યા હશે પૂજ્યા હશે, નિરખ્યા હશે પણ કો ક્ષણે,હે જગતબંધુ! ચિત્તમાં, ધાર્યા નહિ ભક્તિપણે;
જનમ્યો પ્રભુ તે કારણે, દુ:ખપાત્ર હું સંસારમાં,હા! ભક્તિ તે ફળતી નથી, જે ભાવ શૂન્યાચારમાં..

૧૦૮ પાર્શ્વનાથ માંથી ૧૦૫
ચિંતામણી પાર્શ્વનાથ


Shri Chintamani Parshvnath - Nashik
Jainam Jayati Shasanam WhaysApp-8898336677

સપ્તફણામંડિત નીલવર્ણા,પદ્માસને બિરાજતાં,૨૧ ઇંચ ઉંચા ૧૭ ઇંચ પહોળા શ્રી ચિંતામણિ પાર્શ્વનાથ પ્રભુ નાસિક તીર્થના શિખરબંધી જિનાલયમાં બિરાજમાન છે.

ગોદાવરી તટે વસેલું વર્તમાન નાસિક નગરમાં શ્રી ચિંતામણી પાર્શ્વનાથનું જિન મંદિર સં.૧૮૦૦ આસપાસમાં શ્રી સંઘે બંધાવ્યું હતું.બીજી એક નોંધ અનુસાર આ જિનાલયનું સં.૧૯૧૮માં નિર્માણ થયું હતું. પ્રભુજીની પલાંઠી પર સં. ૧૫૪૮નો લેખ ઉત્કીર્ણ છે.પૂર્વે શ્વેતવર્ણા આ મનોહર પ્રતિમાજી ઉપર તાજેતરમાં જ નીલવર્ણનો લેપ કરવામાં આવ્યો છે.

આ સિવાય નાસિકમાં અન્ય ૯ જિનાલયો વિદ્યમાન છે. શ્રી આદિનાથ જિનાલયમાં મૂળનાયક પ્રભુની ભવ્ય પ્રતિમાજી છે.શ્રીમદ્ વિજય યશોદેવસૂરીશ્વરજી મહારાજાનું ગુરૂમંદિર છે.

નીલવર્ણા પાર્શ્વનાથ પ્રભુ આહલાદકતા આપે છે.

(આ શ્રી ચિંતામણી પાર્શ્વનાથ પ્રભુના જિનાલયમાં ખુદ રાજા રાવણે પોતાના હાથેથી બનાવેલી વેરૂની નાની પાર્શ્વનાથ પ્રભુની પ્રતિમા દર્શનીય છે. રાજા રાવણ અને મંદોદરી હંમેશા તેમની પૂજા ભક્તિ કરતા હતા.)

સ્તુતિ

ચિંતામણિ ચિંતા હરે એવી પ્રતિષ્ઠા આપની,સમૃદ્ધિ આપે પાપ કાપે એ નામના તુજ જાપની,નાસિક તીર્થે નીલવર્ણા નેત્ર દિપક છો તમે,શ્રી ચિંતામણી પ્રભુ પાર્શ્વને ભાવે કરું હું વંદના.

જાપ મંત્ર

ॐ ह्रीं अर्हं श्री चिंतामणी पार्श्वनाथाय नमः

તીર્થનું સરનામું

શ્રી ચિંતામણી પાર્શ્વનાથ શ્વેતામ્બર જૈન તીર્થ,
પાર્શ્વનાથ લેન, ભદ્રકાલી, નાસિક સીટી-૫૨૨૦૦૧
ફોન-૯૪૨૦૬૯૪૨૫૦
(ટ્રસ્ટી શ્રી સુભાષ.ડી.શાહ)
ધર્મશાળા અને ભોજનશાળાની સુંદર સગવડ છે.

Jainam Jayati Shasanam WhatsApp-8898336677

૧૦૮ પાર્શ્વનાથ માંથી ૧૦૬
મનોવાંછિત પાર્શ્વનાથ



શ્યામવર્ણા,પાષાણના,પદ્માસને બિરાજેલા ૨૦ ઇંચ ઉંચા ૧૬.૫ ઇંચ પહોળા શ્રી મનોવાંછિત પાર્શ્વનાથ પ્રભુ મહારાષ્ટ્રના નેર તીર્થમાં આવેલા જિનાલયમાં મૂળનાયક તરીકે બિરાજમાન છે.

પાંચસો વર્ષથી પણ અધિક પ્રાચીન આ પ્રતિમાજી લેપ વિના પણ અતિ નૂતન સમા લાગે છે. મધ્યપ્રદેશનું બુરહાનપુર પૂર્વે એક સમૃદ્ધ અને જાહોજલાલી સંપન્ન નગર હતું.નગરમાં ૧૮ દેરાસર હતા.કાળક્રમે બુરહાનપુરની સમૃદ્ધિ ઝાંખી પડી.વર્તમાનમાં તો એકજ જિનાલય વિધમાન છે.આ નગરના પ્રાચીન બીંબો આજે અન્ય અનેક સ્થાનોમાં બિરાજે છે.નેરનગરના શ્રી મનોવાંછિત પાર્શ્વનાથજી પણ બુરહાનપુરથી લાવવામાં આવ્યા હોવાનું જાણવા મળે છે.

નેરનું પ્રાચીન જિનાલય જીર્ણ થતાં જિર્ણોદ્ધાર કરી સં. ૧૯૮૮ના વૈશાખ સુદ દશમે જિનપ્રતિમાને પૂ.પં. શ્રી સુરેન્દ્રવિજયજી મ.સા. ના હસ્તે પુનઃ પ્રસ્થાપિત કરવામાં આવ્યા.

સં. ૧૮૮૧નાં ફાગણ વદ ૨ ના દિને પં. ઉત્તમવિજયે રચેલા શ્રી ૧૦૮ પાર્શ્વનાથના છંદમાં નેરનગરના પાર્થપ્રભુના નામનો ઉલ્લેખ કર્યો છે.

પાંચસો વર્ષથી પણ અધિક પ્રાચીન આ પ્રતિમાજી નેહ ઉપજાવે તેવી નાજુક નમણાશથી લેપ વિના પણ અતિ નૂતન સમા ભાસે છે.

સ્તુતિ

જેમ કામધેનુકામઘટને સુરતરૂ ઈચ્છા પૂરે,પણ કલિકાલે તે બધા તુજમાં સમાયા કહું ખરે,છે નેરનો તું નાથ તારી ઘેર જગમાં ના જડે,શ્રી મનોવાંછિત પ્રભુ પાર્શ્વને ભાવે કરું હું વંદના

જાપ મંત્ર

ૐ હ્રીં અર્હં શ્રી મનોવાંછિત પાર્શ્વનાથાય નમઃ

તીર્થનું સરનામું

શ્રી મનોવાંછિત પાર્શ્વનાથ શ્વેતામ્બર જૈન તીર્થ,
મુ.પો.નેર,જિ.ધુલિયા-૪૨૪૩૦૩(મહારાષ્ટ્ર)
ફોન-૯૯૨૨૫૬૮૯૯૪/૦૨૫૬૦-૨૭૬૫૦૦
ધર્મશાળા અને ભોજનશાળાની સુંદર સગવડ છે.
(અગાઉ થી જાણ કરવું જરૂરી છે.)

૧૦૮ પાર્શ્વનાથ માંથી ૧૦૭
ગિરૂઆ પાર્શ્વનાથ

૨૨ ફણાથી આરૂઢ, શ્યામવર્ણના,પાષાણના પદ્માસને બિરાજતાં,૧૧.૨૫ ઈંચ ઉંચા ૧૦ ઈંચ પહોળા શ્રી ગિરૂઆ પાર્શ્વનાથ પ્રભુ અમલનેર નગરે ભવ્ય શિખરબંધી જિનાલયમાં બિરાજમાન છે.
શ્રી સંઘે આ જિનાલય સં.૧૯૨૦ની આસપાસમાં નિર્માણ કર્યું હતું.
પૂ.આ.દેવ શ્રીમદ્ વિજય યશોદેવસૂરીશ્વરજી મહારાજના સદુપદેશથી આ જિનાલયનો જિણોદ્ધાર થયો અને આચાર્યદેવશ્રીના હસ્તે સં.૨૦૦૭, વૈશાખ સુદ ૫, તા. ૧૧-૫-૧૯૫૧ ના દિને પ્રતિષ્ઠા કરવામાં આવી.મૂળ ફણા ખંડિત થવાથી પ્રતિમાજીને નૂતન ૧૧ ફણાથી અલંકૃત કરવામાં આવ્યા. આ પ્રતિમાજી ૫૦૦ વર્ષ પ્રાચીન જણાય છે.
મૂળનાયક થી શામળીઆ પાર્શ્વનાથ ભગવંતના ત્રણ ગભારાયુક્ત જિનાલયમાં શ્રી ગિરૂઆ પાર્શ્વનાથજી ઉપરના માળે મૂળનાયક તરીકે બિરાજમાન છે.
શ્રી પાર્શ્વપ્રભુના ગિરૂઆ નામનો ઉલ્લેખ સં.૧૬૮૯ના પોષ વદ ૧૦ ના દિને મુનિશ્રી ગુણવિજયજીના શિષ્યે રચેલ ૧૦૮ નામગર્ભિત શ્રી પાર્શ્વનાથ સ્તવનમાં થયેલો છે.

સ્તુતિ

ગિરૂઆ ગુણો ગણાયના ગિરૂઆ શ્રી પારસનાથના,ગિરૂઆ બનાવે ભક્તને બંધન હરી મોહપાસના,ગિરૂઆ જિનાલયમાં બિરાજે અમલનેર મુકામમાં,શ્રી ગિરૂઆ પ્રભુ પાર્શ્વને ભાવે કરું હું વંદના.

જાપ મંત્ર

ૐ હ્રીં અર્હં શ્રી ગિરૂઆ પાર્શ્વનાથાય નમઃ

તીર્થનું સરનામું

શ્રી ગિરૂઆ પાર્શ્વનાથ શ્વેતામ્બર જૈન તીર્થ,
સંસ્થાપન શરાફ બજાર, મુ.પો.અમલનેર,
જિ.જલગાંવ-૪૨૫૪૦૧
ફોન-૨૫૮૭-૨૨૨૪૫૨

૧૦૮ પાર્શ્વનાથ માંથી ૧૦૮
અંતરીક્ષજી પાર્શ્વનાથ

Shri Antrikshji Parshvnath - Shirpur
Jainam Jayati Shasanam WhatsApp-8898336677

ફણાથી આરૂઢ, શ્યામવર્ણના, વેળુના અર્ધ પદ્માસને બિરાજતાં, આધાર વિના જમીનથી અધ્ધર રહેલાં ૩૬ ઇંચ ઉંચા - ફેણા સહિત ૪૨ ઇંચ ઉંચા અને ૩૦ ઇંચ પહોળા પ્રાચીન શ્રી અંતરિક્ષ પાર્શ્વનાથ પ્રભુ મહારાષ્ટ્રના સીરપુર (અંતરિક્ષ) તીર્થના શ્રી વિઘ્નહરા પાર્શ્વનાથ ભગવાનના ભવ્ય જિનાલયમાં ભોંયરામાં બિરાજમાન છે.

મુનિસુવ્રતસ્વામીના શાસનમાં રાજા રાવણે મહત્વના કાર્યથી પોતાના બનેવી ખરદૂષણને દૂર દેશમાં મોકલેલાં. રસ્તામાં ભોજનના અવસરે વિગોલી દેશમાં પહોંચ્યા. જિનપૂજા વિના ભોજન ન કરવાનો નિયમ હતો. પ્રતિમાજી સાથે લાવવાનું વિસરી જવાથી પોતાની ટેક પાળવા તેમણે વેળુની એક મૂર્તિ બનાવી નમસ્કાર મહામંત્રના ઉચ્ચારપૂર્વક તેમાં પ્રાણપ્રતિષ્ઠા કરી. આ પ્રતિમાને પૂજી ભોજન કર્યું. કાર્ય પૂર્ણ થતા આ પ્રતિમાજી એક કૂવામાં પધરાવી દીધી. કૂવામાંના દેવે આ પ્રતિમાને ઝીલી લીધી. દૈવી પ્રભાવથી પ્રતિમાજી વજ્રમય બન્યાં. ચિરકાળ પર્યંત આ પ્રતિમાજી કૂવામાં દેવદ્વારા પૂજાયા.

વરાડ દેશના એલચપુર નગરના શ્રીપાલ નામનો રાજા ભયાનક કુષ્ઠ રોગથી પીડાતો હતો. એકદા નગર બહાર નીકળેલો રાજા તૃષાતુર થયો. પાણીની શોધમાં આ કૂવા પાસે આવ્યો. કૂવાના જળથી પોતાના હાથ, પગ તથા મુખ ધોઈને કૂવાના મધુર જલનું પાન કરીને રાજા પોતાની છાવણીમાં ગયો. પહેલીવાર રાત્રે રાજા નિરાંતે સૂતો. વ્યાધિની પીડા શમી ગઈ. અને રાજાના હાથ, પગ તથા મુખ કૃષ્ટ રોગથી રહિત જણાયાં. કૂવાના પવિત્ર જળનોજ આ પ્રભાવ જાણી રાજાએ કૂવાના જલથી સમગ્ર શરીરે સ્નાન કર્યું અને દૈવી ચમત્કાર થયો. વર્ષોથી વ્યાધિથી પીડાતો દેહ ક્ષણમાં કંચનવર્ણો થઈ ગયો.

આ રહસ્યને પામવા રાજાએ આરાધના દ્વારા કૂવાના અધિષ્ઠાયક દેવને પ્રત્યક્ષ કર્યા. અધિષ્ઠાયક દેવે કૂવામાં રહેલી શ્રી પાર્શ્વપ્રભુની પ્રતિમાની રાજાને જાણ કરી. રાજાના ભક્તિપૂર્ણ આગ્રહથી ધરણેન્દ્ર દેવે તેને પ્રતિમા સોંપવાની હા પાડી. પ્રભાતે સ્નાન કરીને રાજા કૂવા પાસે ગયો. દેવની સૂચના અનુસાર જુવારીના સાંઠાની પાલખી બનાવી સૂતરના તાંતણાથી બાંધીને તેણે કૂવામાં ઉતારી. દેવે પ્રતિમા પાલખીમાં મૂકી અને રાજાએ બહાર લાવી જુવારના સાંઠાના જ બનાવેલા રથમાં પ્રસ્થાપિત કરી. સાત દિવસના જન્મેલા વાછરડા રથને જોડીને તેણે રથ ચલાવ્યો. થોડા આગળ ગયા પછી શંકિત હૃદયે પાછળ જોયું તેની આ શંકાથી મૂર્તિ ત્યાંજ સ્થિર થઈ અને રથ પસાર થઈ ગયો. ઘણા પ્રયત્નો છતાં પ્રતિમાજી ત્યાંથી ચલિત ન થયાં. વડના વૃક્ષ તળે સાત હાથે ઊંચે આકાશમાં અદ્ધર રહેલા આ પ્રતિમાજી અંતરિક્ષ પાર્શ્વનાથ ના નામથી પ્રસિદ્ધ થયાં.

સં. ૧૧૪૨માં મહા સુદ ૫ ને રવિવારે વિજયમુહર્ત મલ્લધારી શ્રી અભયદેવસૂરીશ્વરજી મ. ના પુનિત હસ્તે પ્રતિમાજીને શ્રીસંઘે બનાવેલા ભવ્ય જિનપ્રાસાદમાં પ્રતિષ્ઠિત કરવામાં આવ્યા. રત્નમય આભૂષણોથી શ્રી અંતરિક્ષ પાર્શ્વપ્રભુને પૂજીને શ્રીપાલ રાજાએ આરતી ઉતારી. આ સ્થાને આ રાજાએ શ્રીપુર નામનું નગર વસાવ્યું. શ્રી અંતરિક્ષ પાર્શ્વનાથના આ તીર્થનો મહિમા વ્યાપક બન્યો.

કહેવાય છે કે આ પ્રતિમાની નીચેથી પનિહારી કે ઘોડેસવાર પસાર થઈ જાય તેટલી તે પૂર્વે જમીનથી અદ્ધર હતી. દૂષિત કાળના પ્રભાવે હવે માત્ર અંગલુછણું પસાર થાય તેટલી જ અદ્ધર છે.

શ્રી ભાવવિજય ગણિના ઉપદેશથી આ જિનાલયનો જિર્ણોદ્ધાર થયો. તેમનાજ હસ્તે વિ.સં. ૧૭૧૫માં ચૈત્ર સુદ ૫ ના દિવસે જિનપ્રાસાદની પ્રતિષ્ઠા થઈ.

પ્રતિવર્ષ ફાગણ સુદ ૩ અને માગશર વદ ૧૦ ના દિવસે મેળો ભરાય છે.

આજે પણ અધ્ધર આ પ્રતિમાજી પૂર્વે સાત હાથ અદ્ધર વેળુના હતા. ભાવવિજય મ.સા.ની ચાલી ગયેલી નેત્રની જ્યોત દાદાની પ્રાર્થનાથી પાછી આવી ગઈ.

સ્તુતિ

ખરદુષણે તુજને ભરાવ્યા, નિરખતા નયનો હસે, શિરપુર તણો શિરતાજ તું અંતરિક્ષમાં અધ્ધર વસે, તું અંધને કરે દેખતો દેખાડ મુક્તિ બારણા,અંતરિક્ષ પ્રભુ પાર્શ્વને ભાવે કરું હું વંદના.

જાપ મંત્ર

ૐ હ્રીં અર્હં શ્રી અંતરિક્ષ પાર્શ્વનાથાય નમઃ



Jainam Jayati Shasanam WhatsApp-8898336677

તીર્થનું સરનામું

શ્રી અંતરિક્ષ પાર્શ્વનાથ શ્વેતામ્બર જૈન તીર્થ,

મુ.પો.શિરપુર, તા.વાસિમ, જિ.આકોલા-૪૪૪૫૦૪

ફોન-૦૭૨૫૪-૨૭૪૦૦૫ / ૯૧૫૮૮૭૧૯૯૯

ધર્મશાળા અને ભોજનશાળાની સુંદર સગવડ છે.

==========

પુરુષાદાનીય અર્હંત પાર્શ્વનાથ ચરિત્ર ભાગ - ૧૦

(શ્રી પાર્શ્વકુમાર દ્વારા નાગનો ઉદ્ધાર)

કૌતુકવશ થઈને રાજકુમાર પાર્શ્વ પણ કમઠને જોવા માટે ચાલ્યા. આ કમઠ એજ હતો કે જેનો સંબંધ પાર્શ્વનાથના જીવની સાથે ગત અનેક ભવોથી ચાલ્યો આવતો હતો. અગ્નિકુંડ માં મોટા લાકડામાં સર્પ બળી રહ્યો છે તે જોઈ તે જ વખતે રાજકુમારે પોતાના સેવકને આજ્ઞા આપી, સેવકે અગ્નિકુંડમાંથી તે લાકડાંને બહાર કાઢ્યું અને સાવધાનીથી ચીર્યું ત્યારે તે વખતે તરફડતો સર્પ બહાર અનુચરથી નીકળ્યો. તે મરણની છેલ્લી ઘડીની સ્થિતિમાં હતો. પાર્શ્વનાથે પોતાના અનુચરથી તેને નવકાર મંત્ર સંભળાવ્યો. તે સમાધિપૂર્વક મરીને ધરણેન્દ્ર (નાગકુમાર જાતિના દેવોનો ઇન્દ્ર) દેવ થયો. લોકો કમઠને તિરસ્કારવા અને ધિક્કારવા લાગ્યા.

૧૦૮ પાર્શ્વનાથ માંથી ઘણા યાત્રિકો વાવમાં આવેલ શ્રી ગોડીજી પાર્શ્વનાથની યાત્રા કરે છે તે અંગેની રસપ્રદ માહિતી

Shri Godiji Parshvnath - Vav
Jainam Jayati Shasanam WhatsApp-8898336677

શ્રી ગોડી પાર્શ્વનાથ ભગવંતનું જિનાલય વાવ ગામ ના પશ્ચિમ છેવાડે હતું. વિ. સં ૨૦૨૩ માં પૂજ્યપાદ આચાર્ય ભગવંતશ્રી વિજયઝૅંકારસૂરિ મહારાજા આદિ વાવ પધાર્યા. તેમની પ્રેરણાથી શ્રી સંઘે શ્રી ગોડી પાર્શ્વનાથ ભગવંતનું નૂતન જિનાલય ગામની મધ્યમાં (શ્રી અજિતનાથ ભગવાનના જિનાલય પાસે) નિર્માણ કરાવ્યું. વિ. સં. ૨૦૩૦ ના વૈશાખ સુદ-૧૦ના દિવસે પૂજ્યપાદ સંઘસ્થવિર આચાર્યદેવ શ્રીમદ્ વિજયભદ્રસૂરીશ્વરજી મહારાજા તથા તેઓશ્રી ના પટ્ટાલંકાર પૂ.આ.શ્રીમદ્ વિજયઝૅંકારસૂરીશ્વરજી મહારાજના વરદ્ હસ્તે શ્રી ગોડી પાર્શ્વનાથ પ્રભુની પ્રતિષ્ઠા કરવામાં આવી હતી.

શ્રી ગોડી પાર્શ્વનાથ ભગવંતની પ્રતિમાના પૃષ્ઠ ભાગમાં લેખ હતો. જેનો પહેલાં કોઈને ખ્યાલ ન હતો. જ્યારે પ્રભુજીનું નુતન જિનાલયમાં પ્રવેશ પ્રસંગે ઉત્થાપન કરવામાં આવ્યું ત્યારે આ વાત ધ્યાનમાં આવી.પૂજ્ય આચાર્ય ભગવંત શ્રી અરવિંદસૂરી મ.સા. એ આ લેખની નકલો આ. વિ. ભદ્રસૂરીશ્વરજી જન્મશતાબ્દિ સમારોહ ગ્રંથમાં પ્રકાશિત કરી.

આ લેખ વાંચીને અચલગચ્છીય આ. શ્રી. કલાપ્રભસાગરસૂરિજીએ જણાવ્યું કે આ લેખ ગોડી ગામમાં મેઘાશા નિર્મિત જિનાલયમાં આ.અભયદેવસૂરિજી, મહેન્દ્રસૂરિજી એ કરેલ પ્રતિષ્ઠા સાલ- સવંત-તિથિનો છે. એટલે વાવના આ શ્રી ગોડી પાર્શ્વનાથ ભગવંત જ મૂળ શ્રી ગોડી પાર્શ્વનાથ હોવાની પ્રબળ સંભાવના છે. આ પછી આ બાબત વધુ શોધ-ખોળ ચાલી અને ઘણા વિદ્વાનોનો એવો મત થયો કે મૂળ શ્રી ગોડી પાર્શ્વનાથ ભગવંતની પ્રતિમા જ વાવમાં બિરાજમાન છે.

વાવમાં બિરાજમાન શ્રી ગોડી પાર્શ્વનાથ પ્રભુની ઊંચાઈ પણ દોઢ ફૂટ છે. પૂર્વોકત ઉલ્લેખ તે મૂળ શ્રી ગોડી પાર્શ્વનાથની મૂર્તિ પણ દોઢ ફૂટ ઊંચી હોવાનું જણાવે છે.

વાવથી પાકિસ્તાન સિંધમાં આવેલ ગોડી ગામથી ભૌગોલિક નિકટતા અને બન્ને પ્રદેશ વચ્ચેના તે કાળમાં ચાલતાં પુષ્કળ વ્યાપાર વ્યવહાર સંબંધી મળતી ઐતિહાસિક વિગતો પણ ઉપરોક્ત ઉલ્લેખોનું સમર્થ કરે છે.

તેથી વાવમાં બિરાજમાન શ્રી ગોડી પાર્શ્વનાથ પ્રભુ તે વિલુપ્ત મનાતા મૂળ શ્રી ગોડી પાર્શ્વનાથ પ્રભુ જ છે.તે હવે નિ:શંક અને નિર્વિવાદ પૂરવાર થાય છે.

અચલગચ્છના શ્રી મહેન્દ્રસૂરિની શાખામાં થયેલ અભયસિંહ આચાર્યના ઉપદેશ થી મીઠડીય ગોત્રના ઓસવાળવંશી પાટણનિવાસી મેઘશાએ સં.૧૪૩૨ના ફાગણ સુદ-૨ પોતાના પિતા ખેતા અને માતા નોડિના શ્રેયાર્થે આ શ્રી ગોડી પાર્શ્વનાથનું બિંબ ભરાવ્યું હતું.

અતીતના ઊંડાણમાં ડૂબકી લગાવતા જાણ્યું તેમ **Memoir of Thur And Parker Diet of Sindh** પુસ્તકમાં આ મૂર્તિની તબક્કાવાર ઇતિહાસ જાણવા મળે છે.

બારોટ કેશોજી માનાજી આણંદજી ના ચોપડામાં થી મળતી અનેક વિગતો શ્રી ગોડી પાર્શ્વનાથ પ્રભજી વિલુપ્ત થયાની શંકાને દૂર કરી તે પ્રભુજી વાવમાં બિરાજમાન છે. તે હકીક્તનું સમર્થન કરે છે.

શ્રી લાવણ્યમુનિ રચિત શ્રી ગોડી પાર્શ્વનાથનું ચોઢાળીયું. શ્રી વીર વિજયજી કૃત શ્રી ગોડી પાર્શ્વનાથ રાસમાં પણ ઉલ્લેખ છે.

નેમવિજય કૃત શ્રી ગોડી પાર્શ્વનાથ ઉત્પત્તિ ગર્ભિત મેઘા-કાજળના ઢાળીયામાં વર્ષ માસ તિથિ અને નિર્માતાના નામ સાથે વાવમાં વર્તમાનમાં બિરાજમાન શ્રી ગોડી પાર્શ્વનાથની મૂર્તિ પરનો શિલાલેખ અદ્ભૂત સામ્ય ધરાવે છે.

ગોડીજી ભગવાનના યક્ષના નામે ઓળખાતી એક પાર્શ્વયક્ષ ની મૂર્તિ પણ ગોડીજી ભગવાનના જિનાલયમાં બિરાજમાન છે.

આ લેખના અંશો શ્રી વાવ શ્વેતાંમ્બર મૂર્તિપૂજક જૈન સંઘ પ્રકાશિત જય ગોડીપાર્શ્વનાથ બુકમાંથી સંકલિત થયેલ છે.

તીર્થનું સરનામું

શ્રી વાવ શ્વેતાંમ્બર મૂર્તિપૂજક જૈન સંઘ

મુપોસ્ટ - વાવ

જિલ્લા-બનાસકાંઠા

પિન-૩૮૫૫૭૫

==========

૧૦૮ પાર્શ્વનાથ પ્રભુનો ઇતિહાસ અને ત્યાં કઈ રીતે પહોંચવું.... ભાગ-૨૩

૧૦૮ પૈકી ગુજરાત,રાજસ્થાન, મધ્યપ્રદેશ,ઉત્તરપ્રદેશ,બિહાર અને મહારાષ્ટ્રમાં આવેલા કુલ્લ ૧૦૮ પાર્શ્વનાથ પ્રભુના દર્શન કર્યા પણ અલગ અલગ પૂજ્ય ગુરુ ભગવંતો એ પોતાની લખેલ પુસ્તકોમાં અલગ અલગ ૧૦૮ પાર્શ્વનાથની ગણના કરેલ છે. નીચે આપેલ ચાર પાર્શ્વનાથ નું વિશેષ ઉલ્લેખ જાણવા મળે છે તો આ ચાર પાર્શ્વનાથના દર્શન વંદન કરીશુ....

==========

૧૦૯-શ્રી ધરણેન્દ્ર પાર્શ્વનાથ

ધમાસાની નેળ

૧૧૦-શ્રી સાંવરા પાર્શ્વનાથ

બોરસદ

૧૧૧-શ્રી વણછરા પાર્શ્વનાથ

વણછરા

૧૧૨-શ્રી દુધાધારી પાર્શ્વનાથ

નવા ડીસા

૧૦૮ પાર્શ્વનાથ માંથી ૧૦૯

ધરણેન્દ્ર પાર્શ્વનાથ

મહાપ્રભાવક શ્રી ધરણેન્દ્ર પાર્શ્વનાથ પ્રભુ નાગફણા- નાગેન્દ્રફણા તરીકે પણ ઓળખાય છે. આ અતિ ચમત્કરી મુખ્યતીર્થ ઇડર થી કેસરીચાજી જતાં શામળાજી નજીક વિકટ અટવીમાં બે મોટાં પહાડની સંધિમાં નીચે તળેટીમાં આવેલું છે. રાજસ્થાન જતા અરવલ્લીની વિકટ પહાડીઓ માંથી ધમાસાની નેળ માં આ તીર્થ અજ્ઞાત છતાં પ્રભાવિક છે.

મોગલ શહેનશાહે અકબરના સમયમાં મહારાણા પ્રતાપ મારવાડનો વીર,પ્રતાપી અને શૂરવીર રાજવી હતો. બાદશાહ અકબરના સૈન્ય સાથે તેણે ટક્કર ઝીલી હતી.એક વાર તે ભારે વરસાદની પરિસ્થિતિ માં સપડાયો હતો. બાદશાહ અકબરના વિશાળ સૈન્ય સામે તેનું સૈન્ય ટકી શક્યું નહોતું.

ત્યારે રાણા પ્રતાપની સ્થિતિ કફોડી થઇ ગઈ હતી તે સમયે આચાર્ય ભગવંત પૂજ્ય. શ્રી લક્ષ્મીસાગરસુરીશ્વરજી મહારાજ એ માર્ગમાંથી પસાર થઇ રહ્યા હતા. આચાર્ય ભગવંતે રાણા પ્રતાપને ઉપદેશ આપ્યો અને પ્રેરણા આપી કે રાણા તમે ધમાશાની નેળમાં બિરાજમાન શ્રી ધરણેન્દ્ર પાર્શ્વનાથ પ્રભુની આરાધના કરો અને તમને સહાય મળી જશે. નીસહાય દશામાં બેસી રહેવું તે ઉચિત નથી, ત્યારે રાણા પ્રતાપે કહ્યું કે ગુરુ ભગવંત હું સાવ નિ:સહાય પરિસ્થિતિમાં મુકાયો છું. મારી પાસે ધન રહ્યું નથી, મારું સૈન્ય વેરવિખેર થઈ ગયું છે.

રાણા તમે જરાય મૂંઝાશો નહીં મેં કહ્યું તેમ તમે ત્રણ દિવસ શ્રી ધરણેન્દ્ર પાર્શ્વનાથ પ્રભુની આરાધના કરો,તમને મદદ જરૂર મળી જશે.

અને રાણા પ્રતાપે ત્રણ દિવસ સુધી શ્રી ધરણેન્દ્ર પાર્શ્વનાથ પ્રભુની હૃદયના સાચા ભાવ અને ભક્તિ સાથે આરાધના કરી.

રાણાપ્રતાપ શ્રી ધરણેન્દ્ર પાર્શ્વનાથ પ્રભુની પ્રતિમાની સામે આઠથી દસ વાર ભાવવિભોર થઈને રડી પડ્યા. જ્યારે ચોથા દિવસે રાણાપ્રતાપ જાગૃત બન્યા ત્યાં દાનવીર ભામાશા આવ્યા અને ધનના થેલા લઈને આવ્યા.

દાનવીર ભામાશા પોતાની સમગ્ર સંપત્તિ મારવાડના સપૂત, મારવાડના સિંહ, રાણા પ્રતાપના ચરણોમાં ધરી દે છે. અને દેશની ધરતી માટે કંઈક કરી છૂટવાની પ્રેરણા આપે છે. ત્યારબાદ રાણા પ્રતાપે ફરીથી માં ભોમકા ની રક્ષા માટે સજ્જ થઇ જાય છે.

દાનવીર ભામાશાહે પણ ધરણેન્દ્ર પાર્શ્વનાથ પ્રભુની પૂજા કરી હોવાનું જાણવા મળે છે.

આમ શ્રી ધરણેન્દ્ર પાર્શ્વનાથ પ્રભુની રાણા પ્રતાપે સાચા હૃદયથી ભક્તિ કરી ત્યારે આકસ્મિક મદદ મળી ગઈ, દાનવીર ભામાશા ભરપૂર મદદ કરેલી આ પ્રમાણેનો ઇતિહાસ જાણીતો છે.

શ્રી ધરણેન્દ્ર પાર્શ્વનાથ પ્રભુની જ્યાં પ્રતિમાજી પ્રતિષ્ઠિત છે તે અત્યંત પ્રાચીન અને અલૌકિક છે આ પ્રતિમાજી નીચેથી પાણી ઝરે છે અને પ્રતિમાજી ના દર્શનાર્થે જેટલા યાત્રિકો આવવાના હોય તેટલું જ કુંડ ભરાય છે. આ તીર્થ હાલમાં અજ્ઞાત છે પરંતુ અત્યંત પ્રભાવક અને ચમત્કારિક છે.
સ્તુતિ
મેવાડના રાણા પ્રતાપે આપની પૂજા કરી, માભોમ કાજે સહાય દઈ તેં કામના પૂરી કરી,ધરણેન્દ્રએ ભક્તિ કરી બહુમાન હૃદયમાં ભરી,શ્રી ધરણેન્દ્ર પ્રભુ પાર્શ્વને ભાવે કરું હું વંદના.

જાપ મંત્ર
ૐ હ્રીં અર્હં શ્રી ધરણેન્દ્ર પાર્શ્વનાથાય નમઃ

તીર્થનું સરનામું
શ્રી ધરણેન્દ્ર પાર્શ્વનાથ શ્વેતામ્બર જૈન તીર્થ,
ધમાસાની નેળ, અરવલ્લી પહાડી.
(હાલમાં તીર્થની વધુ માહિતી મળતી નથી)
==========

પુરુષાદાનીય અર્હંત પાર્શ્વનાથ ચરિત્ર ભાગ - ૧૧
(શ્રી નેમનાથનું ચિત્ર અને વૈરાગ્ય)

એક દિવસ પ્રભુ પાર્શ્વનાથ નગરી નું અવલોકન કરતા કરતા નગરીની એક ચિત્રશાળા આવી પહોચ્યા ચિત્ર જોતા જોતા પ્રભુ નેમનાથનું વૈરાગ્ય યુક્ત ચિત્ર જુએ છે. જયારે પ્રભુ પાર્શ્વનાથ ભગવાન નેમનાથ નું જીવન ચરિત્ર વિગતે સાંભળ્યું પોતાના વિશાળ જ્ઞાનથીપોતાના ભોગફળવાળા કર્મને ભોગવાઇ ગયેલ જાણીને દીક્ષા લેવામાં મન જોડાયું

૧૦૮ પાર્શ્વનાથ માંથી ૧૧૦
સાંવરા પાર્શ્વનાથ

Shri Sanvra (Shamla)Parshvnath - Borsad
Jainam Jayati Shasanam WhatsApp-8898336677

ગુજરાતમાં બોરસદ શહેર એ આણંદ જીલ્લામાં આવેલું ઘણું જાણીતું શહેર છે. ત્યાં શ્રી સાંવરા પાર્શ્વનાથ પ્રભુનું તીર્થ આવેલું છે. તે શ્રી શામળા પાર્શ્વનાથ નામથી વધુ પ્રસિદ્ધિ પામેલું છે. સાંવરિયા પાર્શ્વનાથ તરીકે પણ ઓળખાય છે.

બોરસદમાં ભવ્ય જિનાલયો આવેલા છે.

(૧) શ્રી શામળા પાર્શ્વનાથ જિનાલય
(૨) શ્રી આદેશ્વર પ્રભુ જિનાલય
(૩) શ્રી શાંતિનાથય જિનાલય
(૪) શ્રી મુનિસુવ્રત સ્વામી જિનાલય
(૫) શ્રી સુમતિનાથ જિનાલય
(૬) શ્રી વિમલનાથ ગૃહ જિનાલય

શ્રી શામળા પાર્શ્વનાથ જિનાલય બ્રાહ્મણવાડામાં શ્રીમાળી લત્તામાં આવેલું છે.

શ્રી શામળા પાર્શ્વનાથ ભગવાનની પ્રતિમાજી અંગે લોકવાયકા પ્રમાણે ચાંપાનેર ઉપર ચઢાઈ થવાથી ચાંપાનેર ગામ ભયમાં આવી ગયેલ. ગામનો નાશ થવાના ભયથી ત્યાના વડવાઓ આ પ્રતિમાને લઈ ગામમાંથી નાશી છુટેલા નજીકના બીજ ગામમાં જઈ ગાડામાં પધરાવી પ્રવાસ કરેલ. આ ગાડુ બોરસદ આવીને અટકી ગયેલું તે સમયના જૈન સંઘની વિનંતીથી પ્રતિમાજીને અત્રે બિરાજમાન કરેલ ત્યારબાદ નાનુ જિનાલય બનાવી તે સમયના પ.પૂ.આ.ભ. શ્રી કમલસૂરીશ્વરજી મ.સા.ની પ્રેરણા અને સહકારથી ઘણી જહેમત ઉઠાવી જૈન જિનાલય બંધાવ્યું અને શ્રી શામળા પાર્શ્વનાથ ભગવાનની ભવ્ય પ્રતિષ્ઠા ધૂમધામ પૂર્વક વિ.સં. ૧૮૮૦ અષાઢ સુદ-૧૩ના રોજ શાહ જેસિંગભાઈ રીખવદાસજીના હસ્તે કરવામાં આવેલ.

ત્યારબાદ વિ.સં. ૧૯૮૭ જેઠ સુદ-૭ના દિવસે દેરાસરજીનો જિર્ણોદ્ધાર થતાં પ્રતિષ્ઠા પ.પૂ.આ.ભ. શ્રી દેવસૂરીશ્વરજી મ.સા. તથા પ.પૂ.આ.ભ.શ્રી લબ્ધિસૂરીશ્વરજી મ.સા.ની પાવન નિશ્રામાં પ્રતિષ્ઠા ખંભાતના શેઠશ્રી તારાચંદ સકરચંદ પટવાના હસ્તે થયેલ.

ત્યારબાદ વિ.સં. ૨૦૩૦માં પ.પૂ.આ.ભ.શ્રી નંદનસૂરીશ્વરજી મ.સા. એ આપેલ મુહુર્ત અનુસાર વૈશાખ સુદ-૩ ના રોજ ખાતમુહુર્ત કરવામાં આવ્યું દેરાસર તૈયાર થતાં તેની નવી પ્રતિષ્ઠા શાસનસમ્રાટ પ.પૂ.આ.ભ.શ્રી નેમિસૂરીશ્વરજી મ.સા.ના સમુદાયના પ.પૂ.આ.ભ.શ્રી યશોભદ્રસૂરીશ્વરજી મ.સા., પ.પૂ.આ.ભ.શ્રી કિતચંદ્રસૂરીશ્વરજી મ.સા., પ.પૂ.આ.ભ.શ્રી શુભંકરસુરીશ્વરજી મ.સા., પ.પૂ.આ.ભ.શ્રી સુર્યોદયસૂરીશ્વરજી મ.સા.ની ઉપસ્થિતિમાં ખૂબ ધુમધામ પૂર્વક અંજનશલાકા મહોત્સવ તથા પ્રતિષ્ઠા મહોત્સવ ઉજવવામાં આવ્યો હતો.

આ જિનાલયમાં જેઠ સુદ-પના રોજ ધજાદંડ ખુબ ધામધૂમ પૂર્વક ચઢાવવામાં આવે છે.

અંતમાં બોરસદ શહેરનું આ જિનાલય ભવ્ય અને તીર્થ સ્વરૂપ છે. તેમાં બિરાજમાના શામળા પાર્શ્વનાથ પ્રભુની પ્રતિમાજી મનોહર નયનરમ્ય છે. દિવ્ય અને હાજરા હજૂર છે.

શ્યામવર્ણી શ્રી સાંવરા પાર્શ્વનાથ પ્રભુ બોરસદવાસીઓને અત્યંત વહાલા છે અને તેમના પ્રત્યે બોરસદવાસીઓ અનન્ય શ્રધ્ધા ધરાવે છે.

સ્તુતિ

હે નાથ ! ચાંપાનેરથી પધારિયા ગાડામહીં, ને બોરસદ ગાડુ થંભાવી વાસ કીધો ત્યાં સહી, મુજ સાંવરા છો કેમ કરી પ્રભુ જાવ છો મુજને ભૂલી,શ્રી સાંવરા પ્રભુ પાર્શ્વને ભાવે કરું હું વંદના.

જાપ મંત્ર

ૐ હ્રીં અર્હં શ્રી સાંવરા પાર્શ્વનાથાય નમઃ

Jainam Jayati Shasanam WhatsApp-8898336677

તીર્થનું સરનામું

શ્રી શામળા પાર્શ્વનાથ જૈન તીર્થ,

બ્રાહ્મણવાડા,બોરસદ,ગુજરાત ૩૮૮૫૪૦

ફોન-૯૮૭૯૩૬૦૭૩૬

==========

શક્તિ મળે તો, મુજને મળજો, જિન શાસન સેવા સારું,
ભક્તિ મળે તો, મુજને મળજો, જિન શાસન લાગે પ્યારું,
મુક્તિ મળે તો મુજને મળજો, રાગ-દ્વેષ અજ્ઞાન થકી,
જિનશાસન મુજ મળો ભવોભવ, એવી શ્રધ્ધા થાય નક્કી.....

૧૦૮ પાર્શ્વનાથ માંથી ૧૧૧

વણછરા પાર્શ્વનાથ

Shri Vanchhara Parshvnath - Vanchhara
Jainam Jayati Shasanam WhatsApp-8898336677

ડભોઈ તાલુકાના મોભારોડ સ્ટેશન મધ્યે શ્રી વણછરા પાર્શ્વનાથ પ્રભુનું મુખ્ય તીર્થ આવેલું છે. ઢાઢર નદીના કિનારે આવેલું આ તીર્થ સેંકડો વર્ષ પ્રાચીન છે.આ પ્રતિમા સંપ્રતિકાલીન છે. શ્રી ચિંતામણી પાર્શ્વપ્રભુ તરીકે પણ જાણીતા છે. શ્વેતવર્ણીય પરિકરયુક્ત પાર્શ્વપ્રભુની પ્રતિમા મહાપ્રભાવિક, અલૌકિક, પરમ શાંતિદાયક, પરમ તેજસ્વી છે.

અતિપ્રાચીન શ્રી પદ્મપ્રભ સ્વામી તથા શ્રી શામળા પાર્શ્વપ્રભુ પણ આ તીર્થમાં બિરાજમાન છે. આ બંને પ્રભુ પ્રતિમા વર્ષો પૂર્વે અહીંના ખેતરમાંથી જમીન ખોદતાં પ્રાપ્ત થયેલ.

કહેવાય છે કે ૮૫૦ વર્ષ પહેલાં હંસરાજ-વચ્છરાજ એમ બે ભાઈઓએ આ જિનમંદિરનો જીર્ણોદ્ધાર કરાવ્યો હતો. અહીં બે ભોંયરા હતાં. એક ભોંયરું ખંભાત જતું હતું અને બીજું ગંધાર જતું હતું. પણ ત્યારબાદ તીર્થ જીર્ણશીર્ણ થયું. પણ, પ્રભુના પ્રતાપે તીર્થનું અસ્તિત્વ કાયમ રહ્યું. પૂ. સાધુ-સાધ્વીજી મ.સા. વિહાર કરીને તીર્થનો લાભ લેતાં. જિનાલયના વહીવટ અને પૂજાનું કાર્ય નજીકના ગામના શ્રાવકો સંભાળતા.

પહેલા આ પ્રતિમા ગામમાં હતી. વિ.સ. ૨૦૧૪થી તીર્થની ઉન્નતિના પગરણ શરૂ થયાં. પૂ.પં. પદ્મવિજય મ.સા., પૂ.ઈન્દ્રદિન્ન સુ.મ.સા. આદિ મહાપુરૂષોની કૃપા અને સદુપદેશ જીર્ણોદ્ધાર અને તીર્થ વિકાસના કાર્ય શરૂ થયાં. યાત્રિકો-સંઘો દર્શનાર્થે આવવા લાગ્યાં. પ્રતિવર્ષ લગભગ ૪૦૦-૪૫૦ ગુરૂભગવંતોના પદાર્પણથી તીર્થ પવિત્ર બન્યું.

વિ.સ.૨૦૫૫માં પૂ.ગુરુદેવ વિજય રાજયશસૂરીશ્વરજી મા.સા ના સંકલ્પ થી નુતન જિનાલય નું નિર્માણ થયું. વિ.સં. ૨૦૭૦, મહાસુદ ૧૧, તા. ૧૦-૨-૨૦૧૪ના શુભદિને આ નૂતન તીર્થમાં પ્રભુ પ્રતિષ્ઠા કરવામાં આવી.

પાંચ શિખર ધરાવતું આ વિશાળ જિનાલય ખૂબજ રણિયામણું છે.

આ પ્રભુજીનો પ્રભાવ અપૂર્વ છે. અહીં દીવાની અખંડ જ્યોત ન હોવા છતાં જ્યોત કેશરવર્ણી થાય છે. આ પ્રભુના દર્શન ધ્યાન મનને અપૂર્વ શાંતિ આપે છે.

સ્તુતિ

જ્યાં જ્યોત કેશરની થતી ને ઉછળતી ઢાઢર નદી,તુજ ભક્તિથી સહુ શાંતિ પામે શોક ના રહેતો કદી,સમકીત કેશર જ્યોત મુજ મન, દીવડે પ્રગટાવજો,શ્રી વણછરા પ્રભુ પાર્શ્વને ભાવે કરું હું વંદના

જાપ મંત્ર

ॐ ह्रीं अर्हं श्री वणछरा पार्श्वनाथाय नमः

Jainam Jayati Shasanam WhatsApp-8898336677

તીર્થનું સરનામું

શ્રી વણછરા પાર્શ્વનાથ શ્વેતામ્બર જૈન તીર્થ,
વણછરા,પદરા,મોભા ગામ,
વડોદરા-૩૯૧૪૩૦
ફોન-૯૦૯૯૦૧૪૯૨૬

ભોજનશાળા તથા ધર્મશાળા ની સુંદર સગવડ છે

==========

પુરુષાદાનીય અર્હંત પાર્શ્વનાથ ચરિત્ર ભાગ - ૧૨
(દીક્ષા માટે નવ લોકાંતિક દેવ ની વિંનતી)

પુરુષાદાણીય અર્હંત પાર્શ્વ દક્ષ હતા, દક્ષ પ્રતિજ્ઞાવાળા હતા, ઉત્તમ રૂપવાળા, સર્વગુણોથી યુક્ત ભદ્ર અને વિનીત હતા. તેઓ ત્રીસ વર્ષ સુધી ગૃહવાસમાં રહ્યા. લોકાંતિક જિતકલ્પી દેવોએ પોતાની પરંપરાનું પાલન કરતાં તે જાતની ઈષ્ટ, મનોહર, પ્રિય, મનોજ્ઞ, મનને આહ્લાદિત કરનારી, ઉદાર, કલ્યાણરૂપ, શિવરૂપ, ધન્યરૂપ, મંગળરૂપ, પરિમિત, મધુર શોભાયુક્ત, હૃદયને રુચિકર લાગનારી, હૃદયને પ્રસન્ન કરનારી, ગંભીર, પુનરુક્તિ વગેરેથી રહિત વાણીથી ભગવાનને નિરંતર અભિનંદન અર્પિત કરીને, ભગવાનની સ્તુતિ કરતાં તે દેવ આ રીતે બોલ્યા-`હે નંદ! (સમૃદ્ધિમાન) તમારો જય થાઓ, હે ભદ્ર! (કલ્યાણકારી) તમારો જય થાવ, વિજય થાવ, કલ્યાણ થાવ, હે લોકનાથ! બોધ પ્રાપ્ત કરો. સંપૂર્ણ જગતમાં બધા જીવોનું હિત, સુખ અને નિઃશ્રેયસ કરનારા, ધર્મતીર્થનું પ્રવર્તન કરો. તે ધર્મતીર્થ સંપૂર્ણ જગતમાં બધા જીવોને હિતકર, સુખકર અને નિશ્રેયસ કરનારું બનશે. આ પ્રમાણે કહીને તે દેવ જય જય શબ્દનો નાદ કરવા લાગ્યા.

૧૦૮ પાર્શ્વનાથ માંથી ૧૧૨
દૂધાધારી પાર્શ્વનાથ

Shri Dudhadhari Parshvnath- Deesa
Jainam Jayati Shasanam WhatsApp-8898336677

નવા ડીસામાં બિરાજમાન શ્રી દૂધાધારી પાર્શ્વનાથ પ્રભુનું મુખ્ય તીર્થ આવેલું છે. પ્રતિમા અત્યંત ભવ્ય અને પ્રાચીન છે.

પ્રતિમાના પ્રતાપે પ્રભુજી માંથી અત્યંત સુગંધી દૂધ અવિરત ઝર્યું હતું.અને આ દૂધથી કુંડ ભરાઈ ગયો એથી આ પ્રભુજી શ્રી દૂધાધારી પાર્શ્વનાથ તરીકે પ્રસિધ્ધ થયા છે.

આ પ્રતિમા સવંત ૧૬૧૦ ના ફાગણના વદ- ૨ના દિને પાટણ નિવાસી લઘુપ્રાગ્વાટ જ્ઞાતીય બાઈ હરબીએ ભરાવી હતી.

પહેલા આ પ્રતિમા મંગળદાસભાઈ છોગાલાલભાઈના ગૃહમંદિર માં હતી પરંતુ આખું કુટુંબ સ્થળાંતર થતાં તેઓ એ આ મૂર્તિ ડીસાના શ્રી મહાવીરસ્વામી જૈન દેરાસર ને આપેલ છે. તેથી હવે આ મૂર્તિ મહાવીરસ્વામી ના જિનાલય માં બિરાજમાન છે.

એવું કહેવામાં આવે છે કે ઘણી વખત મૂર્તિના બાજુથી દૂધ નીકળે છે.

સ્તુતિ

વર્ષા કરી દૂધધારની વરસાવો કરૂણાધારને,આ વિશ્વના શુભ સૌખ્યનો તું હી જ એક આધાર છે,વિશ્વાસ તારો પાર્શ્વજી કીધો છે તે તું નિભાવજે,શ્રી દૂધાધારી પ્રભુ પાર્શ્વને ભાવે કરું હું વંદના

જાપ મંત્ર

ૐ હ્રીં અર્હં શ્રી દૂધાધારી પાર્શ્વનાથાય નમઃ

તીર્થનું સરનામું

શ્રી નવાડીસા શ્વેતામ્બર મર્તિપૂજક જૈન તીર્થ,
રિસાલા બજાર, નવાડીસા
ગુજરાત
ફોન-૦૨૭૪૪-૨૨૩૬૦૮ પેઢી
૯૪૨૬૩૫૯૫૧૮ ટ્રસ્ટી શ્રી ભરતભાઈ શેઠ

ભોજનશાળા તથા ધર્મશાળા ની સુંદર સગવડ છે.

Jainam Jayati Shasanam WhatsApp-8898336677

પુરુષાદાનીય અર્હંત પાર્શ્વનાથ ચરિત્ર ભાગ - ૧૩
(પ્રભુ પાર્શ્વ દ્વરા વાર્ષિકદાન)

અર્હંત પાર્શ્વનાથ ને પ્રથમ ગૃહસ્થ ધર્મમાં પણ ઉત્તમ, આભોગિક કે જે કદી નષ્ટ ન થાય એવું અવધિજ્ઞાન અને અવધિદર્શન પ્રાપ્ત થયું હતું. તે વડે ભગવાન અભિનિષ્ક્રમણનો યોગ્ય કાળ આવી ગયો છે. એવું જુએ છે. આ પ્રમાણે જોઈને, જાણીને હિરણ્યનો સોનાનો, ધનનો, રાજ્યનો, રાષ્ટ્રનો ત્યાગ કરી, તે જ પ્રમાણે સેના વાહન, ધનભંડારનો ત્યાગ કરી, નગર, અંતઃપુર, જનપદનો ત્યાગ કરી, વિશાળ ધન, કનક, રત્ન, મણિ, મોતી, શંખ, રાજપાટ, પ્રવાલ, માણેક વગેરે વિદ્યમાન, સારયુક્ત બધાં દ્રવ્યોને છોડીને, પોતે નિયુક્ત કરેલા વહેંચી આપનારા માણસો વડે તે બધું ધન ખુલ્લું કરીને, તેને દાનરૂપેવાર્ષિકદાન આપવાનો વિચાર કરીને બધું દાન માં આપે છે.

==========

પુરુષાદાનીય અર્હંત પાર્શ્વનાથ ચરિત્ર ભાગ - ૧૪
(પ્રભુ પાર્શ્વનો દીક્ષાનો વરઘોડો)

અર્હંત પાર્શ્વનાથ, હજારો નેત્રોથી જોવાતા, હજારો મુખોથી પ્રશંસા કરાતા, હજારો હૃદયોથી અભિનંદિત કરાતા ચાલ્યા. ભગવાનને નિહાળીને લોકો હજારો જાતના મનોરથ (સંકલ્પ) કરવા લાગ્યા. ભગવાનની મનોહર કાંતિ અને રૂપને જોઈ લોકો તેવીજ કાંતિ અને રૂપને ઇચ્છવા લાગ્યા. હજારો આંગળીઓથી તેઓ દૃષ્ટિગોચર થઈ રહ્યા હતા. ભગવાન પોતાના જમણા હાથથી, હજારો નરનારીઓના પ્રણામનો સ્વીકાર કરતા, હજારો ઘરની પંક્તિઓને પાર કરતા, નીણા, હસ્તતાલ, વાજિંત્ર, ગાન અને વાદ્યોના મધુર અને સુંદર જયનાદના ઘોષને સાંભળીને સાવધાન બનતા છત્ર, ચામર વગેરે બધા વૈભવથી યુક્ત, અંગેઅંગમાં પહેરેલા સમસ્ત આભૂષણોની કાંતિથી મંડિત, સંપૂર્ણ સેનાથી વીંટળાયેલા, હાથી, ઘોડા, ઊંચ, ખચ્ચર, પાલખી, મ્યાના વગેરે બધાં વાહનોથી પરિવૃત, સંપૂર્ણ જનસમુદાયની સાથે, પૂર્ણ આદર અર્થાત્ ઔચિત્યપૂર્વક, તેમની સંપત્તિ અને સંપૂર્ણ શોભાની સંપૂર્ણ પ્રકારની ઉત્કંઠાની સાથે, સમસ્ત પ્રજા એટલે કે-વણિક, ક્ષત્રિય, વગેરે અઢાર વર્ણોની સાથે બધી જાતનાં નાટક કરનારા અને બધી જાતનાં તાલ બજાવનારથી સંવૃત, બધી જાતના અંતઃપુર તથા ફુલ, ગંધ, માળા અને અલંકારોની શોભા સાથે, બધી જાતના વાદ્યોના શબ્દોની સાથે એ જાતની મહાન ઋદ્ધિ, મહાન દ્યુતિ, વિરાટ સેના, વિશાળ વાહન, બૃહદ્ સમુદાય અને એક સાથે વાગતાં વાદ્યોના પ્રતિધ્વનિ સાથે અર્થાત્ શંખ, માટીના ઢોલ, ભેરી, ઝાલર, ખરમુખી, હુડુક્ક, દુંદુભિ વગેરે વાદ્યોના અવાજ સાથે પુરુષાદાનીય અર્હંત પાર્શ્વનાથ નો વરઘોડો શોભે છે .

પુરુષાદાનીય અર્હંત પાર્શ્વનાથ ચરિત્ર ભાગ - ૧૫

(પ્રભુ પાર્શ્વનાથની દીક્ષા)

વારાણસી નગરીમાં મધ્યમાં થઈને નીકળે છે. નીકળીને જે બાજુ આશ્રમપદ નામનું ઉદ્યાન છે, જ્યાં અશોક નામનું ઉત્તમ વૃક્ષ છે ત્યાં જાય છે. ત્યાં જઈને શિબિકાને ઊભી રખાવે છે, શિબિકામાંથી નીચે ઊતરે છે, પોતાના જ હાથે આભૂષણ માળાઓ અને અલંકાર ઉતારે છે, અલંકાર ઉતારીને પોતાના હાથે પંચમુષ્ટિ લોચ કરે છે, લોચ એક દેવદૂષ્ય કરીને પાણી વગરનો અઠ્ઠમ કરવા સાથે વિશાખા નક્ષત્રનો યોગ આવતા જ, એક દેવદૂષ્ય વસ્ત્ર લઈને બીજા દિવસે ત્રણસો પુરુષોની સાથે મુંડિત થઈ ગૃહવાસથી નીકળી અણગાર અવસ્થાનો (દીક્ષા) સ્વીકાર કરે છે.

==========

પુરુષાદાનીય અર્હંત પાર્શ્વનાથ ચરિત્ર ભાગ - ૧૬

(ભગવાન પાર્શ્વનાથ ને કેવળજ્ઞાન)

તે પછી ભગવાન પાર્શ્વ સંયમનું પાલન કરતા યાવત્ ઈર્યા સમિતિથી યુક્ત થયા. આ રીતે આત્માને ભાવિત કરતાં કરતાં ત્યાસી (૮૩) રાત્રિદિવસ પસાર થઈ ગયા. ચોરાસીમો દિવસ ચાલી રહેલ હતો. ફાગણવદ આવ્યો. તે ફાગણવદ માસના ચોથના દિવસે, સવારના ભાગમાં આંબળા (ધાતકી) ના વૃક્ષ નીચે પાણી વગરનો છઠ ભક્ત તપ કરીને શુક્લ ધ્યાનમાં લીન હતા ત્યારે વિશાખા નક્ષત્રનો યોગ આવ્યો ત્યારે તેમને ઉત્તમોત્તમ એવું કેવળજ્ઞાન-કેવળદર્શન ઉત્પન્ન થયું. યાવત્ તે સંપૂર્ણ લોકાલોકના ભાવોને જોતાં થકા વિચરવા લાગ્યા.

==========

પુરુષાદાનીય અર્હંત પાર્શ્વનાથ ચરિત્ર ભાગ - ૧૭

(ભગવાન પાર્શ્વનાથ દ્વારા તીર્થ સ્થાપના અને ગણધર સ્થાપના)

ભગવાન પાર્શ્વનાથ દ્વારા તીર્થ સ્થાપના અને ગણધર સ્થાપના થાય છે .પુરુષાદાનીય અર્હંત પાર્શ્વના આઠ ગણ અને દસ ગણધર હતા. તે આ પ્રમાણે-(૧) શુંભ (૨) અજ્જઘોષ (આર્યઘોષ) (૩) વસિષ્ઠ (૪) બ્રહ્મચારી (૫) સોમ (૬) શ્રીધર (૭) વીરભદ્ર અને (૮) યશ. પુરુષાદાનીય અર્હંત પાર્શ્વના સંઘમાં અજ્જદિણ્ણ (આર્યદત્ત) વગેરે સોળ હજાર સાધુઓની ઉત્કૃષ્ટ શ્રમણ-સંપદા હતી. પુરુષાદાનીય અર્હંત પાર્શ્વના સમુદાયમાં પુષ્પચૂલા વગેરે આડત્રીસ હજાર આર્યિકાઓની ઉત્કૃષ્ટ આર્યિકા સંપદા હતી. પુરુષાદાનીય અર્હંત પાર્શ્વના સંઘમાં સુનન્દ વગેરે એક લાખ ચોસઠ હજાર શ્રમણોપાસકની ઉત્કૃષ્ટ શ્રમણોપાસક-સંપદા હતી. પુરુષાદાનીય અર્હંત પાર્શ્વના સમુદાયમાં સુનંદા વગેરે ત્રણ લાખ અને સત્તાવીસ હજાર શ્રમણોપાસિકાઓની ઉત્કૃષ્ટ શ્રમણોપાસિકા-સંપદા હતી. પુરુષાદાનીય અર્હંત પાર્શ્વના સમુદાયમાં સાડા ત્રણસો જિન નહિ પરંતુ જિન જેવા સર્વાક્ષર સંયોગોનો જાણનારા યાવત્ ચૌદ પૂર્વધારીઓની સંપદા હતી. પુરુષાદાનીય અર્હંત પાર્શ્વના સમુદાયમાં એક હજાર કેવળજ્ઞાનીઓની સંપદા હતી. અગિયારસો વૈક્રિય લબ્ધિવાળાની તથા છસો ઋજુમતિ જ્ઞાનવાળાઓની સંપદા હતી. ભગવાન પાર્શ્વનાથના એક હજાર શ્રમણો સિદ્ધ થયા હતા તથા તેમની બે હજાર આર્યિકાઓ સિદ્ધ થઈ હતી. પુરુષાદાનીય અર્હંત પાર્શ્વના સંઘમાં

સાડા સાતસો વિપુલમતિઓની (વિપુલમતિ મનઃપર્યવ જ્ઞાનવાળાઓની) છસો વાદીઓની અને બારસો અનુત્તરોપપાતિકો અર્થાત્ અનુત્તર વિમાનમાં જાનારાઓની સંપદા હતી.

==========

પુરુષાદાનીય અર્હંત પાર્શ્વનાથ ચરિત્ર ભાગ - ૧૮

(ભગવાન પાર્શ્વનાથ નું સમવસરણ અને દેશના)

અર્હંત ભગવાનના ઉપદેશ માટેનું સ્થાન. તિર્યંચ મનુષ્ય તથા દેવ તેમની અમૃતવાણીનું શ્રવણ કરીને તૃપ્ત થાય છે. આ સમવસરણ દેવ રચિત હોય છે. તેની સાત ભૂમિ અતિ રમણીય હોય છે. દરેક જીવ સમાન ભાવથી બેસે છે તેથી ગણધરોએ તેને સમવસરણ કહ્યું છે. જ્યાં બાર પર્ષદા હોય છે.

પુરુષાદાનીય અર્હંત પાર્શ્વનાથ પ્રથમ દેશનાનો વિષય હતો - બારવ્રત તથા કર્માદાન નું વર્ણન.

==========

પુરુષાદાનીય અર્હંત પાર્શ્વનાથ ચરિત્ર ભાગ - ૧૯

(નિર્વાણ અને સ્થળ)

તે કાળે, તે સમયે પુરુષાદાનીય અર્હંત પાર્શ્વ ત્રીસ વરસ સુધી ગૃહવાસમાં રહીને ત્યાસી (૮૩) રાત્રિ દિવસ છદ્મસ્થ પર્યાયમાં રહીને કંઈક ઓછા ૭૦ વર્ષ સુધી કેવળી પર્યાયમાં રહીને એ રીતે પૂરેપૂરાં સિત્તેર વરસ સુધી શ્રમણ પર્યાયનું પાલન કરીને, કુલ સો વરસ સુધી તેમનું સંપૂર્ણ આયુષ્ય ભોગવીને, વેદનીય કર્મ, આયુષ્ય, નામ અને ગોત્ર કર્મ ક્ષીણ થયાં ત્યારે દુષમ-સુષમ નામનો અવસર્પિણી કાળનો ચોથો આરો ઘણો વ્યતીત થઈ ગયો ત્યારે વર્ષાઋતુનો પ્રથમ માસ બીજો પક્ષ અર્થાત્ જ્યારે શ્રાવણ માસનું અજવાળિયું (શુક્લ) પખવાડિયું આવ્યું ત્યારે એટલે કે શ્રાવણ સુદ ૮ ના દિવસે સમ્મેત શિખર પર્વત ઉપર પોતાના સહિત ચોત્રીસ પુરુષોની સાથે (૧ પાર્શ્વનાથ અને બીજા તેત્રીસ શ્રમણ આ પ્રમાણે કુલ ૩૪) એક માસનું અનશન કરીને (એક માસના ચોવિહાર ઉપવાસ કરીને) સવારના વખતે વિશાખા નક્ષત્રનો યોગ આવ્યો ત્યારે બન્ને હાથ લાંબા કરેલ હતા એવા પ્રકારની ધ્યાનમુદ્રામાં અવસ્થિત રહીને કાળધર્મને પ્રાપ્ત થયા, યાવત્ સર્વ દુઃખોથી મુક્ત થયા.....સમાપ્ત .

==========

Jainam Jayati Shasanam WhatsApp-8898336677

==========

સંકલન :- કુ. કરિશ્મા ચેતન નાગડા (નલિયા)

આ PDF દરેકને WhatsApp પર Forward કરવા નમ્ર વિંનતી..... આભાર.....

ફેસબુક પેજ જોવા અહીં ક્લિક કરો

https://www.facebook.com/108-Parshvnath-%E0%AB%A7%E0%AB%A6%E0%AB%AE-%E0%AA%AA%E0%AA%BE%E0%AA%B0%E0%AB%8D%E0%AA%B6%E0%AB%8D%E0%AA%B5%E0%AA%A8%E0%AA%BE%E0%AA%A5-671199473308782/?modal=admin_todo_tour